## એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે
આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સયદ અલી અલ હુસૈની સીસ્તાની(દા.બ.)
તથા
રેહબર આયતુલ્લાહ સૈયદ અલી ખામેનઈ(દા.બ.)
બંને બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

## અવર બેંકર્સ

કોઈપણ સ્થળેથી બેંક દ્વારા અમારી મદદ કરી શકાય છે. મદદ મોકલનાર વ્યક્તિનું જે તે બેંકમાં ખાતુ હોવું જરૂરી નથી. બેંકમાં જઈ એક નાનું ફોર્મ જેમાં નામ અને એકાઉન્ટ નંબર ભરવાથી તરત જ નાણાં જમા થઈ જાય છે. આ માટે બંને પક્ષો મોકલનાર અને લેનાર બંનેને કોઈપણ પ્રકારનો ખર્ચ થતો નથી.

નીચેની બેંકોમાંથી કોઈપણ બેંકમાં નાણાં જમા કરાવી શકાય છે.

(1)
અમીરૂલ મોઅમેનીન ઈસ્લામી લાયબ્રેરી
AC No : 0542000100051624
IFSC Code : PUNB0054200
પંજાબ નેશનલ બેંક, શાખા ભરૂચ

(2)
ઈબ્રાહીમબક્ષ પટેલ
AC No : 25520100004520
IFSC Code : BARBOBRODAN
બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ

ઉપરોક્ત બેંકમાં અમારા એકાઉન્ટ છે. ગમે ત્યાંથી ઉપરોક્ત બેંકોમાંથી કોઈપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે. નાણાં મોકલનાર વ્યક્તિનું જે તે બેંકમાં ખાતુ હોવું જરૂરી નથી.


અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરુચ
એ-૧૭૦ એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.
Email : amillibrary@yahoo.com

TITLE DESIGN & COMPOSING BY : ZARGAM HUSAIN AMLAVI
TABISH GRAPHICS : MOMINWAD, JAMALPUR, AHMEDABAD-1 MOBILE : 9898222791
PRINTED BY : PRINTWELL PRINTERS, SHAHPUR, AHMEDABAD-1 MOBILE : 9825322895


મુસલિહે ગયબી

# મુસલિહે ગયબી

(ગયબી રીતે સુધારણા કરનાર)




ગુજરાતી અનુવાદ

ઈબ્રાહીમ બી. પટેલ
મૌલાના હુસૈન અહમદ પટેલ


અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરુચ
એ-૧૭૦ એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.
Email : amillibrary@yahoo.com

# મુસલિહે ગયબી

(ગયબી રીતે સુધારણા કરનાર)

## (હઝરત ઇમામ મેહદી અ.ત.ફ.શ.)

(સિત્તેર પ્રશ્નો અને તેના ઉત્તરો)

**ફારસી લેખક**
હુજ્જતુલ ઈસ્લામ સૈયદ હસન અબતહી

**ઉર્દૂ અનુવાદ**
સૈયદ અન્વાર બિલગિરામી

**ગુજરાતી અનુવાદ**
ઈબ્રાહીમ બી. પટેલ
Mobile : 94279 36614
મૌલાના હુસૈન અહમદ પટેલ
Mobile : 94280 26612

**: પ્રકાશક :**
અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ
એ-૧૭૦, એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-392001.
ફોન : 0091-2642-240567

**: પોસ્ટલ એડ્રેસ :**
અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી
પો. બો. નં. 4, ભરૂચ-392001, ફોન : 240567
Email : amillibrary@yahoo.com

### એક જરૂરી સૂચના

ઈબ્રાહીમ બી. પટેલની મુલાકાતનો સમય
સાંજના
૪-૦૦ થી ૬-૦૦
વાગ્યાનો રહેશે.
દરેક વ્યક્તિએ આ સમયગાળામાં જ આવવું.

---


| | |
|---|---|
| કિતાબનું નામ | : મુસલિહે ગયબી |
| લેખક | : હુજ્જતુલ ઈસ્લામ સૈયદ હસન અબતહી |
| ઉર્દૂ અનુવાદ | : સૈયદ અન્વાર બિલગિરામી |
| ગુજરાતી અનુવાદ | : ઈબ્રાહીમ બી. પટેલ<br>મૌલાના હુસૈનઅહમદ પટેલ |
| પ્રથમ આવૃત્તિ | : જુલાઈ ૨૦૧૧, શાબાન હિ.સ. ૧૪૩૨ |
| પ્રકાશક | : અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ |
| કંપોઝિંગ | : ઝરગામ હુસૈન અમ્લવી – તાબિશ ગ્રાફિક્સ<br>ગાયકવાડ હવેલી પાસે, મોમિનવાડ, જમાલપુર,<br>અમદાવાદ-૧. મોબાઈલ : ૯૮૯૮૨૨૨૭૯૧ |
| પૃષ્ઠ | : ૨૮૮ |
| પ્રત | : ૩૦૦૦ |
| કિંમત | : અમલ<br>(Not For Sale) |

## કિતાબના લેખકની પ્રસ્તાવના

ઈન્કિલાબે ઈસ્લામી ઈરાનની શરૂઆતથી જે યુવાનોમાં ઈલ્મ તરફ અત્યંત રૂચિ જોવામાં આવે છે. આધ્યાત્મિકતા (રૂહાનિયત) અને વાસ્તવિકતા (હકાએક) પ્રત્યે જાણવાની તાલાવેલી હું યુવાનોમાં જોઈ રહ્યો છું. ખાસ તો હઝરત બકીય્યતુલ્લાહ (ઈમામે ઝમાના ઈમામ મેહદી અલયહિસ્સલામ. અલ્લાહે જેમને હયાત જિંદગી બક્ષી છે.) અરવાહોના ફિદાહુ (અમારી રૂહો જેમના ઉપર કુરબાન થઈ જાય) ની પવિત્ર જિંદગી જાણવાની વિશે દીલચસ્પી ખૂબ જ વધી ગઈ છે.

મેં ઈન્કિલાબે ઈસ્લામીથી પહેલાં એક કિતાબ "પરવાઝે રૂહ" લખીને પ્રકાશિત કરી હતી. ત્યારે મને ખ્યાલ આવ્યો હતો કે લોકોમાં અને ખાસ તો યુવાનોમાં ઈલ્મી રૂચિ ખૂબ જ વધી રહી છે. તે વખતે પણ માહોલ તો ઈન્કિબાલનો જ હતો. હવે ઈન્કિલાબ પછી તો યુવાનોની ઈલ્મી રૂચિમાં હજારો ગણો વધારો હું જોઈ રહ્યો છું. જ્યારે મારી આ કિતાબ પ્રકાશિત થઈ, ત્યારે મને આ બાબતનો ખ્યાલ આવ્યો. ખાસ વલીએ અસ્ર ઈમામે ઝમાના અલયહિસ્સલામના વિષયમાં કિતાબ લખવાનો મારો હેતુ આ હતો કે વિશ્વના મુસલમાનોને અંદાઝો આવે કે અમારો આ અકીદો ફક્ત એક માન્યતા નથી. અથવા નઉઝુબિલ્લાહ કોઈ વહેમપરસ્તી કે ભ્રમમાત્ર નથી. બલકે જે



વ્યક્તિ પણ ઈસ્લામી અકીદો ધરાવતો હોય તેણે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના વિશે હયાત હોવાનો અકીદો રાખવો જોઈએ.

આ કિતાબમાં જેટલા પણ મસઅલા રજૂ કરવામાં આવ્યા છે તે બધા જ મસઅલા એવા છે જેની જાણકારી સમગ્ર ઈન્સાનિયતને અને ખાસ તમામ મુસલમાનોને જરૂરી છે. આ કિતાબ ફક્ત શીઆ બિરાદરીના માટે જ લખવામાં આવી નથી, બલકે હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામની હયાતે તૈયબા દીને ઈસ્લામની જરૂરત છે. આ વાતને એક ઊંડી દૃષ્ટિ વડે ચિંતન મનન કરવાથી સમજી શકાશે.

આ કિતાબમાં જેટલા પણ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. જો તેમના ઉપર દુનિયાના ન્યાયપ્રિય-ઈમાનદાર ઈન્સાનો ચિંતન-મનન કરે તો તેમને ઈસ્લામના સાફ અને નિર્વિવાદ પ્રશ્નો તરીકે કબૂલ કરશે.

આ કિતાબની પ્રથમ એડીશનમાં હઝરત બકીય્યતુલ્લાહના અસ્તિત્ત્વ અને વિશ્વ સુધારક હોવાના વિષયમાં સાઈઠ પ્રશ્નો અને તેના ઉત્તરો આપવામાં આવ્યા હતા. પરંતુ ઉર્દૂ બારાખડી પ્રમાણે یامهدی ના અદદ સિત્તેર થાય છે. તેથી આ નવા પ્રકાશનમાં દસ પ્રશ્નોનો વધારો કરવામાં આવ્યો છે. દુઆ છે કે આ કિતાબ હઝરત સાહિબુઝ્ઝમાન અલયહિસ્સલામના લુત્ફ વ કરમનો ઝરીયો બની જાય.

**આકા સૈયદ હસન અબતહી**

●

بسمہ تعالی

## ગુજરાતી અનુવાદકની પ્રસ્તાવના

મારા વહાલા વાંચકોની સેવામાં એક જોરદાર કિતાબ રજૂ કરી રહ્યો છું. આ કિતાબ ''મુસલિહે ગયબી'' ગયબી રીતે સુધારણા કરનાર હુજ્જતુલ ઈસ્લામ આકા હસન અબતહી સાહેબે લખેલી છે. હાલાતે જિંદગી હઝરત વલીએ અસ્ર-ઝમાનાના વલી સરપરસ્ત - આશ્રયદાતા ઈમામે ઝમાના અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફમાં(અલ્લાહ તઆલા આપનો જલ્દી ઝુહૂર ફરમાવે) ઘણી બધી માહિતીનો સંગ્રહ છે. આ ઉમદા કિતાબમાં વારિસે ગયબતે ઈલાહિય્યાહની સંપૂર્ણ હાલતોને દૃષ્ટિ સમક્ષ રાખી બધી જ ઘટનાઓને સિત્તેર સવાલોમાં વહેંચી દેવામાં આવી છે. દરેક પ્રશ્નમાં ઘણી-બધી ઈલ્મી વાતો જાણવાની મળશે. હજુજતુલ ઈસ્લામ આકા હસન અબતહીએ હઝરત ઈમામુલ અસ્રના અસ્તિત્ત્વ-આપની હયાતે તૈયબાને જોરદાર દલીલો દ્વારા સાબિત કરી છે. આ કિતાબ એક એટલો મોટો ઈલ્મી ખજાનો છે કે જેનાથી મોમેનીનની રૂહો ખુશ થઈ જશે, ઈન્શાઅલ્લાહ.

આ ફસાદ અને ફિત્નાના જમાનામાં જનાબ આકા હસન અબતહીની જાત મુબારક આપણા માટે એક નેઅમત સમાન છે. આપે અત્યાર સુધીમાં આવી ઈલ્મી પીસ્તાળીસ કિતાબો લખીને મિલ્લતે જઅફરીયા ઉપર મોટું એહસાન કર્યું છે. આપની એકે એક કિતાબ લાજવાબ છે. આપ ખરેખર કલમી જેહાદ ફરમાવી રહ્યા છે.

આ કિતાબમાં તે પ્રશ્નોના ઉત્તરો છે જે જુદા જુદા સમયે



આલિમોએ-સંશોધકોએ સામૂહિક રીતે કે વ્યક્તિગત રીતે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના મુકદ્દસ હયાતના વિષયમાં આપેલા છે.


ફરઝંદે અઝીઝ મૌલાના હુસૈન અહમદ અને મેં બંનેએ આ કિતાબનો થોડો થોડો ભાગ તૈયાર કર્યો છે. મારા અધૂરા કાર્યને ફરઝંદ આગળ ધપાવે છે. પછી મારા સમયમાં એમના લખેલા કાર્યને હું આગળ ધપાવું છું. આમ અલ્લાહની રહમતથી આ કિતાબ તૈયાર થઈ છે.

મોમેનીનને આ કિતાબ ગમશે અને તેઓને ઈલ્મી શોખ પેદા થશે એવી બારગાહે ખુદાવંદીમાં દુઆ ગુજારૂં છું. અલ્લાહ અમારી આ કોશિશોને કબૂલ ફરમાવે અમને કોમની હિદાયતનો ઝરીયો બનાવે. સાથે કિતાબ છાપવામાં મદદ કરનાર તમામ બિરાદરોની નેક ઉમ્મીદોને અલ્લાહ પૂરી ફરમાવે એવી દુઆ ગુજારૂં છું.

વહાલા વાચકો! આ કિતાબના વિચારોને સમજવા થોડાક મુશ્કેલ પડે એમ છે. છતાંપણ વાંચવાનું પડતું મૂકશો નહિ. ન સમજાય તો બીજી વખત વાંચશો. પ્રથમ સાત-આઠ પ્રશ્નો થોડાક અઘરા છે. જે હઝરત ઈમામે ઝમાના(અલ.)ની વાહિદ આલમી હુકુમતના વિષયમાં છે. અલ્લાહ કરે કે અમારૂં લખાણ આપ લોકોની સમજમાં આવી જાય. સાથે અમારાથી, અમારા દોસ્તોથી, અમારા મદદગારોથી, અમારા વાચકોથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત અને ચૌદહ માસુમીન(અલ.) રાજી થઈ જાય.

નાચીઝ

اللھم صل علی محمد وآل محمد





આવી રહી છે ............... આવી રહી છે

## તફસીર

## તવઝીહુલ કુરઆન

**અદીબે આઝમ મૌલાના ઝફર હસન અમરોહવી**

આ તરજુમો અને તફસીર ઉર્દૂમાં છે. જેનો ગુજરાતી અનુવાદ અમે રજૂ કરી રહ્યા છીએ. કુરઆન અરબી ટેક્ષ્ટમાં જ રહેશે. કોમ્પ્યુટર કંપોઝિંગ થઇ ગયું છે. પાંચ પાંચ પારહની છ જિલ્દો અમે રજૂ કરીશું. ટુંક સમયમાં ૧ થી ૫ પારહની પ્રથમ જિલ્દ વાંચકોના હાથમાં આવી જશે. ઈન્શાઅલ્લાહ.

અમે અલ્લાહની રહમત અને તેના ફઝલની ઉમ્મીદમાં બેઠા છીએ. ૬૦૦ પેજ ઉપરની મોટી સાઈઝમાં કલામુલ્લાહની આ જિલ્દ તૈયાર થઈ છે. જેની ૩૦૦૦ કોપીઝ અમારે છપાવવી છે. મોટી રકમ દરકાર છે, અમારી આટલી શક્તિ નથી, અલ્લાહ અમારો મદદગાર છે.



# અનુક્રમણિકા


- કિતાબના લેખકની પ્રસ્તાવના III
- ગુજરાતી અનુવાદકની પ્રસ્તાવના V

૧. અંબિયાને દુનિયામાં મોકલવાનો મકસદ શું છે? ૧

૨. ઈન્સાની સમાજમાં સદાચાર, નીતિમત્તા, કર્તવ્યનિષ્ઠા, મઝહબ પ્રત્યે લગાવ અને મહબ્બતના અભાવને કારણે એક આલમી હુકુમત સ્થાપિત થઇ શકતી નથી. ૩

૩. ઈન્સાન પોતાના માટે પોતે કાયદાઓ ઘડી શકતો નથી. ૪

૪. ઈન્સાની સમાજ ધીમે ધીમે તબક્કાવાર વૈચારિક પ્રગતિ કરી શકે છે. જોર ઝબરદસ્તી કરીને આલમી વાહિદ(એકજ) હુકુમત સ્થાપિત નથી થઇ શકતી. ૬

૫. વિશ્વ વાહિદ(એક) આલમી હુકુમતનો ઈન્તિઝાર કરી રહ્યું છે. ૯

૬. વિશ્વના બુદ્ધિશાળીઓ અને ચિંતકો હંમેશા વાહિદ (એક) આલમી હુકુમતના ઈચ્છુક રહ્યા છે. ૧૦

૭. એક આલમી હુકુમતની જરૂરત અંગેની પ્રેરણા મઝહબ અને અંબિયા અલયહેમુસ્સલામ તરફથી થઇ છે. ૧૬

૮. આ બાબતની સાબિતી છે કે એક આલમી હુકુમત અંગેનો તેજસ્વી વિચાર અંબિયા અલયહેમુસ્સલામે તથા મઝહબે રજૂ કરેલ છે. ૧૯

| | | |
|---|---|---|
| ૯. | વિશ્વ સુધારક હોવાની શરતોમાં ખાસ શરત માસુમ હોવું, શક્તિશાળી હોવું, ઈલ્મમાં નિપૂર્ણ હોવું છે. | ૩૦ |
| ૧૦. | વિશ્વના ઈન્સાનોને છૂટકારો અપાવનારે કાયદાકાનૂનમાં અને ઈલ્મમાં નિષ્ણાંત હોવું જોઈએ. | ૩૧ |
| ૧૧. | એક વિશ્વવ્યાપી હુકુમત સ્થાપિત કરનારે અસાધારણ શક્તિ અને ઉત્સાહના માલિક હોવું જરૂરી છે. | ૩૩ |
| ૧૨. | આલમે ઈન્સાનિયતને છુટકારો અપાવનારે ભૂલભાલ કે ગુનાહોથી પાક હોવું જોઈએ. | ૩૬ |
| ૧૩. | ઝુલ્મ અને નાઈન્સાફીના સફાયાને ઈન્કિલાબ કહેવાય છે. ઈન્કિલાબ ક્યારે આવે છે? | ૩૮ |
| ૧૪. | વિશ્વમાં ઈન્કિલાબ પબ્લિકના દ્વારા હોશિયાર બુદ્ધિશાળી અને સત્તાધારી નેતાના માર્ગદર્શન હેઠળ જ શક્ય છે. | ૪૪ |
| ૧૫. | એક આલમી હુકુમત વિશ્વના સામાન્ય લોકોના હાથો વડે, જેમને કમજોર બનાવી દેવામાં આવ્યા છે. સ્થાપિત થશે. | ૪૬ |
| ૧૬. | એક દિવસ એવો આવશે કે લોકો ફસાદ અને ખૂનરેઝીથી હાથો રોકી લેશે અને સુલેહ સફાઈથી એકબીજાની સાથે જિંદગી વ્યતીત કરશે. | ૪૯ |
| ૧૭. | ધીરે ધીરે ઈન્સાનિયત પોતાને એક આલમી હુકુમતના માટે તૈયાર કરી રહી છે. | ૫૧ |
| ૧૮. | એક આલમી હુકુમતના કાયમ થવા માટે તેની શરતોના પૂરા થવું જરૂરી છે. | ૬૦ |





| | | |
|---|---|---|
| ૧૯. | ઈસ્લામમાં સુધારણા કરનાર(મુસલિહની) ઓળખ થઈ ચૂકી છે. અને તેઓ હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનું હયાત હોવું છે. | ૬૬ |
| ૨૦. | એહલે સુન્નત હઝરાતને હઝરત મેહદી અરવાહોના ફિદાહુનું અસ્તિત્ત્વ કબૂલ છે. અને તેઓ ઈમામ મેહદી વિષયમાં આસ્થા અને વિશ્વાસ ધરાવે છે. | ૬૮ |
| ૨૧. | હઝરત હુજ્જત-બકીય્યતુલ્લાહ આપના વાલિદ મોહતરમ અગિયારમા ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના ઘેર પેદા થયા. | ૭૧ |
| ૨૨. | હઝરત નરજિસ સલામુલ્લાહ અલયહા વાલિદહ ગિરામી હઝરત બકીય્યતુલ્લાહની જિંદગીની હાલતો અને આપનું ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામની ઝવજા હોવું. | ૭૩ |
| ૨૩. | હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની વિલાદત | ૮૩ |
| ૨૪. | હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ લોકોની અંદર જિંદગી બસર કરી રહ્યા છે. પરંતુ લોકો તેમને ઓળખતા નથી, જોઈ શકતા નથી. | ૮૬ |
| ૨૫. | હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામના અસ્તિત્ત્વનો ફાયદો સુર્યના જેવો છે. | ૮૯ |
| ૨૬. | ગયબતે સુગરા(નાની ગયબત-જે ૭૦ વર્ષની છે) અને ગયબતે કુબરા (મોટી ગયબત - જે હાલ સુધી ચાલુ છે) દરમ્યાન હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામની જિંદગીનો ખુલાસો. | ૯૫ |
| ૨૭. | ગયબતે સુગરા લોકોને તૈયાર કરવા(આદત પાડવા) સ્વયં પોતાની જવાબદારી સંભાળવા માટે હતી. | ૯૮ |

૨૮. ગયબતે સુગરાના દરમ્યાન ઈમામે અસ્ર અરવાહોના ફિદાહુના ચાર નાએબ હતા. ૧૦૦
૨૯. અનેક નેકદીલ આલિમો-બુઝુર્ગોએ ઈમામ ઝમાના અલયહિસ્સલામની મુલાકાત કરી છે. છતાંય આપ જનાબ પોતે ફરમાવે છે કે જે મને જોવાનો દાવો કરે તે જુઠ્ઠો છે. આનો શું મતલબ? ૧૦૫
૩૦. હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના ચાર નાએબોનો પવિત્ર મકામ(દરજ્જો) ૧૦૭
૩૧. દાકતરી કે વૈદક ઉપચારની દ્દષ્ટિએ ઈન્સાનનું જીવતા રહેવું કે મરવું કોઈ ન કોઈ કારણનું મોહતાજ છે. ૧૦૮
૩૨. હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની સેવામાં કેવી રીતે પહોંચી શકાય છે? ૧૨૩
૩૩. ઈમામે અસ્ર અરવાહોના ફિદાહુના ફરઝંદોનો નિવાસ ક્યાં છે? ૧૨૫
૩૪. જઝીરએ ખિઝરા અને બરમુદાનો ત્રિકોણાકાર દરિયો ૧૨૮
૩૫. હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના ઝુહૂર થવાની અલામતો. ૧૩૧
૩૬. આ વાત કેવી રીતે માનવામાં આવે કે એક ખબર અઈમ્મએ અત્હાર અલયહિસ્સલામ આપે. જે દ્દઢ-મજબૂત અને પાકી ન હોય? ૧૩૩
૩૭. હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના ઝુહૂરની શરતો શું છે? ૧૩૬
૩૮. દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી કેવી રીતે ભરાઇ જશે? ૧૩૯





૩૯. જ્યારે દુનિયા અદ્લો ઈન્સાફથી ભરાઇ જશે ત્યારે તે કોણ હશે જે આપને શહીદ કરશે. ૧૪૦
૪૦. હઝરત વલીએ અસ્ર અરવાહોના ફિદાહુની સેવામાં કેટલાક લોકો કેવી રીતે પહોંચશે? ૧૪૨
૪૧. અર્વાચીન-અદ્યતન યુદ્ધ ટેકનોલોજીની હાજરીમાં ઈમામે ઝમાના અરવાહોના ફિદાહુ કેવી રીતે આગેકૂચ કરશે? ૧૫૮
૪૨. ઝુહૂરમાં જલ્દીની દુઆ માંગવી અને ઝુહૂરના હુકમમાં જલ્દી કરવાથી મના પણ કરવામાં આવી છે તો આનાથી શું મતલબ છે? ૧૭૬
૪૩. ઝુહૂરનો ઈન્તિઝાર કરવો બેહતરીન આમાલ છે. આનાથી શું મતલબ છે? ૧૮૧
૪૪. ઈમામે ઝમાના અલયહિસ્સલામની સલામતિ માટે સદકો આપવો. શા માટે? ૧૮૪
૪૫. ઈમામે ઝમાના અલયહિસ્સલામની લાંબી ઉંમર માટે દુઆ શા માટે? ૧૮૫
૪૬. મોટી ઈદોમાં "દુઆએ નુદબા" નું પઢવામાં આવવું શા માટે? ૧૮૭
૪૭. ઈન્તિઝારે ઝુહૂરનો (ઝુહૂરની રાહ જોવાનો) શું અર્થ થાય છે? ૧૮૯
૪૮. ઈમામે અસ્ર અલયહિસ્સલામ અરવાહોના ફિદાહુની ગયબતના ઝમાનામાં આપનું ખાસ નામ લેવું હરામ છે, ચર્ચા. ૧૯૯
૪૯. ઈમામે ઝમાના અલયહિસ્સલામનું ખાસ નામ કેમ ન લેવામાં આવે? ૨૦૧

૫૦. જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનું નામ લેવામાં આવે તો વાજિબ નથી કે સાંભળવાવાળા બધા ઊભા થઈ જાય. ૨૦૨

૫૧. ઝુહૂરે સુગરાનો શું અર્થ થાય છે? ૨૦૩

૫૨. ઝુહૂર પછી બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહોનાની જિંદગી દસ વર્ષથી પણ ઓછી હશે. ૨૨૪

૫૩. હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના દ્વારા હઝરત સૈયદુશ્શોહદા અલયહિસ્સલામના ખૂનનો બદલો લેવામાં આવશે. ૨૨૬

૫૪. દજ્જાલનો શું હાલ હશે? ૨૩૦

૫૫. સુફિયાની દજ્જાલ નથી? ૨૩૩

૫૬. ઝુહૂરના સમયને નક્કી કરી શકાય નહિં. તેને કોઈ જાણતુ નથી. ૨૩૪

૫૭. ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામ અને આપના હુઝૂરમાં તફાવત ૨૩૬

૫૮. કેટલાક લોકો હુરૂફના ઈલ્મ અને રિવાયતોને એકત્ર કરીને ''ઝુહૂર''ના સમયને શા માટે નક્કી કરે છે? ૨૩૭

૫૯. ઝુહૂરનો સમય છુપાયેલો કેમ છે? કે કોઈને ખબર નથી. ૨૪૦

૬૦. ''બકીય્યતુલ્લાહ''નો અર્થ શું થાય છે? ૨૪૩

૬૧. હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના અસહાબના નામો. ૨૪૩

૬૨. મશહૂર છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ ઝુહૂર ફરમાવશે તો નવા દીનની તરફ દઅવત આપશે. શું આ નવો દીન ઈસ્લામના મુકદ્દસ દીનથી અલગ હશે? ૨૪૬





૬૩. ઝુહૂરના જમાનામાં પાર્ટીઓ અને સિયાસી જમાતો ૨૪૯

૬૪. શું હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ કુદરતી મોતથી દુનિયાથી રૂખ્સત થશે અથવા આપને કતલ કરવામાં આવશે? ૨૫૧

૬૫. ''રજઅત''નો અર્થ ૨૫૩

૬૬. રજઅતમાં કોણ લોકો દુનિયામાં પાછા આવશે? ૨૫૪

૬૭. ઝુહૂરના જમાનામાં લોકોની ઉમર કુદરતી રીતે જ વધી જશે. ૨૫૭

૬૮. ''રજઅત''માં પોતાની મરજી ૨૫૮

૬૯. ઝુહૂરના ઝમાનામાં પરિસ્થિતિઓ નૈસર્ગિક અને કુદરતી હશે. ૨૫૯

૭૦. હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુથી મુનાજાત-દુઆ ૨૬૨




**સવાલ : ૧**

**ખુદાવંદ તઆલાએ અંબિયાને શા માટે મોકલ્યા? અને તેમને અહકામ પહોંચાડવાના પાબંદ કર્યા?**

**જવાબ : ૧**

ખુદાવંદ તઆલાએ ઈન્સાનને સામૂહિક રીતે જિંદગી ગુજારતા પ્રાણીઓના ટોળામાં પેદા કર્યા છે. જેથી તેના માટે જરૂરી છે કે તે પોતાના જેવા જ બીજા ઈન્સાનોમાં સવાર અને સાંજ જિંદગી બસર કરે. તે કેટલાક એવા પ્રાણીઓની જેવો નથી જેઓ વ્યક્તિગત-એકાંકી જીવન વ્યતિત કરે છે, અને પોતાની જાતિના બીજા પ્રાણીઓથી ન કોઈ સંબંધ રાખે છે ન એમની કોઈ જરૂરત અનુભૂતિ કરે છે.

ઈન્સાન અક્કલ અને સમજશક્તિ ધરાવતું પ્રાણી છે. તે પોતાનો ફાયદો નુકસાન સમજે છે. વળી માલ દવલતને પોતાના માટે ખુશનસીબી સમજે છે. તે ખુદબખુદ કુદરતી રીતે એની પાછળ જાય છે. જ્યારે બધા જ તે કાર્યોને (માલ-દવલત કમાવાના-ફાયદા માટેના) પાર પાડવામાં લાગી જાય છે. એટલે કે પોતાના માટે વધારેમાં વધારે ફાયદો પ્રાપ્ત કરવા ઈચ્છે છે. ત્યારે નફા-નુકસાનમાં વિરોધાભાસ પેદા થઈ જાય



છે. અહીંથી જ ઝઘડા, વિરોધાભાસ અને ઝુલ્મની શરૂઆત થાય છે.

જેથી જરૂરત છે કે ઈન્સાની સમાજમાં અદલો ઈન્સાફના કાનૂનો લાગુ કરવામાં આવે, અને ઈન્સાન કામિલ ઈમાન સાથે તેને કબૂલ કરે. તેના દ્વારા ઈન્સાન ઈન્સાફના રસ્તા ઉપર ચાલવાનો આદી બની જાય.

આ એક કુદરતી બાબત છે. તે પોતાની જગ્યાએ સાબિત પણ છે કે આવા કાનૂનો ખુદાવંદે આલમની ઝાત સિવાય કોઈ બીજો બનાવી શકતો નથી. એનું કારણ આ છે કે તે જ ઈન્સાનને પેદા કરનારો છે. વળી ઈન્સાનને તેણે પેદા કર્યો હોઈ તે ઈન્સાનોની આદતો ટેવો અને સ્વભાવથી વાકેફ છે. તેમની ભલાઈઓથી વાકેફ અલ્લાહની ઝાત સિવાય બીજું કોઈ નથી હોઈ શકતું.

તેટલા માટે આ કાયદા કાનૂનોને અલ્લાહે લાગુ કર્યા અને ઈન્સાનો સુધી અંબિયા અલયહેમુસ્સલામના વસીલાથી પહોંચાડ્યા. અલ્લાહે પોતાના અહકામાત અંબિયાઓ સુધી પહોંચાડવા માટે ફરિશ્તાઓને વસીલો બનાવ્યા. અંબિયા અલયહેમુસ્સલામને મોકલવાનું આ એક કારણ છે. તે સિવાય બીજાં કારણો પણ છે, તેમનું વર્ણન અકીદા અને અભ્યાસક્રમની કિતાબોમાં જોવા મળશે.

❃

**સવાલ : ૨**

**દુનિયામાં જુદા જુદા ધર્મોના આવવાનો મકસદ આ હતો કે ઈન્સાનોના દરમ્યાન જે વિરોધાભાસ છે તે ખતમ થઈ જાય, અને સામૂહીક ન્યાયસંગત કાનૂનો સંપાદિત થાય.**

**તો પછી આ ધર્મોએ તેને લાગુ કરવાની પોતાની જવાબદારી પૂરી કેમ ન કરી? દુનિયાના લોકોને અસલામતિ અને સાધનસામગ્રીના અછતપણાથી છૂટકારો કેમ ન અપાવ્યો?**

**જવાબ : ૨**

ઈન્સાની સમાજમાં અદલો ઈન્સાફ પ્રચલિત(ચાલૂ) થવાની બે મંઝિલો છે.

પ્રથમ તો ઈન્સાફથી ભરપૂર ન્યાયોચિત અને બેહતરીન કાયદા એક બુદ્ધિશાળી કાયદાશાસ્ત્રીના હાથે ઘડવામાં આવે. વિશ્વની સામે આ કાયદા રજૂ કરવામાં આવે. આ પ્રથમ મંઝિલ અંબિયા અલયહેમુસ્સલામ અને ખાસ કરીને હઝરત મોહંમદ બિન અબ્દુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના આગમનના વસીલાથી અમલમાં આવ્યા.

બીજી મંઝિલ કાયદાકાનૂનને લાગુ કરવાની છે. જેમાં બે શરતો પૂરી થવી જરૂરી છે. જેથી ઈન્સાની સમાજમાં આ ન્યાયોચિત કાનૂનો લાગુ થાય છે.

પ્રથમ શરત આ છે કે ઈન્સાનોની દીમાગી અને ચિંતન-મનન કરવાની શક્તિ તરક્કીની તે હદ સુધી પહોંચી ચૂકી હોય કે તેઓ આ કાયદાકાનૂનને સમજી શકે અને તેને કબૂલ પણ કરે.

બીજી એક શરત આ છે કે એક બુદ્ધિશાળી, શક્તિશાળી



અને પ્રભુત્ત્વશાળી તથા ભૂલો કરવાથી પાક ઈન્સાન (તે કાયદાકાનૂનને) લાગુ કરવાવાળો લોકોમાં હાજર હોવો જોઈએ. જેથી તે સંપૂર્ણ વિશ્વમાં લાગુ કરે ત્યારે આ મંઝિલ પૂર્ણ થાય છે.

પરંતુ હજુ સુધી ઈન્સાની સમાજમાં દિમાગી અને ચિંતન-મનન કરવાની શક્તિ તરક્કી તે હદ સુધી નથી પહોંચી. એટલે કે પ્રથમ શરત પૂરી થઈ નથી, જો કે બીજી શરત પૂરી થઈ ચૂકી હતી એટલે કે લોકોમાં ઈસ્લામના પેશ્વાઓ ઈલ્મ, પાકીઝગી, માસૂમિયત સાથે હાજર હતા. પરંતુ યોગ્ય પરિસ્થિતિ ન હોવાના કારણે અને લોકોમાં ચિંતન કરવાની શક્તિના અભાવના કારણ તે ન્યાયાચિત કાનૂનો વિશ્વમાં લાગુ ન કરી શકાયા. આ કારણોથી એક આલમી ઈસ્લામી હુકુમત સ્થાપિત થઈ શકતી નથી.

**સવાલ : ૩**

**જો દરેક દેશમાં એક જમાત અલગ બેસીને એક બીજાના મશવેરાથી કાયદા-કાનૂનો બનાવે તો શું આ વાત શક્ય નથી કે પોતાના સમાજની વ્યવસ્થા ચલાવી લે. ટૂંકમાં ઈન્સાન પોતાના માટે જાતે કાયદા-કાનૂન નથી બનાવી શકતો.**

**જવાબ : ૩**

આ તો સ્પષ્ટ છે કે જુદા જુદા ઈન્સાની સમાજો પોતાના શોખ, રસ, રૂચિ અને બુદ્ધિ પ્રમાણે કાયદા-કાનૂન ઘડી લેત તો પરિણામ તે આવત કે આજે આપણી દૃષ્ટિની સમક્ષ છે. કારણ કે વિશ્વમાં કાનૂન બનાવનારાઓએ પોતાના ધર્મોમાં જુદા જુદા કાયદા કાનૂન હોવા છતાં ખાસ કરીને ઈસ્લામના

કાનૂનોને જે પ્રાધાન્ય આપ્યું છે, તેઓએ મારીમચડીને પણ કાનૂન તો ઈસ્લામનો જ સ્વીકાર્યો છે. પરંતુ વિશ્વના આ ધર્મોએ ઈન્સાનિયતના આ રસ્તામાં નાની સરખી અડચણો પણ રહેવા દીધી નથી. બલકે તેઓએ ઈન્સાનિયતને દરેક રીતે આઝાદ છોડી દીધી છે કે તે ઈચ્છે તો પોતાના માટે કાયદાકાનૂન બનાવી લે અથવા તો પછી ઈસ્લામી કાનૂનની તરફ પાછા ફરે.

પરંતુ તે સિવાય પણ જુદા જુદા દેશોના પોતપોતાના અલગ અલગ ફાયદાના કારણે સામાજીક અને સરહદી ઝઘડાઓ મોજૂદ રહ્યા છે. જેમકે અર્વાચીન સમયમાં ઈરાદાપૂર્વક કે વગર ઈરાદે અંબિયા અલયહેમુસ્સલામના ઈરશાદો-ફરમાનો તેમના ચિંતન-મનન ઉપર અસરકારક રહ્યા છે. છતાંય તેઓ એકબીજાના વિરૂદ્ધ લડવા ઊભા થઈ જાય છે, લડે પણ છે. કોઈ દિવસ એવો નથી જતો કે કોઈ બે દેશો વચ્ચે યુદ્ધ ન ચાલતું હોય અને એવો ભય હંમેશા સેવાય રહ્યો છે કે આખી દુનિયા એક ખતરનાક યુદ્ધમાં ન લપેટાઈ જાય.

જેથી કરીને આ વાત જરૂર છે કે આ પૃથ્વીના ગોળા ઉપર ઈન્સાનો જેઓ જિંદગી જીવી રહ્યા છે. એમના ઉપર એક વાહિદ હુકુમતની વ્યવસ્થા હોવી જોઈએ. જો ઈન્સાનિયતને આ બધા જ ઝઘડાઓ અને જંગોથી છૂટકારો મેળવવો હોય તો પછી તેમના ઉપર સમગ્ર વિશ્વમાં એક જ કાયદા-કાનૂનો અમલમાં આવવા જોઈએ.



**સવાલ : ૪**

**ઈન્સાની સમાજ ધીમે ધીમે તબક્કાવાર વૈચારિક પ્રગતિ કરી શકે છે. જોર ઝબરદસ્તી કરીને આલમી વાહિદ હુકુમત સ્થાપિત નથી થઈ શકતી. શું આ વાત શક્ય ન હતી કે ઈસ્લામના માસૂમ પેશ્વાઓ ખાસ કરીને હઝરત ખાતેમુન્નબીય્યીન-ખાતિમે અંબિયા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ તે શક્તિ અને કુદરતની મદદથી જે ખુદા તઆલાએ આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને આપી હતી તેના દ્વારા એક આલમી હુકુમત દુનિયામાં સ્થાપિત કરત અને લોકોને બદઅમની-અસલામતિથી છુટકારો અપાવત.**

**જવાબ : ૪**

પ્રથમ આ વાત સમજો કે જેવી રીતે એક બાળક પ્રથમ પ્રાથમિક સ્કૂલ પછી હાઈસ્કૂલ અને પછી યુનિવર્સિટીમાં કદમ મૂકે છે. તેના માટે આ વાત શક્ય નથી કે પ્રથમથી જ યુનિવર્સિટીના કઠિન અભ્યાસક્રમને યાદ કરી લે. બિલકુલ એ જ રીતે ઈન્સાનિયતના માટે પણ જરૂરી છે કે પ્રથમ વૈચારિક અને દિમાગી સામર્થ્ય પેદા કરે. યોગ્યતા-ક્ષમતા પેદા કરે. વળી આ વાત પણ સ્પષ્ટ છે કે આ કામમાં હજારો વર્ષો લાગી શકે છે. ત્યાર પછી જ તે પોતાના સમાજમાં આ કાનૂનને લાગુ કરવાની જરૂરત સમજશે. આ કુદરતી વાત છે કે આ વૃદ્ધિ વિકાસની ઉચ્ચતા એક લાંબી મુદ્દત પછી જ પ્રાપ્ત કરી શકે છે? તે દરમ્યાન ઈન્સાન વારંવાર અનુભવોમાંથી પસાર થશે. ત્યારે તેને આ કાયદાકાનૂનોને લાગુ કરવાની તીવ્ર સંવેદના પેદા થશે.

અસલ વાત આ છે કે ખુદાવંદેતઆલાએ ઈન્સાનને જાનવરોની જેવો પેદા નથી કર્યો કે તે અભાનપણે મજબૂર થઈને કુદરતી કે મક્કારીભર્યા કાનૂનોની પેરવી કરે અને સામૂહિક જીવનમાં એકબીજાના હકો ઉપર તરાપ ન મારે.

વળી ઈન્સાનને અલ્લાહતઆલાએ ફરિશ્તાઓ જેવો પણ પેદા નથી કર્યો કે શરૂઆતથી જ તે કામેચ્છા, મિથ્યાભિમાન, લાલસા, વાસના વગેરેથી દૂર રહીને ઈલાહી અહકામાતના મુતાબિક અમલ કરતો રહે, વળી જે કંઈ તેને બતાવવામાં આવ્યું હોય તે જ ફકત જાણતો રહે અને વધારે અનુભવો મેળવવાથી કે વધારે અમલ કરવાથી રોકાયેલો રહે.

ખુદા તઆલાએ ઈન્સાનને શરૂમાં દરેક પ્રકારના જ્ઞાનથી અહીં સુધી કે જાનવરો કે પશુઓ જેટલી સમજથી પણ અજાણ પેદા કર્યો. પરંતુ તેને અસાધારણ આવડત અતા કરી, કે તે ઈલ્મ પ્રાપ્ત કરી શકે. સામૂહિક વ્યવહાર અને હુકુમતિ કાનૂનોના સત્યોને સમજી શકે, તેને પોતાના નિયંત્રણમાં રાખીને ઈન્સાનોની સલામતી અને રક્ષણ માટે કામમાં લાવી શકે.

કુદરતી વાત છે કે આ દરમ્યાન પોતાનો જ ફાયદો જોનારી સત્તાધારી પાર્ટીઓ આ સમયને ગનીમત સમજી લોકોની ગરદનો ઉપર સવાર થઈ ગઈ. જેથી જ્યાં સુધી લોકો સંપૂર્ણ રીતે ઉત્સુકતા સાથે દિમાગી વૃદ્ધિ વિકાસ પેદા કરી લેતા નથી, ત્યાં સુધી આ વાત શક્ય જ નથી કે દીનની સફળતાના, સૌભાગ્યવંતા કાનૂનોને પોતાના સમાજ ઉપર



લાગુ કરી શકે અને ગુનેહગારોને (ઝાલિમોને-બાગીઓને) હુકુમત કરવાથી અલગ રાખી શકે.

જેથી આલમી-વિશ્વવ્યાપી હુકુમતની સ્થાપના માટે જરૂરી છે કે ચિંતનશીલ પ્રગતિ પણ હોય. વળી ખુદાની હાકેમીયતને ઈન્સાને સમજીને સ્વીકારી હોય. કદી કોઈ જગ્યાએ દીને કોઈને ઝબરદસ્તી-જોર ઝુલમથી કોઈ અમલ નથી કરાવ્યો. અને દીન ન કદી એવું કરશે. વળી આજે પણ ઈન્સાની સમાજમાં એવો કમાલ કે વૃદ્ધિ વિકાસ સંપૂર્ણ રીતે દૃષ્ટિમાન થતો નથી. તેથી જ રેહબરીની સંપૂર્ણ શરતો ધરાવનાર હોવા છતાં દીનના પેશ્વાઓ એક વિશ્વવ્યાપી હુકુમત જગત ઉપર કાયમ કરી શક્યા નથી. આવી હુકુમતની સ્થાપના માટે પરિસ્થિતિ ન તે ઝમાનામાં અનુકુળ હતી. ન આજદિન સુધી અનુકુળ બની શકી છે.

જો અલ્લાહ મોઅજિઝાઈ રીતે ઇચ્છત અથવા જોર ઝબરદસ્તીથી ઇચ્છત તો દીની પેશ્વાઓ એક આલમી હુકુમત સ્થાપિત કરી શકત. પરંતુ તેમાં ઈન્સાનની આઝાદી છીનવાઈ જતાં તેનું ઈમ્તેહાન પણ ન થઈ શકત. ઈમામે ઝમાનાની વિશ્વવ્યાપી હુકુમત સ્થાપિત થતાં અગાઉ લોકોમાં ચિંતન-મનન કરવાની અને બુદ્ધિ વિકાસની પરાકાષ્ઠા પેદા થઈ ગઈ હશે. લોકોમાં આ બાબતની ઉત્સુકતા હશે, તડપ હશે, બેચેની હશે ત્યારે જ એક વિશ્વવ્યાપી હુકુમત સ્થાપિત થશે.

**સવાલ : ૫**

**શું આ વાક્યોના ભાવાર્થમાં કોઇ હકીકત પણ છે? જેમ કે શીયાઓમાં પ્રચલિત છે.**

**"યા સાહેબઝ્ઝમાન! દુનિયા આપના ઇન્તેઝારમાં છે?" વિશ્વ એક વાહિદ આલમી હુકુમતનો ઇન્તેઝાર કરી રહ્યું છે.**

**આ વાક્યમાં અતિરેક તો નથી? મહેરબાની કરીને સમજાવો.**

**જવાબ : ૫**

એમાં શંકાને કોઇ સ્થાન નથી કે વિશ્વ સાહેબઝ્ઝમાનની રાહ જોઇ રહ્યું છે. વિશ્વ ઇન્તેઝારમાં છે. તેના બે અર્થ થાય છે. પ્રથમ તો આપણે એમ કહીએ કે વિશ્વ હઝરત ઇમામ મેહદી અલયહિસ્સલામના ઇન્તેઝારમાં છે. એટલે કે દુનિયામાં બધા જ લોકો રાહ જોઇ રહ્યા છે કે એક વ્યક્તિ નિશ્ચિત ચોક્કસ જેમનું નામ અબુલ કાસિમ(ઇમામ મેહદી) હુજ્જત બિન અલ હસન અલ અસ્કરી છે. તેઓ આવે અને આ દુનિયાને અદ્‌લો ઇન્સાફથી ભરી દે, સાથે સાથે આ પણ એક હકીકત છેકે પૃથ્વીના ગોળા ઉપર જીવન વિતાવતી પ્રજાઓમાં બહુમતિએ શાયદ આપનું નામ પણ ન સાંભળ્યું હોય.

બીજી વાત આ છે કે આપણે એમ કહીએ કે દુનિયા એક વિશ્વવ્યાપી સંપૂર્ણ સુધારણા કરનાર ગયબી વ્યક્તિના ઇન્તેઝારમાં છે. કે તેઓ આવે અને દુનિયાને અદ્‌લો ઇન્સાફથી ભરી દે.

અથવા દુનિયા એક વાહિદ વિશ્વવ્યાપી હુકુમતના સ્થાપિત થવાની રાહ જોઇ રહી છે. તો આ અર્થ પણ સાચો



છે. આ વાત કોઇ આશ્ચર્યજનક નથી. ઇસ્લામના જાહેર થતાં અગાઉ કઇ વરસો અગાઉ વિશ્વના બુદ્ધિશાળીઓ અને ફિલોસોફરો એમ ઇચ્છતા હતા કે કોઇ સુધારક આવે અને પછી પેગંબરે ઇસ્લામનો ઝુહુર થયો. મતલબ આ છે કે વિશ્વના ચિંતનશીલ અને બુદ્ધિશાળીઓ હંમેશા કોઇ ગયબી સુધારકની આમદના ઇચ્છુક રહ્યા છે.

❁

**સવાલ : ૬**

**જો શક્ય હોય તો વાહિદ આલમી હુકુમતના (એક જ કાનૂની વિશ્વવ્યાપી રાજ્યવ્યવસ્થા) ઇન્તેઝારનો ઇતિહાસ ટૂંકમાં વર્ણવો. વિશ્વના બુદ્ધિશાળીઓ હંમેશા એક આલમી હુકુમતના ઇચ્છુક રહ્યા છે.**

**જવાબ : ૬**

આ વિચારધારા અને ઇચ્છા કે એક દિવસ સમગ્ર વિશ્વ એક જ કાનૂની રાજ્ય વ્યવસ્થાના નીચે ગોઠવાઇ જશે. પછી સમગ્ર દુનિયામાં અદલો ઇન્સાફની બોલબાલા હશે. દરેક વ્યક્તિને તેનો હક મળી જશે. આવી વિચારધારા ઘણાં જુના સમયથી મોટા મોટા બુદ્ધિશાળીઓની રહી છે. અને હંમેશા આ વિચારધારાને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

યુનાનનો પ્રખ્યાત ફિલોસોફર ઝિનું જે અફલાતુનની ફિલોસોફીને અનુસરતો હતો. તેના મકતબનો સ્થાપક પણ હતો. જે ઇસવી સન પૂર્વે ૩૫૦માં થઇ ગયો. તેણે ઇન્સાની દુનિયાની ઇસ્લાહના માટે (સુધારણા માટે) એક થીયરી રજૂ કરી હતી. જે આજે પણ મોટા લોકો કોશિશો કરવા છતાં

તેને લાગુ કરી શકયા નથી. અમલમાં આવી શકી નથી.

ઝિનુએ આ થીયરી તે ઝમાનામાં રજૂ કરી હતી. જ્યારે દુનિયા આટલી મોટી ન હતી. બલકે વિશ્વના દેશોના લોકોનો એક બીજા સાથે આટલો ગાઢ સંબંધ પણ ન હતો. રેડિયો, ટેલિવિઝન કે હવાઇ જહાઝના આવા સંપર્કના સાધનો પણ ન હતાં. ત્યારે આ ચિંતકે એક વાહિદ વિશ્વવ્યાપી આલમી હુકુમતની ઇચ્છા વ્યક્ત કરી હતી. તે પોતાની વિચારધારા આ રીતે વર્ણવતો હતો.

“વિશ્વના બધા જ લોકોએ એક જ કાનૂનની પાબંદી કરવી જોઇએ. જેથી તેઓ સફળતા અને ખુશનસીબીના ઉચ્ચ શિખરો સુધી પહોંચી શકે, ઇન્સાનિયતને સંપૂર્ણ રાહત-ચેન નસીબ થાય.”

સિકંદરે આઝમ પણ એ જ સમયગાળામાં થઇ ગયો. ઇ.સ. પૂર્વે ૩૩૦ માં થઇ ગયો. તે પણ આ જ વિચારધારાને માનતો હતો. તે ઇચ્છતો હતો કે પોતાની સત્તાના જોરે કમસે કમ ઇરાનીઓ અને યુનાનીઓના માટે એક જ પ્રકારના કાયદા અને હકો લાગુ કરે. તે ઝમાનામાં આ બંને ઇલાકાઓ અસાધારણ ઇલ્મ ધરાવનારા અને સામૂહિક જીવન જીવનારા હતા. આ રીતે તેઓ સફળતા ખુશીના ઉચ્ચોચ્ચ શિખરે પહોંચી શકે.

પ્લૂટોરૂક જે એક પ્રખ્યાત યુનાની લેખક અને ઇતિહાસકાળ પણ હતો. જે ઇ.સ. ૬૪ થી ઇ.સ. ૧૨૦ ની દરમ્યાન થઇ ગયો. તે પણ એક વિશ્વવ્યાપી હુકુમતની હિમાયત કરનાર હતો. તે પોતાની વિચારધારાને આ રીતે વર્ણવે છે કે :

“ઇન્સાને પોતાની જિંદગીને જુદી જુદી લોકશાહીઓમાં



જેમાં અલગ અલગ કાયદાકાનૂન હોવાને કારણે તેઓને એકબીજાથી દૂર લઇ જતી હોય છે. વેડફી નાખવી ન જોઇએ. બલકે ઇન્સાન પોતાની જાતને સમગ્ર વિશ્વ સમાજનો એક વ્યક્તિ સમજે અને એક જ કાનૂનના તાબે જીવન ગુજારે. વળી આમ સમજે કે બધા એક જ ઝુંડની સમૂહની વ્યક્તિઓ છે. જેઓ એક જ કાનૂનની નીચે આ વિશ્વ ગૌચરમાં પોતાની રોઝી પ્રાપ્ત કરવામાં મશગૂલ છે.”

ડૉ. હ્યુગો જેઓને ઓગણીસમી સદીના યુરોપના પ્રખ્યાત તત્ત્વચિંતક, બુદ્ધિશાળી અને ફિલોસોફર ગણવામાં આવે છે. તેઓએ પણ આલમી જમહૂરિયતની (વિશ્વવ્યાપી લોકશાહીની) વાત કરી છે.

ટૂંકમાં સમજીએ તો ઇતિહાસમાં થોડુંક ચિંતન-મનન કરવાથી અને પૂર્વ તથા પશ્ચિમના ફિલોસોફરોના મંતવ્યો ઉપર દૃષ્ટિપાત કરવાથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે સંપૂર્ણ ઇતિહાસમાં વિશ્વવ્યાપી હુકુમતનો દૃષ્ટિકોણ વિશ્વના બુદ્ધિશાળીઓમાં અને મહાન લોકોમાં હંમેશા મકબૂલ રહ્યો છે, પસંદીદા રહ્યો છે.

વૉલ્ટર લિપેન પોતાના “સામૂહિક ચિંતન” નામી પુસ્તકમાં લખે છે કે :

જુદા જુદા ઝમાનામાં આ વિચારધારા ખૂબ જ મકબૂલ રહી છે. સજીવન રહી છે કે વિશ્વમાં એક વાહિદ કાનૂની હુકુમત હોવી જોઇએ. જ્યારે કે ઇન્સાનની સમક્ષ પોતાની ભલાઇ અને પ્રગતિ, રાજકીય સિદ્ધાંતો અને સામૂહિક મસાઇલ પેશ આવ્યા છે. ત્યારે એને એક વાહિદ વિશ્વવ્યાપી કાનૂનની

જરૂરત જણાય છે. ઈન્સાનની ભલાઈ પણ એમાં જ છે અને ઈન્સાનની પ્રગતિ અને કામ્યાબી પણ એમાં જ સમાયેલી છે.

તેથી જેમકે ઉપર જણાવવામાં આવ્યું છે. આ પ્રકારની વિચારધારા બુદ્ધિશાળીઓમાં, ચિંતકોમાં, વિચારકોમાં, હંમેશા રહી છે. ત્યાં સુધી કે અમેરિકામાં ઈ.સ. ૧૭૭૨ માં "ક્રાંતિકારી વિચારો" નો ઈન્કિલાબ આવ્યો. જે લોકોમાં પસંદ અને મકબૂલ રહ્યો. અત્યાર સુધી તે ઈન્કિલાબ ચાલુ છે. પછી ઈ.સ. ૧૯૧૪ ના પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન લાખો માણસો માર્યા ગયા. ઈ.સ. ૧૯૩૯ માં થયેલ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન છ કરોડ લોકો માર્યા ગયા, તેનાથી કંઈક વધારે તો ઘાયલ થયા અને વળી કેટલાય પ્રકારની મુસીબતોમાં ફસાયા. બીમારીઓ, અપંગતા, ગરીબાઈ વગેરે.

વિશ્વની મોટા ભાગની હુકુમતોએ જ્યારે આ પરિસ્થિતિ જોઈ તો બધા જ તત્પર થઈ ગયા. સુસંગત થઈ ગયા. વિચાર્યું કે દુનિયાની બધી જ કોમો એક જ કુટુંબના સભ્યો હોય એ રીતે એક સાથે બેસે, અને આંતર રાષ્ટ્રીય પ્રશ્નોનો ઉકેલ એકબીજા સાથે મળીને કરે. સાથે બધા જ લોકો એક વાહિદ કાનૂન ઉપર અમલ કરે.

આ વિચારધારા ઉપર બીજા વશ્વયુદ્ધ પછી પચાસ હુકુમતોએ સહીઓ કરી, પોતાની સંમતિ દર્શાવી. આ રીતે યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશન UNO ની સ્થાપના થઈ. ૧૦ ડિસેમ્બર ઈ.સ. ૧૯૪૮ માં યુનોની સામાન્ય સભાએ ઈન્સાની હુકુકનું (માનવ હકોનું) જાહેર એલાન કર્યું. આ કાનૂનમાં ૩૦ મુદ્દાઓ હતા. જેના અમલીકરણથી (એમના



અકીદા પ્રમાણે) વિશ્વની તમામ ઈન્સાનિયત માટે અમન-સલામતી, સુલેહની બાંયધરી બની રહેશે. આજે તો દુનિયાના લગભગ બધા જ દેશો UNO માં જોડાઈ ગયા છે.

પરંતુ અફસોસ આ વાતનો છે કે આજદિન સુધી દુનિયાના કોઈ નાનામાં નાના દેશે પણ આ કાનુનોને મહત્ત્વ નથી આપ્યું. વળી એના કોઈપણ સભ્ય દેશે પોતાને આ સંગઠનની સમક્ષ જવાબદાર નથી માન્યો. આજે પણ વિશ્વમાં જંગો લડવામાં આવી રહી છે. વળી આ રાષ્ટ્રો યુનોની કોઈ વાત સાંભળવા તૈયાર નથી. ન તેનો હુકમ માને છે. પરિણામરૂપ આ સંગઠન ચૂપચાપ બેઠું છે. આ રીતે આ સંગઠન દ્વારા પણ આ વિચારધારાની સચ્ચાઈ જાહેર થાય છે.

બરટ્રેન્ડ રસલ પોતાના પુસ્તક "નવી ઉમ્મીદો" માં લખે છે કે :

"હું માનું છું કે ત્રીજા વિશ્વયુદ્ધથી બચવું જોઈએ. પરંતુ અનુભવમાં આ દેખાઈ રહ્યું છે કે આ એક કલ્પના છે. તરંગો અને મનઘડત અનુમાનો છે. દરરોજ ત્રીજી આલમી જંગની (ત્રીજું વિશ્વયુદ્ધ) સંભાવના વધતી જાય છે. વળી અમૂક વખત તો આ જંગની આગ ભડકાની જેમ ફુંકાતી દેખાય છે. જો આવું બન્યું તો તે પાછલી બે જંગોના મુકાબલામાં વધારે જંગલી અને વધારે ક્રુર અને ઘાતકી સાબિત થશે."

આ કિતાબમાં ઈચ્છાઓનું અભિલાષાઓનું વર્ણન થયું છે. તે નજીકના ભવિષ્યમાં પૂર્ણ થતી દેખાતી નથી. બલકે મુલતવી થતી જાય છે. પરંતુ અમે કહીએ છીએ તે અભિલાષાઓ હંમેશા માટે મુલતવી થઈ શકશે નહિં. અમારામાંથી તે લોકો

જેઓ આ નવી દુનિયાની અભિલાષા સેવી રહ્યા છે, જે ઈન્સાન પોતાના માટે નિર્માણ કરી શકે છે. કદાચ ત્રીજી આલમી જંગ (વિશ્વયુદ્ધ) થઈ પણ જાય. છતાંય અમે તે અભિલાષા અને તે ઉમ્મીદો અને તેના નવનિર્માણ ઉપર ઈમાન રાખવાથી નહીં હટીએ. વિશ્વ લાંબા ગાળાની બીમારીઓમાં ફસાઈ જઈ શકે છે. પરંતુ તેને મોત આવશે નહિ. આ અમારી ઈમાનવાળાઓની-ઈસ્લામવાળાઓની ઝિમ્મેદારી છે કે વિશ્વ ઉપર ચાહે ગમે તેટલું અંધારૂં છવાઈ જાય, અને ગમે તેવા ગમ અને મુસીબત તેમના ઉપર પડે. પરંતુ અમે અમારી ઉમ્મીદને જીવતી રાખીશું. આપણા વિચારો અને આપણા ચિંતનને આજની બદનસીબીના મુકાબલામાં વિશ્વના ભવિષ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ. વિશ્વની ઈન્સાનીયતના ભવિષ્ય માટે આજની આ તકલીફો અને મુસીબતો શાયદ દરવાજાની જેમ છે.

લોકો પઢવામાં અને પઢાવવામાં, શીખવા અને શીખવવામાં કેટલીક વખત મંદ પડી જાય છે. અહીં સુધી કે એવી વસ્તુઓ પણ યાદ નથી રાખી શકતાં જેમને યાદ રાખવું સ્વયં એમની જ પ્રગતિ અને ભલાઈ હોય છે.

શક્ય છે કે આજ સુધી જેટલા અનુભવો થયા છે એનાથી વધારે કડવા અનુભવોના કારણે કોઈક ચીજો ઈન્સાન શીખી લે. જો એમાં કામ્યાબ થાય અને દુ:ખદર્દનું સહન કરવું તેમના માટે અણગમતું ન બને. બલકે એનાથી ઊલ્ટું તેના દ્વારા તેઓને સદ્‌બુદ્ધિ આવે તો તે ફક્ત આ જ સિદ્ધાંત ઉપર હશે કે કેટલાક લોકોએ પોતાની સદ્‌બુદ્ધિને અને પોતાની ઉમ્મીદોને રક્ષિત રાખેલી છે.



જ્યારે આ પ્રકારની પદ્ધતિથી તથા અનુભવોના ઝરીયાથી ડહાપણ આવે, શાણપણ આવે, સમજશક્તિ પેદા થાય, વિવેક અને આવડત આવે તો આવા લોકો સમાજમાં જેટલા વધારે પેદા થાય તે વધારે બેહતર છે. આ સમાજ સુધારણા આપણી નૈતિક ફરજ છે. આ અત્યાચારી અને અંધકારમય યુગમાં આપણામાંથી દરેક સદાચારી દ્રઢતા અને મક્કમતા સાથે, હિંમત અને ઉમ્મીદના ઝરીયાથી આવા પ્રકારના કાર્યો કરી શકે છે. જેથી ઈન્કિલાબની સંભાવના વધતી જાય. છેવટે એક વાહિદ વિશ્વવ્યાપી હુકુમતના સ્થાપિત થવાની સંભાવના પણ વધતી જાય. પરંતુ દરેક કલિમાગો યાદ રાખે કે આ બાબતની જવાબદારી તો મોમિનોની જ છે.

હવે આપે નિરીક્ષણ કર્યું, અવલોકન કર્યું કે દુનિયામાં વાહિદ વિશ્વવ્યાપી હુકુમતના અકીદાની ઈચ્છા બલકે તીવ્ર ઈન્તેઝાર વિશ્વના મોટા મોટા બુદ્ધિશાળીઓ તત્ત્વજ્ઞાનીઓ અને ફિલોસોફરોની રહી છે.

❊

**સવાલ : ૭**

**ઈન્સાની દિમાગમાં આલમી હુકુમતની વિચારધારા આક્રમણકારી જંગો કરનારાઓના ઝુલમના પરિણામરૂપે પેદા થઈ કે પછી દીન અને મઝહબના તરફથી ઈન્સાનિયતની ભલાઈ અને કામ્યાબીના માટે પેદા થઈ.**

**જવાબ : ૭**

શક્ય છે કે આ વિચારધારાના પેદા થવાના કારણોમાં આ બંને બાબતો પ્રેરણારૂપ બની હોય.

જ્યારે પેગંબરો ઈન્સાની સમાજની ગરીબાઈ જોતા, તેઓની મુસીબતોને નિહાળતા ત્યારે એમના ઉપર આ વાત જરૂરી હતી કે સમગ્ર વિશ્વના લોકોને તેમની ભલાઈ માટેની, તેમના ઉત્કર્ષ માટેની, તેમની પ્રગતિ માટેની, દઅવત આપે. ત્યારે તેઓ લોકોને વાહિદ વિશ્વવ્યાપી હુકુમતની વિચારધારાની તરફ બોલાવતા. જેથી લોકો તેની સ્થાપના માટે કોશિશ કરે.

વિશ્વના બધા જ મઝહબો આ બાબતને સ્વીકારતા આવ્યા છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઈન્સાનોને પેદા કર્યા છે. વળી પૃથ્વીના આ ગોળા ઉપર તેની આ મખ્લુક ઈન્સાન તેનું શ્રેષ્ઠ સર્જન છે. અશરફુલ મખ્લૂકાત છે. તેથી જરૂરી છે કે તેમની ભલાઈ, ખુશનસીબી અને ફતેહમંદી તરફ દોરવણી કરે.

પરંતુ આ ઈન્સાની ખુશનસીબી નિઃસંદેહ હકની પેરવી વગર શક્ય નથી અને હક અને હકીકત એક જ વસ્તુ છે, એક જ રસ્તો છે. સાચો સીધો અંબિયાએ ચિંધેલો માર્ગ છે. તેના સિવાય અંધકાર જ અંધકાર છે.

સમગ્ર ચર્ચાનો સારાંશ આ નીકળે છે કે હકીકી અહકામ સાચી રીતે સહી દીનના જ હોઈ શકે છે. તેથી કહી શકાય કે :

**“વાહિદ આલમી હુકુમતની રૂપરેખા અને યોજના તૈયાર કરનાર અસલમાં અંબિયા અલયહેમુસ્સલામ છે. વળી દુનિયાના મઝહબોના વસીલાથી ખુદાવંદે તઆલા પણ છે.”**

અહીં સુધી કે અંબિયા અલયહેમુસ્સલામે આ વિચારને



દૃષ્ટિસમક્ષ રાખીને એક તરતીબ આપી તેના કાયદા કાનૂન નક્કી કર્યા. તે માટે તેમણે દરેક સમયગાળામાં તેને દૃષ્ટિ સમક્ષ રાખીને કે લોકો હજી યોગ્ય વાતાવરણ ઊભું કરી શક્યા નથી. કાયદા લાગુ કરનારા સત્તાધીશો તો નિયુક્ત કર્યા જ છે.

ઝરથોસ્તીયોની મઝહબી કિતાબ “ઝન્દ” માં લખ્યું છે કે : “અહરિમનના લશ્કરો ઈયઝદાનથી આ દુનિયાના છેડા સુધી જંગ અને ખેંચતાણની હાલતમાં છે. અને શક્ય છે કે ફતેહયાબી અહરિમનવાળાઓને મળે. પરંતુ આ રીતની કામ્યાબી નહીં કે તેઓ ઈયઝદાનને ખતમ કરી દે, નીસ્તોનાબૂદ કરી દે. એટલા માટે કે સખ્તીના સમયે આસમાનનો ખુદા આહુરામઝદાની તરફ યઝદાનની મદદ થાત કે બધા અહરિમનવાળા નાબૂદ થઈ જાય છે. અહરિમનવાળાઓનું બધું જ પ્રભુત્ત્વ ફક્ત જમીનમાં જ છે. આસમાનમાં તેનું કંઈ ઉપજતું નથી. ઈયઝદાનની કામ્યાબી અને અહરિમનના ટોળાની હારના(પરાજયના) પછી આ દુનિયા પોતાની સાચી ખુશનસીબી પ્રાપ્ત કરી શકશે. અને બની આદમ નેકબખ્તીના સિંહાસન ઉપર બિરાજમાન થશે.”

તમામ પવિત્ર કિતાબો જેમ ખાસ તો તવરાત અને ઈન્જીલમાં મુસ્લિહે કુલના (ગયબી સંપૂર્ણ સુધારણા કરનારના) ઝુહુર થવાના વિષયમાં ઘણી બશારતો (શુભસમાચાર) આવેલી છે. તે બધી બશારતોનું અહીં વર્ણન વહાલા વાંચકો માટે સમયનો વ્યય બની જશે.

છેલ્લે મુકદ્દસ(પવિત્ર) દીને ઈસ્લામમાં આયાત અને

અહાદીસના ઝરીયાથી આ વિષય તરફ વારંવાર ઈશારા કરવામાં આવ્યા છે. તેનો એક ઘણો મોટો પ્રોગ્રામ પણ છે. તેને તરતીબ આપવી અમલીકરણ કરવું દીની જરૂરિયાતને પુરા કરવું છે. આપણે તેના ઉપર અમલ કરવાનો છે.

પાછલી તમામ મઝહબી કિતાબો આ વાતને માને છે કે આ કાર્ય પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના એક ઉચ્ચ શક્તિશાળી ફરઝંદ હઝરત મહેદી અલયહિસ્સલામના હાથો વડે થશે. જેથી કરીને વિશ્વના મોટા મોટા ધર્મો યહૂદી, ઈસાઈ, ઝરથોસ્તી અને ઈસ્લામ બલકે જેઓ પણ નુબુવ્વતના દાવેદાર રહ્યા છે. તો ન ફક્ત આ વિચારધારાને ટેકો આપે છે. બલકે તેના અનુયાયીઓ સુધારણાના તે દિવસની અને વાહિદ આલમી હુકુમતની રાહ જોઈ રહ્યા છે.

❊

**સવાલ : ૮**

**આ દાવાની સાબિતી આપની પાસે છે કે વાહિદ આલમી હુકુમતની રૂપરેખા-ઢાંચો અને યોજના બનાવનાર ખુદાવંદ તઆલા છે. જેણે અંબિયા અલયહેમુસ્સલામના વસીલાથી આ કાર્ય અંજામ આપ્યું છે.**

**જવાબ : ૮**

આ વાત તો પોતાની જગ્યાએ સાબિત જ છે કે પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી અગાઉ અંબિયાની કોઈ એવી કિતાબ કે લખાણ મોજૂદ નથી જેને સોએ સો ટકા અંબિયાની જ કિતાબ છે એમ કહી શકાય. કુરઆન



અગાઉની જે કંઈ આસમાની કિતાબો છે તેમાં ફેરફાર ઉલટપુલટ, વધારો ઘટાડો થઈ ચૂકેલો છે. જેથી અમે સૌપ્રથમ પવિત્ર દીન ઈસ્લામનો દસ્તાવેઝ અથવા કિતાબ કુરઆન જે કોઈપણ પ્રકારના શક વગર અને સોએ સો ટકા ખાતિમુલ અંબિયા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની મુબારક ઝબાનથી અમારા સુધી પહોંચી છે. અમે તેની દલીલો રજૂ કરીશું. ત્યારબાદ બીજા મઝહબોની પોતાની કિતાબોમાં જે કંઈ તેમના નામથી આજદિન સુધી બાકી છે. આ વિષયમાં જે કંઈ કહ્યું છે અમે તેના તરફ અંગુલીનિર્દેશ કરીશું.

❊

**હઝરત આદમ (અલ.)ની પેદાઇશનો કિસ્સો**

ઈસ્લામ આ વાતને માને છે કે હઝરત આદમ(અલ.)ની પેદાઈશની શરૂઆતથી જ ખુદાવંદે તઆલાનો મકસદ એક આલમી હુકુમત સિવાય બીજો કોઈ ન હતો. જેથી અલ્લાહતઆલાએ જયારે હઝરત આદમ અલયહિસ્સલામને પેદા કરવાનું વિચાર્યું તો ફરિશ્તાઓને આ મામલામાં પૂછપરછ કરી. કુરઆનમાં જેમનું આ વર્ણન આવ્યું છે :

"શું તું ઈચ્છે છે કે જમીન ઉપર એવાઓને મોકલે જેઓ ત્યાં ઉપદ્રવ મચાવશે, ખુનરેજી કરશે."

પરવરદિગારે ફરમાવ્યું :

"હું તે જાણું છું જે તમે નથી જાણતા."

અને પછી હઝરત આદમ અલયહિસ્સલામને કુલ નામો શીખવી દીધાં અને ફરિશ્તાઓની સમક્ષ રજૂ કરીને ફરમાવ્યું:

"જો તમે સાચા હોય તો આ સમૂહના નામો બતાવો."

ફરિશ્તાઓએ કહ્યું કે :

"અમે તો ફક્ત તે જ જાણીએ છીએ જેની તેં અમને તાલીમ આપી છે."

ખુદાએ હઝરત આદમને ફરમાવ્યું :

"અય આદમ! તમે એના નામો ફરિશ્તાઓને બતાવી દો." ત્યારે ખુદાએ ફરમાવ્યું :

"મેં તમોને કહ્યું ન હતું કે આસમાન અને જમીનની છૂપી વાતોને હું જાણું છું અને તમે જે છુપાવો છો તે પણ અને જે જાહેર કરો છો તેને પણ જાણું છું."

ઉપર જે વર્ણન થયું છે તેના અર્થ-ભાવાર્થની પરિપૂર્ણતા માટે અને તેની સાબિતીઓ માટે જરૂરી છે કે આયત શરીફમાં કેટલીક બીરીકીઓ દેખાય છે. તેમની તરફ અંગુલીનિર્દેશ કરવામાં આવે.

(૧) એવું માલૂમ પડે છે કે ફરિશ્તાઓને ઈન્સાનો સાથે સંપર્ક હતો, જેથી કહ્યું કે તેઓ ખૂનરેજી અને ઉપદ્રવ મચાવશે.

ઘણી બધી રિવાયતોથી આ વાતને સમર્થન મળે છે કે પહેલાના જમાનાના ઈન્સાનો એવા જ હતા.

(૨) આયતના જાહેરી મતલબથી ખબર પડે છે. અલ્લાહતઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામને અક્કલ ધરાવનારા એક મોટા સમૂહના નામોની તાલીમ આપી હતી.

"હાઉલાએ" શબ્દથી આ મતલબ નીકળે છે રિવાયતોમાં પણ આવ્યું છે કે ખુદાએ તઆલાએ ઈસ્લામના પેશ્વાઓના નામ તેમને શીખવ્યાં હતાં.

(૩) આ આયતોમાં "અસ્માઅ" થી મતલબ શાબ્દિક



અર્થ જેમકે નિશાની, મઅરેફત, ઓળખ અને તે વસ્તુ જે દરેક નામ ધરાવનારને સંપૂર્ણ રીતે ઓળખાવે, અને તેની સાચી શોધ કરી શકે.

કુદરતી વાત છે કે ખુદાએ જ્યારે એક મોટા સમૂહના નામો હઝરત આદમ અલયહિસ્સલામને શીખવ્યાં, તે પણ એક રિવાજી કાર્યપદ્ધતિ અનુસાર શીખવ્યું. (કે ફરિશ્તાઓ જાણતા ન હતા પરંતુ હઝરત આદમ જાણતા હતા. તે કારણથી તેઓ મસ્જૂદે મલાએકા બન્યા. જેમને મલાએકાએ સિજદો કર્યો છે.) હઝરત આદમ અલયહિસ્સલામને મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન અને તમામ અઈમ્મા અલયહેમુસ્સલામના નામો જ ન બતાવ્યાં. બલકે તમામ અઈમ્માની જિંદગીના બધાં જ પાસાંઓની વિસ્તૃત માહિતી પણ બતાવી. આ વાતને સમર્થન આયતના છેલ્લા ભાગથી થાય છે. જેમકે ફરમાવ્યું : "મેં તમને ન કહ્યું હતું કે હું આસમાનો અને જમીનના ગયબનો જાણનારો છું."

*(સૂ. બકરહ આ-30)*

(૪) મેં મારી પ્રશ્નોત્તરીવાળી કિતાબોમાં આ વાત સાબિત કરી છે કે જ્યારે પણ ખુદાની સાથે "ગયબ" નો સંબંધ જોડવામાં આવે છે, તો તે ચીજોનો સંબંધ એવી ચીજો સાથે છે જેને હજી ખુદાએતઆલાએ પેદા કરી નથી. જેથી જ્યારે એમ કહેવામાં આવે કે ખુદા આલિમે ગયબ અને સાક્ષી(હાજર) છે. તો સાક્ષીથી મતલબ દરેક તે વસ્તુ છે જે પેદા થઇ ચૂકી છે. એટલા માટે કે આ વાત શક્ય જ નથી કે કોઈ વસ્તુનું અસ્તિત્વ હોય અને પરવરદિગારથી તેનું

અસ્તિત્ત્વ છુપાયેલું હોય. પરંતુ જે ચીજો હજી પેદા જ નથી થઇ. તો બિલકુલ સ્પષ્ટ છે કે તેનું અસ્તિત્ત્વ છુપાયેલું છે. અને ખુદા તેને જાણે છે. જેથી કરીને સૂરએ બકરહની આયત નં. ૩૩ માં ઈરશાદે ઈલાહી થયો કે :

આદમ હવે તમે તેઓને બાખબર કરી દો. તો જ્યારે આદમે બાખબર કરી દીધા તો ખુદાએ ફરમાવ્યું કે "મેં તમોને કહ્યું ન હતું કે હું આસમાન અને જમીનના ગયબને જાણું છું અને જે કંઇ તમે જાહેર કરો છો અથવા છુપાવો છો બધાને જાણું છું."

ઉપરોક્ત આયતથી ખબર પડે છે કે ખુદાતઆલાએ જે "ગયબ" છે તેની હઝરત આદમ અલયહિસ્સલામને તાલીમ આપી હતી. એટલે કે ભવિષ્યમાં બનનારી તે તમામ મહત્ત્વની ઘટનાઓ જે સમગ્ર વિશ્વમાં ફસાદનો રોકથામ કરનારી અને ખૂનરેજીને રોકનારી છે.

(૫) ઈન્સાનને પેદા કરવા માટે ફરિશ્તાઓનું એતેરાઝ કરવું આ નાની મોટી લડાઇઓ માટે કે એકાદ વ્યક્તિનું કોઇ બીજી વ્યક્તિને મારી નાખવું, આ બાબતો વિશે ન હતો. બલકે સામૂહિક ફસાદ, સાર્વત્રિક લડાઇઓના વિષયમાં હતો. દૃષ્ટાંતરૂપે બંને આલમી જંગો અને ત્યારબાદ વિશ્વ સત્તાઓએ કરેલો આતંક જુદા જુદા દેશો ઉપરની ચડાઇઓ વગેરે. જેમાં વિશ્વના વધુ પડતા લોકો આ જંગોની લપેટમાં આવી ગયા હતા. ઘણાંબધાને તેની અસરો પહોંચી હતી. રિવાયતોના આધારે ફરિશ્તાઓની દૃષ્ટિમાં આ જ સામૂહિક ફસાદ હતો.

(૬) હકતઆલાના કલામનો મધુર લહેજો આપણને



સમજાવે છે કે તે સમૂહના નામોની હઝરત આદમ અલયહિસ્સલામને તાલીમ આપી અને પછી તેનું ફરિશ્તઓની સામે વર્ણન કરવાથી ફરિશ્તાઓનો આક્ષેપ દૂર થઇ ગયો.

જ્યારે ફરિશ્તાઓએ કહ્યું કે જમીન ઉપર એવાઓને પેદા કરવાનું ઈચ્છે છે જે ફસાદ અને ખુનરેજી કરશે તો જરૂરી છે કે ખુદા તેઓને સમજાવી દે કે ફસાદ અને ખુનરેજી આ જમાનામાં નહીં થાય. બલકે તેના છેવટના જમાનામાં થશે અને ત્યાર પછી અદ્‌લ અને ઈન્સાફનો જમાનો હશે. તે કિયામત સુધી ચાલૂ રહેશે.

આ આયતની ટૂંકમાં તફસીર આ થશે કે ખુદાતઆલાએ જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામને પેદા કર્યા ત્યારે ફરિશ્તાઓની દૃષ્ટિ સમક્ષ રજૂ કર્યા. ઈન્સાનોના વિષયમાં ફરિશ્તાઓએ પોતાની જાણકારી મુજબ જણાવ્યું કે તેઓ પ્રભૂત્ત્વ મેળવવા માટે સત્તા લાલસા માટે આ ફસાદ અને ખૂનરેજી કરશે. વિનંતી કરી, ખુદાયા! તુ જમીનમાં એવા માણસોને મોકલવા ઈચ્છે છે જેઓ જમીનમાં ફસાદ કરે, ખુનરેજી કરે.

ખુદાએ ફરમાવ્યું : "હું જે જાણું છું તમે તે નથી જાણતા." ત્યારબાદ ખુદાએ હઝરત આદમ અલયહિસ્સલામને નામો શીખવ્યાં. એટલે ઈસ્લામના પેશ્વાઓના, પંજતને પાકના, ચૌદહ માસુમીનના, તેમાં ખાસ હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહોનાની હાલાતે જિંદગી બતાવી કે આપ દુનિયા અને દુનિયાની જિંદગીમાં ફસાદ રહેવા દેશે નહીં. વળી આ કે થોડીક મોટી શક્તિઓની દીવાનગી અને જનૂનના

કારણે ઈન્સાનિયતનું લોહી નહીં વહેવા દઈએ. બલકે હઝરત બકીયતુલ્લાહ અલયહિસ્સલામ દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે. પછી કિયામત સુધી લોકો દુનિયામાં સુકૂન અને આરામની જિંદગી વ્યતીત કરશે. આ તાલીમ હઝરત આદમ અલયહિસ્સલામને આપવામાં આવી. ત્યારબાદ તેમને ફરિશ્તાઓની સામે રજૂ કર્યા પછી ફરમાવ્યું :

તમે આ બધી શખ્સીયતોની મને ઓળખ આપો. ફરિશ્તાઓએ ઈસ્લામના પેશ્વાઓને ઓળખવા તથા તેમના અમલો અને કાર્યોના વિષયમાં જાણકારી કે તેઓ ભવિષ્યમાં અંજામ આપશે. આજીજીપૂર્વક ઈન્કાર કર્યો, અને કહ્યું : જે કંઈ તેં અમને તાલીમ આપી છે તે સિવાય અમે કંઈજ જાણતા નથી.

ખુદાએ હઝરત આદમ અલયહિસ્સલામને ફરમાવ્યું : તેઓની ઓળખ અને તેમની જિંદગીના અહેવાલો વિષે આ ફરિશતાઓને સમજાવો.

ત્યારે હઝરત આદમ અલયહિસ્સલામે તેમના કાર્યો અને નામો વિષે ફરિશ્તાઓને તાલીમ આપી. ત્યારે તેઓ સમજી ગયા કે બશરને પેદા કરવાનો જમાનો પહેલાં જેવો નહીં હોય. ન ફકત આ કે છેવટે દુનિયા ફસાદ અને ખુનરેજીથી બચી જશે. બલકે દુનિયા અદ્‌લો ઈન્સાફથી પણ ભરાઈ જશે. ત્યારે તેમણે પોતાનો આક્ષેપ પાછો લઈ લીધો. ફરિશ્તા સમજી ગયા કે તેઓએ સમજ્યા વગરનો આક્ષેપ કર્યો હતો.

ઉપરોક્ત ચર્ચા દ્વારા આ વાત સ્પષ્ટ થાય છે કે વિશ્વના પ્રથમ દિવસથી જ્યારથી હઝરત આદમ અલયહિસ્સલામને



પેદા કરવામાં આવ્યા, ત્યારથી અલ્લાહતઆલાનો મકસદ એક વાહિદ આલિમ હુકુમતનો રહ્યો છે. અને ખુદા નથી ઈચ્છતો કે લોકો જુદી જુદી લોકશાહીઓમાં, જુદી જુદી રાજ્યવ્યવસ્થાઓમાં હંમેશા એકબીજા સાથે લડતા રહે.

પરંતુ તેની જમીન હમવાર થઈ નથી. હજી યોગ્ય સમય, યોગ્ય પરિસ્થિતિ પેદા થઈ નથી. યોગ્ય માહોલ પેદા થયો નથી. ટૂંકમાં એવી હુકુમતને કબૂલ કરવા માટે હજી ઈન્સાની દિમાગો તૈયાર થયા નથી.

(જમીન હમવાર થઈ નથી. આ શબ્દ પ્રયોગ આપણી અરબીમાં અને ફારસીમાં પણ છે. એનો મતલબ આ લઈશું કે જ્યારે ખેતરમાં કંઈક વાવવું હોય. દૃષ્ટાંતરૂપે આપણે ઘઉંનું વાવેતર કરવું છે. તો પ્રથમ આપણે ખેતરને તૈયાર કરવું પડશે. ઝાંડવાં ઝાંખરાં, કાંટાળા છોડ વગેરેને સાફ કરવાં પડશે. બે ચાર વખત હળથી ખેડવું પડશે. વળી ટ્રેકટર છે તો બે એક વખત ટ્રેકટર ચલાવવું પડશે. પછી મોટા ઢેફાં ભાંગી જમીનને સમતલ (એક સરખી-હમવાર) કરવી પડશે. હજી કોઈક ખૂણામાં લીલું કચરૂ ઊગતું દેખાય તે દિશામાં ખેતર ઝાબ હોય (નીચું હોય) તો ભીનાશ વધારે હોવાથી લીલો કચરો વારંવાર ઊગતો વળી તે ખૂણાને એકવાર વધારે હળ ચલાવીને એ લીલી કચરાના મૂળિયાં કાઢી નાખવાં પડશે. પછી ખેતર કાળું ભમ્મર દેખાશે. ત્યારે આપણે ખેતરના છેડે ઊભા રહી આપણા પડોશીને કહીશું કે જુઓ હવે ખેતર સમતલ અને સાફ થઈ ગયું છે. હવે ઘઉં ઓળી દઉં? બસ આ જ રીતે આપણે જોઈએ તો જમીન હમવાર થઈ રહી છે. વિશ્વના તમામ

બુદ્ધિજીવીઓ, શ્રમજીવીઓ, નેક ઈન્સાનોના મગજમાં અત્યારે વિશ્વ એક કુટુંબ છે એવી ભાવના પેદા થઈ રહી છે. તમામ વિશ્વના નેક ઈન્સાનોના મગજમાં આ વાત ઘુસી રહી છે કે દુનિયાના લોકોની મુસીબતો ઓછી થવી જોઈએ. આ કાર્ય માટે કંઈક કરી છૂટવા તમામ વિશ્વના નેક ઈન્સાનો આગળ આવી રહ્યા છે. લેખકો કલમ દ્વારા લખીને, વકતાઓ પોતાના ભાષણ દ્વારા, શ્રમજીવીઓ શેરીઓમાં નીકળીને ઈન્સાનોની મુસીબતોને દૂર કરવા માટે કટિબદ્ધ થઈ રહ્યા છે. મૂળ ફારસી લેખક અને ઉર્દૂ તરજુમાકાર બંને બુઝુર્ગોની ભાષા થોડીક કઠિન છે. જેથી નાચીજે બિલકુલ સાદી ભાષામાં મારા વહાલા વાંચકોને સમજાવવાની કોશિશ કરી છે. અલ્લાહ ઈન્સાનોની સમજ સુધી મૂળ ફારસી લેખકની વાતને પહોંચાડી દે. — અનુવાદક)

શું આ જમીન ઉપર હંમેશા માટે મહાશક્તિઓ ફસાદ અને ઉપદ્રવ ફેલાવતી રહેશે? ઈન્સાનોનું નાહક ખુન વહાવતી રહેશે? શું હંમેશા માટે ઝુલ્મનું બજાર ગરમ રહેશે? ના, ના ના, હરગિઝ નહિં. પરંતુ હજી આ જમીન હમવાર થઈ નથી. એટલે કે એવી હુકુમતને કબૂલ કરવા માટે હજી ઈન્સાની મગઝો તૈયાર થયાં નથી.

**યાદ રાખો! તમામ અંબિયા, અવસિયા અને અવલિયાનું આવવું વાહિદ આલમી હુકુમતની પ્રસ્તાવના હતું. ભૂમિકા હતી. આ દિશામાં આગળ વધવાની શરૂઆત હતી. એટલે કે આ બુઝુર્ગોનું આવવું એટલા માટે હતું કે લોકોના ચિંતન-મનનનો વૃદ્ધિ વિકાસ કરે. જેથી તેઓ સર્વે વાહિદ આલમી હુકુમત માટે તૈયાર થઈ શકે.**



## કુરઆનનું એલાન

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કુરઆને મજીદમાં ત્રણ વખત પોતાના પ્યારા નબી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને વાયદો ફરમાવ્યો છે કે **આપના દીનને બીજા બધા મઝહબો ઉપર પ્રભૂત્ત્વશાળી બનાવીશું, ભલે પછી મુશરિકો તેનો વિરોધ કર્યા કરે અને તમને પસંદ ન પડે, તેઓને ગમે કે ન ગમે, અલ્લાહ આ વાત કરીને રહેશે.**

આનો અર્થ પણ તે જ વાહિદ આલમી હુકુમત છે જેનો વાયદો ખુદા તઆલાએ પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી કર્યો છે. કારણ કે સમગ્ર વિશ્વ જ્યારે એક દીન, એક બંધારણ, એક કાયદાકાનૂનને કબૂલ કરી લેશે. તો પછી ઈખ્તેલાફાત, વિરોધાભાસ અને અંદર અંદરના ઘણાંબધા ઝઘડા આપોઆપ ખતમ થઈ જશે. પછી કુરઆન જ પાયાનો કાનૂન અને રેહબરે ઈસ્લામ જ પ્રભૂત્ત્વશાળી અને સત્તાધીશ બની રહેશે. સમગ્ર વિશ્વશક્તિના નેતાપદે રેહબરે ઈસ્લામ જ હશે.

ઈસ્લામી રિવાયતોમાં હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના અસ્તિત્ત્વનો વિષય એટલો લગાતાર, નિરંતર, લખાયેલો છે કે આપ અલયહિસ્સલામ હઝરત પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના છેલ્લા વસી છે. છેલ્લા ઉત્તરાધિકારી છે. તેઓ તશરીફ લાવશે. પછી વિશ્વને પોતાના હાથોમાં લઈને તેને અદ્લો ઈન્સાફથી ભરી દેશે. કારણ કે આલિમોએ આ વાતને ઈસ્લામી અકીદામાં લીધી છે. ઈન્કાર કરનારને કાફિર કહ્યા છે.

## વિશ્વના બીજા ધર્મોમાં ઇમામ મેહદી(અલ.)ના ઝુહૂરનો અકીદો

દુનિયાના બીજા ધર્મોમાં પણ આ અકીદો મોજૂદ છે. જો કે તેઓની મઝહબી કિતાબોમાં ફેરફાર થઇ ચૂક્યા છે. છતાંય આ અકીદો મોજૂદ છે. બીજી મઝહબી કિતાબોમાં પણ વાહિદ આલમી હુકુમત અને તેનું રેખાચિત્ર જોવા મળે છે.

હિંદુ ધર્મની કિતાબોમાં પણ કલકી અવતારના રૂપમાં જે માન્યતા પ્રવર્તે છે. જે એક ખુશખબરી છે કે ઇન્સાનિયતને જીવંત કરનાર, ઇન્સાફ કાયમ કરનાર કોઇક આવશે. કલકી અવતાર માટે કહેવાય છે કે વિશ્વની વાહિદ હુકુમતની સ્થાપના કરનાર પૂર્વ-પશ્ચિમના પહાડો ઉપર પણ હુકુમત ચલાવશે. તે વાદળો ઉપર સવાર થશે. ફરિશ્તાઓ તેમના કારકુન હશે. જિન્નાતો અને ઇન્સાનો તેઓની સેવામાં રહેશે. સુદાન જે વિષુવૃત્તની બિલકુલ નજીક છે. ત્યાંથી લઇને ૯૦° નેવું અંશ ઉત્તરધ્રુવ અને (૯૦°) નેવુ અંશ દક્ષિણ ધ્રુવ સુધી અને સાતો સમંદરો ઉપર પણ તેઓની હુકુમત હશે. ખુદાનો દીન વિશ્વમાં એક જ દીન હશે. દીને ખુદા જીવંત થઇ જશે. તેમનું નામ કાઇમ હશે. તેઓ ખુદાની મઅરેફત ધરાવનાર હશે.

જરથોસ્તી-પારસી ધર્મમાં પણ મુસલિહે ગયબીના વિષયમાં લખાણ મળે છે. જમાસબ જે ગુશ્તાસબ બિન સોહરાબનો ભાઇ હતો. તેનો જમાનો હઝરત આદમ અલયહિસ્સલામ પછી ૪૯૯૬ વર્ષ બાદનો કહેવાય છે. તે



જરથોસ્તનો વિદ્યાર્થી હતો. પેગંબરોને માનનાર હતો. તે પોતાની કિતાબ "જામસબનામા" માં લખે છે કે :

"હાશિમના ફરઝંદોમાં એક વ્યક્તિ અરબસ્તાનની જમીન ઉપર જાહેર થશે તે મોટો સરદાર અને શક્તિશાળી હશે. તે પોતાના બુઝુર્ગોના દીન ઉપર હશે. તે ઘણી મોટી ફોજ સાથે ઇરાન આવશે. અને અહીં જ રહેશે. જમીનને અદ્લો ઇન્સાફથી ભરી દેશે."

❊

**સવાલ : ૯**

**મુસલિહે ગયબી અથવા તે વ્યક્તિ માટે તે કઇ શરતો છે જે દુનિયાને પોતાની હુકુમતમાં લાવી શકે છે.**

**જવાબ : ૯**

વિશ્વની સુધારણા કરનાર માટે ત્રણ શરતો છે.

(૧) તે ઇન્સાનોની જરૂરિયાતના સંપૂર્ણ કાયદાકાનૂનથી સંપૂર્ણ રીતે વાકેફ હોય. બુદ્ધિશાળી હોય.

(૨) તે અસાધારણ શક્તિ ધરાવનાર હોવો જોઇએ.

(૩) મુસલિહે ગયબીનો જીવન ધ્યેય આ હોવો જોઇએ કે આલમે ઇન્સાનિયતનો છુટકારો થાય, નજાત થાય. તેનામાં ખુદગરઝી કે સત્તા લાલસા ન હોવી જોઇએ. તે ખતાકાર પણ ન હોય, માસૂમ હોય. એક વાહિદ આલમી હુકુમત માટે સામાન્ય વ્યક્તિ અને જાહેરી સત્તા કે તાકત પુરતી નથી. ઉપરોક્ત ત્રણે મુદ્દામાં સમજ અંગેની બારીકાઇઓ અને વિસ્તૃતીકરણ હવે પછીની પ્રશ્નોત્તરીમાં વાંચશો.

❊

**સવાલ : ૧૦**

**આલમે ઈન્સાનિયતની નજાત અને તેમને છુટકારો અપાવવા માટે મદની ઉલૂમ અને કાયદાકાનૂનની જાણકારી હોવું ઉપરાંત ઈન્સાનોની ભલાઈ માટે બેહતરીન પોલીસીના જાણકાર હોવું શા માટે જરૂરી છે?**

**જવાબ : ૧૦**

મુસલિહે આલમના માટે અક્કલની દ્દષ્ટિએ બે પ્રકારના ઉલૂમ જરૂરી છે, બલકે વાજિબ છે. એક ઈન્સાનોની ભલાઈ માટે ઈસ્લાહી ઈલ્મ અને બીજું તેઓ ઉપર હુકુમત કરવા માટે સિયાસી (રાજકીય વ્યવસ્થાને લગતું) ઈલ્મ. બંનેના કાયદા-કાનૂનના નિષ્ણાંત હોવું મુસલિહે ગયબી માટે જરૂરી છે.

બીજી વાત : સંપૂર્ણ ઈન્સાનોની પરિસ્થિતિ, તેઓની વિશેષતાઓથી, તેઓની કમજોરીઓથી, વધારેમાં વધારે જાણકારી, તે પણ એકદમ ઝડપી હોય. જેથી સમગ્ર વિશ્વમાં કોઈપણ ખૂણે, ગમે તેટલા દૂરના ઈલાકામાં કમજોરથી કમજોર ઈન્સાન ઉપર પણ રજમાત્ર ઝુલમ કે અત્યાચાર ન થાય.

આ વાત બિલકુલ સ્પષ્ટ છે કે જો આ બંને ઈલ્મોની જાણકારી "મુસલિહે આલમ" માં ન જોવામાં આવે તો તે વિશ્વને અદ્લો ઈન્સાફની તરફ લઈ જઈ શકશે નહિ. તે દુનિયામાંથી નાઈન્સાફીને મૂળમાંથી ઉખાડી શકશે નહિ.

આ વાત પણ સ્પષ્ટ છે કે એક સામાન્ય વ્યક્તિ કોઈપણ પ્રકારે આવું ઈલ્મ અને આવી બુદ્ધિશક્તિ પોતાની કોશિશોથી પ્રાપ્ત કરી શકતો નથી. મતલબ આવું ઈલ્મ અને બુદ્ધિશક્તિ ઈલાહી દેન છે. આ વાત તેઓને પણ લાગુ પડે છે જેઓ



કામિલ અકલ અને અકલે સલીમ ધરાવે છે. જેમકે બર્ટેન્ડરસલે એક પ્રશ્નના જવાબમાં લખ્યું છે કે કોઈએ તેને પ્રશ્ન કર્યો હતો.

"શું વાત છે કે ઘણાંબધા લોકો જેઓ અકલે સલીમના માલિક હોય છે તેઓમાં પણ સ્પષ્ટ રીતે દેખાય છે કે તેઓ ઘણેભાગે કીનો-કપટ રાખતા હોય છે."

તેણે જવાબ આપ્યો. "અકલે સલીમના માલિક હોવું એક વંશપરંપરાગત વાત છે. એકદમ તંદુરસ્ત ચિંતન-મનન કરનારા ઘણાં ઓછા હોય છે. દરેક વ્યક્તિ પોતાની અક્કલ પ્રમાણે એવા એવા દ્દષ્ટિકોણ ધરાવતો હોય છે જે એના ગાંડપણનું કારણ બની જાય છે."

દુનિયામાં ધાર્મિક વિશ્વાસ ધરાવનારા કહે છે કે ખુદાવંદે તઆલામાં આ કુદરત છે કે ઈન્સાનોમાંથી એવા વ્યક્તિઓ પેદા કરે જે લોકોની નિય્યતો અને તેમના દિમાગી ખ્યાલાતોને પણ જાણતા હોય છે. જેને તેમણે હજી પ્રગટ ન કર્યા હોય.

ઈસ્લામ તે વ્યક્તિને જે લોકોની નિય્યતોને જાણી લેશે. જે લોકોના દિમાગી વિચારોને જાણી લેશે. ઈમામ મેહદી(અલ.) કહે છે અમે આવા અકલે સલીમ ધરાવનારા, અસાધારણ બુદ્ધિમાન, પોતાની સમક્ષ ઊભેલા ઈન્સાનની નિય્યતને જાણી લેનારા, તેના દિમાગી ખ્યાલને તેના પ્રદર્શિત કરતાં અગાઉ જાણી લેનારા છીએ. જેથી અમે આ બુઝુર્ગની ઓળખાણ હઝરત ઈમામ મહેદી અલયહિસ્સલામ તરીકે કરીએ છીએ.

કુરઆનની ઘણીબધી આયતોમાં બધી જ વસ્તુઓ ઉપર

આપ(અલ.)ની ઈલ્મી પકડ ઈલ્મી ઘેરાવો વગેરેની તરફ ઈશારા કરવામાં આવ્યા છે. આ બાબતને વિસ્તારથી હવે પછીના પ્રશ્નોના ઉત્તરોમાં રજૂ કરવામાં આવશે, ઈન્શાઅલ્લાહ.

❊

**સવાલ : ૧૧**

**મુસલિહે કુલને (ઈન્સાનોની સંપૂર્ણ સુધારણા કરનારને) શક્તિશાળી, સત્તાધીશ, જેને દરેક વસ્તુ ઉપર ઈખ્તિયાર-સત્તા પ્રાપ્ત હોય એવા શા માટે હોવું જોઈએ?**

**જવાબ : ૧૧**

પ્રખ્યાત માનસશાસ્ત્રી-મનોવૈજ્ઞાનિક સગમંદફ્રાઈડ અને પ્રખ્યાત લેખક ડેલકારનેગી કહે છે કે :

"ઈન્સાનના બધા જ કાર્યો બે પાયાની ઈચ્છાઓને આધીન હોય છે. એક કામવાસના અને બીજી મોટાઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા. અન્યો પોતાને મહત્ત્વ આપે એવી ઈચ્છા."

ઉપરોક્ત બંને પાયાની બાબતો વિશે સમજાવતાં માનસશાસ્ત્રીઓ કહે છે કે ઈન્સાન જે કંઈ કાર્ય કરે છે એને ઉત્તજિત કરનાર એની ચેતના કામવાસના હોય છે. અથવા મોટા બનવાની ઈચ્છા કે ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય છે.

માનસ શાસ્ત્રીઓની આ વાત સોએ સો ટકા સાચી નથી. એવા મઝહબી લોકો પણ જોવા મળે છે. જેમના જીવનનો એકમાત્ર ધ્યેય-મકસદ અલ્લાહની ખુશનુદી હોય છે. તેમના દરેક કાર્ય પાછળની ચેતના-સંવેદના બસ



અલ્લાહની રઝામંદી હોય છે. આવા લોકો પોતાના વ્યક્તિત્ત્વને આગળ વધારવા અથવા ખ્યાતિ મેળવવાની ચિંતામાં નથી રહેતા. પરંતુ આ વાતની ઉપેક્ષા પણ ન કરવામાં આવે કે ૧૦૦ માંથી ૯૯ વ્યક્તિઓ આ પ્રકારની ઈચ્છાઓ ધરાવતા હોય છે. તેઓની બધી જ મેહનત અને કોશિશ આવા જ મકસદો અને ધ્યેય માટે હોય છે.

આવા પ્રકારની પ્રકૃતિના કારણે કોઈ વ્યક્તિ એમ નથી ઈચ્છતો કે બીજો માણસ તેનાથી બેહતર વ્યક્તિત્ત્વ ધરાવતો હોય, મહત્ત્વતા ધરાવતો હોય, બલકે બધા જ આવી કોશીશમાં લાગેલા હોય છે કે ઉચ્ચ વ્યક્તિત્ત્વ અને ઉચ્ચ મુકામ પોતાના માટે જ વિશિષ્ટ કરી લે.

આ રીતે લાભાલાભના ટકરાવના પરિણામરૂપે ઝઘડા અને જંગો શરૂ થઈ જાય છે. મુસલિહે આલમે (વિશ્વ સુધારણા કરનારને) આ જગ્યાએ પોતાની અસાધારણ શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. તે આ રીતે કમજોરો અને મઝલૂમોનો આશ્રયદાતા બને, સરંક્ષક બને. ઝાલિમોની શક્તિથી વાકેફ થઈને પોતાની સત્તા અને શક્તિ દ્વારા ગુનેહગારો અને અત્યાચારીઓનો નાશ કરે. ઈન્સાની સમૂહો દરમ્યાન સંપૂર્ણ સમાનતા પેદા કરે.

આના અનુસંધાનમાં આ પણ કહી શકાય છે કે મુસલિહે આલમ ફક્ત ભૌતિકશક્તિ દ્વારા સંપૂર્ણ સમાનતા સ્થાપિત નથી કરી શકતો. જો તે ઈચ્છે છે કે ઈન્સાફને કાનૂનના ઢાંચામાં પરોવીને એવી રીતે લાગુ કરે કે સમગ્ર વિશ્વમાં જનસમૂહો રાહત અને સુકૂન પ્રાપ્ત કરે તો તેણે કુદરતી અને

રૂહાની શક્તિનો ફાયદો પણ ઊઠાવવો પડશે. વળી તેને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની મદદ પણ જોઈશે.

કારણ કે અનુભવોથી આ વાત સાબિત થઈ ચૂકી છે કે ઈન્સાન ફક્ત જાહેરી શક્તિ અને સત્તાનો ઉપયોગ કરીને સંપૂર્ણ સમાનતા સ્થાપિત કરી શકતો નથી. વળી દુનિયાના બધા લોકો તેનાથી રાજી પણ હોય. આ પણ શક્ય નથી. જેમ કે કેટલાક કોમ્યુનિસ્ટ(સામ્યવાદી) દેશોમાં લોકોએ ઈચ્છયું કે એક દેશની હદોની અંદર આવા પ્રકારની સમાનતા ઉપર અમલ સ્થાપિત કરે. પરંતુ એક દિવસ પુરતું પણ તેઓ કામ્યાબ ન થયા.

આ વાત નક્કી છે, પાક્કી છે. તેમાં બે મતને સ્થાન જ નથી કે જ્યાં સુધી એક રૂહાની, બાઈખ્તિયાર સત્તાધીશ રૂહાની અને કુદરતી શક્તિની સાથે વિશ્વ સુધારણાનો ધ્યેય લઈને ઊભો ન થાય ત્યાં સુધી આ વિચારધારાને અને આઈડીયાલોજીને વિશ્વ પ્રાપ્ત કરી શકતું નથી અને ઈન્સાનો સુકૂન પણ મેળવી શકતા નથી.

જેથી મુસલિહે કુલને જોઈએ કે તે અસાધારણ રૂહાની અને ટેકનીકી શક્તિ અને સત્તા ધરાવતો હોય. ઈસ્લામ તેમને હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના નામથી ઓળખાવે છે. એટલે કે હઝરત બકીયતુલ્લાહ રૂહી વ અરવાહુલ આલમીનની કુદરતી અને રૂહાની શક્તિ હઝરત બારી તઆલાની હંમેશા રહેવાવાળી અનંત, અપાર, અસીમ, શાશ્વત કુદરતથી જોડાયેલી ન હોય, તો કદીપણ વિશ્વ સુધારણા શક્ય નથી. વળી આપજનાબ બકીયતુલ્લાહ



અલ્લાહની અપાર કુદરતની નજીક છે. જેથી આ વિશ્વ સુધારણા માટે આપ જ યોગ્ય છે.

**સવાલ : ૧૨**

**આલમે ઈન્સાનિયતને નાઈન્સાફી, ઝુલમ, મુસીબતો વગેરેથી છૂટકારો અપાવનાર ભુલો, ગલતીઓ વગેરેથી પાક-સાફ કેમ રહેવું જોઈએ?**

**જવાબ : ૧૨**

જો એક સત્તાધીશ વ્યક્તિ ઈચ્છે કે તે ઈન્સાનો ઉપર કાનૂન લાગુ કરે, વળી લોકો તે કાનૂનની સંપૂર્ણ રીતે પેરવી કરે, તો તેને જોઈએ કે પોતે પણ કાનૂનની રજેરજ પાબંદી કરે. તેનો દામન ઝુલમથી પાક હોવો જોઈએ. તે અમલે સાલેહ બજાવી લાવે, અને તે માઅસુમ હોવો જોઈએ.

દુનિયાના બુદ્ધિશાળીઓનું કહેવું છે કે સત્તાધીશ વ્યક્તિએ પૂરી કોશિશ કરવી જોઈએ કે તે ખતા, ગલતી કે ઝુલમથી પાક રહે.

આ બાબતમાં વિશ્વસ્તરે કાનૂન ઘડનારા મહાનુભાવોના દૃષ્ટિકોણથી સુમેળ પેદા કરવામાં આવે. આવા વ્યક્તિના વગર એક આલમી હુકુમતમાં અદ્લો ઈન્સાફ સ્થાપિત કરવો અશક્ય છે.

## વિશ્વના મુખ્ય ધર્મો શું કહે છે?

એક લાંબા સમયથી તવરેત, ઈન્જીલ, કુરઆન અને બીજી આસમાની કિતાબોમાં અંબિયા અલયહેમુસ્સલામ માટે પાકદામની અને માસુમીયતને જરૂરી ગણવામાં આવી છે.

અમે અમારી કિતાબ “પાસુખે મા” ભાગ-૩માં પેજ નં. ૧૭૪ ઉપર તે કિતાબોમાંથી શબ્દ શબ્દ નકલ કરવામાં આવ્યા છે કે અંબિયા(અલ.)એ માસુમ અને પાકદામન હોવું જોઇએ.

તેથી જ પવિત્ર દીન ઈસ્લામ હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામ ને દરેક પ્રકારના ગુનાહ, ભૂલભાલ વગેરેથી મઅસુમ માને છે. હવે પછીની પ્રશ્નોત્તરીમાં આ કિતાબમાં ઈન્શાઅલ્લાહ આપની આ સિફતની સાબિતીઓ રજૂ કરવામાં આવશે.

આ વાતના અનુસંધાનમાં આ પ્રખ્યાત કથન છે કે سَهْوُ الْكَبِيْرِ كَبِيْرٌ એટલે કે એક મોટા વ્યક્તિની ભૂલ અને ગલતી પણ મોટી અને ગંભીર ગણાય છે. તેથી આલમે ઈન્સાનિયતને હિદાયત પર લાવનારે ગુનાહોથી માઅસુમ હોવું જોઇએ.

આલમે ઈન્સાનિયતનો રેહબર જો નાની સરખી ગલતી પણ કરી બેસે તો તેના વિરૂદ્ધમાં તેની ઉલટી અસરો પેદા થાય છે. જેથી શક્ય છે કે ન ભરપાય થઇ શકે તેવું નુકસાન થઇ જાય. આ વાતની પણ શક્યતા છે કે નાની સરખી ભૂલના કારણે પોતાના ધ્યેય અને મકસદથી જ દૂર ખસી જાય.

કેટલીક વખત એક નાની સરખી ભૂલ અથવા મામૂલી ગફલત પણ ખૂનરેજી અને મોટી નાઈન્સાફી બનવાનું કારણ બની જાય છે.



તેથી જ આલમે ઈન્સાનિયતને છૂટકારો અપાવનારે તેમની સુધારણા કરનારે નાનામાં નાની ગલતીથી પણ દૂર રહેવું જોઇએ.

❋

**સવાલ : ૧૩**

**શું આ વાતની ઉમ્મીદ છે કે કદી આ દુનિયા હિદાયત એ નજાતના કાનૂનોની પાબંદ બનશે અને વાહિદ આલમી હુકુમતની અસ્તિત્ત્વમાં આવશે? ઈન્કિલાબ ક્યારે આવે છે?**

**જવાબ : ૧૩**

ચોક્કસ ઈન્સાનની એક તીવ્ર ઈચ્છા આઝાદી છે, સ્વતંત્ર હોવું છે.

ઈન્સાન જ્યારથી આ દુનિયામાં આવ્યો છે તેણે હંમેશા આઝાદી મેળવવાની એક હદ સુધી જદ્દોજહદ કરી છે, કોશિશ કરી છે.

ભૂતકાળમાં જ્યારે કે લોકોની વચ્ચે વ્યવહારના સાધનો આટલા બધા ન હતા. ઈન્સાને આટલી પ્રગતિ કરી ન હતી. સફરના આટલાં ઝડપી હવાઈ જહાઝ જેવાં સાધનો ન હતાં, સંદેશાવ્યવહાર માટે ટેલિવિઝન, ફોન, મોબાઈલ જેવાં ઝડપી સાધનો ન હતાં. શાયદ તે જમાનામાં લોકોને આપણા જમાનાની જેમ આઝાદીની જરૂરતનો ખ્યાલ ન હતો. તે જમાનામાં જે લોકો એક દેશ, એક શહેર, બલકે કોઈ ગામડામાં જિંદગી ગુજારતા હોય તો કદાચ જ કોઈ બીજા મુલકમાં કે બીજા શહેરમાં કે ગામડામાં સફર કરવાનું વિચારતા. તે જમાનામાં સફર એક મુશ્કેલ મામલો હતો.

પગપાળા ચાલો કે પ્રાણીઓ ઉપર સવાર થઈને ચાલો.

પરંતુ આજે બધાની ઈચ્છા છે કે ઓછામાં ઓછું પોતાની આ દુનિયાને જુએ. કોઈપણ જાતની શરત કે પાબંદી વગર સમગ્ર પૃથ્વીની સફર કરીએ. ખૂબ ફરીએ, ખૂબ જોઈએ, અનુભવીએ, આપણે ઈચ્છીએ છીએ કે મુલકોની સરહદોને હટાવી દેવામાં આવે. બધા જ ઈન્સાનો એકબીજાના ભાઈ બની જાય. કોઈ દેશના લોકો બીજા દેશના લોકો સાથે દુશ્મની ન રાખે. બધા જ વિશ્વ નાગરિક બની જાય. જમીન ઉપરના તમામ સાધનો દુનિયાના તમામ લોકોમાં સરખે હિસ્સે વહેંચવામાં આવે. યુદ્ધો અને ખુનરેજી ખતમ કરી નાખવામાં આવે. વળી આ યુદ્ધો માટે યુદ્ધ સામગ્રી માટે, અણુ બોંબ માટે જે અપાર દવલત ખર્ચ કરવામાં આવે છે, તે બધી જ દવલત વિશ્વની આબાદી માટે, ખુશહાલી માટે, ઈન્સાનોની બુનિયાદી જરૂરિયાત પૂરી કરવા માટે ખર્ચ કરવામાં આવે. સંપૂર્ણ વિશ્વ ખુશહાલ બની જાય. કોઈ મુલકને બીજા મુલકનો ભય જ ન રહે.

આ બધાની ઈચ્છા છે કે આ માથા ફરેલા સત્તાધીશોથી છૂટકારો મળે અને લોકોમાં અદ્લ અને ઈન્સાફ સ્થાપિત થાય. આપણે જ ખેતી વાવીએ, તેમાં હળ-ટ્રેકટર ફેરવીએ જાતે જ તેને લણીએ. કોઈ ઝાલિમ જાગીરદાર ન હોય કે તે ગરીબો ઉપર હુકમ ચલાવી તેમનું લોહી ચૂસે, તેમનું શોષણ કરે. અત્યારે જે જિદ્દી, માથાફરેલ, ઉપદ્રવી હાકેમો છે તેઓ ખામોશ થઈ ખૂણે બેસી જાય. સમાજ અને સંસ્કૃતિનો વિકાસ થવા દે.



દરેક વ્યક્તિ પોતાનો હક લઈને સંતોષી બની રહે. બીજાના હકનું લઈ લેવાની કોશિશ ન કરે. ખુદાના સિવાય કે જે આપણો ખાલિક છે. કોઈ બીજો આપણી ઉપર દાદાગીરી ન કરે. ઈન્સાનોમાં કોઈનો ભય-ડર-ખોફ ન હોય. બસ હાકિમીયત ખુદાની હોય તેને લાગુ કરનારો માસુમ હોય.

ઘણાં જ અફસોસ સાથે કહેવું પડે છે કે આ ઈન્સાનની એક એવી ઈચ્છા છે, જે જેમ જેમ જમાનો આગળ વધી રહ્યો છે, ઈન્સાનિયત તેનાથી વધારે વંચિત થતી જાય છે. ઈન્સાનોની ઈચ્છાથી દૂર થતી જાય છે. પરંતુ ઈતિહાસ આ વાતની ગવાહી આપે છે કે જે જમાનામાં પણ ઈન્સાન ઉપર દબાવ આવ્યો છે તેમના ઉપર ઝુલમ થયો છે. ત્યારે તેણે ઈન્કિલાબ બર્પા કર્યો છે. બધી જ બંદીઓને તોડી નાખી છે.

વિશ્વની ક્રાંતિઓનો ઈતિહાસ મારી આ વાતનો સાક્ષી છે. કારણ કે આપ જ્યારે ઈતિહાસમાં વિશ્વના ઈન્કિલાબના કારણો ઉપર ચિંતન-મનન કરશો તો આપને અંદાઝો આવી જશે કે વિશ્વના બધા જ ઈન્કિલાબો આ દબાવ, ખેંચાવ અને ઝુલમના વિરૂદ્ધમાં આવ્યા છે. જે ઈન્સાન સહન કરી રહ્યો હતો. જ્યારે સબરની શક્તિ ન રહી તો એક જ છલાંગમાં ખૂબ જ ઝડપથી પોતાના જમાનાના તાગૂતના તખ્તોતાજને ધૂળ ચાટતા કરી દીધા. (તાગુત = ઉપદ્રવી, ફસાદી, ઝાલિમ, શયતાન)

વિલિયમ રોઈટ પોતાના પુસ્તકમાં "જૂના ઐતિહાસિક પ્રસંગો" માં લખે છે કે :

(૧) તે મઝહબી અને રાજકીય ફસાદ હતો, બગાડ હતો. વળી આર્થિક અસમાનતા હતી જેના કારણે શક્તિશાળી સાસાની શહેનશાહીને અરબોએ પછાડી નાખી. જે અરબો હજી તો હમણાં જ દીની પરચમ નીચે એકત્ર થયા હતા અને પાકા ઈમાન સાથે હથિયાર ઊઠાવ્યાં હતાં.

(૨) બની ઉમય્યાએ દમિશ્કમાં એક શાનદાર દબદબાભર્યો દરબાર બનાવ્યો હતો. જિઝિયો(ટેક્સ) અને જમીન મહેસૂલ ખંડણી વગેરે દ્વારા મુસલમાનોના બયતુલમાલને ત્યાં ભરી દીધો હતો. પરંતુ અખલાકી ફસાદમાં તેઓ એવા ડૂબ્યા અને તેમણે લોકો ઉપર ઝુલમનું જે બજાર ગરમ કર્યું, કે અબુમુસ્લિમ ખુરાસાનીના હુમલાને ન ખારી શક્યા. કરોડો ખર્વોનો ખજાનો કંઇ કામ ન લાગ્યો. એક જ હુમલામાં મુસલમાનોએ તેમનાથી છૂટકારો મેળવ્યો.

(૩) રિનાઈસન્સ (RENAISSANCE) જે સત્તરમી સદીમાં યુરોપમાં થઇ ગયો તે કલીસાના વધારે પડતા ઝુલમના વિરોધમાં ઊભો થયો હતો. કલીસા દાનિશ્વરો (બુદ્ધિશાળીઓ-વિદ્વાનો) ઉપર ખોટો દબાવ કરતું હતું. કલીસાનું વહીવટી ખાતું આ વાતનું સખત વિરોધ હતું કે અકીદાની ચર્ચા કરવામાં આવે, શોધખોળ કરવામાં આવે.

કલીસા એમ ઇચ્છતું હતું કે બુદ્ધિશાળીઓ, વિદ્વાનો અને વિજ્ઞાનિકો ખામોશ રહે. ઈસાઈયતના નીરસ અકાઈદના પાબંદ રહે. ઈન્જીલના લખાણનો જરાય વિરોધ ન કરે. તેના લખાણના પાબંદ રહે. પોતાના વિચારોને કદીપણ પબ્લિકમાં રજૂ ન કરે.



(૪) ઈ.સ. ૧૭૮૯ માં ફ્રાન્સના પેરિસમાં ઈન્કિલાબ આવ્યો. તે પણ અન્યાય, અત્યાચાર, અનીતિ અને ઝુલમના પરિણામરૂપ જ હતો. જેને સામાન્ય જનસાધારણ સહન કરતા આવ્યા હતા. વિલિયમ રાટિ પોતાની એ જ કિતાબમાં લખે છે કે ફ્રાન્સમાં પણ લોકોના એક મોટા સમૂહે ઈન્કિલાબ બર્પા કરી દીધો. ગુસ્સાભર્યો એક માનવ સમૂહ પેરિસની જેલ ઉપર તૂટી પડયો. જેલ સુપ્રિન્ટેન્ડન્ટને મારી નાખ્યો. જેલના ભોંયતળિયાના કેદીઓને છોડી મૂકયા. હથિયારબંધ પોલિસો ચારેતરફ ચોકી કરતા હતા. પરંતુ તેમની હિંમત ન હતી કે બાસ્તીલ (Bastile) કેદખાનાના કિલ્લાને બચાવે. ઈન્કિલાબીઓએ કિલ્લાને કબ્જે કરી લીધો. કારણ અહીં દરેક તે વ્યક્તિઓને કેદ કર્યા હતા જે સત્તાધીશોના વિરોધી હતા. તેમના ઉપર કેસ પણ ચલાવવામાં આવતો ન હતો, ન તેમનો હાલ પુછનાર કોઇ હતું.

આ ઘટના જેમાં હજારો ઈન્સાનોનો વિરોધ વંટોળ અને હુકુમત વિરૂદ્ધ દેખાવો, વગેરેમાં જે ખુનરેજી થઇ તે ઈન્કિલાબે ફ્રાન્સના નામથી મશહૂર છે.

(૫) ગુલામીના વિરૂદ્ધ ઈન્કિલાબ ઇસવીસનની ૧૯મી સદીથી શરૂ થયો. તે ધીરે ધીરે યુરોપ, અમેરિકા અને અન્ય મુલકોમાં ફેલાતો ગયો. થોડુંક ચિંતન મનન કરવાથી અંદાજો આવે છે કે ઈન્સાન દુશ્મન કાર્યપદ્ધતિ અને ગુલામીના રિવાજથી જે દર્દનાક પરિસ્થિતિ પેશ આવી તેના વિરૂદ્ધ આ ઈન્કિલાબ અસ્તિત્ત્વમાં આવ્યો હતો.

(૬) સામ્યવાદી ઈન્કિલાબ જે ૧૯૧૭માં લેનિન દ્વારા

પિરોઝબર્ગ શહેરમાં આવ્યો તે સમયે ''ઝાર'' શાહોની હુકુમત હતી. ઝારશાહીના જોર ઝુલમ અને અત્યાચારના વિરૂદ્ધ આક્રોશ ઊભો થયો. આ રીતે રશિયામાં ઝારશાહીનો અંત શરૂ થયો.

(૭) હિંદુસ્તાની આઝાદીની વાત જો ઘણી જ ટુંકમાં કરીએ તો હિંદુસ્તાનમાં સૌપ્રથમ રોબર્ટ કલાઈવે અંગ્રેજ હુકુમતનો પાયો નાખ્યો. અંગ્રેજોના અપાર અત્યાચારો અને શોષણનીતિના પરિણામરૂપે આઝાદીની ચળવળ શરૂ થઈ તે ઈ.સ. ૧૯૪૭ ની ૧૫મી ઓગષ્ટે હિંદીઓને આઝાદી મળી.

(૮) આજે પણ પશ્ચિમી દેશોમાં કાળાઓનો ગુસ્સો ગોરાઓ વિરૂદ્ધ જે ચળવળના રૂપમાં પ્રદર્શિત થાય છે, તે પણ ગોરાઓના ઝુલમ અને અત્યાચારના કારણે છે. ગોરાઓ કાળાઓને તેમનો જાઈઝ હક પણ આપતા નથી. તેમના ઉપર સતત દબાવ અને શોષણ ચાલુ રાખે છે.

આ બધા ઐતિહાસિક બનાવો છે. અને એના જેવા સેંકડો બનાવો આપણી સમક્ષ હાજર છે. તે બનાવો આપણને આ વાતનું યકીન અપાવે છે કે જો વિશ્વના લોકો પોતાની ગાઢ નિંદ્રામાંથી જાગી જાય અને કહેવાતી મહાશક્તિઓ તરફથી જે પાબંદીઓ એમના ઉપર લાગુ કરવામાં આવી છે તેના ઉપર દૃષ્ટિપાત કરે, વળી આ મહાશક્તિઓએ તેમને જે જે રાહતોથી વંચિત કરી દીધા છે તેના ઉપર ચિંતન કરે, તો એક જ ઈન્કિલાબી હુમલામાં આ મહાશક્તિઓના તેમની પાબંદીઓના મૂળિયાં ઊખેડી ફેંકી દેશે. પછી પોતાને એક વાહિદ હુકુમતની સાથે જોડી દે.



**આ ઈન્કિલાબી હુમલો અને છલાંગ ઘણી જ નજીક દેખાઈ રહી છે. કારણ કે દુનિયામાં લોકો એક હદ સુધી જાગૃત થઈ ચૂક્યા છે. જેમકે કેટલીક હદીસોમાં આવ્યું છે કે ઈરાનના લોકો ઈન્કિલાબ શરૂ કરશે. તો આપણે તેને જોઈ રહ્યા છીએ કે તેની શરૂઆત ઈરાનથી થઈ ચૂકી છે. અને એક વાહિદ આલમી હુકુમત માટે જમીન હમવાર થઈ રહી છે.**

(જમીનમાં બીજ નાખતાં પહેલાં તેને હળ કે ટ્રેકટર ચલાવી, કાંટા ઝાંખરા સાફ કરી, ઢેફા ભાંગી, ભરોળ જમીન તિરાડો વગેરે પૂરી જમીનને એકદમ સાફ ચોખ્ખી અને સપાટ કરવામાં આવે છે. તેને હમવાર કરવું કહે છે. આપણે હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના ઝુહુર તરફ જઈ રહ્યા છીએ. —અનુવાદક)

❈

**સવાલ : ૧૪**

**શું આ ઈન્કિલાબ સામાન્ય જનસાધારણ દ્વારા અમલમાં આવશે. અથવા એક સચેત કરનાર રેહબર અને બુદ્ધિશાળી રાજકારણીયની જરૂરત છે?**

**જવાબ : ૧૪**

આ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે કોઈપણ ઈન્કિલાબમાં સામાન્ય જનસાધારણ કોઈ નેતા અને રેહબર વગર સંપૂર્ણ રીતે કામ્યાબ થયો નથી. સમાજમાં લીડર અને નેતાનું તે જ સ્થાન હોય છે જે ઈન્સાની શરીરમાં મગજનું હોય છે. જેવી રીતે મગજ જો શરીર પર હુકમ ન કરે તો

શરીર પણ સહી તરીકાથી કામ કરવાનું બંધ કરી દે છે. એવી જ રીતે એક માનવસમાજ કોઇ નેતા કે રેહબર વગર કામ કરવાનું ઇચ્છે તો નુકસાન ઊઠાવ્યા સિવાય તેમના હાથમાં કંઇ આવવાનું નથી.

એવી જ રીતે જો મગજ ભૂલો કરવા લાગે અથવા ખોટા ફેંસલા કરે તો શરીરને બરબાદીના રસ્તા ઉપર લગાવી દેશે. એ જ રીતે એક લીડર જો જાહિલ હોય, સ્વાર્થી હોય, અથવા ખોટા કાર્યો કરનારો હોય, તો તે સમાજમાં ઈન્કિલાબ લાવી શકે નહિ. બલકે ઉલટાનું સમાજને અધોગતિના ખાડામાં ધકેલી દેશે. યાદ રાખો વાહિદ આલમી હુકુમતના બે પાયાના આધાર સ્થંભો છે.

પ્રથમ આ કે એક બુદ્ધિશાળી કાર્યાધિકારી રેહબર હોવો જોઇએ, જે ભૂલભાલ કે ગુનાહથી પવિત્ર હોય. બીજી બાબત આ કે સામાન્ય જનસાધારણ પોતાની બુદ્ધિ, સમજ, ડહાપણ દ્વારા સૂચિત થઇને ઈન્સાની હક્કોના જ્ઞાન સાથે જયારે આ વાતનો અનુભવ કરે કે તેમના હકો બરબાદ થઇ રહ્યા છે તેઓ હક્કોની પ્રાપ્તિ માટે ઊભા થાય, જદ્દોજહદ કરે અને ઈન્કિલાબને કામ્યાબ કરે.

આ વાત બિલકુલ સ્પષ્ટ છે કે વિશ્વસ્તરે વ્યાપકપણે ઈન્સાનોના સમૂહની હરકત, કિયામ(ઊભા થવું) ઉચ્ચ દરજ્જાની વ્યવસ્થા વગેરે અને એક માસુમ રેહબર વગર શક્ય નથી.

❁



**સવાલ : ૧૫**

**આ તો એક કુદરતી બાબત છે કે ઈન્કિલાબો હંમેશા સમાજના વંચિત, મઝલુમ અને મજબૂર લોકો દ્વારા અમલમાં આવે છે. કારણ કે આ જ લોકો ઝુલમ અને સખ્તીઓ સહન કરતા આવ્યા હોય છે.**

**શું વાહિદ આલમી હુકુમતમાં પણ આ જ કમજોર લોકો ઈન્કિલાબના માટે તૈયાર થશે? અથવા બધા જ લોકો મળીને ઈન્કિલાબ લાવશે.**

**જવાબ : ૧૫**

જેવી રીતે આપે ફરમાવ્યું ઈન્કિલાબની ચળવળ હંમેશા તે લોકો દ્વારા અસ્તિત્ત્વમાં આવી છે. જેઓને સમાજમાં હલકા, નીચી કક્ષાના સમજવામાં આવે છે. અથવા તેમના હકોને બરબાદ કરવામાં આવ્યા હોય છે. અથવા એમના ઉપર લગાતાર ઝુલમ થઇ રહ્યા હોય છે. જેમને એક જ શબ્દમાં કહીએ તો "કચડાયેલો વર્ગ" કહી શકાય.

વાહિદ આલમી હુકુમતના ઈન્કિલાબમાં સંપૂર્ણ સહમતિ કે સંવાદિતા હશે. કારણ કે લોકો ઉપર જુદી જુદી લોકશાહીઓ દ્વારા, જુદી જુદી રાજ્ય પદ્ધતિઓ દ્વારા અસાધારણ પાબંદીઓ, સખ્તીઓ અને ઝુલમો થયા હશે. તેથી આ વખતે કુદરતી રીતે જ ખાસ પ્રકારની એકતા અને સહમતી હશે. અહીં સુધી કે તે ઘમંડીઓ જેઓ પ્રગતિશીલ વિચારો ધરાવતા હશે તેઓની ગણતરી પણ કચડાયેલા વર્ગમાં થશે. પરંતુ આ ઈન્કિલાબમાં જે વાત ધ્યાનાકર્ષક હશે તે આ કે મઝલુમ લોકો અવ્વલ સફોમાં રહીને (સૌથી

આગળની હરોળમાં) હુમલો કરશે.

અત્યારે કામિલ ઈન્સાનો ઉપર તેમનાથી કંઇ દરજે નીચી કક્ષાના, બેઢંગા, જાહિલ રાજ્યસત્તાધીશો પાબંદીઓ લગાવે છે, ઝુલમો કરે છે. આમ કરનારાઓમાં બુદ્ધિ આવડત પણ બીજાઓ કરતાં ઘણી જ ઓછી હોય છે. જ્યારે આ કામિલ ઈન્સાનોમાં બુદ્ધિ અને આવડત ઘણી જ વધારે હોય છે. તેથી તેઓ ઈન્કિલાબની રેહબરી પોતાના હાથોમાં લેશે.

મઝહબી વૃત્તિના માણસો તેમાંય ખાસ કરીને દીને ઈસ્લામની પેરવી કરનારા માને છે કે કમજોર અને કચડાયેલા વર્ગોનો ઈન્સાન દુશ્મનોથી છૂટકારો અલ્લાહતઆલાનો અદ્લ છે. **તેઓને યકીન હોય છે કે આ મોટી મોટી લડાઈઓ અને ઝુલમ વિરૂદ્ધ જદ્દોજહદમાં (ઈન્કિલાબમાં) કમજોરો અને મજબૂરોની મદદ ખુદાની ગયબી શક્તિ કરે છે.**

કુરઆન મુસલમાનોની આસમાની કિતાબે બની ઈસરાઈલનો ઈતિહાસ વર્ણવ્યો છે. કહે છે કે ફિરઓન જેવા ઝાલિમ રાજાના ઝુલમમાં સપડાયેલા લોકોના કલેજા મોં ઉપર આવી ગયાં હતાં. એક મુસલિહ જેમનું નામ મુબારક હઝરત મુસા(અલ.) હતું. તેઓ ઊભા થયા. તેમણે મઝલુમ બની ઈસરાઈલને ફિરઓનના ઝુલમથી છોડાવ્યા. કુરઆન આ વાતને આ રીતે વર્ણવે છે.

"ખુદાએ ઈચ્છ્યું કે જમીનમાં લોકોને પેશ્વા, વારિસ અને જમીનના માલિક બનાવે." *(સૂ. કસસ આ-૫)*

વિજ્ઞાનિકોનું કહેવું છે કે રિએકશન (Reaction) એક



નિયમ છે. આ નિયમ મુજબ જો કોઇ વસ્તુને શક્તિ સાથે જમીન કે દિવાલ ઉપર પટકીએ તો તે વસ્તુ તેની વિરૂદ્ધ દિશામાં ઉછળીને પડશે. આ નિયમ આ છે.

EVERY ACTION HAS AN EQVAL AND OPPOSITE REACTION.

આ નિયમનો વિજ્ઞાનમાં અસંખ્ય જગ્યાઓએ અમલ કરવામાં આવ્યો છે તેનો ફાયદો ઊઠાવ્યો છે. સાઈકોલોજીના (માનસશાસ્ત્રના) નિષ્ણાંતોનું કહેવું છે કે માનસશાસ્ત્રમાં અને સામાજિક મસાએલમાં પણ આ નિયમ વધારે વિશાળ પાયા ઉપર ફાયદાકારક સાબિત થયો છે. એનાથી ઈન્કિલાબાત અને ફેરફારોને (Change) વેગવંત બનાવનાર સાચાં પરિબળો ક્યાં છે. તેનો અંદાજો આવી શકે છે.

આ મહત્ત્વના અસાધારણ કાનૂનથી એટલે કે ભૂતકાળમાં ઈન્કિલાબી આગેકૂચ અથવા મઝહબના સમર્થકોનો અટલ વિશ્વાસથી એટલે કે કચડાયેલા વર્ગની ખુદાઈ તાકતથી અથવા વૈજ્ઞાનિકો અને માનસશાસ્ત્રીઓની જવાબી કાર્યવાહીથી જે પરિણામો અમે તારવીએ છીએ તો આ છે કે આજે વિશ્વમાં જે ફસાદ ફેલાયેલા છે. જે ડરખોફ અને ભય છવાયાલા છે. તે જોતાં ચોક્કસ કહી શકાય છે કે વિશ્વ એક ઝબરદસ્ત ઈસ્લાહી ઈન્કિલાબ તરફ કૂચ કરી રહ્યું છે. આ ઈસ્લાહી ઈન્કિલાબ થઈને જ રહેશે. ઈન્શાઅલ્લાહ.

❃

**સવાલ : ૧૬**

**શું એવો દિવસ પણ આવશે કે ઈન્સાન આ જંગ અને ખુનરેજીથી હાથ ખેંચી લે, રોકાઈ જાય અને બધા જ ઈન્સાનો સુલેહ સાથે પ્રેમ મહબ્બતથી એકબીજા સાથે રહીને જિંદગી વ્યતિત કરે.**

**જવાબ : ૧૬**

સંપૂર્ણ વૈશ્વિક સુલેહ શાંતિનો આધાર બે વાતો ઉપર છે.

પ્રથમ આ કે અકીદાઓનો વિરોધાભાસ ખતમ થઈ જાય, અને બધા હક અને હકીકત તરફ આવી જાય.

બીજી વાત આ છે કે દરગુઝર કરવું, એવી ભાવના ઈન્સાનોના દીલોમાં પેદા થાય, ત્યાગની ભાવના પેદા થાય, કુરબાનીની ભાવના પેદા થાય. જો દરગુઝર, માફ, સ્વાર્થત્યાગ અને કુરબાની જેવા ગુણો ઈન્સાનોના દીલોમાં પેદા થાય, સાથે સાથે વધુ પડતી નફાખોરી, કંજુસાઈ જેવા અવગુણો દૂર થાય. બધા એકબીજા ઈન્સાનોને પોતાના ભાઈ જેવા સમજે.

આ બંને પાયાના સિદ્ધાંતો જેને ઈસ્લામે કુરઆનમાં રજૂ કર્યા છે. તે લોકોમાં દ્રઢ થઈ જશે મજબૂત થઈ જશે. તો ઈમામ મઅસુમની રેહબરીમાં આલમી સુલેહ શાંતિ અસ્તિત્ત્વમાં આવશે.

જો એમ ન બન્યું, એટલે કે બંને બુનિયાદો મજબૂત



ન થઈ તો જંગ અને ખુનરેજી ચેપી બીમારીની જેમ સમગ્ર વિશ્વમાં ફેલાઈ જશે. અને સમગ્ર ઈન્સાનિયતને પોતાની લપેટમાં લઈ લેશે.

માનસશાસ્ત્રીઓ જેઓ ઈન્સાની સમાજ અને તેની રહેણીકરણી વગેરેમાં નિષ્ણાંત છે. તેઓ ઘણા જ ઊંડા અભ્યાસ પછી આ પરિણામ ઉપર પહોંચ્યા છે કે યુદ્ધ કોઈ આંતરરાષ્ટ્રીય દુર્ઘટના નથી બલકે એક અત્યાચારી ચેપીરોગ છે. જે એક જ ઝપાટે કેટલાય દેશોને પોતાની લપેટમાં લઈ લે છે.

થોડાક જ દિવસ થયા વિશ્વના કેટલાક બુદ્ધિશાળીઓએ ત્રણ દેશોમાં આ વિષય ઉપર સેમિનાર રાખ્યા હતા. જયાં તેઓએ પોતાનો મત પ્રદર્શિત કર્યો હતો કે જંગની બીમારીના કારણો જાણવા જોઈએ ત્યારબાદ આ કોશિશ કરવામાં આવે કે આ બીમારીને ફેલાતાં પહેલાં જ રોકવામાં આવે. તે માટે જરૂરી પગલાં ભરવામાં આવે. યુદ્ધની બીમારીનો ઈલાજ સુલેહ દ્વારા જ થઈ શકે છે. તેથી જ ઈસ્લામનો વિશ્વાસ છે કે છેવટે ઈન્સાન અક્કલમંદ બનશે. ખુનરેજી અને લડાઈ ઝઘડાને પાછળ ફેંકી દેશે પછી ઈમામ માસુમની રેહબરીને કબૂલ કરી લેશે.

**સવાલ : ૧૭**

**ઈન્સાન સુલેહના માટે શા માટે તૈયાર થતો નથી? જ્યારે કે તે જાણે છે કે સુલેહ સુકુન અને આરામનો બેહતરીન ઝરીયો છે. ધીરે ધીરે ઈન્સાનિયત પોતાને એક આલમી હુકુમતના માટે તૈયાર કરી રહી છે.**

**જવાબ : ૧૭**

તમામ ઈન્સાનો આ વાત ઉપર યકીન રાખે છે કે સમાજમાં સુલેહ-શાંતિ એક એવી નેઅમત છે જે ઈન્સાનોમાં ફરજિયાત હોવી જોઈએ. પરંતુ આમ બને છે કે કોઈ અવિચારી વ્યક્તિ પોતાના અહંકાર, ઘમંડ કે અભિમાન ખાતર ક્રોધ કે ભાવાવેશમાં આવી જઈ, સ્વાર્થી બનીને કે પોતાની સત્તાના વિસ્તાર માટે અત્યાચાર કરી બેસે છે, બીજા દેશ ઉપર હુમલો કરી બેસે છે, ત્યારે ત્યાંના લોકો મજબૂર થઈને પોતાનું રક્ષણ કરવા ઊભા થાય છે. આ રીતે જંગ શરૂ થાય છે. વળી જંગ એક ચેપીરોગ જેવી બીમારી છે જે આપોઆપ ફેલાઈ જાય છે.

હાલમાં જ ન્યુયોર્કમાં એક અપીલ બહાર પાડવામાં આવી. જેનો વિષય હતો ''અણુ યુદ્ધ રોકવાના મનોવૈજ્ઞાનિક ઈલાજો'' આ અપીલ મોટા મોટા ૧૮૦ મનોવૈજ્ઞાનિકો તરફથી તૈયાર કરવામાં આવી હતી. આ બુદ્ધિશાળીઓનું કહેવું હતું કે તેમના વિચારો પ્રમાણે આલમી જંગ (વિશ્વયુદ્ધ) એક બીમારી છે, એક સંપૂર્ણ તમાશો છે. (Total Phenomenoh) આ બીમારી ફક્ત ઈન્સાનોમાં જોવામાં આવે છે. અન્ય સજીવ પ્રાણીઓમાં તેનું નામોનિશાન નથી. મનુષ્ય સિવાયના અન્ય



સજીવ જાનવરોમાં જ્યારે બે ફાડીખાનાર જાનવરો આમને સામને આવી જાય છે, અને લડી પડે છે તો હારી જનાર તરત જ જમીન ઉપર સૂઈ જઈ પોતાની ગરદન જીતેલાની સમક્ષ રજૂ કરી દે છે. વિજયી જાનવર આ રીતથી રાજી થઈ જાય છે. પછી જંગ બંધ થઈ જાય છે.

પરંતુ ઈન્સાન એવો નથી. હારી ગયા પછી પણ યુદ્ધ સામગ્રી, હથિયારો અને બારૂદ એકત્ર કરવા માટે તત્પર રહે છે. ઈન્સાન ચોટ ભૂલતો નથી.

**મૃત્યુનો શોખ**

અણુયુદ્ધ રોકવા માટેની બુદ્ધિશાળીઓની અપીલના અનુસંધાનમાં લખે છે કે એક અમેરિકન ફોજી બટાલિયન યુદ્ધના મોકા ઉપર એકદમ ઉત્સાહ ધરાવતા હતા. યુદ્ધમાં કૂદી પડવા માટે થનગની રહ્યા હતા. ઈચ્છતા હતા કે જેટલું જલ્દી બની શકે તેટલું જલ્દી તેઓ યુદ્ધના મેદાનમાં પહોંચી જાય. પરંતુ મનોવિજ્ઞાનિકોની દૃષ્ટિમાં આ મેદાને જંગમાં જનારાઓની અભિરૂચિ ખરેખર પોતાના હાડકાના અને પુઠ્ઠાઓની કસરત હતી. સાંધાઓની સખ્તાઈને દૂર કરવું હતું. તેઓને યુદ્ધના પરિણામો વિશે કંઈ ભાન ન હતું.

આ બધાથી અલગ વાત આ છે કે યુદ્ધ શરૂ થયા પછી ખુદગર્ઝી સ્વાર્થીપણું સૌથી આગળ થઈ જાય છે. તેઓ લખે છે કે જંગના પરિણામો ઉપર દૃષ્ટિપાત કરવાની જગ્યાએ જંગના શરૂ થવાના ભયસ્થાનો તેના ફેલાવા અંગેના કારણો વગેરે ઉપર વિચાર કરવામાં આવે.

આ વિષય ઉપર દાક્તર ઝન્ત જિવરજી લખે છે કે

આપણે ઘણી જ સાદગી સાથે ભલાભોળા આદિ માનવની જેમ આ દુનિયામાં કદમ રાખીએ છીએ. આપણો ટકરાવ મોટી મોટી નકારાત્મક શક્તિઓ સાથે થાય છે. આપણા માનસની પરિસ્થિતિ એવી નથી હોતી કે આ શક્તિઓને આઝાદ કરી દઈએ. આપણે જે કામ કરીએ છીએ તેને સમજવાની શક્તિ ધરાવીએ છીએ. પરંતુ તેના પરિણામોથી નાસમજ અજ્ઞાન છીએ.

એક મા જ્યારે પોતાના બેટાને એમ કહે છે કે ચા ગરમ છે તો બાળક સાવચેતી વર્તે છે. પરંતુ જ્યારે તેને એમ કહેવામાં આવે કે એક એટમી ધમાકામાં ૧૫ મિલીયન જેટલી ગરમી પેદા થાય છે તો આ વાત તેના સમજવા માટે બુદ્ધિના બહારની વાત છે.

છેવટે જ્યારે સમજી જશે કે યુદ્ધની બીમારીની વિશ્વસ્તરે એક જ દવા છે, અને તે સુલેહશાંતિ છે. ત્યારે તે પોતે વાહિદ આલમી હુકુમતની સ્થાપના માટે આગળ વધીને કાર્ય કરશે. એક ઈલ્મી રિસાલો (સામયિક) જેણે અર્વાચીન વિશ્વની પરિસ્થિતિ ઉપર ઘણી જ સુંદર શોધખોળ કરી છે. તે લખે છે કે :

યા તો આ દુનિયા એક ચતુર્થાંશ સદીમાં તદ્દન જ નાબૂદ થઈ જશે અથવા તો વિશ્વ એક ઈન્કિલાબી સંશોધન તરફ આગળ વધશે, જેના દ્વારા ઈન્સાનોની હાલત સુધરી જશે. અહીં જરૂરી છે કે ઉપરોક્ત બંને સંભાવનાઓમાંથી કોઈ એક સંભાવનાને કબૂલ કરીએ. એક તરફ ફક્ત નાઉમ્મીદી છે, નિરાશા છે, અને બીજી બાજુ એક ઉજ્જવળ ભવિષ્યની



આશા છે. સમજો કે વિશ્વના ઈન્સાનોને આ બાબતમાં બે માનવસમૂહોમાં વહેંચી શકાય.

(૧) અલ્લાહ ઉપર વિશ્વાસ ધરાવનાર મઝહબના પાબંદ

(૨) અલ્લાહના ઈન્કારી, ખુદાને ન ઓળખનારા બેદીન લોકો.

આ એક નિર્ણાયક વાત છે. ખુદા ઉપર ઈમાન ધરાવવાની પરિસ્થિતિમાં મઝહબની પેરવીના પરિણામરૂપે ઈન્સાન ઉપરોક્ત બે સંભાવનાઓ જે અમે જણાવી છે તે પૈકી બીજી સંભાવના ઉપર જ યકીન રાખશે. એટલે કે આગામી એક ચતુર્થાંશ સદીમાં વિશ્વ એક ઈન્કિલાબી સંશોધન તરફ આગળ વધશે જેના દ્વારા ઈન્સાનોની હાલત સુધરી જશે.

એટલા માટે કે ખુદા ઉપર વિશ્વાસ ધરાવનારા, વિશ્વને પેદા કરનારના એક સર્વસામાન્ય કાયદા મુજબ આ શક્ય જ નથી કે દુનિયા હંમેશા આફત અને મુસીબતમાં ઘેરાયેલી રહે અને આદિલ ખુદા (ઈન્સાફ કરનાર અલ્લાહ) તેમને ઝુલમ અને અત્યાચારના બોજમાંથી છૂટકારો ન આપે અને પોતાની મખલૂકને ઝાલિમ ગુનેહગારોના એક સમૂહના ઝાલિમ દિમાગોની શાંતિ માટે, તેમની ગુનાહિત મહત્ત્વકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પોતાના નેક બંદાઓને તેમના હવાલે રહેવા દે.

છેવટે કાદિરે મુતલક અને શક્તિશાળી અલ્લાહ ઈન્સાનોની આ દુર્દશાને દૂર કરશે. વિશ્વસ્તરે ખનીજ પદાર્થોમાં અસ્તિત્ત્વ ધરાવનાર સૌથી નાના કણ (ઝર્રા) એટમથી લઈને તેમાના સૌથી મોટા જે આપણી દૃષ્ટિ સમક્ષ છે, એટલે કે

સૂર્યમાળાના બધા જ ગ્રહોની વ્યવસ્થા અને આકાશગંગાના તારાઓની વ્યવસ્થા અને સજીવોમાં તમામ પ્રાણીઓ, ફાડીખાનારા પશુઓ અને ઉડતાં પક્ષીઓ બધાં જ એક ન્યાયી વ્યવસ્થા સાથે જોડાયેલાં છે. એજ રીતે અશરફુલ મખ્લૂકાત (અલ્લાહનું શ્રેષ્ઠ સર્જન) હઝરતે ઈન્સાન પણ અલ્લાહની આ જ વ્યવસ્થાઓથી લાભાંતિત થઈ રહ્યો છે. અને હવે પછી પણ થતો રહેશે.

આ સિવાય મઝહબને અનુસરનારા અલ્લાહના વાયદાને પણ સાચો માને છે. તેઓ કહે છે કે દીનના પેશ્વાઓ પોતાની કિતાબોમાં આલમી સુલેહ શાંતિની ભવિષ્યવાણી કરી ગયા છે. તેથી બીજી સંભાવના એટલે કે ઉજ્જવળ ભવિષ્ય ઉપર અમે યકીન રાખીએ છીએ. અને તેની ઉમ્મીદ પણ હંમેશા રાખવી જોઈએ અને તેનો ઈન્તિઝાર પણ કરવો જોઈએ.

મુસલમાનોની આસમાની કિતાબ કુરઆનમાં ફરમાવવામાં આવ્યું છે કે :

“અંબિયાઓની બધી જ કિતાબમાં અમે લખ્યું છે કે આ જમીન અમારા નેક બંદાઓને વારસામાં મળશે.”

*(સૂ. અંબિયા આ-૧૦૬)*

આ આયતમાંથી એક વાત ચિંતન-મનન કરવાને યોગ્ય છે. “વિરાસત” શબ્દ જેમાં કુદરતી (પ્રાકૃતિક) અને વૈજ્ઞાનિક બંને પ્રકારની કાબેલિયતની ઝલક દેખાય છે.

કુરઆને પોતાની પેરવી કરનારાઓને ન ફક્ત આ નિર્ણાયક ખુશખબરી આપી છે અને તેમને ઉજ્જવળ ભવિષ્ય



માટે સંતોષ અપાવ્યો છે. બલકે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા પછી તેમને ઈન્સાફના કાયદાકાનૂન અને વિશ્વ સર્જનના સામાન્ય કાનૂનોથી વાકેફ કરાવ્યા છે.

જે લોકો મુસલિહે આલમના ઝુહૂરથી પહેલાં આ દુનિયામાં હશે કુરઆન તેમના વિષયમાં ફરમાવે છે :

“અને અમે તમારી થોડાક ભયથી અને થોડીક ભૂખથી તથા માલ અને જાન(પ્રાણ) અને ફળોના નુકસાનથી આઝમાઈશ(કસોટી) કરીશું અને (અય રસૂલ સલ.) તે સબર કરનારાઓને ખુશ ખબર સંભળાવી દો.”

*(સૂ. બકરહ આ-૧૫૫)*

આ આયત તે ભય તરફ અંગુલીનિર્દેશ કરે છે. જે વિશ્વના દેશો દરમ્યાન આજે આપણે જોઈ રહ્યા છીએ. ખાદ્ય પદાર્થોથી કમી, અનાજની કમી, તેમાં વળી ખાસ કરીને મુસ્લિમ દેશોની બદહાલ આર્થિક સ્થિતિ સાથે અંદરોઅંદરની લડાઈઓનું વર્ણન કરવામાં આવ્યું છે. વળી ખુશખબરીના હકદાર ફકત તે લોકોને સમજવામાં આવ્યા જે આ બધી જ પરેશાનીઓ અને મુસીબતોના મુકાબલામાં મુસલિહે ગયબીનો ઘણા જ ઉત્સાહ સાથે સહિષ્ણુ બનીને ઈન્તિઝાર કરતા હોય.

વહાલા વાચકો! જેઓ નાના મોટા રિસાલાઓ અને અન્ય સાધનોથી થોડોક પણ સંબંધ રાખતા હશે, તેઓને આ બાબતનો બરાબર અંદાજો આવી જશે કે આ જમાનાના લોકોના દીલોમાં એક બીજાનો કેટલો ભય અને ખોફ બેઠેલો છે.

માનસ શાસ્ત્રીનું કહેવું છે કે જો કોઈ આંતરરાષ્ટ્રીય

રમતોત્સવોના મેડલ ઉપર ધ્યાનથી જુએ તો તેની એક બાજુ સંસ્કૃતિ-શિષ્ટાચારની નિશાની હશે અને બીજી બાજુ ખરબચડાપણું હશે. એક સામયિકમાં લખ્યું હતું કે દરેક સમયે કેટલાક જંગી હવાઈ જહાઝો અણુબોંબ તથા હાઈડ્રોજન બોંબ લઈને અવકાશમાં ફરતાં હોય છે. આ બાબતની રાહ જોતાં હોય છે કે જેવો એમનો ફોજી કમાન્ડર હુકમ આપે તેઓ દુશ્મનના ઠેકાણાઓ ઉપર તે બોંબને જઈને નાખી આવે. બસ ચોવીસ કલાક આવા જહાઝો ફરતા રહે છે, તેઓ બદલાતા પણ રહે છે. દૃષ્ટાંતરૂપે પ્રથમ ૧૨ કલાક અથવા આઠ કલાક ફરીને જે જહાઝ પાછા ફરે કે તે જ મિનિટે બીજા ૧૨ કલાક કે આઠ કલાકના જહાઝો તેની જગ્યા લઈ લે છે. જરા વિચારો ઈન્સાનિયત ઉપર આ મહાસત્તાઓનો કેટલો ઝુલમ છે. આજે નાની ઢીંગલીઓ, સિગરેટ લાઈટર અને ખમીસના બટન દ્વારા પણ જાસુસી થાય છે. તેમાં કેમેરા ટ્રાંસમીટર ગોઠવાયેલા હોય છે. વળી આ જ વસ્તુઓમાં પણ બોંબ હોય છે, મોતનો સામાન હોય છે. જેની ક્ષમતા હજારો માણસોને એક જ સેકન્ડમાં હલાક કરી શકે છે.

ઈરાનના એક ખૂબ જ પ્રખ્યાત અને મોટી સંખ્યામાં પ્રગટ થતા સમાચાર પત્રમાં લખ્યું હતું.

ફ્રાન્સના સંરક્ષણ ખાતાના સેક્રેટરીના મેજ ઉપર એક નાની ખૂબસૂરત લાકડાની ઢીંગલી લાવીને મૂકી હતી. આ ઢીંગલીની અંદર જાસુસી માટે એક નાનો કેમેરો અને માઈક્રો ફીલમ છુપાયેલી હતી.

જાસુસ એકબીજાને સંદેશા એક લાઈટર દ્વારા મોકલે છે.



તે લાઈટરની લઉ એક સો મીટર સુધી જોઈ શકાય છે. એનાથી પણ વધીને આસ્તીનના બટન છે. (Cuff Links) જે ટ્રાન્સમીટર અને રિસીવરની જગ્યાએ ઉપયોગમાં આવે છે.

હવે તો ઈન્સાનને ખોફઝદહ રાખવાની મોતના મસાલાની સેંકડો વાતો છે. આપણે આટલેથી ટૂંકાવીએ છીએ. વિચારો, વિચારો કે આ પરિસ્થિતિ આ વિશ્વની છે. તો ઈન્સાન કેવી રીતે આરામ કે સુકૂન મેળવી શકે? બલકે દરેક સેકન્ડે ડર ખોફ તેના ઉપર સવાર રહેશે? મુસલમાનોની આસમાની કિતાબ કુરઆનનું કહેવું છે :

وَلَا يَزَالُ الَّذِينَ كَفَرُوا تُصِيبُهُمْ بِمَا صَنَعُوا قَارِعَةٌ أَوْ تَحُلُّ
قَرِيبًا مِنْ دَارِهِمْ حَتَّىٰ يَأْتِيَ وَعْدُ اللَّهِ

(સૂ. રઅદ આ-૩૧)

એટલે કે તે ગુનેહગાર ઈન્સાનો જેમણે આસમાની કાનૂનોની અવગણના કરી છે. હંમેશા એવી હાલતમાં છે કે સ્વયં પોતાના કરતૂતો અને શોધખોળો દ્વારા એમના ઉપર મુસીબત આવી પડે.

قَرْعٌ નો અર્થ થાય છે કચડી નાખવું. તો قَارِعَةٌ થી મતલબ તે વસ્તુ જે જિંદગીને કચડી નાખે.

આ આયતમાં ખુદાવંદે તઆલાએ قَارِعَة કહ્યું છે. અને તે જ એટમ અને હાઈડ્રોજન બમ છે. જે ઈન્સાનિયતને નાબૂદ કરવા અને કચડી નાખવા માટે તૈયાર છે. ભલે તેમના ઘર અને મુલક કચડાઈ જાય. પછી ભલે તેમના ઘરોની આસપાસ તેમને ફેંકવામાં આવે જેથી ફોજી અડ્ડાઓ અને મિસાઈલના

સ્ટેશનો તબાહ-બરબાદ થઇ જાય. જે મહાશક્તિઓએ તે દેશોમાં જેમની સાથે એમનો કોલકરાર છે. અથવા એમના પડોશી મુલકોમાં આવા ફોજી અડ્ડા હોય, મિસાઈલના સ્ટેશનો હોય જે તબાહ બરબાદ થઇ જાય.

ત્યાં સુધી કે ખુદાનો વાયદો પૂરો થાય. આ તે જ વાયદો છે જે આજના ડર-ખોફ અને ભયના જમાનામાં સહિષ્ણુ અને આસમાની કાનૂનના પાબંદ લોકોથી કરવામાં આવ્યા છે. જેમકે સૂરએ નૂરની ૫૪મી આયતમાં ફરમાવવામાં આવ્યું:

"અલ્લાહે તમને ઈમાન અને અમલ કરનારા લોકોથી વાયદો કર્યો છે કે તેમને જમીન ઉપર એવી જ રીતે પોતાના ખલીફા બનાવશે. જેવી રીતે અગાઉનાઓને બનાવ્યા હતા. અને તેમના માટે તે દીનને પ્રભૂત્ત્વશાળી (ગાલિબ) બનાવશે. જેને તેમના માટે પસંદીદા બનાવ્યો છે. અલ્લાહ તેમના ભય-ખોફને અમનથી ફેરવી નાખશે કે તેઓ બધા જ ફક્ત મારી ઈબાદત કરશે. અને કોઈપણ પ્રકારનું શીર્ક કરશે નહિ. અને ત્યાર પછી પણ કોઈ કાફિર થઈ જશે તો ખરેખર તે જ લોકો ફાસિક અને બદકિરદાર છે." *(સૂ. નૂર આ-૫૪)*

ઉપરોક્ત આયતથી મતલબ મુસલિહે ગયબીના ઝુહૂરનો જમાનો છે. અને સમગ્ર વિશ્વમાં અદ્લો ઈન્સાફ ફેલાવાનો છે. બીજો માનવ સમૂહ જે અલ્લાહના અસ્તિત્ત્વનો ઈન્કારી છે. તેમને પણ ઉન્નતિ-સમૃદ્ધિ-પ્રગતિના કાનૂન પ્રમાણે જે સમગ્ર વિશ્વમાં લાગુ પડશે. વળી સામાન્ય સુધારણા આ કાનૂનથી બહાર નથી. બેદીનોને અને અલ્લાહના અસ્તિત્ત્વના ઈન્કારીઓને



પણ આલમી સુધારણાને તાબે-માનનારા બનવું પડશે.

જે લોકો ભૂતકાળમાં વારંવાર ઈન્સાન દુશ્મનીના પ્રદર્શનો અને આતંકવાદ આચરી ચૂક્યા છે, તેઓ પોતાના સુંદર અને ખુશનુમા ભવિષ્ય અને વિશ્વ સુધારણાની નેઅમતને ખોઈ બેઠા છે. માયૂસી સિવાય તેમની પાસે હવે કંઈ રહ્યું નથી.

❃

**સવાલ : ૧૮**

**સમાજની બીજી કઈ શરતો છે જે પૂરી થાય તો વાહિદ (એક) આલમી હુકુમત આસાનીથી કાયમ થઈ શકે છે?**

**જવાબ : ૧૮**

આ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે જ્યારે આ દુનિયા એક ઘર (એક કુટુંબ)ના જેવી થઇ જશે. જ્યાં બધા જ ઈન્સાનો પોતાને એક જ ખાનદાનની વ્યક્તિ સમજશે. તો તેઓ જે રીતે પોતાના નાના ઘરોમાં આજે રહે છે. એવી જ રીતે અમનો-સુકૂનથી એકબીજાની સાથે જીવન વ્યતિત કરશે.

પ્રથમ મંઝિલમાં ખાનદાનની એક વ્યક્તિ જે બીજાઓ ઉપર ફઝીલત(શ્રેષ્ઠતા) ધરાવતી હોય તેને બાપની જેમ પોતાના વડીલ તરીકે કબૂલ કરશે, નિયુક્ત કરશે. પછી બધા જ તેની આજ્ઞામાં રહેશે.

ઈસ્લામમાં આ જગ્યા માટે ઈમામ મઅસુમને દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવ્યા છે. જેમના વિષયમાં કહેવામાં આવ્યું છે કે તેઓ દરેક સમયગાળામાં જીવતા અને પરિસ્થિતિ ઉપર કંટ્રોલ ધરાવે છે.

પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી સાચી વિશ્વાસપાત્ર રિવાયતો પહોંચી છે. જેમાં આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

"પૃથ્વીના પટ ઉપર અગર ફક્ત બે માણસો જ રહી જાય. તો જરૂરી છે કે તેમાંના એક ઈમામ અને રેહબરે માસૂમ હશે."

જેથી જેટલું મોટું કુટુંબ હશે તેવી જ ખાનદાનની વ્યક્તિઓ ઉપર વિલાયત હશે. એટલે કે તે એવા હુકમો આપશે જે પ્રેમ અને ધ્યાનાકર્ષક હોય. વળી તે હુકમો ખાનદાનની ભલાઈને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યા હશે. અને ખાનદાનની બધી જ વ્યક્તિઓ પોતાના આ વડીલથી મહબ્બત અને લગાવના કારણે તેના હુકમો ઉપર અમલ કરશે. વિલાયતનો આ જ અર્થ થાય છે.

આ જ રીતે પોતાની ઈસમત અને ઈલ્મ અને તે ફઝીલતની દૃષ્ટિએ જે તેઓ દુનિયાના બાકીના તમામ ઈન્સાનો ઉપર ધરાવે છે. રેહબર અને ઈમામને તેમના ઉપર વિલાયત હાસિલ થશે.

આ સંપૂર્ણ બાઈખ્તિયાર વિલાયત વગર શરતની નથી બલકે ઈમામ અલયહિસ્સલામ માઅસુમ છે. તેઓ સમગ્ર વિશ્વની ઈન્સાનિયતની ભલાઈને બેહતર તરીકાથી જાણે છે. તો અક્કલ આમ કહે છે કે તેમને સોએ સો ટકા ઈખ્તિયાર આપી દેવામાં આવે કારણ કે ઈખ્તેલાફની પરિસ્થિતિમાં માઅસૂમ અને બુદ્ધિશાળીનો હુકમ બીજા ઓછી બુદ્ધિશાળીવાળા અને જાહિલ લોકો ઉપર નિશ્ચિત અગ્રિમતા ધરાવે છે.



જેવી રીતે કોઈ ખાનદાનનો બુઝુર્ગ-વડીલ જેટલો વધારે મહેરબાન, દયાળુ, દરગુજર કરનારો, સહનશક્તિવાળો, હસમુખો અને માફી આપનારો હશે, તેટલું જ બેહતર તરીકાથી પોતાનું ઘર ચલાવી શકશે.

એવી જ રીતે એક આલિમે પણ જે શરીઅતના એહકામ પુરતો રેહબર હોય તેણે પણ આસાધારણ નેકી કરનારા, અસાધારણ મહબ્બત રાખનાર, દયાળુ અસાધારણ બહાદુર અને દરગુજર કરનારા હોવું જોઈએ.

જો કોઈ ઘરનો વડીલ ડંડા, કોરડા દ્વારા સખ્તી કરીને પોતાના ઘરને કાબુમાં રાખે તો આ પરિસ્થિતિમાં તે પોતાના ઘરમાં ઝુલમ કરશે. પરંતુ તેણે પોતાના વિરૂદ્ધ કોઈ ધમાકો કે ઈન્કિલાબ માટે પણ તૈયાર રહેવું પડશે.

આવી જ રીતે ઈમામ માઅસુમ અલયહિસ્સલામ જો નઉઝોબિલ્લાહ (અલ્લાહ માફ કરે-સમજવા માટે અને સમજાવવા માટે લખવું પડે છે.) ઈચ્છે કે તલવારની શક્તિ દ્વારા અને લોકોને કતલ કરીને-ઝુલમો અત્યાચાર દ્વારા સમાજમાં પોતાની હુકુમત સ્થાપિત કરે તો પછી બીજા ઈન્કિલાબના માટે અને લોકોનું ધ્યાન કોઈ બીજી વ્યક્તિ તરફ દોરાવાના માટે તૈયાર રહેવું પડશે.

દુનિયાવાળાઓએ સમજવું જોઈશે કે તેમનામાં કેટલાક એવા ગુણો અને વિશેષતાઓ છે જે ગુણો અને વિશેષતાઓ કોઈનામાં સંપૂર્ણ રીતે હોય તો આપમેળે જ ઈન્સાની અક્કલ સમાજની રેહબરી માટે, વિલાયત અને ઈખ્તિયાર આપવા માટે તેમને આવકારશે, તેમનું સ્વાગત કરશે.

ઈન્સાનિયત જાણે કે ઈમામ માઅસુમની દુનિયાના લોકો ઉપર વિલાયતની બુનિયાદ શું છે? ઈમામ એવા ઉચ્ચોચ્ચ ગુણોના માલિક હોય કે વિશ્વ તેમની સમક્ષ પોતાના માથા નમાવી દે.

(૧) તે મઅસુમ હોય છે. કદીપણ ગુનાહ, ભૂલભાલ કે ગલતી નથી કરતા.

(૨) સમાજની ભલાઇ અને તેમના ઉત્કર્ષ-પ્રગતિ માટેનું ઈલ્મ રાખતા હોય છે. વળી જહાલતનું તો તેમનામાં ગુમાન પણ ન કરી શકાય.

(૩) ઈન્સાનિયત બેહતરીન સિફાતથી સંપૂર્ણ હોય. વગર કારણની દોસ્તી કે દુશ્મની દુનિયાપરસ્તી ઈઝ્ઝતની ભૂખ મતલબ બધી જ એવી સિફતો(ગુણો) જે જાનવરોમાં હોય છે. તેનાથી સદંતર પાક હોય.

જો લોકો પોતાના ઈમામે જમાનાને ઉપરોક્ત બુનિયાદો ઉપર ઓળખી લે, તો ખુદબખુદ-જાતે જ-આપમેળે જ તેમને પોતાના રેહબર તરીકે ચૂંટી કાઢે, માની લે. કહે કે આપ જ અહકામ લાગુ કરો, અમે માની લઈશું, અમલ કરીશું. અક્કલનો આ ફેંસલો છે. જે બધી ઈચ્છાઓ ઉપર અનિવાર્ય છે. પછી તો અન્યાય, અત્યાચાર, અનીતિ અને ઝુલમની હુકુમતો, એક વ્યક્તિની હુકુમત(રાજાશાહી કે સરમુખ્યારશાહી) પોતાના ભાવાર્થ ખોઇ બેસસે અને ઈન્સાની જિંદગીની તમામ પીડાઓ દૂર થઇ જશે. જે રીતે એક ઘર માટે આ જરૂરી છે કે ઘરના બધા જ સભ્યોની ભાષા એક જ હોય. જેથી એકબીજાના સમજવામાં ભૂલ ન થઇ જાય. આ જ રીતે વાહિદ



આલમી હુકુમતના માટે પણ આ વાત જરૂરી છે કે એક આંતરરાષ્ટ્રીય ભાષાની શોધ કરવામાં આવે. જેથી દુનિયામાં લોકો એકબીજાની મદદ દ્વારા પોતાની ખુશનસીબી, પ્રગતિ અને કામ્યાબીને અંતિમ કક્ષા સુધી ભોગવી શકે.

ઈસ્લામે પોતાની દૂરબીનથી આ હુકમ આપ્યો છે કે અરબી ભાષાને શીખવામાં આવે. આપણા ઉપર વાજીબ છે કે દરરોજ થોડીકવાર અલ્લાહતઆલા સાથે અરબીમાં વાતો કરીએ. (નમાઝ પઢીએ, દુઆઓ માંગીએ, કુરઆનેપાકની તિલાવત કરીએ, આ બધી અલ્લાહ સાથેની વાતો ગણાશે.) આ રીતે આ ભાષાથી સારી રીતે વાકેફ થઇ જઇએ.

પછી જે રીતે જરૂરી છે કે એક ખાનદાન, એક ફેમિલીના લોકો પોતાના ચિંતન અને માન્યતાઓમાં એકબીજાની સાથે સહમત હોય એ જ રીતે વાહિદ આલિમી હુકુમત માટે પણ જરૂરી છે કે સમગ્ર વિશ્વના લોકોનો એક મઝહબ અને એક અકીદો હોય.

વળી જે રીતે એક ફેમિલીમાં દરેક સભ્યે એકબીજાને દરગુજર કરતાં રહેવું જોઇએ, માફ કરતાં રહેવું જોઇએ, બધાએ ભાઇ ભાઇની જેમ જિંદગી વ્યતીત કરવી જોઇએ. એવી જ રીતે વાહિદ આલમી હુકુમતમાં લોકોએ એકબીજા સાથે હમદર્દી અને દરગુજરની ભાવનાથી પેશ આવવું જોઇએ. સર્વેએ એકબીજા સાથે ભાઇની જેમ વર્તણુંક કરવી જોઇએ.

આવા ઈસ્લામી અખ્લાકને આયાતે કુરઆનીનું સમર્થન પણ મળે છે.

إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ

"તમામ મોમેનીન ભાઈ ભાઈ છે." તે સાથે મોમિન ભાઈઓ સાથે હમદર્દી, મહબ્બત અને કુરબાનીથી પેશ આવનારાઓની પણ તારીફ ફરમાવી છે. આલમી હુકુમતનું સ્પષ્ટીકરણ અને શરતોનું એવી રીતે ક્રમવાર નિરૂપણ કર્યું છે કે જો એના ઉપર ઠરેલપણે અમલ કરવામાં આવે તો અદ્‌લો ઈન્સાફની આવશ્યકતા રહેતી નથી. બલકે આપમેળે જ લોકોમાં ઈન્સાફ સાથે બલિદાનની ભાવના પેદા થઈ જાય છે. કારણ કે અદાલતો અને હાઈકોર્ટ અને અદ્‌લો ઈન્સાફ ત્યારે જરૂરી છે જ્યારે લોકો દરગુજરથી કામ ન લે. એકબીજાને માફ ન કરે. બીજા ઉપર એહસાનની ભાવના છોડી દે. સમાજમાં જો ભાઈચારો, દરગુજર કરવું, મહબ્બત, માફી આપવી, ગુનાહ-ભૂલ કે નુકસાન ઉપર જાણ્યું અજાણ્યું કરી માફ કરી દેવું, જો આવું વાતાવરણ કાયમ થઈ જાય, વળી બધા જ લોકો કોઈ અપવાદ વગર પોતાની જાતને એક ખાનદાનની વ્યક્તિ, એક કુટુંબના સભ્ય, એક જ શરીરનો અવયવ સમજવા લાગે તો પછી અદ્‌લો ઈન્સાફની જરૂરત જ ક્યાં બાકી રહેશે?

પરંતુ આપણે જે એમ કહીએ છીએ કે બલકે ઈસ્લામ કહે છે કે ઈમામે ઝમાના અલયહિસ્સલામ દુનિયાને અદ્‌લ અને ઈન્સાફથી ભરી દેશે, તે એટલા માટે કે તેનાથી અગાઉ દુનિયા ઝુલમ અને અત્યાચારથી ભરાયેલી હશે.

જ્યારે લોકો એક આલમી હુકુમતની જરૂરતને ઓળખી લેશે. તેમની સંસ્કૃતિ, સભ્યતા, તેહઝીબ, શિષ્ટાચાર વગેરે પ્રગતિની ટોચ ઉપર હશે. વળી તેઓ ઈસ્લામની ઉપર પૂરી



રીતે અમલ કરવા લાગશે. તો આપમેળે જ દુનિયામાં મહબ્બત, પ્રેમ, નિખાલસતા, સુલેહ અમન, બલિદાન અને ભાઈચારાનો જોશ એમના હૃદયમાં મોજાં મારતો હશે તો ઝુલમ અને ઝાલિમ, વિશ્વાસઘાત, અને વિશ્વાસઘાતીનું અસ્તિત્ત્વ બાકી નહીં રહે. કુદરતી રીતે જ અદ્‌લ ઈન્સાફની જરૂરત રહેશે નહિ. કારણ કે અદાલતો અને ન્યાયાધીશોનું તે જમાનામાં હોવું જરૂરી છે. જ્યારે ઝુલ્મો અત્યાચારનું બજાર ગરમ હોય.

❁

**સવાલ : ૧૯**

**શું ઈસ્લામે મુસલિહે આલમની (વિશ્વની સુધારણા કરનારની) ઓળખ કરાવી છે? અને તેમના અસ્તિત્ત્વને કેટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે?**

**જવાબ : ૧૯**

જો એમ કહીએ કે ઈસ્લામમાં તૌહીદ અને કિયામતના પછી કોઈ મસઅલો આટલું મહત્ત્વ નથી રાખતો જેટલું મુસલિહે આલમની ઓળખ અને તેમનું ઊભા થવું, તથા તેમનો ઈન્તિઝાર છે. તો અમે અતિશયોકિતથી કામ નથી લીધું.

બલકે મને યકીન છે કે પાછલા બધા જ ધર્મોમાં આ મસઅલાને અસાધારણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વળી વિશ્વના બધા જ મોટા ધર્મો મેહદીએ મૌઊદ અલયહિસ્સલામ ના (જેમનો ઈન્તિઝાર કરી રહ્યા છે તે ઈમામ મેહદી અલયહિસ્સલામ) ઈન્તિઝારમાં બેઠા છે. બધા જ મઝહબો

ઈમામ મેહદી અલયહિસ્સલામની રાહ જોઈ રહ્યા છે.

કારણ કે બધા જ ધર્મોની આસમાની કિતાબોમાં બાતિલ ઉપર હકની કામ્યાબીની ભવિષ્યવાણી આપવામાં આવી છે. વળી સાથે સાથે આ ખુશખબરી પણ સંભળાવવામાં આવી રહી છે કે સાલેહ ઈન્સાનો એક દિવસ વિશ્વ ઉપર હુકુમત કરશે.

કારણ કે ઈન્સાનિયત પ્રેમ, મહબ્બત, સુકુન અને નિઃસ્વાર્થતાની જિંદગી ગુજારવાના માટે પેદા કરવામાં આવી છે. અને તેનો અસલ મકસદ આ સિવાય કંઈ નથી તો પછી અમે કહી શકીએ છીએ કે બધા જ અંબિયા અને વિશ્વના બધા જ મઝહબોના આવવાનો મકસદ મુસલિહે આલમના તશરીફ લાવવા માટેની જમીન હમવાર કરવું હતો. મતલબ આપના આગમન માટે ઈન્સાનિયતને તૈયાર કરવી. બધા જ તેમના ઈન્તિઝારમાં હતા જેથી કરીને ખુદાવંદે તઆલા તેમના પવિત્ર આગમનના માટે જેટલું મહત્ત્વ આપે તેટલું બરાબર છે.

ઈસ્લામમાં મુસલિહે આલમની ઓળખ એટલી સ્પષ્ટ રીતે, સાફ અંદાઝથી થઈ છે કે પૃથ્વીતટ ઉપરના છ અબજ ઈન્સાનોને એક જ સફમાં ઊભા કરી દેવામાં આવે અને આપની નિશાનીઓ અને વિશેષતાઓ ઈન્સાનોને સમજાવી દેવામાં આવે તો તેઓ કોઈપણ જાતની હિચકિચાહટ વગર હઝરત હુજ્જત બિન હસન અસ્કરી અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના પવિત્ર અસ્તિત્વની તરફ ઈશારો કરશે. પૃથ્વીના ઈન્સાનો ધોખો નહીં ખાય, આપને ઓળખવામાં ભૂલ નહીં કરે.

❋



**સવાલ : ૨૦**

**શું એહલે સુન્નત હઝરાત પણ હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામ મુસલિહે આલમના અસ્તિત્ત્વને તેમની તે જ વિશેષતાઓ સાથે વિશ્વાસ ધરાવે છે જેને શીયા હઝરાત માને છે.**

**જવાબ : ૨૦**

અહલે સુન્નત હઝરાત પણ ઈલ્મી દ્દષ્ટિએ પોતાની કિતાબોમાં આ વાતને સ્વીકારે છે કે હઝરત મેહદી અલયહિસ્સલામ તશરીફ લાવશે અને દુનિયાને અદ્‌લો-ઈન્સાફથી ભરી દેશે. અને એક વાહિદ આલમી હુકુમત સ્થાપિત કરશે.

તેમણે પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી સેંકડો રિવાયતો નકલ ફરમાવી છે. જેનો નીચોડ આ છે કે :

(૧) હઝરત મેહદી અલી બિન અબીતાલીબ અલયહિસ્સલામના અગિયારમાં ફરઝંદ છે.

(૨) હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના સાહિબઝાદા છે.

(૩) જ્યારે દુનિયા ઝુલમો અત્યાચારથી ભરાઈ જશે ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ કિયામ ફરમાવશે અને દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે અને વાહિદ આલમી હુકુમત કાયમ કરશે. *(કિતાબ મુન્તખબુલ આષારમાં ઉપરોક્ત ભાવાર્થની વિશ્વાસપાત્ર હદીસો મોજૂદ છે)*

અમારી વાતને સાબિત કરવા માટે બેહતરીન (શ્રેષ્ઠતમ) દ્દષ્ટાંત તેપત્રનું આપી શકાય છે કે જે પત્ર મક્કા મુકર્રમામાં રાબતએ આલમે ઈસ્લામીના પ્રમુખે કેનિયા-આફ્રીકામાં કોઈ વ્યક્તિના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તે પત્રનો જવાબ આલિમોની એક ટુકડીએ લખ્યો હતો. તેનો સારાંશ આ છેઃ

<u>પ્રશ્ન :</u> હઝરત મેહદીએ મૌઊદ મુન્તઝર હાજર છે? તેમના આક્રમણનો જમાનો કયો છે? તેઓ ક્યાંથી જાહેર થશે?

<u>જવાબ :</u> શૈખ મોહંમદ મુન્તસિર કતાની અને તેમના સાથી લખે છે કે તેઓ મોહંમદ અબ્દુલ્લાહ હસન અલવી ફાતેમીના ફરઝંદ છે. તેઓ મેહદીએ મૌઊદ છે. જેના માટે બધા જ રાહ જોઈ રહ્યા છે. તેમના જાહેર થવાનો જમાનો આખરી જમાનો છે. તેઓ કિયામતે કુબરાની એક નિશાની છે. તેઓ મક્કામાં પશ્ચિમ દિશામાંથી દેખાશે, આક્રમણ કરશે. લોકો તેમનાથી કાબાની અંદર રૂકન અને મકામે ઈબ્રાહીમની વચ્ચે બયઅત કરશે.

તેઓ ત્યારે જાહેર થશે જ્યારે સમગ્ર વિશ્વને ફસાદ અને ઝુલમે ઘેરી લીધું હશે. તેઓ દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે. એ રીતે કે તે ઝુલમો-અત્યાચારથી ભરાયેલી હશે.

તેઓ વિશ્વસ્તરે પૃથ્વીતટ ઉપર સાત વર્ષ હુકુમત



કરશે. ત્યાર પછી હઝરત ઈસા અલયહિસ્સલામ નાઝિલ થશે. અને દજ્જાલને કતલ કરશે.

તેઓ પેગંબરે ઈસ્લામના છેલ્લા અને બાર ખલીફાઓમાંથી બારમા ખલીફા છે. જેમના અસ્તિત્ત્વની પેગંબર સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે સિહાહ સિત્તાની કિતાબોમાં સાચી રિવાયતો દ્વારા ખબર આપી છે. ઘણાંબધા સહાબાએ પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની મુબારક જીભથી હઝરત મેહદી અલયહિસ્સલામના વિષયમાં અહાદીસો નકલ ફરમાવી છે.

(આ જગ્યાએ શેખ મોહંમદ મુનતસિર કતાનીએ પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના સહાબાની એક જમાતના નામો પણ લખ્યા છે. સાથે ઈમામ મેહદી અલયહિસ્સલામના ઝુહુર અંગેની હદીસોની વિશ્વાસપાત્ર સાબિત કરી છે. ત્યાર પછી તે કિતાબોના નામો લખ્યાં છે જે કિતાબો હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના વિષયમાં લખવામાં આવી છે.)

છેલ્લે લખ્યું છે :

હઝરત મેહદી અલયહિસ્સલામના ઝુહૂરના અકીદા ઉપર વિશ્વાસ રાખવો વાજિબ છે. વળી

આ અકીદો એહલેસુન્નત વલ જમાઅતના અકીદાઓમાંથી છે. તેનો ઈન્કાર કરનાર જાહિલ છે. તે બિદઅતની સિવાય કંઈપણ નથી.

આ લખ્યા પછી શેખ કતાનીએ પોતાની દસ્તખત(સહી) કરી સાથે સિક્કો પણ લગાવ્યો છે.

*(મુદીર ઈદારએ મુજતમાઅ ફિકહે ઈસ્લામી મોહંમદ અલ મુનતસિર અલ કતાની)*

(**નોંધ :** ઉપરોક્ત પ્રશ્ન અને તેની સંપૂર્ણ જવાબી કોપીની ઝેરોક્ષ લેખકની પાસે મોજૂદ છે.)

❁

**સવાલ : ૨૧**

**શું હઝરત હુજ્જત બિન હસન અલ અસ્કરી સલામુલ્લાહ અલયહ મુસલિહે કુલ પોતાની વાલિદહના બતન મુબારકથી પેદા થઈ ચૂક્યા છે? શું આ જનાબ જીવતા છે કે નથી?**

**જવાબ : ૨૧**

સ્પષ્ટ અને વિશ્વાસપાત્ર દલીલોથી સાબિત છે કે આપ પોતાની વાલિદહના બતનથી પેદા થઈ ચૂકયા છે અને આજે હયાત છે, જીવતા છે.

સેંકડો રિવાયતોમાં આવ્યું છે અને હજારો કિતાબોમાં નોંધાયેલું છે કે પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

મારા પછી મારા બાર ખલીફાઓ થશે. તેમાના અવ્વલ અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ છે અને તેમના



છેલ્લા બારમાં ખલીફા હઝરત હુજ્જત બિન હસન અલ અસ્કરી અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફ છે. તેઓ અલી બિન અબીતાલિબ અને ફાતેમા ઝેહરા અલયહસ્સલામના નીચેની તરતીબ પ્રમાણે ૧૨ ઈમામો છે. આપની વાલિદહનું નામ જનાબ નરજિસ છે.

**حضرت امام على عليه السلام**
હઝરત ઈમામ અલી (અલ.)

**حضرت امام حسن عليه السلام**
હઝરત ઈમામ હસન (અલ.)

**حضرت امام حسين عليه السلام**
હઝરત ઈમામ હુસૈન (અલ.)

**حضرت امام زين العابدين عليه السلام**
હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)

**حضرت امام محمد باقر عليه السلام**
હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલ.)

**حضرت امام جعفر صادق عليه السلام**
હઝરત ઈમામ જઅફરે સાદિક (અલ.)

**حضرت امام موسى كاظم عليه السلام**
હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલ.)

**حضرت امام على رضا عليه السلام**
હઝરત ઈમામ અલી રઝા (અલ.)

**حضرت امام محمد تقى عليه السلام**
હઝરત ઈમામ મોહમ્મદ તકી (અલ.)

**حضرت امام على نقى عليه السلام**
હઝરત ઈમામ અલી નકી (અલ.)

**حضرت امام حسن عسكرى عليه السلام**
હઝરત ઈમામ હસન અસ્કરી (અલ.)

**حضرت امام مهدى آخر الزمان عليه السام**
હઝરત ઈમામ મેહદી આખરૂઝ્ઝમાં (અલ.)

કોઇ મુસલમાને ઉપરોક્ત ૧૨ ઈમામોનો ઈન્કાર નથી કર્યો. તે લોકો સિવાય જેઓ અહાદીસની કિતાબોની જાણકારી નથી ધરાવતા. વળી તેઓને કુરઆની આયાતનું જ્ઞાન પણ હોતું નથી.
(કિતાબ "અલ મેહદી" મુન્તખબુલ આષાર, અને યનાબેઉલ મવદ્દત વગેરેમાં આ રિવાયતો મોજૂદ છે.)

❊

**સવાલ : ૨૨**

**આપ બતાવી શકો છો કે હઝરત વલીએ અસ્ર અરવાહોના ફિદાહુના વાલીદહ કોણ હતાં. અને હઝરત ઈમામ હસન અસકરી(અલ.)થી એમની શાદી કેવી રીતે થઈ?**

**જવાબ : ૨૨**

બશર બિન સુલયમાન બરદહ ફરોશ. જે અબુ ઐયુબ અનસારીની નસલમાંથી હતો. સામરામાં ઈમામ હસન અસકરી અલયહિસ્સલામની પડોશમાં રહેતો હતો. તે કહે છે કે એક દિવસ ઈમામનો ગુલામ કાફૂર મારી પાસે આવ્યો, અને કહ્યું ઈમામ તમને બોલાવી રહ્યા છે.

હું તરત જ ઈમામની ખિદમતમાં હાજર થયો. આપે ફરમાવ્યું : અય બશર! તુ અમારા બલકે અમારા બાપદાદાઓના દોસ્તોમાંથી છે. અહીં સુધી કે તારી અવલાદ પણ અમારી અને અમારા ખાનદાનની દોસ્ત રહી છે. તુ અમારા માટે વિશ્વાસપાત્ર માણસ છે. ઈચ્છા ધરાવું છું કે તને એક રાઝની વાત (ભેદની વાત) કહું. જેના કારણે તું બાકીના



શીયાઓમાં ઊંચો દરજ્જો પામશે.

હું આ સાંભળીને ઘણો જ ખુશ થયો. મેં જનાબનો શુક્રિયા અદા કર્યો.

આપે મને રૂમી ભાષામાં એક સુંદર પત્ર લખી તેને બંદ કરીને મને આપ્યો. સાથે પીળા રંગની એક થેલીમાં ૨૨૦ અશરફી પણ લાવીને આપી જે સીલબંધ હતી. ફરમાવ્યું તમે બગદાદ જાઓ. ફલાણા દિવસે સવારના બગદાદના પુલ ઉપર હાજર રહેશો. જે પહેલી હોડી કેદીઓને લઈને આવશે તો તમે જોશો કે બની અબ્બાસના અમીરોની ત્યાં ભીડ થઈ જશે. કેટલાક માલદાર અરબ યુવાનો કનીઝ ખરીદવા માટે આવ્યા હશે. તેઓની વચ્ચે એક વ્યક્તિ જેનું નામ અમર બિન ઝયદ હશે, તે એક કનીઝ વેચવા માટે તૈયાર હશે.

તે કનીઝની આ વિશેષતાઓ હશે.

તે રેશમના બે પોશાક પહેરેલી હશે, તે પોશાકથી પોતાના આખા શરીરને ઢાંકીને અલગ બેઠી હશે.

તે ગુલામો જે વેચવા માટે લવાયા છે તેમની વચ્ચે ઊભી ન હશે.

તે પોતાને કેદ કરવા ઉપર રોક્કળ અને ફરિયાદ કરતી હશે.

રૂમી ભાષામાં પડદામાં રહીને પોતાની પરેશાની જાહેર કરતી હશે.

તે કહી રહી હશે કે તમે મને બાજારની વચ્ચે લાવીને ઊભી કરી દીધી. મારી ઈઝ્ઝતનો તો કંઇ ખ્યાલ કરો.

એક વ્યક્તિ તેને તેની પાકીઝગી અને વિવેકીપણાના

કારણે ત્રણસો દીનારમાં ખરીદવા ઈચ્છતો હશે. તે કહી રહી હશે કે તુ હઝરત સુલયમાન અલયહિસ્સલામ જેટલી જાહોજલાલી પણ ધરાવતો હોય તો પણ હું તારી સાથે આવીશ નહિ. તારી દવલત તારી પાસે રહેવા દે.

જે કનીઝ વેચનાર હશે તે કહેવા લાગશે તો પછી હું શું કરૂં? તું ગમે તેવી છે મારે તો તને વેચવાની જ છે. કનીઝે કહેશે તું જલ્દી ન કર મારો ખરીદાર પેદા થઇ જશે. તે સમયે તુ તે વેચનારની પાસે જઇને કહેજે કે હું શહેરના શરીફ લોકોમાંથી એક વ્યક્તિનો પત્ર રૂમી ભાષામાં લાવ્યો છું. તે પત્ર કનીઝને બતાવજે અને ખરીદી લાવજે. તે તરત જ વેચવા તૈયાર થઇ જશે.

બશર બિન સુલયમાન કહે છે કે મેં હઝરતે ફરમાવ્યું હતું કે તેવું જ મેં કર્યું જ્યારે પેલી કનીઝની દૃષ્ટિ તે પત્ર પર પડી તો એકદમ રડવા લાગી. પછી ઉમર બિન ઝયદ તરફ દૃષ્ટિ કરીને કહેવા લાગી મને આ પત્ર લખનારને ત્યાં વેચી દે. કસમ ખાવા લાગી કે જો તેં મને તેમના હાથ ન વેચી તો હું રડી રડીને મરી જઇશ.

મેં ગુલામોનો વેપાર કરનારાથી આ કનીઝની કિંમતના વિષયમાં પુછ્યું તો તે તે જ રકમ ઉપર રાજી થઇ ગયો જે ઈમામ હાદી અલયહિસ્સલામે મારા હવાલે કરી હતી. હું તે કનીઝને ખરીદીને મારી સાથે લઇ આવ્યો. તે ઘણી જ ખુશ હતી. તેણે બે વખત પેલા પત્રને પોતાના ખિસ્સામાંથી કાઢી તેને ચૂમ્યો પછી આંખો ઉપર લગાવ્યો.

મેં કહ્યું કે પત્ર લખનારને તો આપ ઓળખતાં નથી અને



તેને આંખો ઉપર લગાવી રહ્યાં છો.

કહેવા લાગ્યાં કે તમને ખબર નથી આ એક કિસ્સો છે. તમે કહો તો સંભળાવું. મેં કહ્યું જરૂર સંભળાવો.

કહેવા લાગ્યાં હું કૈસરે રોમના દીકરાની દીકરી છું. મારા દાદા રોમના બાદશાહ છે. મારી મા હઝરત ઈસા અલયહિસ્સલામના વસી શમઉનની અવલાદમાંથી છે.

એક દિવસ મારા દાદા કૈસરે રોમે વિચાર્યું કે મારી શાદી પોતાના ભત્રીજા સાથે કરી દે. ત્યારે મારી ઉમર ૧૩(તેર) વર્ષ હતી. શાદીનો ઉત્સવ ઘણી જ ધામધૂમથી મનાવવામાં આવ્યો.

હઝરત ઈસા અલયહિસ્સલામના હવારીઓની અવલાદમાંથી ૩૦૦(ત્રણ સો) રાહિબ અને પાદરીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભદ્ર અને સજ્જન મહાશયોમાંથી ૭૦૦(સાત સો) વ્યક્તિઓ, ધનાઢ્ય લોકોમાંથી ૪૦૦ (ચાર સો) વ્યક્તિ મોજૂદ હતા.

એક તખત અમારા જુલુસ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં પ્રકાર પ્રકારના ઝવેરાત જડવામાં આવ્યા હતા. મારો મંગેતર તખત ઉપર મારી પાસે બેઠો. હવે નિકાહની પ્રક્રિયા શરૂ જ થવાની હતી, કે અચાનક એવો ધરતી કંપ થયો કે તમામ સુલેબો તૂટી ગઇ. તખતના પાયા તૂટી ગયા દુલ્હો બેહોશ થઇને જમીન ઉપર પડી ગયો.

પાદરીઓના હોશ ઊડી ગયા. તેઓ ધ્રુજવા લાગ્યા. પાદરીઓના મોટા પોપે કૈસરે રૌમને કહ્યું : જે મારા દાદા થતા હતા. અય બાદશાહ! મને માફ કરો કે ફરી વખત

આવી પરિસ્થિતિ ઊભી થાય અને હું તે જોઉં. આ તો હકીકતમાં દીને મસીહ અને તમારી બાદશાહતની પડતીની નિશાની છે.

મારા દાદાએ પણ આ ઘટનાને ખરાબ ફાલ માન્યો. પરંતુ બીજા વખત શાદીની રસમ પૂરી કરવાનો પાદરીઓને હુકમ આપ્યો. પરંતુ બીજા વખત પણ આ જલસાની આ જ હાલત થઈ.

મેં તે જ રાતે ખ્વાબમાં જોયું કે હઝરત ઈસા અલયહિસ્સલામ અને તેમના વસી શમઉન, અને હઝરત ઈસા અલયહિસ્સલામના કેટલાક હવારીઓ મારા દાદા કૈસરે રૂમના મહેલમાં એકત્ર થયા છે. તખતની જગ્યાએ નૂરનો મિમ્બર રાખેલો છે. એમ માલૂમ પડતું હતું કે આ લોકો કોઈકની રાહ જોઈ રહ્યા છે.

હજી વધારે સમય લાગ્યો ન હતો કે મેં જોયું કે હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને આપના દામાદ હઝરત અલી અલયહિસ્સલામ અને તેમના ફરઝંદો તશરીફ લાવ્યા.

હઝરત ઈસા અલયહિસ્સલામે તેમનું સ્વાગત કર્યું હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને હઝરત અલી અલયહિસ્સલામની સાથે મુઆનેકા (ગળે ભેટવું) કર્યો. થોડીકવાર પણ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે હઝરત ઈસા અલયહિસ્સલામને સંબોધીને ફરમાવ્યું : યા રૂહુલ્લાહ! હું આપના વસીની બેટીને (મારી તરફ ઈશારો કર્યો) મારા ફરઝંદના (હઝરત ઈમામ



હસન અસ્કરી અલયહિસ્સલામની તરફ ઈશારો કર્યો) માટે માંગવા આવ્યો છું.

હઝરત ઈસાએ શમઊનની તરફ મોં ફેરવ્યું પછી કહ્યું: તમારી તરફ શરાફત, ઈઝ્ઝત અને ખુશનસીબી આવી છે. આ રિશ્તાને આગળ વધીને કબૂલ કરો. તેમણે કહ્યું મને મંજૂર છે.

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ નૂરના મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા. પછી નિકાહનો ખુત્બો પઢ્યા. આ રીતે મારી શાદી પોતાના ફરઝંદ સાથે ફરમાવી દીધી. હઝરત ઈસા અને પોતાના ફરઝંદોને તેના ગવાહ બનાવ્યા.

હું જ્યારે નીંદથી જાગૃત થઈ તો ભયના કારણે મારા ખ્વાબનું વર્ણન કોઈની સમક્ષ ન કર્યું. ન દાદાની સમક્ષ કે ન વાલિદની સમક્ષ. તે રાતથી જ મારૂં દીલ હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામની મહબ્બતથી ભરપૂર હતું. તેમની મહબ્બતમાં મારૂં ખાવા-પીવાનું છૂટી ગયું. ધીમે ધીમે પતલી અને છેવટે બીમાર પડી ગઈ. મારા દાદા કૈસરે રોમે સારા સારા હકીમો અને વૈદોને બોલાવ્યા. તેઓએ જે કંઈ દવાઓ આપી બેકાર સાબિત થઈ.

એક દિવસ મારા દાદા મને કહેવા લાગ્યા. બેટા! તારી આ કેવી હાલત થઈ ગઈ છે. જે કંઈ પણ તારા હૃદયમાં છે તે અમને કહી દે. જેથી હું તારી ઈચ્છા પૂરી કરી શકું.

મેં કહ્યું કે દાદાજાન જો આપ મુસલમાન કેદીઓને છૂટા કરી દો તો કદાચ હઝરત ઈસા અલયહિસ્સલામ અને હઝરત

મરિયમ અલયહસ્સલામ મને શિફા ફરમાવે. દાદાએ મારી વાત માની લીધી. પછી કુદરતી જ મારૂં થોડું થોડું ખાવાનું ચાલુ થયું. દાદા ઘણાં જ ખુશ થયા. પછી તો મુસલમાનો સાથે વધુ નરમાશભર્યું અને એહસાનભર્યું વર્તન કરવા લાગ્યા.

લગભગ ચૌદ(૧૪) રાતો વીતી હશે કે એક રાતના મેં જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા સાથે હઝરત મરિયમ અલયહસ્સલામ અને બેહિશ્તની હૂરો મારી બીમારપુરસી માટે આવી છે. હું રડવા લાગી. તેમનો દામન પકડીને કહ્યું: હઝરત અસ્કરી અલયહિસ્સલામ બીજા વખત મને મળવા કેમ નથી આવતા?

ફરમાવ્યું તેઓ તમને જોવા એટલા માટે નથી આવતા કે હજી પણ ઈસાઈ છો. જો તમે ઈચ્છતી હોય કે અલ્લાહતઆલા અને હઝરત ઈસા અને હઝરત મરિયમ તમારાથી રાજી થઈ જાય અને મારા ફરઝંદ હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ તમને મળવા આવે તો તમે ઈસ્લામની શહાદત આપો અને મુસલમાન થઈ જાઓ.

મેં તરત જ શહાદતૈન પઢી અને મુસલમાન થઈ ગઈ. હઝરત ઝહેરા સલામુલ્લાહ અલયહાએ મને પોતાના બાહોંમાં સમાવી લીધી. છાતી સરસી લગાવી દીધી. હવે તો મારી તબીયત સદંતર સારી થઈ ગઈ. જનાબ સૈયદાએ મને ફરમાવ્યું આજ રાતે તૈયાર રહેજો. મારા ફરઝંદ ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ તમને મળવા માટે આવશે.

તે જ રાતે હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ મારા સ્વપ્નમાં આવ્યા. મેં પાછલા દિવસોની ફરિયાદ કરી



કહ્યું: અય મેહબૂબ! હું આપના વિયોગમાં હલાક થઈ ગઈ હતી.

આપે ફરમાવ્યું : મારૂં ન આવવું ફક્ત આપના ધર્મના કારણે હતું. હવે જ્યારે તમે ઈમાન લઈ આવ્યાં છો તો દરરોજ રાત્રે તમને મળવા આવ્યા કરીશ. જ્યાં સુધી કે આ વિયોગ મિલનમાં ન બદલાઈ જાય.

અલ્હમ્દોલિલ્લાહ! તે રાતથી આજ સુધી કોઈ રાત પણ એવી નથી પસાર થઈ કે ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ મારા સ્વપ્નમાં ન આવ્યા હોય.

બશર બિન સુલયમાન કહે છે કે મેં તેમને પૂછ્યું કે આપ કેદીઓની વચમાં કેવી રીતે ઘેરાઈ ગયાં?

કહેવા લાગ્યાં કે એક રાત સ્વપ્નમાં હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામે ફરમાવ્યું કે ફલાણા દિવસે તમારા દાદા મુસલમાનો સાથે જંગ કરવા માટે પોતાનું લશ્કર મોકલવાના છે. તમે પણ સંતાઈને કનીઝોની સાથે ભળી જશો. કનીઝો સાથે ખિદમતગાર બનીને જોડાઈ જજો. ઓળખ છુપાયેલી રાખશો.

મેં એમ જ કર્યું. કનીઝોની સાથે ભળી ગઈ. જે રોમન લશ્કરની ખિદમત કરવા માટે સાથે ગઈ હતી. કનીઝોની ટોળી લશ્કરની આગળના હરોળમાં હતી. અચાનક મુસલમાનોના લશ્કરની આગળ ગશ્ત કરનારા સૈનિકોને આ વાત જાણ થઈ ગઈ કે પ્રથમ ટુકડી કનીઝોની છે. તેમણે આગળ વધીને અમોને કેદ કરી લીધી. પછી અહીં લઈ આવ્યા. અહીં સુધી કે આજે મને હઝરત હાદી

અલયહિસ્સલામનો પત્ર મળ્યો જે આપે મને પહોંચાડ્યો. હજી સુધી તો મેં કોઇ વ્યક્તિને પણ નથી જણાવ્યું કે હું કૈસરે રૂમની બેટી છું. આ ઉમરરસીદહ(વૃદ્ધ, પાકી ઉમરનો) વ્યક્તિ જેની જવાબદારીમાં હું જંગના ગનીમતના માલ તરીકે સોંપવામાં આવી છું. મને પૂછવા લાગ્યા તમારૂં નામ શું છે? મેં જવાબ આપ્યો, નરજિસ.

કહેવા લાગ્યા આ તો કનીઝોનું નામ છે.

બશર કહે છે કે મેં પૂછ્યું આપે અરબી ભાષા ક્યાંથી શીખી? કહેવા લાગ્યાં મારા દાદાએ મારી તાલીમ તરબિયતની વ્યવસ્થા ઘણી જ ઉમદા તરીકાથી કરી હતી. મારા શિક્ષણ-પ્રશિક્ષણ માટે ઘણી મેહનત કરી હતી. જુદી જુદી ભાષાઓ જાણનારી સ્ત્રીઓને મારી ઉસ્તાદની તરીકે નિયુક્ત કરી હતી. તેઓએ મને અરબી ભાષા પણ શીખવી.

બશર કહે છે કે જ્યારે હું તેમને લઇને સામરા ઈમામ અલી નકી અલયહિસ્સલામની સેવામાં પહોંચ્યો તો આપે જનાબ નરજિસ સલામુલ્લાહ અલયહાને ફરમાવ્યું કે હું તમને રૂનુમાઇ માટે (મોં જોવું-તે નકદ રકમ કે વસ્તુ ઘરેણાંનો તોહફો જે દુલહનને તેનું મોં જોવાના વખત આપવામાં આવે છે. આ એક રસમ છે આપણે તેને 'સલામી' કહીશું.-અનુવાદક) શું આપું? શું હું તમને ૧૦(દસ) હજાર દિરહમ આપું કે એક મહાન ખુશખબરી સંભળાવું.

વિનંતી કરી. આપ મને ખુશખબરી સંભળાવો. ફરમાવ્યુંઃ તમને ખુશખબરી સંભળાવું છું કે બહું જ જલ્દી અલ્લાહ તમને એક ફરઝંદ આપશે જે વિશ્વના પૂર્વ અને



પશ્ચિમનો માલિક હશે. તે વિશ્વને અદ્લો ઈન્સાફથી ભરી દેશે જેટલું કે તે ઝુલમો અત્યાચારથી ભરેલું હશે.

વિનંતી કરી કે આ ફરઝંદ મને કયા પતિથી મળશે? હઝરત ઈમામ હાદી અલયહિસ્સલામે ફરમાવ્યું તે વ્યક્તિથી જેમની સાથે પેગંબરે ઈસ્લામે ફલાણી રાતે, ફલાણા મહિનામાં અને ફલાણાં વર્ષમાં તમારી માંગણી કરી હતી. તે રાતે હઝરત ઈસા બિન મરિયમે અને તેમના વસીએ તમારા નિકાહ કોની સાથે કર્યા હતા?

કહ્યું : આપના ફરઝંદ હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામથી ફરમાવ્યું : તેમને ઓળખો છો?

વિનંતિ કરી તેમને કેવી રીતે ન ઓળખું? જે રીતે હઝરત ફાતેમા ઝહેરા સલામુલ્લાહ અલયહાના હાથ ઉપર હું મુસલમાન થઇ હતી કોઇ રાત એવી નથી પસાર થઇ કે તેઓ મારી મુલાકાતે ન આવ્યા હોય.

દસમા ઈમામ હઝરત અલી નકી અલયહિસ્સલામે પોતાના ગુલામ કાફૂરને ફરમાવ્યું, મારી બહેન હકીમાને કહો કે મારી પાસે આવે. જ્યારે તે ખાતૂન મોહતરમા તશરીફ લાવ્યાં ત્યારે હઝરત ઈમામ અલી નકી અલયહિસ્સલામે ફરમાવ્યું આ તે જ દુખ્તર(દીકરી) છે જેના વિષયમાં અમે તમને કહ્યું હતું.

હકીમા ખાતૂન તેમને જોઇને ઘણાં ખુશ થયા પછી ગળે લગાવ્યાં. હઝરત ઈમામ અલી નકી અલયહિસ્સલામે હઝરત હકીમાથી ફરમાવ્યું : બહેન તમે આ દીકરીને તમારા ઘેર લઇ જાઓ અને ઈસ્લામના મસાઇલ અને અહકામાતની તાલીમ

આપો. આ મારા ફરઝંદ હસન અલયહિસ્સલામની ઝવજા છે અને કાએમ આલે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહિ વસલ્લમની વાલિદહ છે.
(કિતાબ "મેહદી મૌઊદ" થી ઉપરોક્ત બધી જ ઈબારત થોડાક ફેરફાર સાથે લેવામાં આવી છે.)

❁

**સવાલ : ૨૩**

**કેવી પરિસ્થિતિમાં અને કયા ઝમાનામાં હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામનો જન્મ થયો?**

**જવાબ : ૨૬**

હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ ૧૫ શાબાન ૨૫૫ હિજરી કમરીના(કમરીના એટલે ચાંદના હિસાબે) પોતાના વાલિદ હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ અને પોતાની વાલિદહ હઝરત નરજિસ ખાતૂનથી પેદા થયા. આપની જન્મની પરિસ્થિતિ આ હતી.

આ સમગ્ર ઘટનાને વર્ણન કરનાર હકીમા ખાતૂન જેઓ હઝરત ઈમામ મોહંમદ તકી અલયહિસ્સલામના દીકરી છે. અને હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલમના ફોઈ થાય છે. તે કહે છે કે ૧૫ શાબાન હિજરી ૨૫૫ના હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામે મને બોલાવી. પછી ફરમાવ્યું કે આજે ૧૫મી શાબાન છે. ઈફતાર મારી સાથે કરજો. આજે ખુદાવંદે તઆલાની રહમતથી એક દીકરાનો જન્મ થવાનો છે. જે સમગ્ર જમીન ઉપર તેની દલીલ છે. વિનંતી કરવામાં આવી. તેની વાલિદહ કોણ છે?



ફરમાવ્યું : નરજિસ

તરત જ હું નરજિસની સેવામાં ગઈ, સલામ કરી. બેસી ગઈ. તેમણે ઈચ્છ્યું કે હું રાતનો પોશાક પહેરી લઉં. મારી જુતીઓ ઊતારી. અને મને કહેવા લાગ્યાં. શહેઝાદી શબ-બખૈર. હવે સૂઈ જાઓ.

મેં કહ્યું નરજિસ ખાતુન! મારી અને મારા ખાનદાનની શહેઝાદી આપ છો. ફરમાવ્યું : હું કંઈ અને આ ઈઝ્ઝતવાળો મકામ મારા માટે કેવી રીતે?

મેં કહ્યું : જાને અઝીઝ! આજે રાતે ખુદાવંદે તઆલા તમને એક દીકરો આપશે. તે દુનિયા આખેરતનો સરદાર હશે.

આ સાંભળીને નરજિસ ખાતુને શરમના માર્યા પોતાનું માથું નીચું કરી લીધું પછી એક ખૂણામાં જઈને બેઠાં. મેં નમાઝે મગરિબૈન અદા ફરમાવી. ઈફતાર કર્યો. પછી વલીયે ખુદા આવવાની મુન્તઝિર રહી. પરંતુ કંઈ પણ વાત બની નહિ. અહીં સુધી કે સવારે નમાઝે શબ પઢવા માટે ઊઠી જોયું તો હઝરત નરજિસ હજી સૂઈ રહ્યાં છે. વળી હમલના બહાર આવવાની કોઈ નિશાની એમનામાં દેખાતી નથી. નમાઝે શબ અદા ફરમાવીને હું થોડીવાર માટે ફરીથી સૂઈ ગઈ. પરંતુ તરત જ ઊઠી ગઈ. જોયું હજીય તો હઝરત નરજિસ સૂઈ રહ્યા હતાં. હું તો વિચારમાં પડી ગઈ ઈમામે આખર કેવી રીતે કહી દીધું કે આજે રાત્રે તેમને ફરઝંદ પેદા થશે.

મારા વિચાર અને ઈમામના ફરમાન એક સાથે ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામની અવાજ આવી, આપ

ફરમાવી રહ્યા હતા, કે અમ્મા(ફોય) આશ્ચર્ય ન કરો કારણ કે મારા ફરઝંદના પેદા થવાનો વખત નજીક છે.

મેં જ્યારે હઝરતની અવાજ સાંભળી તો સૂરએ અલીફ લામ મીમ સિજદહ પઢવામાં મશગુલ થઇ ગઇ. પછી સૂરએ યાસીન પઢી રહી હતી. તે જ વખતે મેં જોયું તો હઝરત નરજિસ ઊંઘમાંથી જાગી રહ્યાં હતાં, બેચૈન પણ દેખાતાં હતાં. હું તેમની પાસે ગઇ, પૂછ્યું કે કંઇ અનુભુતિ થઇ રહી છે? કહેવા લાગ્યાં જી હાં.

મે કહ્યું પોતાના દીલને મઝબૂત રાખો. આ નવજાત શિશુ તે જ છે. જેમની તમને ખુશખબરી આપવામાં આવી છે. ત્યાર પછી અમે બંને સૂઇ ગઇ. મને તો ઊંઘ આવી ગઇ હતી. જ્યારે ઊઠી જોયું તો એક બાળક પેદા થઇ ચૂક્યું છે. વળી પોતાનો ચેહરો જમીન ઉપર રાખીને સજદો કરી રહ્યા છે.

તે ચાંદના ટુકડાને ગોદમાં ઊઠાવી લીધો. જોયું તો બીજા બાળકોના જેવી બધી જ ગંદકીઓથી આ બાળક પાક હતું.

વળી પછી હઝરત હસન અસ્કરી અલયહિસ્સલામે પોતાના રૂમમાંથી અવાજ આપી કે અમ્મા જાન(ફોયમા) મારા ફરઝંદને મારી પાસે લાવો. હું તેમને ઇમામની પાસે લઇ ગઇ. ઇમામ અલયહિસ્સલામે બાળકની પીઠ પાછળ હાથ રાખ્યો, અને તેના પગો પોતાના સીના મુબારક ઉપર ટેકવ્યા પોતાની ઝબાન તેમના મોંમાં આપી. પોતાના હાથ તેમના આંખ, કાન અને શરીર મુબારક ઉપર ફેરવ્યા. પછી



ફરમાવ્યું મારા બેટા, મારી સાથે વાતો કરો.

તો બાળકે જીભ ખોલી અને પઢ્યા.

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰه

ત્યાર પછી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ અને અઇમ્મએ અત્હાર અલયહેમુસ્સલામ ઉપર સલવાત અને સલામ મોકલ્યા, જ્યારે પોતાના વાલિદ સાહેબના નામ પર પહોંચ્યા તો આંખો ખોલી અને સલામ કહ્યા. પછી હઝરત હસન અસ્કરી અલયહિસ્સલામે ફરમાવ્યું: અમ્માજાન! એમને વાલિદહ પાસે લઇ જાઓ. જેથી તેમને પણ સલામ કરે, પછી મારી પાસે પાછા લાવો. હું તેમની વાલિદહની પાસે લઇ ગઇ તેમણે આંખો ખોલી પછી પોતાની વાલિદહને પણ સલામ કરી. વાલિદહએ સલામનો જવાબ આપ્યો. પછી બાળકને મને પાછો આપ્યો. હું તેમને તેમના પિતાજી પાસે લઇ ગઇ. તેમને સોંપી દીધો.

**સવાલ : ૨૪**

**જો હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામ જીવતા છે તો આપણે તેમને કેમ જોઇ શકતા નથી?**

**જવાબ : ૨૪**

આ વાતની ખબર તો નથી કે આપણે તેમને કેમ જોઇ શકતા નથી. પરંતુ આ વાતની શક્યતા વધુ છે કે જો તેઓ હઝરત ક્યાંક મોજૂદ હોય, અને લોકો તેમની ચારે તરફ હોય તો તેમને લોકો જોતા હશે.

પરંતુ આ વાત પણ શક્ય છે કે તેઓને આપણે ઓળખી ન શકીએ. હકીકતમાં ગયબતનો અર્થ આ નથી કે આપનું શરીર મુબારક ક્યાંક હોય અને લોકો તેમને જોઇ ન શકે. બલકે આપ હઝરતની ગયબતનો અર્થ આ છે કે આપના સિફાત (ગુણો) અને ખુસુસિયાત (વિશેષતાઓ) છુપાયેલાં હોય જેના પરિણામરૂપે લોકો આપને ન ઓળખી શકે, આપની ઓળખ ન થઇ શકે.

આ લાંબી જિંદગીમાં શક્ય છે કે આવું બન્યું હોય વર્ષોના વર્ષો આપ અલયહિસ્સલામ કેટલાક લોકોની વચ્ચે રહ્યા હોય અથવા તેમની મુજાવેરતમાં(પડોશમાં) તેમના વચ્ચે રહ્યા હોય. પરંતુ તેઓમાંથી કોઇપણ આપ અલયહિસ્સલામને હઝરત મેહદીએ મુન્તઝિરની હૈસિયતથી ન ઓળખતા હોય. વળી આપના પાક જિસ્મને જોતા પણ હોય અને આપ અલયહિસ્સલામની સાથે વાતચીત પણ કરતા હોય.

અહીં સુધી શક્ય છે કે બલકે યકીન સાથે પણ કહી શકાય છે કે આપ અલયહિસ્સલામ મોટા મોટા શહેરોમાં અને જુદા જુદા દેશોમાં વર્ષોના વર્ષો ઘરબાર સાથે રહેતા હોય. બીબી-બચ્ચાં પણ હોય. તે મુલક કે શહેરના સમાજ ઉપર ઇસ્લામી અને અખ્લાકી પ્રભૂત્ત્વ પણ ધરાવતા હોય. પછી જ્યારે એક અસાધારણ વ્યક્તિ તરીકે પોતાની ઓળખાણ થઇ ગયાની આશંકા પેદા થાય ત્યારે પોતાના રહેઠાણની જગ્યા ફેરફાર કરી નાખી હોય.



આ સિવાય હઝરત હુજજત બિન હસન અલયહિસ્સલામ અપાર ઇલ્મના માલિક છે. જેથી અક્કલની દૃષ્ટિએ એમના માટે આસાન છે જેનો તેઓ ઇરાદો કરે. અથવા તો પછી એવા કાર્યો ન કરે જેના દ્વારા લોકો આપને ઓળખી લે.

(અનેક ઘટનાઓ સાંભળી, અનેક કિતાબોમાં વાંચી, કોઇક તો અનુભવી પણ છે. લોકોના મોઢે નામ વગરના કોઇક બુઝુર્ગ આવ્યા, કોઇ બુઝુર્ગ મળ્યા, કોઇ બુઝુર્ગ પાસે રહેતા હતા. કોઇ બુઝુર્ગની રસ્તામાં મુલાકાત થઇ, કોઇ બુઝુર્ગની મસ્જિદમાં મુલાકાત થઇ. આવી તો સેંકડો ઘટનાઓ લખાયેલી છે. એનાથી વધારે ઇન્સાનોના મોઢે છે. વધતી પણ જાય છે. કેટલીક ઘટનાઓમાં તો આવા બુઝુર્ગ સાથે જ રહેતા હોય. જેને ત્યાં જમતા હોય તેની મુસીબત ઉપર સહી રસ્તો બતાવી, તેના ખોવાયેલા એકના એક પુત્રની જગ્યા બતાવી. મૃત્યુ શય્યા ઉપર સૂતેલી બીમાર વ્યક્તિની જેને કોઇ દવા લાગુ ન પડતી હોય તેની દવા બતાવી. ઘર છોડી ચાલતા થઇ જાય છે. મુશ્કેલી દૂર થતાં, પુત્રનો પત્તો મળતાં, કે બીમાર તંદુરસ્ત થતાં તે બુઝુર્ગની શોધાશોધ થાય છે. ખબર મળે છે કે હજી કાલથી જ તેઓ દેખાતા નથી. શક્ય છે તેઓ ઇમામે ઝમાના અજજલલ્લાહો તઆલા ફરજહુશ શરીફ જ હોય. - ઇબ્રાહીમ બી. પટેલ)

**સવાલ : ૨૫**

**જ્યારે કે આપણે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુને નથી જોઈ શકતા, અથવા આપને ઓળખતા નથી તો પણ આપના અસ્તિત્ત્વનો ફાયદો શું?**

**જવાબ : ૨૫**

પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહિ વસલ્લમ અને અઈમ્મએ અત્હાર અલયહેમુસ્સલામની ઘણી બધી હદીસોમાં આવ્યું છે કે જ્યારે આ પ્રશ્ન તે બુઝુર્ગોને કરવામાં આવ્યો તો તેઓએ ફરમાવ્યું :

ફાયદો આ પ્રકારનો છે કે જેવી રીતે સુરજ વાદળોની પાછળ રહીને ફાયદો પહોંચાડે છે, આવી અનેક રિવાયતોમાંથી એક રિવાયત આ છે.

જાબિર જુઅફીએ જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી નકલ કર્યું છે કે તેમણે કહ્યું :

મેં પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી પ્રશ્ન કર્યો કે શીઆ ગયબતના જમાનામાં હઝરત કાએમ અલયહિસ્સલામના વુજૂદથી ફાયદો ઊઠાવી શકશે કે નહિ?

આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : હાં, તેની કસમ! જેણે મને પેગંબરી બક્ષી છે. તેમની ગયબતમાં શીઆ તેમનાથી ફાયદો ઊઠાવશે. તેઓની વિલાયતના નૂરને ગ્રહણ કરશે. જેવી રીતે વાદળ જ્યારે સૂરજની સમક્ષ આવી જાય છે. ત્યારે પણ લોકો સૂરજથી ફાયદો ઊઠાવે છે.



હઝરત બકીય્યતુલ્લાહ સલવાતુલ્લાહો અલયહ માટે આ ઘણું ઉમદા દૃષ્ટાંત છે.

(૧) જેવી રીતે સૂરજ વાદળની પાછળ ચાલ્યો જાય છે. દૃષ્ટિમાન નથી થતો. પરંતુ એના સર્જનનો જે હેતુ છે તેની અસરો સમગ્ર સૃષ્ટિના કણેકણ ઉપર પડતી હોય છે. સૂરજનું નૂર સૃષ્ટિના નાનામાં નાના કણને અસર કરે છે. સમગ્ર સૃષ્ટિ તેના અસ્તિત્ત્વથી ભલે તે સૂરજ વાદળની પાછળ ઢંકાયેલો કેમ ન હોય, ફાયદો ઊઠાવે છે. પોતાની ભૌતિક પ્રગતિ અને સુંદરતા પ્રાપ્ત કરે છે. એ જ રીતે બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુ તમામ સૃષ્ટિ પર વિલાયતે તકવીની ધરાવે છે. વિલાયતનો બોજ આપના માથા ઉપર હોય છે. અલ્લાહ ઈચ્છે છે અલ્લાહના સિવાય આ જનાબના ઈરાદાથી વસ્તુઓનું નિર્માણ થાય, તેનો વૃદ્ધિ વિકાસ થાય, અને આપ ખલ્ક અને ખાલિક દરમ્યાન વાસ્તો બને, કાએનાત (વિશ્વ) આપની બરકતથી રોજી મેળવે. તમામ વિશ્વ આપના અસ્તિત્ત્વથી ફાયદો ઊઠાવે.

(૨) સૂરજ આસમાનમાં એક જગ્યાએ વાદળની પાછળ રહે છે પરંતુ તેનો પ્રકાશ દરેક વસ્તુ ઉપર પ્રભાવિત રીતે પડે છે. લોકો તો લોકો પરંતુ વનસ્પતિ, ખનીજ સંપતિ, બધા જ વિકાસ પામે છે. ફાયદો ઊઠાવે છે. એ જ રીતે બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનું પવિત્ર શરીર ભલે જમીનના કોઈ એક ભાગ ઉપર હોય છે. અને ઓળખવામાં આવતા નથી કોઈ પેહચાની શકતું નથી. પરંતુ આપની રૂહે અકદસ દરેક વસ્તુ ઉપર પોતાનું પ્રભૂત્વ ધરાવતી હોય છે. આપણે લોકો તેમનાથી વસીલો લઈ શકીએ છીએ. ભલે

પછી આપ આપણી આંખોથી અદશ્ય હોય કે આપનું શરીર મુબારક પૃથ્વી તટ ઉપર ગમે ત્યાં હોય. લોકો આપથી વસીલો હાસિલ કરી શકે છે. સલામ કરી શકીએ છીએ તેમનાથી તંદુરસ્તી ચાહી શકીએ છીએ.

કેટલીક વખત રૂહાની પ્રેમ-મહબ્બતના કારણે રૂહાની મેળાપના કારણે અવલિયા અલ્લાહ ઘણી જ સારી રીતે અંદાઝો લગાવી શકે છે. લોકો આપથી ઈલ્મી અને રૂહાની ફાયદો પણ ઊઠાવી શકે છે. ભલે આપ દષ્ટિમાન ન થતા હોય આપણે તેઓને ન જોઈ શકતા હોય.

(૩) જે દિવસે સૂરજ વાદળની પાછળ હોય છે. ઈન્સાન જંગલમાં ભટકવાથી બચી શકે છે. ચોરો અને બીજી મુસીબતોથી પણ રક્ષિત રહે છે. જે રાતના વખતે ઈન્સાનને ભયમાં નાખે છે. ખુદાવંદે તઆલાએ વાયદો ફરમાવ્યો છે કે હઝરત બકીય્યતુલ્લાહ અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના જમીન પરના અસ્તિત્ત્વને કારણે ઈન્સાનને સંપૂર્ણ ફસાદ વ્યાપક ખુનરેજી અને સંપૂર્ણ નાબૂદીથી બચાવી રાખશે. પાછલી ઉમ્મતોની જેમ પૂરેપૂરી કોમને અઝાબ અને આસમાની બલાઓમાં નહીં નાખે.

(૪) વળી વાદળની પાછળ સૂરજ છે જ, એમાં બે મત નથી તે આસમાન ઉપર પોતાની ગતિમાં જ છે. અટકીને ઊભો પણ નથી. પોતાની પરિભ્રમણ કક્ષામાં પરિભ્રમણ તો કરી જ રહ્યો છે. પરંતુ તે અબરમાં(વાદળોમાં) છુપાયેલો હોય ઈન્સાનોને ખબર નથી કે તે છે ક્યાં? દષ્ટિમાન થતો નથી બિલકુલ એવી જ રીતે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના



ફિદાહુ લોકોની વચ્ચે સામાન્યતઃ જિંદગી ગુજારી રહ્યા છે.

આપના બીબી-બચ્ચાં પણ છે તેઓ આપણા ચાલવાના રસ્તે જ ચાલી રહ્યા છે. પોતાના અસ્તિત્ત્વની અસરો છાપ જુદા જુદા દેશો ઉપર છોડી રહ્યા છે. બલકે પોતાની હાજરીની નિશાનીઓ નાના કસબાઓ અને ગામડાઓ ઉપર પણ છોડી જાય છે. છતાંય કોઈપણ વ્યક્તિ તેઓને પોતાની નરી આંખે જોઈ શકતો નથી.

(૫) રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ઈમામે ઝમાના અલયહિસ્સલામની ગયબતને વાદળ નીચે છુપાયેલા સૂરજની ઉપમા કહી છે. ગયબતને વાદળમાં છુપાયેલા સૂરજની ઉપમાં આપી છે. તો પછી જ્યારે આ સૂરજના છુપાવવાની મુદ્દત લાંબી થઈ જાય છે ત્યારે લોકો આસમાનની તરફ દષ્ટિ ઊઠાવીને જુએ છે કે જેટલું જલ્દી બને એટલું જલ્દી વાદળ વિખેરાઈ જાય અને સૂરજ સામે આવી જાય.

એવી જ રીત જે લોકો હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનો ચેહરો મુબારક જોવાના આશિક છે. તેઓ જો કે આપની રૂહ મુબારક અને આપને નૂરથી તો ફાયદો ઉઠાવે છતાંય તેઓની આંખો હંમેશા મુન્તઝિર હોય છે કે આ જમાલ અને કમાલ રહસ્યોથી ભરપૂર હસ્તીને પોતાની દુન્યવી આંખોથી જોઈ લે, આપના મુબારક હાથો સાથે મુસાફો કરે તેઓ એવી ઉમ્મીદમાં બેઠા છે કે એક દિવસે કાળા વાદળો વિખેરાઈ જશે અને તેઓની આંખો આપના પવિત્ર જમાલને જોઈને રોશન થઈ જશે. ખુશનુમા થઈ જશે.

(૬) મુસલિહે કુલના અસ્તિત્ત્વ મુબારકની ગયબતમાં સૂર્યના વાદળની પાછળ છુપાઈ જવાની ઉપમાં આપવાનું કારણ આ પણ હોઈ શકે છે કે જ્યારે સૂરજ અબર(વાદળ)ની પાછળ ચાલ્યો જાય છે ત્યારે પૃથ્વીના ગોળાના અડધા ભાગ ઉપર વાદળની અસર હોય છે. પૃથ્વીના ગોળાનો તે ભાગ સૂર્યના કિરણોથી ડાયરેક્ટ ફાયદો ઊઠાવી શકતો નથી. પરંતુ સૂર્યની સંપૂર્ણ વ્યવસ્થા વાદળવાળા ભાગને બાદ કરતાં બાકીનો મોટો ભાગ સૂર્યના સીધા કિરણોથી ફાયદો ઊઠાવી શકે છે. સૂરજની રોશનીવાળા વિશાળ ભાગના મુકાબલામાં આ અબર નીચે આપેલો ભાગ ઘણો જ થોડો હોય છે.

બિલકુલ આ જ રીતે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ અલ્લાહના હુકમથી વિશ્વ ઉપર એક હાકેમની હૈસિયત ધરાવે છે. અલ્લાહ તરફથી હુજ્જત છે. આપને આસમાનવાળાઓ બધા જ જોઈ શકે છે. આપના પવિત્ર જમાલ ચેહરા મુબારકને રૂહો જુએ છે. મલાએકા જુએ છે. અંબિયા અલયહેમુસ્સલાતો વસ્સલામ જુએ છે. તમામ અવલિયાએ ખુદા પણ જુએ છે. માની લેવામાં આવે કે જમીનવાળાઓમાંની ગુનેહગાર ઉમ્મતના માટે થોડા સમય માટે આ મુબારક ચહેરાને જોવાનું સ્પષ્ટ ન હોય. પરંતુ તે વિશાળ હુકુમતના મુકાબલામાં આ દુનિયા ઘણી જ નાની છે. છતાંય આપનું વુજુદ એક મહાન નેઅમત છે. સૃષ્ટિને તેનાથી ફાયદો પહોંચે છે.

(૭) પેગંબરે ઈસ્લામે ઈમામે ઝમાના અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફની ગયબતને વાદળ નીચે છુપાયેલા



સૂરજની ઉપમાં આપી છે. તેનું એક કારણ આ પણ હોઈ શકે છે કે લોકોની સમક્ષ વાદળનું આવી જવું, અને સૂરજનું તેની પાછળ છુપાઈ જવું, સૂરજના કારણે નથી. બલકે જમીનના કુદરતી સબબોના કારણે છે. આમ થવું ઈન્સાનના માટે ફાયદાકારક છે અથવા તો આ રીતે ખુદા તેઓ ઉપર અઝાબ કરે છે જે સુરજના ડાયરેક્ટ(સીધા) કિરણોથી તેઓને વંચિત રાખે છે.

આ જ રીતે હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહોની ગયબતનો સિલસિલો આપણા લોકો સાથે છે. જેમકે કહેવામાં આવ્યું :

وُجُوْدُهٗ لُطْفٌ وَ غَيْبَةٗ مِنَّا

એટલે કે હઝરત વલીએ અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફનું વુજૂદે મુકદ્દસ (પવિત્ર અસ્તિત્ત્વ) પરવરદિગારના તરફથી લુત્ફ છે. મહેરબાની છે અને આપની ગયબત આપણા કારણથી છે.

એટલે કે આપણા અંદર કાબેલિયત ન હોવું, આપણી લાયકાત ન હોવી, અથવા કદાચ અમારા ગુનાહ અને અમારી બેમઅરેફતી (અઆધ્યાત્મિકતા, ભૌતિકવાદીપણું, દુનિયાપરસ્તી, અલ્લાહની સાચી ઓળખ ન હોવું વગેરે વગેરે) અથવા તે ફાયદાઓ જેમનું વર્ણન કરવામાં આવ્યું છે. આપ જનાબની ગયબતને અમારા માટે નિયુક્તિ કરવામાં આવી છે.

હકીકતમાં સાચી રીતે આપ બીજી દુનિયાઓમાં અને

અવલિયાઅલ્લાહના માટે ગાયબ નથી. વળી ગયબતનું આ વાદળ જે અમારા અને આપ અલયહિસ્સલામના પવિત્ર વુજૂદની દરમ્યાન અવરોધરૂપ છે, તે ફક્ત ઈન્સાનોની હાલતોના કારણે અને બીજા જે કંઈ કારણો હોય. તે સિવાય કંઈ નથી.

મરહૂમ મજલિસી રિઝવાનુલ્લાહ તઆલા અલયહે બેહારૂલ અનવારની બાવનમી જિલ્દમાં આ બાબત ઘણી જ ઊંડી ચર્ચા કરી છે, કે પેગંબરે ઈસ્લામનું ઈમામે જમાનાની ગયબતને સૂરજની ઉપર આવી ગયેલા વાદળનું દૃષ્ટાંત અને તેના અનેક કારણો શું શું હોઈ શકે. જે બિરાદરો આ બાબત વધુ ઊંડા જ્ઞાનનો આગ્રહ રાખતા હોય તેઓને અમે આ જિલ્દ વાંચી જવાની વિનંતી કરીશું.

❁

**સવાલ : ૨૬**

**અમે લોકોએ સાંભળ્યું છે અને વાંચ્યું છે કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ થોડા દિવસ પોતાના વાલિદ બુઝુર્ગવારના ઝમાનામાં બીજાઓની જેમ લોકોની વચ્ચે રહ્યા, પછી ગયબતે સુગરામાં રહ્યા, અને હવે ફરીથી ગયબતે કુબરામાં છે. આ વાતને વિસ્તારથી સમજાવો.**

**જવાબ : ૨૬**

સ્પષ્ટ છે કે હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુએ આજદિન સુધી ત્રણ પ્રકારની જીંદગી બસર કરી છે.

**પ્રથમ પ્રકારની જીંદગી :** પોતાના વાલિદ બુઝુર્ગવારના ઝમાનામાં જન્મના દિવસે હિજરી ૨૫૫ ના શાબાન મહિનાની ૧૫મી તારીખથી પોતાના વાલિદ બુઝુર્ગવારની વફાત એટલે



કે પહેલી રબીઉલ અવ્વલ હિજરી ૨૬૦ સુધી (૫ વર્ષ સુધી) લોકોની દરમ્યાન રહ્યા. બધા જ આપને જોઈ શકતા હતા. કેટલીક રિવાયતોમાં છે કે આપને કેટલાક લોકોએ જોયા હતા. એટલા માટે નહિ, કે આપને છુપાવવા માંગતા હતા. બલકે એટલા માટે કે હઝરત ઈમામ હસન અસ્કરી પોતે જ નજરકેદમાં હતા. અબ્બાસી ખલીફા મોઅતમિદ બિલ્લાહે આપને નજરકેદમાં રાખ્યા હતા. તેથી બધા જ લોકોને હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામની સાથે મુલાકાતની ઈજાઝત ન હતી. નજરકેદની હાલતમાં ઘણાં જ મર્યાદિત સંખ્યામાં લોકો બાદશાહના માણસોની મંજૂરીથી આપને મળી શકતા હતા. જેથી કેટલાક લોકોએ આપને જોયા હતા. જેઓએ આ બાબતની રિવાયતો નોંધી છે.

અબ્બાસી ખલીફાઓએ ઐતિહાસિક રિવાયતો દ્વારા આ વાત સાંભળી હતી કે ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના ફરઝંદ "મુસલિહે આલમ" છે. આ તે જ વ્યક્તિ છે જે ઝાલિમ સુલતાનોના તખ્તોતાજને મિટ્ટીમાં મિલાવી દેશે. જેથી આ વાતની શક્યતા હતી કે આપના ઉપર દૃષ્ટિ પડી જાય તો આપને કતલ કરી નાખે. તેથી હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ આપને લોકો સમક્ષ વધારે આવવા દેતા ન હતા. કોઈક કોઈક દોસ્તો કે રિશ્તેદારો આપને મળવા આવતા તો તે વખતે આપને બોલાવી તેમને ઓળખાવતા કે જુઓ આ મારો ફરઝંદ છે, તે ઈમામ છે.

**બીજા પ્રકારની જીંદગી :** પોતાના વાલિદની વફાતથી લઈને અબુલહસન અલી બિન મોહંમદ સમરીની વફાત

૧૫મી શાબાન હિજરી સન ૩૨૯ પૂરા ઓગણાસિત્તેર વર્ષ સુધી. આ સમયગાળો ગયબતે સુગરા કહેવાય છે. આ દરમ્યાન પણ આપ લોકોની વચ્ચે જીંદગી બસર કરતા રહ્યા. છતાંય લોકો આપને ઓળખતા ન હતા. તેઓ પોતાના નાયબ દ્વારા જ લોકો સુધી સંબંધ કાયમ રાખતા હતા. તેમના જ ઝરીયાથી મોઅજિઝાત અને કરામાત અંજામ આપતા રહ્યા. લોકોના સવાલોના જવાબ આપતા રહ્યા. અહીં સુધી કે ૧૫મી શાબાન હિજરી સન ૩૨૯ હઝરત અલી બિન મોહંમદ સમરી દુનિયાથી રૂખ્સત થઇ ગયા. તેમની વફાત થઇ ગઇ. તેમનો હુકમ હતો હવે કોઇ વકીલ આપ અલયહિસ્સલામના માટે નિયુક્ત કરવામાં આવશે નહિં.

**ત્રીજા પ્રકારની જીંદગી :** અહીંથી ગયબતે કુબરા શરૂ થઇ. ગયબતે કુબરાનો અર્થ આ થાય છે કે આ દરમ્યાન કોઇ દાવો ન કરે કે આપ અલયહિસ્સલામના અને લોકોના દરમ્યાન કોઇ ઝરીઓ છે.

છતાંય લગાતાર-નિરંતર રિવાયતોથી આ વાત સાબિત છે કે આપની ખિદમતમાં લોકો પહોંચ્યા છે. વળી આપને તે જ વખતે ઓળખ્યા પણ છે. પહેચાની લીધા છે કે આ અમારા ઈમામ છે. તેઓની હાજતો પૂરી થઇ છે. આપના પવિત્ર વુજૂદથી પર્યાપ્ત ઇલ્મી ફાયદો પણ ઊઠાવ્યો છે. આ મુલાકાતોની અમારી કિતાબ "ઈમામે ઝમાના અલયહિસ્સલામની મુલાકાતો" માં અમોએ રજૂ કરી છે.

❃



**સવાલ : ૨૭**

**હઝરત વલીયે અસ્ર અલયહિસ્સલામ ગયબતે સુગરામાં કેમ રહ્યા?**

**જવાબ : ૨૭**

અઈમ્મએ તાહેરીન અલયહેમુસ્સલામના જમાનામાં શીયાઓમાં રિવાજ હતો કે દીનના મસાએલ, અહકામ અને જાણકારી સ્વયં હઝરત ઈમામ અલયહિસ્સલામની પાસેથી મેળવતા. ઈમામ અલયહિસ્સલામના નાયબો પાસે ભાગ્યે જ જતા. થોડા પ્રમાણમાં દૃષ્ટાંતરૂપે ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના જમાનામાં મોટાભાગે આપની જ પાસે જતા. આ રીતે પોતપોતાના જમાનામાં ઈમામની પાસે જતા હતા. પોતાની મુશ્કેલીઓ રજૂ કરતા હતા. તેનું નિરાકરણ માંગતા. એટલા માટે ઈજતેહાદ★ બંધ હતો. એટલે કે જરૂરી ન હતું કે મુસલમાનોમાં કોઇ મુજતહિદ પણ હોય અને સાથે સાથે ઈમામ અલયહિસ્સલામની હાજરીમાં તેમની નસ❖માં પણ શામેલ હોય. ઈમામની હાજરીમાં ઈમામનો હુકમ છેવટનો ગણાશે. જેવો કે નબી સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમનો હુકમ. (અહીં ઈમામથી મતલબ

★ ઈજતેહાદનો સીધો સાદો અર્થ થાય છે,. સઘન પ્રયાસ, પ્રયત્ન. પરંતુ ઈસ્લામી પરિભાષામાં એનો અર્થ થાય છે. ખૂબ જ ચિંતન-મનન કરીને કોઇ મસઅલાનો હલ તલાશ કરવો. વધુ ઊંડાણમાં જઇને આ શબ્દને સમજીએ તો કાનુનો દ્વારા ફિકહની પરિભાષામાં કુરઆન-હદીસ-ઈજમાઅ અને અકલ દ્વારા તેના ખાસ કાયદા, કોઇ શરઇ મસઅલાને હલ કરવો. નિરાકરણ કરવું. ઈજતેહાદ મુજતહિદ-મરજઅ જ કરી શકે.

❖ નસ نص (સુવાદથી) એટલે એટલી સ્પષ્ટ વાત કે તેને સાબિત કરવા માટે બીજી કોઇ દલીલની જરૂરત જ ન રહે.

મુસલમાનો જેમ ગમે તેને ઈમામ કહે છે. મસ્જિદના પેશનમાઝને ઈમામ કહે છે. તેવા ઈમામ નહિં. બાર ઈમામની વાત છે. પ્રથમ ઈમામ હઝરત અલી અલયહિસ્સલામ અને પછી અલી ફાતેમાની ઓલાદમાંથી બીજા અગિયાર ઈમામો છે. જેને અલ્લાહે નિયુક્ત કરેલા અને માસુમ છે. જેમના મુબારક નામો અમે પાછળના પેજ નં. ૭૨ ઉપર લખેલા છે. —અનુવાદક) એટલા માટે જો ગયબતે કુબરા એકદમ થઈ જાત તો મુસલમાનો પોતાની જીંદગી સાચી રીતે ન વીતાવી શકત. કારણ કે એમણે પોતાના અહકામો અને જાણકારી સાચી રીતે સંભાળી શક્યા ન હતા. અને ન ફિકહની કિતાબો અને નિસાબ અસ્તિત્વમાં આવ્યાં હતાં.

જેથી જયારે ગયબતે સુગરાના વખતે ઈમામ અલયહિસ્સલામ પાસે પહોંચી શકાતું હતું. પરંતુ દરેક વ્યક્તિ તેમના સુધી પહોંચી શકતો ન હતો. તે સમયગાળામાં શીઆ આલિમો રિવાયતો એકત્ર કરવાના કાર્યમાં લાગી ગયા. તેમણે ખૂબ જ મેહનતના અંતે ફિકહ અને ઉસૂલના નિસાબ★ને લખ્યો.

આ જ સમયગાળામાં ઉસૂલ અને ફુરૂઅની કિતાબ (ઉસૂલ-સિદ્ધાંતો અને ફુરૂઅ શાખાઈ બાબતો) ઉસૂલે કાફી લખવામાં આવી. "મનલા યહઝરહુલ ફકીહ" અને આવી તો ઘણીબધી કિતાબો-ફિકહી અને ઈજતેહાદી કિતાબો અહકામ, ઉસૂલ અને ફુરૂઅ વગેરેનું બંધારણ ઘડાયું.

★ નિસાબ એટલે તમામ પ્રકારની ઈબાદતોનો અભ્યાસક્રમ. અકીદાનો અભ્યાસક્રમ, ઈસ્લામના તમામ ઉસૂલોનો અભ્યાસક્રમ. -અનુવાદક



જે જે જગ્યાએ આલિમો કોઈ મસઅલાનું સહી તરીકાથી નિરાકરણ ન કરી શકે ત્યારે ઈમામે ઝમાનાના વકીલોથી પ્રશ્નો કરતા. તેઓ ઈમામ અલયહિસ્સલામને પૂછતા. ઈમામ અલયહિસ્સલામ તેનો ઉત્તર આપતા. આ રીતે શીઆ પોતાના ફરાએઝ અંજામ આપતા. આ રીતે ધીમે ધીમે ગયબતે કુબરા તરફ તૈયારી થઈ.....

❊

**સવાલ : ૨૮**

**જો શક્ય હોય તો ઈમામ અસ્ર અલયહિસ્સલામના નાયબોની હાલાતે જીંદગીનું વર્ણન કરો.**

**જવાબ : ૨૮**

ઓગણાસિત્તેર(૬૯) વર્ષની મુદતમાં હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુના ચાર નાયબ થયા.

- **પહેલા નાયબ**

**હઝરત ઉસ્માન બિન સઈદ અમરી**

આપ ઈમામે ઝમાના અલયહિસ્સલામના તથા ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામના વકીલ અને તેમના વિશ્વાસપાત્ર માણસોમાંથી હતા.

હુકુમત આ બુઝુર્ગોની દુશ્મન હતી. વળી હુકુમત હઝરત ઉસ્માન બિન સઈદના ઈલ્મો-હિકમતથી, બુદ્ધિશક્તિથી અને દૂરંદેશીથી વાકેફ ન હતી. તેથી તેમના ગુજરાનનું સાધન રોગન ફરોશ હતું. આપ તેલ વેચવાનો વેપાર કરતા હતા. તેઓ ઈસ્લામી કબીલાઓમાંથી છે.

જયારે હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામ

આ ફાની દુનિયાથી પડદે થયા ત્યારે હઝરત બકીયતુલ્લાહ અલયહિસ્સલામે તેમનો પોતાના વકીલ અને નાયબ તરીકે પરિચય કરાવ્યો. તેમના જ ઝરીયાથી હઝરત સાહિબુઝ્ઝમાન અલયહિસ્સલાની કરામાતો અને મોઅજિઝાત જાહેર થતા હતા.

**● બીજા નાયબ**

**હઝરત મોહંમદ બિન ઉસ્માન બિન સઈદ અમરી**

બીજા નાયબ હઝરત મોહંમદ બિન ઉસ્માન બિન સઈદ અમરી છે. જેઓ હઝરત ઉસ્માન બિન સઈદના ફરઝંદ છે. તેઓ ઈમામે ઝમાના અલયહિસ્સલામના વકીલ બન્યા.

હઝરત ઈમામ હસન અસ્કરી અલયહિસ્સલામે તેમની પણ તસ્દીક કરાવી હતી અને ખબર આપી હતી કે તેઓ આપ અલયહિસ્સલામના ફરઝંદ હઝરત મેહદી અલયહિસ્સલામના વકીલોમાંથી એક હશે. જ્યારે એમના વાલિદ હઝરત ઉસ્માનનો ઈન્તિકાલ થયો ત્યારે હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુના તરફથી એક પત્ર એમની પ્રતિનિધિ તરીકેની નિયુક્તિ અને તસ્દીક માટે આવ્યો હતો. આ માટે પણ કે આપના શીઆઓને, આપના ચાહકોને, આપના અનુયાયીઓને માલૂમ થઈ જાય કે હઝરત મોહંમદ બિન ઉસ્માન વકાલત માટે નિયુક્તિ પામ્યા છે.

**● ત્રીજા નાયબ**

**હઝરત હુસૈન બિન રૌહ**

ત્રીજા નાયબ હઝરત હુસૈન બિન રૌહ છે જેઓ



મોહંમદ બિન ઉસ્માનના પ્રતિનિધિ હોવાના ઝમાનામાં તેમની મદદ માટે નિયુક્ત હતા. હઝરત મોહંમદ બિન ઉસ્માન ઘણાંબધા કાર્યો હઝરત હુસૈન બિન રૌહને સોંપી દેતા હતા.

હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુના તરફથી તેમની વકાલત માટેની નિયુક્તિની જાહેરાત કરવામાં આવી.

**● ચોથા નાયબ**

**શૈખ અબુલહસન અલી ઈબ્ને મોહંમદ સમરી**

હઝરત હુજ્જત અરવાહોના ફિદાહુના ચોથા વકીલ શૈખ અબુલહસન અલી ઈબ્ને મોહંમદ સમરી છે. જ્યારે હઝરત હૂસૈન બિન રૌહ દુનિયાથી પડદે થવા લાગ્યા, ત્યારે આપે હઝરત સાહિબઝ્ઝમાન અલયહિસ્સલામના હુકમથી શૈખ અબુલહસન અલી બિન મોહંમદ સમરીને પોતાની જગ્યાએ નિયુક્ત કરતા ગયા. તેઓ પણ કેટલાક સમય સુધી વકાલતની ફરજો અદા કરતા રહ્યા. ગેર મઅમૂલી (અસામાન્ય, અસાધારણ) વાકેઆત, મોઅજિઝાત અને ગયબની વાતો તેમના વસીલાથી જાહેર થઈ.

આલિમો અને બુઝુર્ગોના માટે ''નાહીયએ મુકદ્દસા'' (મુકદ્દસ વુજૂદ તરફથી) હઝરત બકીયતુલ્લાહ સલવાતુલ્લાહે અલયહથી ઘણાં-બધા શાહી દસ્તખત-શાહી ફરમાનો (ઈમામના હાથ લખાણ) થયેલાં છે. તેમાનું છેલ્લું શાહી ફરમાન આ હતું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَا عَلِىّ بْنِ مُحَمَّدِ السَّمُرِى اَعْظَمَ اللّٰهُ اَجْرَ اِخْوَانَكَ فِيْكَ فَاِنَّكَ مَيِّتٌ مَا بَيْنَ سِتَّةَ اَيَّامٍ فَاِجْمَعْ اَمْرَكَ وَلَا تُوصِ اِلىٰ اَحَدٍ فَيقُوْمُ مَقَامَكَ بَعْدَ وَفَاتِكَ۔

فَقَدْ وَقَعَتِ الْغَيْبَةُ التَّامَةُ فَلَا ظَهُوْرَ اِلَّا بَعْدَ اِذْنِ اللّٰهِ تَعَالىٰ ذِكْرُهُ وَ ذَالِكَ بَعْدَ طُوْلِ الْاَمَدِ وَ قِسْوَةَ الْقُلُوْبِ وَ اِمْتِلَاءِ الْاَرْضِ جُوْرًا، وَ سَيَأْتِىْ شِيْعَتِىْ مَنْ يَدْعىٰ الْمُشَاهِدَةَ الَا فَمَنْ اِدْعىٰ الْمُشَاهِدَةَ قَبْلَ خُرُوْجِ السُّفْيَانِىْ وَالصَّيْحَةَ فَهُوَ كَذَّابُ مُفْتَرٍ، وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعِلِىِّ الْعَظِيْمِ۔

اللهم صل على محمد وآل محمد



## અરબીનો અનુવાદ

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

"અય અલી બિન મોહંમદ સમરી. ખુદા તમારી મુસીબતોમાં તમારા શીઆ (મદદગાર, દોસ્ત, મહબ્બત રાખનારા) ભાઈઓના અજ્રમાં વધારો કરે. તમે આવતા છ(૬) દિવસોમાં વફાત પામશો. તમારૂં કાર્ય સમેટી લો. વકાલત અને જાનશીનીના મસઅલાની કોઈથી વસીય્યત ન કરો. કારણ કે ગયબતે કુબરા ખરેખર થઈ ગઈ છે. અને ઝુહૂર ત્યારે જ થશે. જયારે ખુદવંદ તઆલા હુકમ આપે. આ હુકમ ખુદા એક લાંબી મુદ્દત પછી અને દીલોના સખત થઈ જવાના પછી અને જમીન અત્યાચારો અને ઝુલમથી ભરાઈ ગયા પછી આપશે. શીઆઓમાંથી કેટલાક આવશે અને મારી મુલાકાતનો તથા મારાથી સંબંધ રાખવાનો દાવો કરશે. ખબરદાર થઈ જાઓ જે કોઈ પણ સુફયાનીના બળવા અને સહીફએ આસમાનીના પહેલાં (એટલે કે ઝુહૂરની નિશાનીઓ) મારાથી અવલોકન મુલાકાતનો દાવો કરે તે જુઠો અને ફિત્નાખોર છે."

છ દિવસ પછી ૧૫મી શાબાનના જે શીઆઓએ તૌકેઅ શરીફ (ઈમામનું હાથ લખાણ) જોઈ હતી. અલી બિન મોહંમદ સમરીના ઘર ઉપર એકત્ર થયા. જોયું તો તે જાંકનીના આલમમાં હતા. થોડી મિનિટો પછી આ દુનિયાથી રૂખસત થઈ ગયા.

ખુદા તેમના ઉપર રહમત ફરમાવે.

**સવાલ : ૨૯**

**શું ગયબતે કુબરામાં શક્ય છે કે કોઈ વ્યક્તિ હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામને જુએ. જો જવાબ હાં છે તો પછી ઈમામ અલયહિસ્સલામે કેમ ફરમાવ્યું કે જે મારાથી મુલાકાતનો મારા અનુભવનો દાવો કરે તે જુઠો છે.**

**જવાબ : ૨૯**

નિઃશંસય હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના શરીર મુબારકને જોવામાં આવે અને ઓળખવામાં આવે. આપના પવિત્ર અસ્તિત્ત્વથી અધિક પ્રમાણમાં ઈલ્મી ફાયદો ઊઠાવવામાં આવે. તેમની સાથે મહબ્બત રાખવામાં આવે. જેવી રીતે કે સેંકડો બલકે હજારો આવી મુલાકાતો અને ઝિયારતોના વાકેઆત કિતાબોમાં નોંધાયેલા છે. જો કોઈ આવી મુલાકાતોના વાકેઆતને લખવા બેસે અને ઠરેલપણે તેહકીકાત કરે. તો લગભગ ૯૦ ટકા લોકોની પાસે જેઓ આપના શીઆ છે હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામની મુલાકાતોના ઝિયારતોના કિસ્સા સાંભળવા મળશે. (અમે અમારી કિતાબ "મુલાકાત બા ઈમામે ઝમાના અલયહિસ્સલામ અને પરવાઝે રૂહ"માં આવી મુલાકાતોની ઘણીબધી ઘટનાઓ નોંધાયેલી છે. આ કિતાબની પ્રસ્તાવનામાં આ બાબતનું સ્પષ્ટીકરણ પણ કરવામાં આવ્યું છે.)

આ હિકાયતોથી ખબર પડે છે કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં પહોંચવું અને આપ અલયહિસ્સલામની ઓળખ પામવું સંપુર્ણ રીતે શક્ય છે.

હવે આપણે અસલ પ્રશ્ન ઉપર આવીએ છીએ



અવલોકન અને મુલાકાતનો ઈન્કાર જે બાબતનું ઉપર પ્રશ્નમાં વર્ણન થયેલ છે. તેને આ રીતે કહેવામાં આવશે કે હઝરત વલીએ અસ્ર-વલીયુલ્લાહે આઝમ(અરવાહોના ફિદાહુ)નો મકસદ આ હોઈ શકે છે કે કોઈ અનુભવનો અવલોકનનો મુલાકાતનો આ રીતે દાવો કરે જે પ્રમાણે હઝરત અલી બિન મોહંમદ સમરી અને બીજા નાયબો કરતા હતા કે જ્યારે ઈચ્છે ત્યારે હઝરતની મુલાકાત લઈ શકે. અથવા વારંવાર હઝરતની મુલાકાત લઈ શકે. પોતાને શીઆઓમાં મશહૂર કરી દે કે હું ઈમામે ઝમાના અલયહિસ્સલામની ખિદમતમાં હાજર થાઉં છું. જેને કોઈ કામ હોય, અથવા કોઈને કોઈ સવાલ કરવો હોય તો મને જણાવે હું રજૂ કરીશ તો આવી વ્યક્તિ જુઠ્ઠી અને ફિત્નાખોર છે, તે આ રીતે શીઆઓમાં ગુમરાહી ફેલાવવા માંગે છે. આવી પરિસ્થિતિ પેદા ન થાય, આવા જુઠ્ઠાઓ ખોટા દાવા ન કરે, ઉમ્મત ગુમરાહ ન થાય, જેથી ઈમામે ફરમાવ્યું કે આવો વ્યક્તિ જો કોઈ મારી મુલાકાતનો દાવો કરે તો તે જુઠ્ઠો છે, ફિત્નાખોર છે. પરંતુ કુદરતી અચાનક થઈ જાય અથવા ખુદ બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ ઈરાદો કરે કે આ વ્યક્તિને મળું તો કોઈ એવી રૂકાવટ નથી કે તે ઈન્સાન આપની ખિદમતમાં ન પહોંચી શકે અને આપના પવિત્ર અસ્તિત્ત્વથી, આપની મુકદ્દસ હયાતીથી ફાયદો ન ઊઠાવી શકે.

(હજારો ઈન્સાનોને આજે પણ આપની મુલાકાત થાય છે. સેંકડો હજારો ઈન્સાનોની રેહબરી આપ પોતે કરે છે.

અને તે માર્ગદર્શન માટે પોતે મુલાકાત આપે છે. સેંકડો હજારો મોમિનોની મુસીબતો ઉપર આફતો ઉપર આપ અલયહિસ્સલામ પોતે મુલાકાત કરીને દિશા સૂચન કરે છે. પરંતુ તે મોમિનો સમાજને એવું કહેતા નથી ફરતા હોતા કે મારી હઝરતથી મુલાકાત થાય છે. જવલ્લે જ ઈશારતન કંઈક ઉલ્લેખ કરી દેતા હોય છે. -અનુવાદક)

❊

**સવાલ : ૩૦**

**ઈમામે અસ્ર અલયહિસ્સલામના નાયબે ખાસનો મુકદસ મકામ(સ્થાન-પદ) કયા દરજ્જાનું ગણાશે સ્પષ્ટતા કરો.**

**જવાબ : ૩૦**

આ એક કુદરતી વાત છે કે જે વ્યક્તિની ઘણાંબધા અઈમ્મા અથવા હઝરત બકીય્યતુલ્લાહ તસ્દીક કરે, ગવાહી આપે કહે કે આ અમારા માટે વિશ્વાસ કરવાને યોગ્ય છે. ભરોસાપાત્ર છે, અમારો વિશ્વાસુ છે. તો ન તે ફક્ત આદિલ છે. બલકે તેમણે માસુમના જેવું હોવું જોઈએ. ઈમામે ઝમાના અલયહિસ્સલામે પોતાના નાયબો માટે આવો જ શબ્દપ્રયોગ કર્યો છે.

તે સિવાય જેનામાં આ યોગ્યતા હોય કે ઈમામે ઝમાના અલયહિસ્સલામ અને વિશ્વના શીઆઓની દરમ્યાન રાબેતો, સંબંધ કાયમ કરી શકે. શૈખ કુલૈની અને ઈબ્ને બાબવય્હ જેવા બુઝુર્ગ ઉલમાઓ ઈમામ ઝમાના અલયહિસ્સલામથી સંબંધ માટે આ નાયબોના મોહતાજ હોય, તે નાયબોનો



ઈમામ અલયહિસ્સલામના નજીક શું દરજ્જો હશે. અને આ સર્વશ્રેષ્ઠ મકામ છે. સ્થાન છે જે અલ્લાહતઆલાએ આ હસ્તીઓને આપ્યું છે.

❊

**સવાલ : ૩૧**

**આ વાત કઈ રીતે શક્ય છે કે એક વ્યક્તિ કુદરતી શરીર સાથે બારસો વર્ષ કે તેથીયે વધુ ઉમર પામી શકે. જેમકે આપણે ઈમામે ઝમાના અલયહિસ્સલામના વિષયમાં માનીએ છીએ.**

**જવાબ : ૩૧**

આ પ્રશ્ન ઘણો જ અગત્યનો હોવા સાથે તેનો જવાબ બીજા સામાન્ય પ્રશ્નો જેટલો જ આસાન પણ છે. આ પ્રશ્નનો જવાબ આપણે વૈજ્ઞાનિકો પાસેથી મેળવવો જોઈએ. કારણ કે આ પ્રશ્નનો જવાબ વૈજ્ઞાનિક મસઅલામાંનો એક મસઅલો છે.

આ મસઅલાના વાદવિવાદની શરૂઆત આ રીતે થવી જોઈએ.

શું ઈન્સાનનું મૃત્યુ એક અકુદરતી વસ્તુ છે? અથવા હંમેશાનું જીવન અકુદરતી છે. શું અકસ્માત, બીમારી અથવા રૂહાની દબાવ ઈન્સાનના ખતમ થઈ જવાનું કારણ બને છે? અથવા ઈન્સાન આના સિવાય પણ કોઈ બીજા કારણોથી મૃત્યુ પામે છે?

માની લઈએ કે કોઈ વ્યક્તિ દરેક પ્રકારના અકસ્માતો, બીમારીઓ અને રૂહાની ખેંચાખેંચ વગેરેથી પોતાને બચાવી

લે તે બધી રીતે રક્ષિત રહે છે. વૈજ્ઞાનિકોની માન્યતા છે કે જો અચાનક કોઈ બીમારી વ્યક્તિને દબોચી લે. પરંતુ તે વ્યક્તિ તે બીમારીનો ઈલાજ જાણે છે. તરત જ ઈલાજ કરે છે. જેથી બીમારી દૂર થઈ જાય છે. તો પછી આ પરિસ્થિતિમાં તે મૃત્યુ પામતો નથી.

મારી માન્યતા પ્રમાણે વિજ્ઞાનિકો આ વાતનો દાવો નહિ કરે કે ઈન્સાન બીમારીઓ વગર મરી શકે છે. મતલબ વિજ્ઞાનિકોના મત પ્રમાણે ઈન્સાન કોઈપણ પછી તે નાની કે મોટી બીમારી વગર મૃત્યુ પામતો નથી. આજદિન સુધી કોઈએ આ બાબતનો દાવો નથી કર્યો કે એક આદમી કોઈપણ જાતની ખામી, કે બીમારી મતલબ કોઈપણ જાતના કારણ વગર મરી જાય. અથવા કોઈ પણ કારણ વગર તેના શરીરના કોષો નાબુદ થાય.

આપણે ઈન્સાનોનો બીમારીઓ અને અકસ્માતોથી વાસ્તો રહે છે. તેથી ઈન્સાનો મૃત્યુ પણ પામે છે. આ એક અકુદરતી મસઅલો આપણા માટે સો ટકા કુદરતી બની ગયો છે. જીવતા રહેવું જે કુદરતી છે. જે આપણા માટે અકુદરતી બની ગયું. મતલબ આ છે કે દુનિયામાં જે વસ્તુએ જન્મજાત-કુદરતી રીતે બાકી રહેવું જોઈએ. તે જો બાકી રહે તો તેનો કુદરતી સબબ (કુદરતી કારણ) જરૂર હશે. તેનું બાકી રહેવું કુદરતી છે. વળી તેનું આ દુનિયામાં ન રહેવું, ચાલ્યા જવું અકુદરતી છે.

હું આપને એક પ્રશ્ન કરૂં છું. જ્યારે વ્યક્તિ મરી જાય છે તો લોકો તેમના મૃત્યુનું કારણ પુછે છે, બીમાર હતા? શું



તકલીફ હતી? તાવ-શરદી રહેતી હતી? પેટમાં ગરબડ હતી? લોહીની નસો બંધ થઈ ગઈ હતી? શું તકલીફ હતી? જે તેમના મૃત્યુનું કારણ બની? તો મારો પ્રશ્ન આ છે કે મૃત્યુ પામનાર વ્યક્તિ માટે લોકો તેના મૃત્યુનું કારણ પૂછે છે કે અથવા તેના જીવતા રહેવાનું કારણ પૂછ્યા કરે છે? વિચારો, ખૂબ વિચારો.

શું આ દલીલ ઈન્સાનના માટે મૃત્યુના અકુદરતી હોવા માટે પુરતી નથી? આપ કહી શકો છો કે દુનિયાની જિંદગીમાં આ વાત છુપાયેલી છે કે બધા જ બીમારીઓમાં સપડાય અથવા અકસ્માતોમાં ફસાય પછી દુનિયાથી રૂખસત થઈ જાય. અને આ નિયમોમાંથી કોઈ એક દષ્ટાંત પણ બહાર દેખાતું નથી.

આ વાત તો સાચી છે કોઈ એક દષ્ટાંત પણ આનાથી બાકાત દષ્ટિમાન થતું નથી. મરનારના મૃત્યુનું કારણ એટલા માટે પૂછે છે કે જો તે કારણ રોકી શકાતું હોત તો મરનાર જીવિત રહેત, મૃત્યુ ન પામત. એ કારણની(બીમારીની) દવા ઈન્સાન મેળવી શકતો હોત તો આ વ્યક્તિ મૃત્યુ ન પામત. બીજી વાત આ પણ છે કે લોકોને મોત અને અકસ્માતોના આવવાના સબબની ખબર નથી. કારણોની ખબર નથી. પરિણામ આ છે કે તેઓ કુદરતી રીતે તેની રોકથામ નથી કરી શકતા.

જો કોઈને આ વાતની ખબર પડી જાય અને તે મૃત્યુના કારણને રોકી શકે-દૂર કરી શકે. તો પછી આ શક્યતા રહેશે કે તે મૃત્યુ પામે? સ્પષ્ટ વાત છે કે તે મૃત્યુ નહીં પામે.

જેથી કરીને અત્યાર સુધી શીઆઓ માટે આ વાત સાબિત છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની મોટી ઉમર સોએ સો ટકા કુદરતી અને એક સામાન્ય વાત છે. લોકો આ વિચાર ન કરે કે અમે આ દાવો દલીલ વગર કર્યો છે. આપણે ત્રણ વિષયો તરફ ધ્યાન આપવાનું રહેશે.

પ્રથમ આ કે વિજ્ઞાનિકો અને નિષ્ણાંતોના દ્દષ્ટિકોણ વિશે તેના સમર્થનમાં અમે જે કંઇ કહ્યું છે બધા વિશે જાણકારી મેળવવી જોઇએ.

બીજી વાત હઝરત ઈમામ અલયહિસ્સલામના વિશે અને આપના ઈલ્મી દરજ્જા વિશે પણ જાણકારી મેળવવી જોઇએ. આપના ઇલ્મનું વિશ્વવ્યાપી હોવું, સમગ્ર પૃથ્વીને સંગ્રહી લેતું આલમગીરી ઇલ્મ, આપના સાર્વભૌમત્ત્વ વિશે ઈન્સાનોને ખ્યાલ હોવો જોઇએ.

ત્રીજી વાત આ છે કે જે કાર્ય શરીરના માટે સંપૂર્ણ રીતે નુકસાનકારક છે, તે હરામ છે. આ વાતને સમજવી જોઇએ. એનું સ્પષ્ટીકરણ મેળવવું જોઇએ.

મિસ્ટર હેનરી ઈસ્મીસ જેઓ અમેરીકન છે. કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તેઓ લાંબી ઉમર માટે લખે છે કે :

ઉમર (આયુષ્ય)ની હદ, મર્યાદાનું દ્દષ્ટાંત Sound Barrier ની જેમ છે. જેવી રીતે આ Sound Barrier દીવારનું(દીવારનું આવાઝ માટે આડશરૂપ રૂકાવટ હોવું) આજે તુટી ચુકી છે. એવી જ રીતે એક દિવસ આવશે કે આયુષ્યની પણ કોઇ મર્યાદા નહીં રહે.



પ્રોફેસર આગળ લખે છે કે કુદરતી મોતની સરેરાશ ત્યાં સુધી પહોંચી જવી જોઇએ જ્યાં સુધી દસવર્ષથી કમ ઉમરના બાળકોની મોતની સરેરાશ હોય છે. જો એવું થયું તો ભવિષ્યમાં ઈન્સાન ૮૦૦ વર્ષ સુધી જીવી શકે છે. તેનું માનવું છે કે જિંદગી શાશ્વત છે, નિરંતર છે, હંમેશા રહેનાર, અનાદિ છે. તેની શક્યતા આ કારણથી પણ છે કે કૃત્રિમ અવયવો શરીરમાં લગાવી શકાય છે. જેથી ખરાબ થનાર શરીરનો કોઇપણ અવયવ નવો નાંખી શકાય અને તેનાથી સારામાં સારૂં કામ લઇ શકાય.

ડૉક્ટર લૉર્ડ હાઉઝર લખે છે કે આજે ઇલ્મે તિબ (દાક્તરી વિદ્યા) અને ખાદ્ય પદાર્થો તથા પરવરિશના જ્ઞાનની મદદથી ઈન્સાનની ઉમરની હદો અને કેદોને તોડી શકે છે. આજે આપણે આપણા પૂર્વજોના મુકાબલામાં લાંબી ઉમરની ઉમ્મીદ રાખી શકીએ છીએ.

તે આગળ લખે છે કે વિજ્ઞાનિકોએ વારંવારની વૈજ્ઞાનિક શોધો દ્વારા આ વાત સાબિત કરી છે કે ઉમર બખૂબી અને આસાનીથી લાંબી કરી શકાય છે.

તે પોતાની કિતાબમાં એક જગ્યાએ લખે છે કે ઇલ્મે તિબમાં(દાક્તરી વિદ્યામાં) આજકાલ ખોરાકોના ઉચ્છોષણ (જઝબ = શોષી લેવું, પ્રવાહી પચાવી લેવું) અને ખોરાકના સહી સહી પ્રમાણમાં સહી તરીકાથી ઉપયોગ વગેરે બાબતોમાં ફાયદા અંગે વાદવિવાદ ચાલ્યા કરે છે. તેના દ્વારા દરેક વ્યક્તિ યુવાનીના ઉત્પત્તિસ્થાન જેવો લાંબી ઉમરનો ફાયદો પ્રાપ્ત કરી શકે છે.

પ્રોફેસર લીમી મયનુટા જે અમેરિકાની એક યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેમણે અમેરિકાની એક વૈજ્ઞાનિકોની કોન્ફરન્સમાં કહ્યું :

વીસમી સદી ખતમ થઈ ગયા પછી ઈન્સાન આ અનુભવમાં સફળ થઈ જશે કે એક સજીવને ઠારી નાખે. મૃત જેવું બનાવી દે. પછી જયારે ઈચ્છે તેને બીજા વખત જીવંત કરી દે.

દાકતર જિઝમ કોનલ સેન્ટ વેન્સનેટ હોસ્પિટલ ન્યુયોર્ક કહે છે કે સજીવની મોતના લગભગ પચાસ વર્ષ પહેલાં તેને ઠારી નાખી શકાશે મૃત જેવો બનાવી શકાશે.

જર્મન દાક્તર વાઈઝમન કહે છે કે કોઈપણ સજીવમાં ઉમરની હદ અથવા અંદાઝો કોઈ અર્થમાં નથી.

ફ્રાંસીસી પ્રોફેસર પેશસ પોતાની કિતાબ ''લાંબી ઉમરનો સંદેશ આપતી ઉમ્મીદ'' માં લખે છે કે :

ઈન્સાન કુદરતી આવડત અને પોતાના શિષ્ટાચારની કુવ્વત દ્વારા લાંબુ આયુષ્ય અને વધારે કાર્યક્ષમ જિંદગી બસર કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો વૃદ્ધાવસ્થાને કેટલાક વધારે વર્ષો પાછળ ધકેલી શકે છે.

મરહુમ દાક્તર પાકનિઝાદ પોતાના એક લેખમાં લખે છે કે પ્રાણીઓ અને ઈન્સાનોમાં ઉમર જુદી જુદી હોય છે. દૃષ્ટાંતરૂપે ઉત્તર યુરોપીય સમુદ્રોમાં એવી માછલીઓ પેદા થાય છે. જેમની ઉમરનો અંદાઝો ૩૦ લાખ વર્ષ લગાવી શકાય છે. એવા સાપો પણ છે જેમની ઉમર કેટલાક હજાર વર્ષો હોય છે. તેના મુકાબલામાં એવા



કીડા-મકોડા પણ છે જેમની ઉમર થોડીક મિનિટોથી વધારે નથી હોતી.

અલ હિલાલ કરાંચી (વીકલી સુમારા-૯) માં ઈન્સાન હજારો વર્ષ જીવતો રહી શકે છે. ના મથાળા હેઠળ લખાણ છે કે :

દાક્તર જયોર્જ કલેમ્બર્ઝ જર્મની યુનિવર્સિટીના પ્રોફેસરે હાલમાં ઘાસ ઉપર શોધખોળ કરી. આ ઘાસનું લેટિન ભાષાનું નામ ''સાપરૂલીના સકતા'' છે. અને તે વરસાદી માખીઓની પીઠ પર ઊગે છે. આ ઘાસની જિંદગી અઠવાડિયાથી વધારે નથી હોતી. વૈજ્ઞાનિકોએ આ ઘાસને ખાસ પોજીશનમાં રાખ્યું. અમૂક પ્રવાહી રસાયણોમાં રાખ્યું. તેની તે રીતે પરવરિશ કરી. તો આ ઘાસ જેની ઉમર બે વીકની હતી. બે વીકથી વધારે તે ઘાસ તાજી રહેતી ન હતી. હવે તેની ઉમર છ વર્ષ સુધીની થઈ ગઈ છે. આ બાબતનું દૃષ્ટાંત એવું છે કે જેવી રીતે કે ઈન્સાનની અત્યારની સરેરાશ ઉમર વધીને દસ હજાર નવસો વીસ વરસ સુધી પહોંચી જાય. જેવી રીતે કે ઘાસની ઉંમર બે વીકથી વધીને છ વર્ષની થઈ ગઈ. ત્યારબાદ દાકતર લખે છે કે જો એક ઈન્સાન ઉપર આ પ્રકારનું ધ્યાન આપવામાં આવે. અને તેના દરેક કાર્ય, ખાનપાન, રહેન-સહેન, મહેનત મશક્કત વગેરે ઉપર વૈજ્ઞાનિક ઢબે ધ્યાન આપવામાં આવે તો શક્ય છે કે ઈન્સાનની ઉમર દસ હજાર નવસો વીસ વરસ સુધી પહોંચી જાય.

## શાશ્વત જીવન - હંમેશા રહેનાર જિંદગી

અરબી મજલ્લાહ "અલમકતફ" માં આ વિષય ઉપર એક લેખ પ્રગટ થયો હતો કે શું ઉમરને લાંબી - વધારે કરી શકાય છે? તેનું વર્ણન છે કે :

વિશ્વાસપાત્ર વિદ્વાન અને વૈજ્ઞાનિકો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આ વાતનું યકીન રાખે છે કે હયવાન-પ્રાણીઓના શરીરના અવયવો વગેરે (Tissue) ઘણી લાંબી મુદ્દત સુધી બાકી રહી શકે છે. હજારો વર્ષ જુના પ્રાણીઓના હાડકાંના અવશેષો બલકે આખાને આખા હાડપિંજરો ખોદકામ કરતાં નીકળી આવે છે, તેના અનુસંધાનમાં વિચારતાં શક્ય છે કે ઈન્સાન પણ હજારો વરસો સુધી આ દુનિયામાં જીવતો રહી શકે છે. આ વાત અત્યારે ફક્ત વિચારો કે લખાણ સુધી સિમિત નથી રહી. બલકે વૈજ્ઞાનિક પરિક્ષણો પણ કરવામાં આવી રહ્યાં છે. (આજથી ૬૦ વર્ષ અગાઉ આપણા દેશના નાગરિકની સરેરાશ ઉમર ૫૬ વર્ષ ગણવામાં આવતી હતી. આજે આપણા ભારતીય નાગરિકોની સરેરાશ ઉંમર ૭૫ વર્ષ થઈ ગઈ છે. પચાસ વર્સ પહેલાં બાળકોનું મૃત્યુ પ્રમાણ ખૂબ જ હતું. હવે તે તદ્દન નહીવત થઈ ગયું છે. — અનુવાદક)

આ જ વિષય ઉપર ફ્રાન્સના પ્રખ્યાત વૈજ્ઞાનિક ઈલેકસીસ કાર્લનો તે અનુભવ અમે નોંધીએ છે. જેમણે આ પ્રકારનું પરિક્ષણ એક પક્ષી ઉપર કર્યું હતું. લખ્યું છે કે તેમણે એક પક્ષીના હૃદયને બહાર કાઢી એક વાસણમાં ખાસ પ્રકારની પરિસ્થિતિ અને રસાયણોમાં રાખી તેને પ્રવાહી ખોરાક ચાલુ રાખ્યો. આ રીતે તેને ઘણી મુદ્દત સુધી જીવંત રાખ્યું. આ



પરિક્ષણ દ્વારા તેણે નીચેના નિયમો તારવ્યા.

(૧) સજીવોને તેમના શરીરમાં જે અસલી અવયવો છે તેઓને જો પૂરતો ખોરાક જે તે અવયવોને પોષણયુક્ત હોય તો તેઓ હંમેશા જીવતાં અને બાકી રહેશે.

(૨) બાકી રહેવાની સાથે તેઓ વૃદ્ધિવિકાસ પણ પામશે.

(૩) વૃદ્ધિ વિકાસનો ખોરાક સાથે સીધો સંબંધ છે.

(૪) સમય પસાર થવાનો તેના ઉપર કોઈ અસર થતો નથી.

### એક બીજું પરિક્ષણ

કોલમ્બીયા યુનિવર્સિટીના દાક્તર હેનરી ઈસમીસ કહે છે કે ઈ.સ. ૧૯૧૨ માં દાકતર એલીકસીસ એક પક્ષીને ૩૦ વર્ષ સુધી જીવતું રાખી શકયા હતા. જો કે સામાન્ય પરિસ્થિતિમાં તે પક્ષીની ઉમર દસ વરસથી વધારે નથી હોતી. જો શરીરનો એક અવયવ અલગ કરીને યોગ્ય પરિસ્થિતિમાં તેની પરવરિશ કરવામાં આવે તો તે અવયવ પોતાનું જીવન ચાલુ રાખશે. જીવતો રહી શકે છે. જેથી આમ કહી શકાય કે યોગ્ય માહોલ-સુંદર વાતાવરણ અને જીવનના વિકાસની યોગ્ય સારવાર ઈન્સાનની લાંબી જિંદગી માટે એક શરત છે.

### મોતને હાર

એક માસિકમાં શરદી મોતને હાર આપે છે. ના મથાળા હેઠળ આવ્યું હતું કે એક પાંચ વર્ષના બાળકના મામલામાં ઠારી નાખવાનો ઈલાજ કામ્યાબ રહ્યો.

અમેરિકાના એક દાકતર મિ. રોબર્ટ એતિંગર આ

ઘટનાને પોતાના એક દીલચસ્પ લેખ "ઈન્સાન જીવંત રહી શકે છે" માં એવી રીતે વર્ણવે છે કે આ બાળકને ૨૨ મુનિટ સુધી દરિયાના બરફીલા પાણીની વચ્ચે શરદીની મોસમમાં રાખવામાં આવ્યું. દાકતરોને યકીન છે કે બાળકનું આ ઠંડીમાં ઠરી જવું તેના જીવતા રહેવાનો સબબ બની ગયું. તે સમયે તે બાળકના શરીરની ગરમી ૨૪ દરજે પહોંચી ચૂકી હતી.

**લાખો વરસોની ઉમર**

આ જ માસિકમાં ફ્રાંસની સમાચાર એજન્સીના હવાલાથી "શરદી મોતને હાર આપે છે" ના મથાળા હેઠળ આવ્યું હતું. કે જમીનના ખારાશ, નમકીન સ્તરમાં એવાં બેકટેરિયા મળ્યા છે જે લાખો વરસ જીવતા રહે છે. આ બેકટેરિયાને ફરી વાર ગરમી પહોંચવાથી નવેસરથી હલનચલન કરવા લાગે છે. આથી ખબર પડે છે કે સર્દી અને ઠારવું એક અસ્તિત્ત્વના ORGANISM ને જીવંત રાખે છે.

એક અમેરીકી ઈન્સ્ટીટ્યુટના સંચાલક ડોકટર હેરાલ્ડ મનેમનને પૂરો વિશ્વાસ છે કે લઘુત્તમ ૧૯૭ ઉપમાને હંમેશાની જિંદગી કહી શકાય છે.

નિઃશક ઉચ્ચ ORGANISM માં તફાવત હોઈ શકે પણ સરદીથી આ રીતે પ્રતિકારક કરવાના કારણે અંગ્રેજ વિદ્વાન એડવી સ્મીથે કહ્યું છે કે એક ઉચ્ચ ORGANISM પણ આ ઠંડકને સહન કરી શકે છે. એક મસલા પર અનુભવ કર્યો.

આ ચર્ચાનો સારાંશ આ છે કે લાંબી ઉમર હોવું એક



સો ટકા સામાન્ય અને કુદરતી બાબત છે. જો કોઈ વ્યક્તિ લાંબી ઉમરના રહસ્યોને એ તે માટેની જવાબદારીઓને સમજી જાય તો મરવું અને આ દુનિયાથી વિદાય થવું એક અપ્રકૃતિક બાબત બની જાય.

**ઇમામના ઇલ્મની કાબેલીય્યત**

ઈમામના ઈલ્મનું વ્યાપક હોવું, તેમના ઈલ્મની કાબેલીય્યતની પરાકાષ્ઠા હોવું યકીની છે. ઈમામતના વાદવિવાદમાં આ વાત આવી ચૂકી છે કે ઈમામ અલયહિસ્સલામ જે કંઈ હતું અને જે કંઈ થવાનું છે. તે બધાના આલિમ છે. અલ્લાહની ઝાત સિવાય ઈમામનું ઈલ્મ સૌ મખ્લૂકથી વધારે હોય છે. બધી જ મખલૂક એમના માટે એવી છે જાણે એમની દૃષ્ટિ એક ઝલકમાં બધાનો અનુભવ કરી લે છે. મતલબ ઈમામ દરેક ચીજનું ઈલ્મ રાખે છે. વળી દુનિયાની વ્યવસ્થાને સત્ય ઉપર અદ્‌લો ઈન્સાફ ઉપર ચલાવનારનું ઈલ્મ આવું જ હોવું જોઈએ.

વહાલા વાચકો! ઈસ્લામી કિતાબોનો અને અકાઈદની કિતાબોનો ખૂબ જ ચિંતન-મનન સાથે અભ્યાસ કરો તો બખૂબી અંદાઝો આવી જશે કે ઈમામ ગુણોમાં અને ઈલ્મમાં સર્વશ્રેષ્ઠ હોય છે.

ઈમામ અલયહિસ્સલામ તે કિતાબના ઈલ્મને ઊઠાવી રહ્યા છે કે જે કિતાબમાંથી એક થોડાં ભાગનું ઈલ્મ આસીફ બરખીયાને હતું ત્યારે તે ઈલ્મ દ્વારા તેના ઝરીયાથી તે બિલકીસના તખ્તને હજારો કિલોમીટર દૂરથી, લગભગ છ મહિનાનો રસ્તો પાર કરીને પલક

ઝપકતાંની સાથે હઝરત સુલયમાન અલયહિસ્સલામની સામે લાવીને મૂકી દીધું. (અલ કુરઆન)

જ્યારે ઈમામ અલયહિસ્સલામ તો તે કામિલ મોમિન છે જેમને ખુદાતઆલાનો કુર્બ નઝદીકી હાસિલ છે. આપ તો અસિમ ઈલ્મના માલિક છે. તેમના ઈલ્મ તરફ કુરઆનની બે આયતોમાં ઈશારો કરવામાં આવ્યો છે.

وَقُلِ اعْمَلُوا فَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ وَرَسُولُهُ وَالْمُؤْمِنُونَ

*(સૂ. તૌબા આ-૧૦૫)*

કહી દો કે અમલ કરો, ખુદા જે કંઇ તમે અમલ અંજામ આપ્યો છે. તેને જુએ છે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ પણ જુએ છે. (અહિયાં વલ મુઅમેનૂન થી મતલબ ઈમામો છે.)

જો ઈમામ અલયહિસ્સલામ અલ્લાહ સિવાય બધા ઉપર ઈલ્મી પ્રભૂત્ત્વ ન રાખતા હોય તો બધા જ ઈન્સાનોના દીલોથી આગાહ(વાકેફ) કેવી રીતે હોય. ઈન્સાનોએ કરેલા અમલને કેવી રીતે જોતા હોય.

વળી દુનિયાના ખૂણે ખૂણેથી કરોડો લોકો આપના ઉપર સલામ મોકલે છે તે કેવી રીતે સાંભળી શકશે? અને જવાબ આપે છે. (જો એમ કહેવામાં આવે કે આપ સાંભળતા નથી. પરંતુ સલામ મોકલ્યા કરો તો આ એક નકામી અને વ્યર્થ વાત ગણાશે.) જો ઈમામ અલયહિસ્સલામ અલ્લાહ સિવાય સર્વે ઉપર ઈલ્મી પ્રભૂત્વ ધરાવતા ન હોય પછી



અલ્લાહતઆલાએ આ પ્રમાણે શા માટે ફરમાવ્યું?

وَكُلَّ شَيْءٍ أَحْصَيْنَاهُ فِي إِمَامٍ مُبِينٍ

*(સૂ. યાસીન આ-૧૨)*

એટલે કે દરેક વસ્તુના ઈલ્મને ઈમામ અને રેહબર ઉપર ઉઘાડું જાહેર કરી દેવામાં આવ્યું છે.

સુન્ની અને શીઆ બંને મુફસ્સિરોમાંથી કેટલાકે કહ્યું છે કે ઈમામે મુબીનથી મતલબ હઝરત અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ અને અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ છે. (કિતાબ એહકાકુલ હક અને શીઆ તફસીરો જુઓ) અને અમારી કિતાબ "પાસુખે મા" ની જિલ્દ અવ્વલમાં પણ વાંચી શકો છો.

આ વાત તો નિશ્ચિત છે કે એક દિવસ તે ઈમામ જે પૃથ્વીના તટ ઉપરના તમામ ઈન્સાનોને તમામ પ્રકારના ખતરાઓથી બચાવશે, તો પછી કઇ રીતે શક્ય છે કે જો તે પોતે પોતાના શરીર ઉપર ઈલ્મી પ્રભૂત્વ ન ધરાવતો હોય, તો પોતાની જાતે પોતાના ઉપરના ખતરાઓને કેવી રીતે દૂર કરશે? પોતાના સજીવન રહેવાના અસબાબ અને સાધનો કેવી રીતે પેદા કરી શકશે? વળી બીમારીઓ અને અકસ્માતોથી પોતાને કેવી રીતે બચાવી શકશે?

જેથી આ બાબતનું યકીન રાખવું પડશે કે ઈમામ અલયહિસ્સલામ જે કંઇ પણ મોતના કારણો છે, તેને દૂર કરવા, અહીં સુધી કે ઘડપણ અને તેની અસરોને નજીક ન આવવા દેવાના ખોરાકો અને દવાઓથી

ઘણી સારી રીતે વાકેફ છે. વળી આગળ વર્ણન આવશે કે તેઓ દરેક તે વસ્તુથી પરહેઝ કરે છે. જે ઈન્સાનના માટે નુકસાનકારક છે.

## ત્રીજો મસઅલો - ત્રીજી બાબત

ઈસ્લામના નિર્વિવાદ કાનૂન અને જરૂરિયાતમાંથી આ વાત પણ છે કે ઈન્સાને એવું કાર્ય ન કરવું જોઈએ જે તેના શરીરને વધારે નુકસાન પહોંચાડી શકતું હોય. આમ તો મામૂલી નુકસાન પણ આ રીતે તો બુરી વાત છે. આ પણ નિર્વિવાદ વાત છે કે બીજા દરેક મુસલમાનોની જેમ જ ઈમામ અલયહિસ્સલામ આ બાબતના પાબંદ છે કે અક્કલ અને શરઈ અહકામાત ઉપર અમલ કરે. અહીં સુધી કે "તર્કે ઔલા" પણ ન કરે. (બેહતર કાર્યને પણ ન છોડે)

એક બાબત અક્કલની દૃષ્ટિએ અશક્ય ન હોય, કુદરતી અને સામાન્ય બાબત હોય વળી વાજિબ હોય કે ઈન્સાન તેના ઉપર અમલ કરે, તે ઈન્સાન માસૂમ પણ હોય, અને તેની વિશેષતાઓ ઉપર પર્યાપ્ત રીતે મઅલુમાત પણ રાખતો હોય, વાકેફિયત ધરાવતો હોય, તેના વિષયનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતો હોય, તો પછી શક્ય જ નથી કે તે તેનાથી વિરોધ અમલ કરે.

ઈમામ અલયહિસ્સલામ જ્યારે જાણતા હોય કે કયો ખોરાક કયા પ્રકારનો માહોલ, વાતાવરણ અને અકસ્માતો



તેમની ભૌતિક જિંદગી માટે નુકસાનકારક છે. વળી તેની સાથે સાથે આ નુકસાનોને દૂર કરવાની શક્તિ ધરાવતા હોય, નુકસાનોથી બચવાનું સામર્થ્ય પણ ધરાવતા હોય. પરવરદિગારે પણ તેમના ઉપર વાજિબ કર્યું છે કે તેઓ પોતાના અસ્તિત્વ ઉપર કોઈ ગમ ન આવવા દે અને પોતાના ઉપર લાગતા નુકસાનને દફે કરે તો આ પરિસ્થિતિમાં તેઓ હંમેશા રહેશે, લાંબી અતિલાંબી ઉમર પામશે.

બીજી વાત માઅસુમીનના આ દુનિયાથી રૂખસત થવાનો આ દુનિયા છોડી જવાની ફિલોસોફીનું વર્ણન પણ કરી દેવામાં આવે, જે આ કાનૂનથી અલગ છે. તેમણે સ્વયં પોતાના ખુતબાતમાં ફરમાવ્યું છે :

مَا مِنَّا اِلَّا مَسْمُوْمٌ اَوْ مَقْتُوْلٌ

અમારાથી કોઈ પણ આ દુનિયાથી વિદાય નહીં લે પરંતુ આ કે ઝહેર દેવામાં આવે કે કતલ કરવામાં આવે અહાદીસમાં આવ્યું છે કે જો બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ જાહેર થઈ જાય તો તેમને પણ કતલ કરી નાખવામાં આવે. કારણ કે જાહેર થઈને લોકોમાં જિંદગી વ્યતીત કરે તો અસામાન્ય હાલત રાખી શકતા નથી. પરંતુ ઝહેર તેમને દગાફટકાથી ખવડાવી દેવામાં આવે તો તે તેમનો જીવ લઈ લેશે.

**સવાલ : ૩૨**

**ઈમામ અલયહિસ્સલામની ગયબતના ઝમાનામાં કેવી રીતે શક્ય છે કે ઈન્સાન ઈમામે ઝમાના અલયહિસ્સલામની ખિદમતમાં પહોંચે. જેથી આપથી રૂબરૂ બરકત હાસિલ કરે.**

**જવાબ : ૩૨**

હઝરત બકીય્યતુલ્લાહના હુઝૂરે અકદસમાં પહોંચવું કોઈ એવો મસઅલો નથી કે ઈન્સાન ખૂબ જ ઈબાદત, નફસકુશી વર્ષોના વર્ષોની મેહનત પછી જ તેમના સુધી પહોંચી શકે. આવું બિલકુલ નથી કારણ કે ઈમામ મઅસુમ નઉઝોબિલ્લાહ ન સંમોહન થઈ શકે છે ન કોઈના વશીકરણમાં આવી શકે છે. અને ન આપ અલયહિસ્સલામ એવું ઈચ્છે છે કે કોઈ ખૂબ તપસ્યા રિયાઝત કરે, તો જ આપ તેને પોતાની મુલાકાત આપે. આપ તો માસૂમ છે. અલ્લાહને ખૂબ જ પ્યારા બંદા છે. જમીન ઉપર અલ્લાહની હુજ્જત(દલીલ) છે.

જો આપણે આપને હકીકી રીતે ઓળખીએ આપના આમાલ કાર્યો, ઈલ્મ, મઅરેફત વગેરે દ્વારા આપણી તરબિયત કરીએ. આપણી તાલીમો-તરબિયતને વધુ બેહતર બનાવીએ. ધીમે ધીમે તે પવિત્ર મુકામ તરફ એક રૂહાની સંબંધ પેદા થઈ જાય. આપની મહબ્બત અને ઈશ્કને આપણા દીલમાં જગા આપીએ. તો કદાચ એવો ઈન્તિઝામ થઈ જાય કે આપણે આપણી ઈચ્છામાં ઈમામ અલયહિસ્સલામની મુલાકાતમાં કામ્યાબ થઈ જઈએ.

હવે એક બીજી દિશામાં વિચારીએ પેગંબરે ઈસ્લામ



સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ આપ અલયહિસ્સલામને ગયબતના ઝમાનાને વાદળની પાછળ રહેલા સૂરજની ઉપમાં આપી છે. તેનું એક કારણ આ પણ છે કે જો આપ અલયહિસ્સલામનું શરીર મુબારક દષ્ટિમાન નથી થતું. દેખાતું નથી તો શું વાંધો છે? આપ અલયહિસ્સલામની રૂહ પોતાની અઝમતોની સાથે-મહાનતાની સાથે આપણને ઘેરીને આપણો બચાવ કરી રહી છે. વળી વાદળ પાછળના સૂરજનું અજવાળું આપણી નજીક જ છે. બિલકુલ એ જ રીતે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની રૂહ મુબારક પણ અમારી નજીક બલકે ખૂબ જ નજીક છે.

મતલબ આ છે કે હજારો લાખો, કરોડો વ્યક્તિઓ આપનો વસીલો માંગે છે, આપથી તવસ્સુલ કરે છે, આપને સલામ અર્જ કરે છે, આપથી હાજતો ચાહે છે. આ બિલકુલ સહી અમલ છે. તેના સમર્થનમાં સેંકડો રિવાયતો અને આયાતે કુરઆની પણ છે.

જો ઈન્સાન દીલની આંખોથી જુએ તો દરેક સમયે આપની રૂહ મુબારકને પોતાની પાસે જ જુએ. પોતાની બગલમાં જુએ કે મારા પ્યારા ઈમામ મારી મદદમાં મારી રેહબરીમાં મારી સાથે જ ચાલી રહ્યા છે. જો તમે દીલના કાનોને ખુલ્લા રાખો તો આ બુઝુર્ગવારની અવાજ પણ સાંભળશો.

શરીર હંમેશા રૂહના તાબે હોય છે. તેનાથી અલગ નથી. જો ઈન્સાન આપથી રૂહાની પ્રેમ પેદા કરી લે તો આપના પવિત્ર શરીર મુબારકને જોઈ પણ લેશે. મારો અકીદો છે કે જો ઈન્સાન ઈચ્છે તો આપ અલયહિસ્સલામની નજીક રૂબરૂ થવાની

ઈઝ્ઝત પણ પ્રાપ્ત કરી લેશે. ઉપરોક્ત જે કંઈ વર્ણવ્યું છે તેના સિવાય આપથી મુલાકાતનો બીજો કોઈ તરીકો નથી.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اصْبِرُوا وَصَابِرُوا وَرَابِطُوا...

*(સૂ. આલે ઈમરાન આ-૨૦૦)*

અય ઈમાનવાળાઓ! સબર કરો અને સબરની તાલીમ આપો અને સંબંધ કાયમ કરો...

માસૂમીન અલયહેમુસ્સલામે ફરમાવ્યું છે કે અય લોકો જેઓ ઈમાન લાવ્યા છે. ગયબતે કુબરાના ઝુલમો ઉપર સબર કરજો અને બીજાઓને પણ સબરની તલકીન કરજો પોતાના ઈમામે મુન્તઝિરથી સંબંધ પેદા કરજો.

આનાથી મકસદ રૂહાની સંબંધ છે. આ રૂહાની સંબંધ ધીરે ધીરે ઝાહિરી મુલાકાત પણ કરાવશે. ઈન્શાઅલ્લાહ.

❊

**સવાલ : 33**

**આ વાત પ્રખ્યાત છે કે હઝરત વલી અસ્ર અલયહિસ્સલામ અને આપના ફરઝંદો એક ટાપુ ઉપર જિંદગી વિતાવી રહ્યા છે. આ ટાપુને લોકો "જઝીરએ ખિઝરા" કહે છે. આ વાત ક્યાં સુધી સાચી છે?**

**જવાબ : 33**

જો "જઝીરએ ખિઝરા"નું અસ્તિત્ત્વ છે તો હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ પોતે ત્યાં જિંદગી બસર નથી કરતા. કારણ કે દુઆએ નુદબામાં આપણે પઢીએ છીએ.



بِنَفْسِيْ اَنْتَ مِنْ مُغَيَّبٍ لَّمْ يَخْلُ مِنَّا

"અમારી જાન આપ ઉપર કુરબાન. આપ ગાયબ છો પરંતુ અમારી વચ્ચે જ છો."

જો આપ જઝીરએ ખિઝરામાં જિંદગી વિતાવતાં હોય તો આપણા લોકોની દરમ્યાન નહીં કહેવાય.

તે સિવાય જનાબ અલી બિન મહઝિયારના કિસ્સામાં કહેવામાં આવ્યું છે કે આપ અલયહિસ્સલામે ફરમાવ્યું કે મારા વાલિદે મારાથી અહદ લીધો છે કે શહેરોમાં ન રહું બલકે જ્યાં સુધી ખુદા ઈચ્છે છે. જિંદગી પહાડોમાં, રણોમાં ગુજર બસર કરૂં, પરંતુ જો કોઈ જઝીરએ ખિઝરા ગયું હતું તેની આપવીતીમાં વર્ણન છે કે તેણે જોયું કે આપના ફરઝંદો જઝીરામાં જિંદગી વિતાવી રહ્યા છે.

પરંતુ અમે એક એવા જઝીરા કે ઈલાકાનો ઈન્કાર પણ નથી કરી શકતા. એક તો હાજી નૂરી મરહૂમે જઝીરએ ખિઝરાનો કિસ્સો વિસ્તારથી વર્ણવ્યો છે. બીજી વાત આ છે કે આપ અલયહિસ્સલામનું કહેવું છે કે જો કોઈ આશ્ચર્યજનક નવાઈપમાડે એવી વાતો તમારા કાનો સુધી પહોંચે અને જો તમને તેના ઉપર વિશ્વાસ ન બેસે તો તે વાતોને રદ પણ ન કરશો. બલકે તેવી વાતોને શક્યતાઓના દાયરામાં રાખો. કદાચ ત્યાર પછી ભવિષ્યમાં હકીકત સામે આવી જાય. જેથી અમે જઝીરએ ખિઝરાનો ઈન્કાર નથી કરતા. કારણ કે તે દાવા ઉપર કેટલાક સાક્ષીઓ મોજૂદ છે. કેટલાક તો વિશ્વાસપાત્ર મક્કમ માણસો છે. જેઓ પોતાના નામો જાહેર કરવાનું ઈચ્છતા નથી. તેમનો દાવો છે કે તેઓ તે જઝીરામાં

ગયા અને ત્યાં ઘણીબધી વાતો તેમણે જોઇ.

ખુદાએ તઆલા આવી એક જગ્યાએ પોતાના વલી હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના માટે નક્કી કરે જેથી કરીને હઝરતના ફરઝંદો અર્વાચીન સમયની સામાજિક અખ્લાકી બુરાઈઓ અને ફસાદથી દૂર રહી શકે. કારણ કે જેઓ દુનિયામાં જીવન બસર કરી રહ્યા છે. આ ઉદ્‌બોધન છે.

قُوا أَنْفُسَكُمْ وَأَهْلِيكُمْ نَارًا

(સૂ. તહરીમ આ-૬)

એટલે કે સ્વયં પોતાની અને પોતાના અહલોઅયાલની આતિશે જહન્નમથી હિફાઝત કરો. જેથી ''જઝીરએ ખિઝરા''નું અસ્તિત્વ કોઇ અશક્ય વાત નથી. બલકે શક્ય છે કે આવો જઝીરો મોજૂદ હોય. (ખુદાના નેક બંદાઓની હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામથી મુલાકાતો થાય છે. ઈમામ અલયહિસ્સલામ જ્યારે ઇચ્છે ત્યારે આવા લોકોને મળે છે. ખાસ કરીને આપણા મુત્તકી, પરહેઝગાર, ઉલમા, અલ્લાહના વલીઓ જેમનાથી ઘણાં બધા કિસ્સાઓ પણ બયાન થાય છે. માર્ગદર્શન આપે છે. કોઇ મુદ્દા ઉપર સમજ આપે છે. કોઇક વખત આવા નેક બંદા ઇચ્છે દુઆ કરે કે પોતાની મુશ્કેલી ઈમામની ખિદમતમાં રજૂ કરે ત્યારે તેમની દુઆની કુબુલીય્યત પર પણ ઈમામ તેમને મળે છે. આવા લોકો એટલા બધા સામાન્યજન જેમ રહેતા-જીવતા હોય છે કે સમાજને ખ્યાલ પણ ન આવે કે આ વ્યક્તિને ઈમામ મળે છે. —અનુવાદક)

❃



**સવાલ : ૩૪**

**જ્યારે કે આ પૃથ્વીતટ ઉપરનો દરેક ખૂણો ઈન્સાને ખુંદી નાખ્યો છે. તે દરેક ખૂણા-ખાંચરાના નકશા પણ બનાવી નાખ્યા છે. વળી તે કોઇ ન કોઇ સરકારોની હુકુમતમાં પણ આવી ગયા છે. તો પછી આ વાત કઇ રીતે શક્ય છે કે ''જઝીરએ ખિઝરા'' પોતાની વિશેષતાઓ સાથે જે કિતાબ ''અન્નજમુસ સાકિબ'' માં વર્ણન થયેલ છે તે જગ્યા દુનિયાની હુકુમતો અને ભૌતિકશાસ્ત્રીઓની દૃષ્ટિથી ગાયબ છે, અદૃશ્ય છે. કહે છે કે ઈમામ બરમુદાના ત્રિકોણાકાર દરિયામાં રહે છે. આ વાત સ્પષ્ટ કરો.**

**જવાબ : ૩૪**

પ્રથમ તો આ વાત સાચી નથી કે પૃથ્વીના ગોળા ઉપર ખૂણે ખાંચરે બધે જ હુકુમતોનો કબજો છે. શક્ય છે કે આવી એક કે તેથી વધારે પણ એવી ખૂણે ખાંચરાની જગ્યાઓ હોય જેની જાણકારી હુકુમતોને ન હોય. અલ્લાહની ધરતીના ખૂણા-ખાંચરા અને ભેદોથી અલ્લાહ જ વાકેફ છે. કારણ કે હાલમાં જ વિશ્વભરની બધી જ સમાચાર એજન્સીઓના તમામ મીડીયાના સમાચારો અનુસાર અમેરિકાના દરિયાઓમાં જ્યાં ત્રણ દરિયાઓનો સમૂહ છે. ત્યાં એક ત્રિકોણીયા જગ્યા એવી છે તેને બરમુદાના નામથી ઓળખવામાં આવે છે. આ એક એવો પ્રદેશ છે. જેના માટે આ વાત મશહૂર છે કે કોઇ પાણીનું જહાઝ કે હવાઇ જહાઝ ત્યાંથી પસાર થઇ શકતું નથી. નીચે પાણીમાંથી પણ નહીં અને ઉપર હવામાંથી પણ નહીં.

હવામાં કે પાણીમાં આ જગ્યાએ જહાઝો ગુમરચીઓ

ફરે છે. તે દરમ્યાન જો પાછું ફરી જાય તો બચી જાય છે. પરંતુ જો પાછું ન ફરે તો તે ગુમ થઇ જાય છે. પછી ન તો તે હવાઇ જહાઝનો પત્તો મળે છે કે ન તો પાણીના જહાઝનો પત્તો મળે છે. એટલું જ નહિ પરંતુ તેમાં સવાર માણસો, પાયલોટો કોઈપણ વ્યક્તિઓનો પત્તો મળતો નથી. ઘણાં ઘણાં હવાઇ જહાઝો અને ઘણાં દરિયાઇ જહાઝો આ જગ્યાએ ગુમ થયાં છે. તેને શોધવા જનાર વ્યક્તિઓના જહાઝ પણ ગુમ થઇ ગયાં છે. વૈજ્ઞાનિકો હવાના દબાણ જેવા બહાના બતાવે છે. પ્રકાર પ્રકારની વાતો કરે છે. છતાંય છેવટે તો તેઓ પણ આને અજાયબી, કુદરતનો કરિશ્મો એમ કહે છે. પ્રથમ તો હવાઇ જહાઝનો સંબંધ તેના ધરતીપરના મશીનથી કપાઇ જાય છે. પછી તરત જ ગુમ થઇ જાય છે.

મેં પોતે પણ આ ત્રિકોણીય સમૂદ્રના વિષયમાં અરબી ફારસી કિતાબો જોઇ છે. તેમાં સૌથી સારી કિતાબ "જઝીરએ ખિઝરા" અને "બરમુદા ત્રિકોણ" જે કિતાબો ઇરાનમાં તરજુમો થઇને ઇરાનથી જ પ્રકાશિત થઇ છે. જેથી આ વાત અશક્ય નથી કે આ જઝીરાની વચ્ચેના ભાગમાં "જઝીરએ ખિઝરા" પણ હોય. તેની તરફ જહાઝ અને હવાઇ જહાઝ ખેંચાતા હોય.

આ જઝીરામાં જહાઝો અને હવાઇ જહાઝોને ગુમ કરી દેવા અથવા પરત ન થવા દેવાનું કારણ કદાચ આ પણ હોય કે તેના અંદરની પરિસ્થિતિ, ત્યાં રહેનાર કુટુંબો વગેરેની માહિતી બહાર ન જાય. શક્ય છે કે આ મુસાફરોને ત્યાં રોકી લઇને તેઓને ઇમાનવાળી જિંદગી નસીબ થઇ



ગઇ હોય. તેઓ પણ ત્યાંના મૂળ રહેવાસીઓની સાથે જ રહીને ઇબાદતે ખુદામાં લાગી ગયા હોય. ઇમાન કબૂલ ન કરનાર માટે પણ ત્યાં કંઇ પણ સેવાના કામમાં લગાવી દેવામાં આવ્યા હોય. જિદ્દી અને જક્કી બનીને આ બરમૂદા ત્રિકોણ પ્રદેશમાં દાખલ થઇ ગયા હોય હવે ત્યાં પણ ખુદા રસૂલની ફરમાંબરદારી ન ઇચ્છતા હોય વળી બરમૂદાની-જઝીરાની બહાર નીકળવાની જિદ કરતા હોય તેવાઓની હલાકત પણ જાઇઝ છે.

કહેવાય છે કે જયારે જહાઝ કે હવાઇ જહાઝ આ દરિયાઇ એરિયામાં કે તેની ઉપરના હવાઇ પટ્ટામાં દાખલ થાય છે ત્યારે ભમ્મર ભમ્મર ગોળગોળ ફરે છે. આગળ વધી શકતું નથી અને જો તે પાછું ફરવા માંગે તો પાછું પણ ફરી શકે છે, વળી જેઓ જિદ્દી બનીને અંદર ઘુસવાની કોશિશ કરે છે. તેઓ જ ગુમ થઇ જાય છે. આ કારણથી તેઓને ત્યાં પહોંચી ગયા પછી ખુદા-રસૂલની ફરમાંબરદારીવાળી જિંદગી જીવવી જરૂરી છે. જો તેઓ આ જિંદગીને પસંદ ન કરે ત્યાંના નીતિ નિયમોની અવગણના કરે તો તેઓની કતલ પણ જાઇઝ છે.

અંતમાં સારાંશ કે શક્ય છે કે "જઝીરએ ખિઝરા"નું અસ્તિત્વ હોય, અને આ પણ શક્ય છે કે આજદિન સુધી તાગુતી-શયતાની હુકુમતો તેના ઉપર કબજો ન જમાવી શકી હોય અથવા તો તેના વિષયમાં તેઓને પણ કંઇ ખબર ન હોય.

❁

**સવાલ : ૩૫**

**હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના ઝુહૂરની શું નિશાનીઓ છે? શું આ વાત જરૂરી છે કે તે નિશાનીઓ જાહેર થાય પછી આપ તશરીફ લાવે?**

**જવાબ : ૩૫**

સમયના અનુસંધાનમાં ભવિષ્યવાણીઓ ઘણીબધી છે. જે ઝુહૂરની નિશાનીઓમાં ગણાય છે. ઘણીબધી વાતો તો પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ તથા અઈમ્મએ અત્હાર અલયહેમુસ્સલામથી રિવાયત પામેલી છે. તેના ત્રણ પ્રકારો વર્ણવવામાં આવે છે.

**પ્રથમ પ્રકાર :** તે રિવાયતો જેમાં આખરી ઝમાનાના લોકોના બુરા આમાલના કારણે તેમના માટે અઝાબનો વાયદો છે. આ વઈદ છે અઝાબનો વાયદો છે. જેથી શક્ય છે કે ખુદાવંદે તઆલા તેમને માફ કરી દે અને તેમને અઝાબ ન દે.

**બીજો પ્રકાર :** તે ચીજો જેનો વાયદો થયો છે. જેવી રીતે કે ઈન્સાનના સારા કર્મોનો બદલો અથવા જે ઈન્સાનો મઝલૂમ રહ્યા છે તેથી તેમને સારા બદલા રૂપે વાયદો થયો છે. આ પ્રકારની નિશાનીઓ ચોક્કસ થવાની છે. એટલા માટે કે અલ્લાહતઆલા આદિલ છે. કુરઆન ફરમાવે છે:

إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ

*(સૂ. આલે ઈમરાન આ-૯)*

ખુદા પોતાના વાયદાની ખિલાફ નથી કરતો.

**ત્રીજો પ્રકાર :** કેટલીક રિવાયતો છે જેમાં ન વાયદો



છે ન વઈદ, કેટલીક કુદરતી અને અર્વાચીન જરૂરિયાતો છે. તેના વિષયમાં પણ ખુદવંદે તઆલાએ ફરમાવ્યું છે :

يَمْحُو اللَّهُ مَا يَشَاءُ وَيُثْبِتُ

*(સૂ. રઅ્દ આ-૩૯)*

"ખુદા જેને ઈચ્છે છે નાબૂદ કરી દે છે અને જેના માટે ઈચ્છે છે સલામત રાખે છે."

આ પણ શક્યતાવાળી નિશાનીઓમાંથી છે. ખબર નથી કે બનશે અથવા નહિ બને.

જેથી આ વાત નોંધવામાં આવે કે હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફિદાહુના ઝુહુરની ઘણીખરી નિશાનીઓ દઢ-મક્કમ અને નિશ્ચિત નથી. બની શકે છે કે ઝાલિમોના હાથોમાંથી મઝલુમીનનો છુટકારો અને ખુદાના સાલેહીન બંદાઓને જમીનના વારિસ બનાવવું અને એના જેવી કેટલીક નિશાનીઓ દઢ-મક્કમ-નિશ્ચિત નિશાનીઓ હોય.

ઘણીખરી નિશાનીઓ તો જાહેર થઈ ચૂકી છે. અને જે હજી સુધી જાહેર ન થઈ હોય, તે હવે પછી પણ જાહેર ન પણ થાય. પરંતુ તેમના જાહેર થવા કે ન થવા સાથે ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂરને કોઈ સંબંધ નથી. આવો ખ્યાલ ગલત છે કે રીવાયતોમાં આવેલી બધી જ અલામતો દષ્ટિસમક્ષ આવી જાય. જેથી હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ તશરીફ લઈ આવે.

**સવાલ : ૩૬**

**આ વાત કેવી રીતે માનવામાં આવે કે એક ખબર અઈમ્મએ અત્હાર અલયહિસ્સલામ આપે. જે દઢ-મજબૂત અને પાકી ન હોય.**

**જવાબ : ૩૬**

ખુદાવંદ તઆલાએ પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને અઈમ્મએ અત્હારને પાછલા અને ભવિષ્યમાં થનારા બધા જ બનાવોનું ઈલ્મ આપ્યું છે. દુઆએ નુદબામાં આપણે પઢીએ છીએ.

وَاَوۡدَعۡتَهٗ عِلۡمَ مَاکَانَ وَمَا يَكُوۡنُ اِلىٰ اِنۡقِضَاءِ خَلۡقِكَ

એટલે કે આ વિશ્વમાં જે કંઇ બની ગયું છે અને હવે પછી જે કંઇ બનશે ત્યાં સુધી જ્યાં સુધી દુનિયાની જિંદગી પુર્ણ થશે ત્યાં સુધીનું ઈલ્મ આપવામાં આવ્યું છે. જેવું ઈલ્મ અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને આપ્યું હતું તેવું જ ઈલ્મ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે અઈમ્મએ અત્હારને આપ્યું છે.

મારો અકીદો છે કે હવે પછી આવનાર એક કરોડ વર્ષોમાં કોઈ એક કલાક, એક મિનિટ અથવા એક સેકન્ડમાં એક રજકણ પણ હવાથી ઊડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તે આજે જ ઇમામે ઝમાના અલયહિસ્સલામને કોઈપણ સાધન કે સબબથી માલૂમ છે.

પરંતુ જો ઉપરોક્ત વાતની સાથે અમે કહીએ કે આપ અલયહિસ્સલામ જે કંઇ થઇ ગયું છે, અને જે કંઇ બનવાનું



છે તેને સોએ સો ટકા જાણે છે. અને એના વિરૂદ્ધ બનશે નહિ. તો આ પરિસ્થિતિમાં ખુદાવંદે આલમના હાથોને દુનિયાના કામો માટે બંધાયેલા ગણાશે. બીજા શબ્દોમાં કહીએ તો અઈમ્મા અલયહિસ્સલામ જે કંઇ જાણે છે કે હવે પછી દુનિયામાં બનશે. તેવું જ બનવું જોઈએ તો આ રીતે ખુદાના હાથ બંધાયેલા ગણાશે. જાણે કે ખુદાના હાથમાંથી વિશ્વના કામો ઉપર કંટ્રોલ હોવાનો ઈખ્તિયાર(આઝાદી) લઇ લેવામાં આવી એમ ગણાશે. જો કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત માટે આવી માન્યતા સદંતર ગલત છે. વિશ્વના દરેક કામો ઉપર અલ્લાહનો બરાબર સંપૂર્ણ કબજો છે. તે ચાહે ત્યારે ભવિષ્યમાં બનનાર બાબતોને ઈન્સાનોની ભલાઈ માટે ફેરફાર કરી શકે છે. આપણે અલ્લાહને બાંધી શકતા નથી. અલ્લાહની મરજી વગર પૃથ્વીમાં એક રજકણ પણ હાલી શકતો નથી.

આ રીતે જનાબે અઈમ્મએ અતહારના મુબારક કથનો અલ્લાહે તેઓને પહોંચાડેલા ઈલ્મ મુજબના એકે એક કથન સાચાં છે. પણ આ માની લેવું કે ખુદાતઆલા એ કથનો અનુસાર કરવા બંધાયેલો છે. ખુદાના હાથ બંધાઈ ગયા છે. આ વાત ગલત છે. તે ચાહે તો પોતાનો ઈરાદો ફેરવી શકે છે. કુરઆન મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : “ખુદા જે ઈચ્છે છે નાબૂદ કરે છે. અને જેને ઈચ્છે છે તેને સહી સાલિમ રાખે છે.”

આ એક પાકી હકીકત છે. વિશ્વમાં જે કંઇ પણ બની ગયું અને જે કંઇ પણ આજે છે મખલૂકાતના ઉલૂમ અને ભેદો

વિશ્વમાં જે કંઇ પણ છે અને હોઇ શકે છે બધાને એક એક કરીને પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને અઈમ્મએ અતહાર જાણે છે. તેમની વિશેષતાઓ, તેમના ખાસ ગુણો, તેમનું જીવન અને મૃત્યુ બધાથી આ બુઝુર્ગો પૂરેપૂરા માહિતગાર છે. કારણ કે ખુદાવંદ તઆલાએ તેઓને બધી જ મખલૂકથી અવ્વલ પેદા કર્યા છે. પછી સમગ્ર વિશ્વને તેઓની હાજરીમાં તેમના નિરીક્ષણમાં પેદા કર્યું. વળી આ જ બુઝુર્ગોને અલ્લાહે પોતાના સર્જન ઉપર ગવાહ બનાવ્યા છે.

પરંતુ જે વસ્તુઓ હજી સુધી બનાવી નથી કારણ કે તેમાં તબ્દીલી ફેરફારની શક્યતા છે. તે વાતો કુદરતી રીતે બનવી જોઇએ. (દૃષ્ટાંતરૂપે આવતી કાલે સૂરજનું ઊગવું જે આપણે બધા જ જાણીએ છીએ) પેગંબરે ઈસ્લામ અને અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ બધું જાણતા હોવા છતાંય ન જાણતા ન હોવાની જાહેરાત કરી છે. આ રીતે આ બુઝુર્ગોએ અલ્લાહના ઈરાદાનો એહતેરામ કર્યો છે. અલ્લાહની કુદરતનો એહતેરામ કર્યો છે.

આપણે પણ આ વાત ધ્યાનમાં રાખીએ છીએ કે કુદરતે ઈલાહીના હાથો કાર્યમાં લાગેલા છે. આમ કહીએ કે સૂરજ આવતી કાલે સવારે નિઃસંશય ઊગશે તો આ રીતે કહેવું એવું છે જાણે આપણે અલ્લાહના ઈરાદાની, મશીય્યતની બેપરવાહી કરી. અલ્લાહના ઈરાદા, મશીય્યતનો એહતેરામ ન કરવા બરાબર છે. કારણ કે અલ્લાહ જે ઇચ્છે છે તે કરે છે. અને



છેલ્લે અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામે જે ભવિષ્યવાણીઓ ફરમાવી છે પરંતુ તેમાં પરવરદિગાર તરફથી વાયદો અથવા વઈદ નથી તે થશે જ એવું નથી. આ બુઝુર્ગોએ આ નિશાનીઓને ચોક્કસ થશે જ પાક્કી વાતોની રીતે નથી વર્ણવી.

**સવાલ : ૩૭**

**હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના કિયામની-ઝુહૂરની શરતો શું છે? (કિયામ = ઊભા થઈ જવું, તૈયાર થઈ જવું, સ્થાપના કરવું)**

**જવાબ : ૩૭**

આ સવાલનો જવાબ અમે ટૂંકમાં અમારી કિતાબ "પાસુખે મા" છટ્ઠા ભાગમાં રજૂ કર્યો છે. આ કિતાબ હાલમાં મળતી નથી. તેમાંનો જવાબ જેવોને તેવો અહીં નકલ કરી રહ્યો છું. રિવાયતોના આધારે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના ઝુહૂરની બે શરતો છે.

**પ્રથમ :** દુનિયામાં ઈન્સાનો અક્કલમંદ અને વિવેક બુદ્ધિવાળા બની ચૂક્યા હશે. તેઓ હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની ન્યાયપ્રિય આલમી હુકુમત સિવાય કોઇ બીજાની હુકુમત ઉપર રાજી નહીં થાય. વળી જ્યારે આપ અલયહિસ્સલામ જાહેર થશે તો આપનું લોકો ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કરશે.

**બીજી વાત :** ઝુલમ અને અત્યાચારને પુરી રીતે અનુભવશે. (ન સમજવું, અસભાનપણું જરાય બાકી નહીં રહે. -અનુવાદક) પરેશાનીઓથી તંગ આવી ગયા હશે.

આજીઝ અને ગમગીન થઇ ગયા હશે. પછી જ્યારે આપ અલયહિસ્સલામ ઝુહૂર ફરમાવશે ત્યારે લોકો આપના સ્વાગત માટે આગળ આવશે.

જ્યાં સુધી આ બંને શરતો પૂર્ણ નથી થતી, આપ અલયહિસ્સલામ ઝુહૂર નહીં ફરમાવે. લોકોમાં ઝુલમથી નફરત પેદા થઇ ગઇ હોય પરંતુ ઝુલમને નાબૂદ કરવા માટે દિમાગી ફિક્ર ચિંતન અને તેનો વિકાસ પણ હોવો જરૂરી છે. જેથી હઝરત કિયામ ફરમાવે, ઝુહૂર ફરમાવે.

આ વાતને એક દૃષ્ટાંત દ્વારા સમજીએ. જેમકે અબ્બાસી ખલીફાઓના જમાનામાં યુનાની ફલસફાનો ખૂબ જ પ્રચાર કરવામાં આવેલો. લોકોને તકદીરને હવાલે કરવાના વિચારોને એટલો બધો પ્રચાર થયેલો કે લોકો યુનાની ચિંતનના મુરીદ બની ગયા હતા. યુનાની ચિંતન તેઓની રગ રગમાં પ્રસરી ગયું હતું. (જેવી રીતે આજના સમયમાં મગરિબી વિચારો- યુરોપીય ચિંતનની અસરથી લોકો વસીભૂત થઇ ગયા છે. લોકોની રગેરગમાં યુરોપીય ફિલસૂફી ઘુસી ગઇ છે. -અનુવાદક)

અબ્બાસી ખલીફાઓના ઝુલમો સહી કરી લેતા લોકો તે સમયમાં યુનાની ચિંતનના આધારે કહેતા હતા કે ખુદાએ પ્રભૂત્વ અને શક્તિના માલિક આ ખલીફાઓને બનાવ્યા છે. અલ્લાહે જ એમને પ્રભૂત્વશાળી બનાવ્યા છે. કમજોરી વંચિતતા અને લાચારી અમારા કિસમતમાં લખાઇ ચૂકી છે. આવું એક ગલત ચિંતન તે જમાનામાં પ્રચલિત થઇ ગયું હતું.

ત્રીજી એક વાત પણ સમજવા જેવી કે લોકોમાં ફિક્રી અને દિમાગી સભાનતા હોય પરંતુ તેઓ ઝુલમનો એહસાસ



ન રાખતા હોય, વળી એક આલમી હુકુમતની જરૂરત તેઓને જણાતી ન હોય. આ પરિસ્થિતિમાં હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ જાહેર થશે નહિ. કારણ કે આ પરિસ્થિતિમાં લોકો આપનું અને આપના મિશનનું સ્વાગત નહીં કરે. જ્યાં સુધી લોકો આપનું સ્વાગત કરવા તલપાપડ નહીં થાય, ત્યાં સુધી ઈમામ ઝુહૂર નહીં ફરમાવે, કિયામ નહીં કરે.

ઉપરોક્ત સમગ્ર ચર્ચાનો સારાંશ અથવા ખૂબ જ ચિંતન-મનન કરવા જેવી વાત કે જો ઈમામ આવી પરિસ્થિતિમાં ઝુહૂર ફરમાવે કે લોકો ઈન્કિલાબ માટે તૈયાર નથી. લોકો આપનું સ્વાગત કરવા તૈયાર નથી તો ઈમામ અલયહિસ્સલામ આવી પરિસ્થિતિમાં ઝુહૂર ફરમાવે તો બે જ વિકલ્પ બાકી રહે છે. ઈમામ બધાને જ કતલ કરી નાખે. જો કે તેઓ લોકોને કતલ કરવા માટે તો આવ્યા જ નથી. અથવા આવા લોકો સાથે સુલેહ સમાધાન કરી લે તો આ બાબત પણ શક્ય જ નથી. કારણ કે સુલેહ-સમાધાન કરવું ઝુહૂરના મકસદની જ વિરૂદ્ધ વાત છે.

ઉસૂલે કાફીમાં ઈમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામથી નકલ છે કે આપે ફરમાવ્યું :

જ્યારે અમારા કાએમ કિયામ કરશે ત્યારે પરવરદિગારે આલમ પોતાના લુત્ફ અને કરમથી પોતાના હાથ બંદાઓના માથા ઉપર રાખશે. જેનાથી તેઓ પોતાની અક્કલ અને ફિકરને એકત્ર કરશે. દિમાગી સમજનો વિકાસ કરશે અને વિશ્વ પોતાની અંદર વલીએ અસ્ર અલયહિસ્સલામની જરૂરત મહસૂસ કરશે.

**સવાલ : ૩૮**

**ગયબતના ઝમાનામાં કેટલા પ્રમાણમાં અને કયા અર્થમાં દુનિયા ઝુલ્મો-અત્યાચારથી ભરાઈ જશે?**

**જવાબ : ૩૮**

અહાદીસમાં ઈસ્લામના પેશ્વાઓએ અનેક વખત ફરમાવ્યું છે કે આખરી ઝમાનામાં ઈમામે અસ્ર અલયહિસ્સલામના કિયામ કરતાં અગાઉ દુનિયા ઝુલ્મો-અત્યાચારથી ભરાઈ જશે. ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝરીયે આ ઝુલમ ખતમ થશે. અદ્‌લો ઈન્સાફ કાયમ થશે. સમગ્ર પૃથ્વીતટ ઉપર અદ્‌લો ઈન્સાફ કાયમ થઈ જશે.

કેટલાક લોકોએ ઉપરોક્ત ફરમાનોનું એવું અર્થઘટન કર્યું છે કે વિશ્વના બધા જ લોકો બદકાર, ઝાલિમ અને ફસાદ ફેલાવનારા બની જશે. આ રીતે દુનિયા જોર ઝુલમથી ભરાઈ જશે.

એક વિચારવા જેવી વાત તરફ વહાલા વાંચકોનું ધ્યાન દોરું છું. જો બધા જ ઝાલિમ હશે, અને તેમની સામે મઝલૂમ નહીં હોય તો ઝુલમ કેવી રીતે થશે? કોના ઉપર થશે? અને દુનિયા ઝુલ્મો-અત્યાચારથી કેવી રીતે ભરાઈ જશે?

મતલબ આ છે કે ઝાલિમોની સંખ્યામાં વધારો થશે. મઝલૂમીનમાં પણ વધારો થશે. નેક લોકો આવા દૃશ્યો જોઈને પરેશાન થઈ જશે. આ એક સમજમાં આવે એવી વાત થઈ.

જો કે ઈસ્લામના પેશ્વાઓના ફરમાનો ઝુલ્મો-અત્યાચાર વિશે એક જુદી જ દિશામાં અંગુલી નિર્દેશ કરે છે. તે આ છે કે કેટલીક સુપર-પાવર શક્તિઓ પોતાના દેશમાં રહીને



દુનિયા ઉપર ઝુલમ કરે. નાના ગરીબ દેશોના હક્કો તેમને ન આપે, તેમના ઉપર હુમલા કરે, તેમની આઝાદી છીનવી લે, તેમના દ્વારા ત્યાં ખુનરેઝી-બળાત્કારો પણ થાય, ગરીબ મુલકોની માલ-દવલત ખનીજ સંપત્તિ કાઢીને પોતાના દેશમાં લઈ જાય વગેરે વગેરે.

અથવા દરેક દેશોમાં તે દેશના સત્તાધીશો લોકો ઉપર ઝુલમ કરે અને બાકી સામાન્ય જનસાધારણ મઝલૂમિયતનું જીવન બસર કરે, ત્યારે વિશ્વ સાચા અર્થમાં ઝુલમો-જોરથી ભરેલું ગણાશે.

એક ખૂબ જ ધ્યાનાકર્ષક મુદ્દા ઉપર વાચકોનું ધ્યાન દોરૂં છું. કેટલાક લોકો આમ કહે છે કે આપણે પણ ફસાદ કરવો જોઈએ, ઉપદ્રવ મચાવવો જોઈએ. જેથી દુનિયા ઝુલમ અને જોરથી ભરાઈ જાય. આ વાત ગલત છે. આપણે તો અંબિયાએ કિરામ અને ઈમામોના મકસદે જિંદગીને જ અનુસરવું જોઈએ. અમ્ર બિલ મઅરૂફ કરતા રહેવું જોઈએ.

❁

**સવાલ : ૩૯**

**જો ઈમામે ઝમાના અલયહિસ્સલામ દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે તો પછી કોણ વ્યક્તિ હશે જે આપ અલયહિસ્સલામને કતલ કરશે?**

**જવાબ : ૩૯**

આ સાચું છે કે ઈસ્લામના પેશ્વાઓએ ફરમાવ્યું છે કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે. પરંતુ સાથે સાથે આ પણ કહ્યું છે કે

તે જેટલા પ્રમાણમાં ઝુલ્મો અત્યાચારથી ભરેલી હશે.

બેશક તે જમાનામાં જે ઝુલ્મો અત્યાચારથી ભરેલી હશે. આપના કિયામથી અગાઉ સાલેહ વ્યક્તિઓ જેવી રીતે કે ઈમામે ઝમાના અલયહિસ્સલામના અસહાબે ખાસ જેમની સંખ્યા ત્રણસો તેર વ્યક્તિઓની કિતાબોમાં લખેલી છે તેઓ પણ હાજર હશે. જેથી આમ કહી શકાય કે તેમના મુકાબલામાં દુનિયાના અદ્લો ઈન્સાફથી ભરી ગયા પછી પણ ઉપદ્રવી માણસોનું અસ્તિત્ત્વ તો રહેશે જ. ઝાલિમો ઝુલમથી રોકાઇ જશે. પરંતુ તેમનો સ્વભાવ થોડો બદલાઇ જવાનો હતો. બદમાશોની થોડી ઘણી સંખ્યા તો દુનિયામાં રહેશે. ભલે તેઓ બદમાશીઓથી રોકાઇ ગયા હશે. પરંતુ તેમના લોહીમાં તો તે વણાઇ ગઇ હોય છે.

ઘણીબધી હદીસોમાં ફરમાવવામાં આવ્યું છે કે "હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામ દુનિયાને અદ્લો ઈન્સાફથી ભરી દેશે જેવી કે તે ઝુલમો સિતમથી ભરાયેલી હશે."

જેથી સ્પષ્ટ શબ્દોમાં અને ઈલ્મી અંદાઝથી આમ કહી શકાય કે વિશ્વ જ્યારે અદ્લો ઈન્સાફથી ભરાઇ જશે અને બધા જ લોકો અદ્લથી અમલ કરશે તે આ અર્થમાં ગણાશે કે સેંકડોની સંખ્યા ઝાલિમોની, ઉપદ્રવીઓની હોય. પરંતુ તેમના મુકાબલામાં કરોડો ઈન્સાનો અદ્લો-ઈન્સાફથી ઝિમ્મેદારી પૂરી કરતા હોય તો કરોડો નેક અને આદિલ લોકોના મુકાબલામાં સેંકડો ઝાલિમોની સંખ્યા ગણતરીમાં લેવામાં આવશે નહિ. જેવી રીતે કે ઈમામ અલયહિસ્સલાના ઝુહૂરથી અગાઉ કરોડો ઈન્સાનો ઝુલમની ચક્કીમાં પીસાતા



હતા. તે કરોડો ઝાલિમોના મુકાબલામાં સેંકડો અફરાદ નેક અને સાલેહ હતા. અદ્લો-ઈન્સાફથી જિંદગી વ્યતીત કરતા હતા. છતાંય તેઓ ગણતરીમાં લેવાતા ન હતા.

હું માનું છું કે ઉપરોક્ત સમગ્ર ચર્ચા થોડીક કઠિન જરૂર છે. પરંતુ મારા વહાલા વાચકોની સમજમાં આવી ગઇ હશે. ઈન્શાઅલ્લાહ.

❊

**સવાલ : ૪૦**

**ગયબતે કુબરાના (મોટી ગયબતના) ઝમાનામાં હઝરત વલીએ અસ્ર અલયિહસ્સલામની ખિદમતમાં તશરીફ લાવવા માટેનો શું તરીકો છે? કે તેઓની મુલાકાત થાય.**

**જવાબ : ૪૦**

હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હુઝૂરમાં તશરીફ ચાર પ્રકારે શક્ય બની શકે છે.

**પ્રથમ પ્રકાર :** આપ અલયહિસ્સલામની ખ્વાબમાં ઝિયારત થાય. કદાચ આ રીતે ઘણાંબધા શીઆ હઝરાત આપની ઝિયારત કરી શક્યા છે.

કેટલાક લોકોનું માનવું છે કે સ્વપ્ન ઈન્સાનના વિચારોનું પ્રતિબિંબ હોય છે. જેથી એનું કોઇ મહત્ત્વ નથી. પરંતુ તે સ્વપ્ન જેમાં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની ઝિયારત થાય તે બીજા ખ્વાબોથી અલગ છે.

આવા સ્વપ્નોમાંથી કેટલાક સ્વપ્નોમાં આપ અલયહિસ્સલામે મુશ્કેલ પ્રશ્નોનું નિરાકરણ કર્યું છે. જે મસાએલ સામાન્ય પરિસ્થિતિમાં જાગૃત અવસ્થામાં હલ થઇ

શકતા નથી. હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામે આવા પેચીદહ મસાએલની સ્પષ્ટતા પોતાના દોસ્તો અને નેક આલિમોને કરી છે.

કેટલાક સ્વપ્નોમાં ''ગણિત, બીજ ગણિત''ના મુશ્કેલ મસાએલના ઉકેલ હઝરતે સૂચવ્યા છે. તેના માટેની દલીલો પણ રજૂ કરી છે. આ પ્રકારના ખ્વાબોમાં ભવિષ્યકાળના પડદા હટાવવામાં આવ્યા છે. જો આ બાબતો વિશે અમે લખવાનું શરૂ કરીએ તો આખી એક કિતાબ બની જાય. વાંચકો કિતાબ ''દારૂસ્સલામ'' અને ''નજમુસ્સાકિબ'' વાંચી શકો છે. જે મરહૂમ હાજી નૂરીએ લખેલી છે.

**બીજો પ્રકાર :** મુકાશિફાના ઘણાંબધા લોકો હઝરત વલીયુલ્લાહ આઅઝમ અરવાહોના ફિદાહુના વજુદથી ફાયદો ઊઠાવી શક્યા છે.

કદાચ કોઇ પ્રશ્ન કરે કે ''મુકાશિફહ'' શું છે તો મુકાશિફાનો સીધો સાદો અર્થ થાય છે. રહસ્ટ સ્ફોટ, પ્રગટીકરણ. ભેદો જાણવા, અવલિયા અલ્લાહને ઉમૂરે ગયબીનું મઅલુમ થઇ જવું. અવલિયા અલ્લાહ અવલિયા છે. એવું દેખાડતાં હોતા નથી. લોકો તેમને સામાન્ય માણસ પણ સમજતા હોય. અત્રે આપણે ''મુકાશિફહ'' અંગેની ચર્ચા કરી રહ્યા છીએ. જ્યારે ઈન્સાનની રૂહ કવી(મજબૂત) થઇ જાય છે ઈન્સાન પોતાની રૂહને પોતાના શરીરની માલિક અને પોતાની ઉપર સંપૂર્ણ બાઈખ્તિયાર (કાબૂ કરનારી) બનાવી દે છે. ત્યારે મુકાશફહની જમીન તેના માટે હમવાર થતી જાય છે. એટલે કે રહસ્ય સ્ફોટ અને ભેદો જાણવા માટેનો રસ્તો ખૂલે છે. યોગ્ય



પરિસ્થિતિ પેદા થાય છે. કેટલીક વખત તો ખુઝૂઅ અને ધ્યાન અને ખૂશુઅ તવજ્જોહ સાથે ઈબાદત કરવાથી પણ મુકાશિફહ જેવી હાલત થઈ જાય છે. ઈન્સાનને પોતાને પણ ખબર નથી પડતી કે શું થયું છે? સ્વપ્ન જોઇ રહ્યો છે કે જાણી રહ્યો છે? આમ પણ ખબર નથી પડતી કે આંખો ખુલ્લી હતી કે બંધ હતી. પરંતુ સત્યો-રહસ્યો-ભેદો તેના ઉપર ખૂલી જાય છે. રૂહો અને મલાએકા પણ તેનાથી વાતો કરે છે. અઈમ્મએ અતહાર અલયહિસ્સલામને પણ જુએ છે. તેમની સાથે સ્પષ્ટ રીતે વાતો કરે છે. ઈલ્મી મસાએલ પૂછે છે. સાથે સાથે તેનો હલ (ઉકેલ) માલૂમ કરે છે.

સામાન્ય માણસોને મુકાશફહ સાથે ઘણો ઓછો સંબંધ હોય છે. વળી જો કોઇ વખત આવી પરિસ્થિતિ ઊભી પણ થઈ ગઇ તો તેને તે બાબતનો એહસાસ નથી થતો. આપણે અહીં એક સૈયદ સાહેબના મુકાશિફહનું દૃષ્ટાંત સમજીશું ત્યાર પછી ઝિયારતના બે તરીકાનો અભ્યાસ કરીશું.

### એક દૃષ્ટાંત

### ઇમામે ઝમાના અલયહિસ્સલામથી તવસ્સુલ

પહેલાંના ઝમાનામાં કૂમમાં કોઇ તાલિબે ઈલ્મ શાદી કરતો તો તેને મદ્રસામાં રહેવાની ઈજાઝત ન મળતી. તેને બીજું અલગ કમસે કમ બે ઓરડાવાળું મકાન લેવું પડતું. એક ઓરડો રહેવા માટે અને એક ઓરડો અભ્યાસ-વાંચન માટે. એક તાલિબે ઈલ્મના પોતાના શબ્દોમાં જ વાતની રજૂઆત કરૂં છું.

અમારી આર્થિક સ્થિતિ સારી ન હતી. જેથી મજબૂર

થઈને મેં મારા એક દૂરના સગા તાલિબે ઈલ્મની સાથે ત્રણ ઓરડાવાળું મકાન ભાડે લીધું. એક ઓરડો બંનેના અભ્યાસ માટે અને બે ઓરડા અમારા બંનેના રહેવા માટે એક એક અલગ. આ મકાન અમે ભાડે લીધું.

એક જુમ્આના દિવસે હું વાચનખંડમાં બેઠો બેઠો પઢી રહ્યો હતો. તો જોયું કે મકાનની માલિકણ મકાનમાં દાખલ થઈ. પછી મારી પત્ની ઉપર આક્ષેપો કરવા લાગી. હકીકતમાં આ એક ઘર ખાલી કરાવવા માટેનું બહાનું હતું કે અમે ઘર છોડી દઈએ.

હું ઘણો જ પરેશાન થયો. તે જ વખતે હું કુમથી પગપાળા મારા સાથીની સાથે મસ્જિદે જમકરાન જવા માટે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુથી તવસ્સુલ માટે આપની મદદ માટે નીકળી પડ્યો. સૂર્યાસ્ત સમયે અમે મસ્જિદે જમકરાન પહોંચી ગયા. અચાનક મારા ઉપર મુકાશેફાની કૈફિયત જણાઈ. હઝરતની મુલાકાત થઈ. (ભેદનું ખૂલી જવું, અવલિયા અલ્લાહને થાય છે.) જેનું વર્ણન શક્ય નથી. તે જ હાલતમાં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુએ મને ફરમાવ્યુંઃ તમે જ્યારે ઘેર પાછા પહોંચશો તો તે વ્યક્તિ જે તમને મકાન ખરીદી આપશે. જે તમારી રાહ જોઈને બહારના ઓરડામાં બેઠો હશે.

મેં મારા સાથીને આ મુકાશિફાનું વર્ણન કર્યું, પછી બંને પાછા ફર્યા. કુમ આવીને સીધા જ ઘેર ગયા. દરવાજો ખોલ્યો તો જોયું કે બહારના ઓરડામાં અજવાળું થઈ રહ્યું છે. પત્નીને પૂછ્યું : શું કોઈ મેહમાન આવ્યા છે? જવાબ આપ્યો કે હા



ફલાણા સાહેબ આવેલા છે.

આ સાહેબ અમારા તેહરાનના એક મિત્ર હતા, વેપારી હતા. તેઓ જ્યારે પણ કુમ આવતા, મારા ઘેર જરૂર આવતા. પરંતુ તે સમયગાળામાં તે કોઈ મોટા માલદાર ન હતા, કે અમારા માટે કોઈ ઘર ખરીદી આપે.

હું ઓરડામાં દાખલ થયો, દસ્તરખ્વાન બિછાવવામાં આવ્યું. પછી મહેમાનની સાથે મળીને રાતનું ખાવાનુ ખાધું. મહેમાન કહેવા લાગ્યા કે મેં સાંભળ્યું છે કે કુમમાં મકબરા તૈયાર કરીને વેચવામાં આવે છે. હું એટલા માટે આવ્યો છું કે મારી ફેમીલી માટે કબ્રસ્તાનમાં એક મકબરો ખરીદ કરીને રાખી મુકું.

મેં કહ્યું : તેમાં શું વાંધો છે, કરી શકો છો. પાછો તે રાતે હું બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની ખિદમતમાં મુતવસ્સિલ થયો તો મેં વિનંતી કરી કે એમ લાગે છે કે મારી જિંદગી ખતમ થવા આવી છે. મારો દોસ્ત મકબરો ખરીદી રહ્યો છે. અમે બંને જિગરી દોસ્ત હોવાથી અમને પણ ત્યાં જ દફન કરવામાં આવશે.

સવારમાં જ્યારે હું મારા મહેમાન માટે નાસ્તો લઈને ગયો તો જોયું કે તેનો મકબરો ખરીદવાનો વિચાર બદલાઈ ગયો હતો. કહેવા લાગ્યા માણસ ભલેને ગમે ત્યાં દફન થાય, દરઅસલ તેના અમલો સાલેહ હોવા જોઈએ. જેથી આલમે બરઝખમાં તેને આરામ મળે, ભલે પછી તેની કબર ઉપર મકબરો કે પાકા થાંભલા હોય કે ન હોય.

હું ખામોશ રહ્યો કંઈપણ બોલ્યો નહિ. હજી હું કંઈક

બોલું કે તે પહેલાં પોતે જ કહેવા લાગ્યા. આ નાના ઘરમાં તમને ઘણી જ અગવડ પડતી હશે. જેથી મેં વિચાર્યું કે કુમમાં એક ઘર ખરીદું જેમાં ઓછામાં ઓછા ચાર રૂમ હોય. તેમાંથી બે તમારા માટે અને બે મારા માટે. હું અથવા મારા બીજા દોસ્તો જ્યારે કુમ આવશે તો તેમાં રહેશે, રોકાશે.

મેં તેમને જવાબમાં કહ્યું કે આપ ચોક્કસ ઘર ખરીદો પરંતુ અમે લોકો તેમાં રહીશું નહિ.

(આ પ્રકારનો નકારાત્મક ઉત્તર એટલા માટે આપ્યો કે ત્યાં સામાન્ય રીતે તેહરાનના માલદાર રહેવાસીઓ કુમમાં ઘર ખરીદે છે. પછી આ ઘર કોઈ દીની તાલીમ હાસિલ કરતા તાલિબે ઈલ્મને રહેવા સાચવવા માટે સોંપી જાય છે. તે પેલા ઘરની સંભાળ રાખે છે. તેમાં રહે પણ છે. પછી વરસમાં ગમે ત્યારે રાતે કે દિવસે માલિકે મકાન કુમ આવે અથવા મકાન માલિકના દોસ્તો આવે, તેના સગાંવહાલાઓ આવે ત્યારે આ તાલિબે ઈલ્મને પેલાઓની સેવા કરવી પડે છે. તેઓ પણ આ જ ઘરમાં ઊતરે છે. તેમની સેવા ચાકરી તો આ ગરીબ તાલિબે ઈલ્મને કરવી જ પડે છે. ઉપરાંત તેઓમાંથી ઘણાંબધા અથવા તો લગભગ બધા જ આઠ આઠ-દસ દસ દિવસ કે તેથી વધારે પણ રહે લાઈટ બાળે, ટેલિફોનનો ઉપયોગ કરે તે બધાનું બીલ પણ આ ગરીબને માથે પડે છે. પોતાના મકાન માલિક પાસે પણ આ બીલ લાઈટ, ગેસ, ફોન વગેરેનો ખર્ચ માંગી શકતા નથી કારણ કે મફત મકાન આપ્યું છે. જે એક એહસાન છે. વિદ્યાર્થીઓને આવા પ્રકારની કેટલીક પરેશાનીઓ ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓના અભ્યાસમાં પણ ખલલ પહોંચે છે. આ



સિલસિલો આખું વરસ ચાલતો રહે છે. ભાઈબંધનો ભાઈબંધ, સગાનો સગો આવતાં જ રહે છે.)

મેહમાને મારી સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી કે હું તેના ઘર શોધવામાં મદદરૂપ થાઉં. મને જણાવ્યું કે જ્યારે પણ કોઈ સારૂં ઘર મળી જાય મને તેહરાન ખબર કરજો. હું અહીં આવીને ખરીદવાની વાતચીત કરીશ. આ પછી મારા મેહમાન તેહરાન ચાલી ગયા.

આ વાતને થોડાક દિવસો પસાર થઈ ગયા. હું ઘણો જ પરેશાન હતો. મારી તમન્ના અને ઉમ્મીદો ઉપર પાણી ફરતાં દેખાયાં. જો ઈમામે ઝમાના અલયહિસ્સલામ તરફથી તો મને વાયદો ફરમાવાયો હતો. જેથી મને ઈમામની વાતમાં કોઈ શક ન હતો. પરંતુ અહીં તો પ્રથમ મકબરાની વાત થઈ. પછી મકબરા પરથી હટીને મકાન ખરીદવાની વાત થઈ તો તે પણ મકાનનું રક્ષણ કરવા એક નિગરાન તરીકે રહેવાની. તે મકાન પણ બીજાના નામ ઉપર ખરીદ કરવામાં આવશે. મેં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુથી આ બાબત ફરિયાદ પણ કરી.

આ દિવસો દરમ્યાન એક રાત સ્વપ્નમાં જોયું કે વેપારીઓના પોશાકમાં એક વ્યક્તિ મારાથી મુલાકાત માટે આવ્યો અને કહેવા લાગ્યો.

આવો! ચાલો આપણે એક મકાન જોઈએ, જો તમે પસંદ કરો તો તમારા માટે ખરીદી લઈએ. તેમની સાથે હું એક મકાન જોવા ગયો. જેમાં છ ઓરડા હતા. એક થાંભલો કંઈક તૂટેલો હતો. મેં આ મકાન (સ્વપ્નમાં) પસંદ કર્યું. તે

વ્યક્તિએ અમારા પેલા તેહરાનવાળા મેહમાન દોસ્ત તરફથી આ મકાન મને ખરીદી આપ્યું.

જ્યારે હું સ્વપ્નમાંથી જાગ્યો ત્યારે મારા તે મિત્રથી જે મારી સાથે રહેતો હતો. સ્વપ્નનું વર્ણન કર્યું. તેણે કહ્યું કે તમારા ખ્વાબની તાબીર આ જ છે કે ઈન્શાઅલ્લાહ આપણે લોકો મકાનના માલીક થઈ જઈશું.

તે જ દિવસે તેહરાનથી મારા દોસ્ત મેહમાનનો પત્ર આવ્યો તેમાં જણાવ્યું હતું કે ફલાણી વ્યક્તિએ મને એક મકાનનું સરનામું બતાવ્યું છે. તમે જાઓ અને આ મકાન જુઓ જો તમને પસંદ આવે તો મને જણાવો. હું કુમ આવીને ખરીદી લઈશ.

હું તે માણસ પાસે ગયો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. જોયું તો આ તે જ વ્યક્તિ છે જેને મેં રાતના સ્વપ્નમાં જોયો હતો. પોશાક વગેરે પણ બીલકુલ તે જ પહેર્યો હતો.

મેં મારા સાથીને કહ્યું કે જે મકાનને આપણે જોવા જઈ રહ્યા છીએ અને જે માણસ આપણને લઈ જાય છે તે વ્યક્તિ તે જ છે જેને મેં રાતે સ્વપ્નમાં જોયો હતો. હવે એમ લાગે છે કે આપણા માટે આપણું ઘર બની જશે.

તે સાહેબ અમને લોકોને વેચવા માટેનું મકાન બતાવવા લાગ્યા તો મકાન પણ તે જ હતું જે રાતના મેં ખ્વાબમાં જોયું હતું. તેમાં છ ઓરડા હતા. એક સુતૂન(થાંભલો) જે એક જગ્યાએથી થોડોક તૂટેલો હતો. પરંતુ મકાન માલિકે એટલી વધારે કિંમત બતાવી કે અમારે તે ખરીદ્યા વગર પાછા જવું પડ્યું.

જે સાહેબ મકાન ખરીદવા-દેખાડવા લઈ ગયા હતા.



તેમણે કહ્યું કે આ ઘર માલિક ઘણી વધારે કિંમત બતાવે છે. માટે આપણે તમારા માટે બીજું ઘર જોવું પડશે. શોધી કાઢીશું, મળી જશે.

મેં મારા દોસ્તને કહ્યું : આપણે લોકો આ જ મકાન ખરીદીશું. એનાથી એક સંબંધ પેદા થઈ ગયો છે. પરંતુ આ વાત કઈ રીતે શક્ય બનશે? આ ખુદા જ જાણે છે. બીજા દિવસે મકાન માલિકે મને માસૂમએ કુમના હરમશરીફની સહેનમાં જોયો. તરત જ પાસે આવ્યા, કહેવા લાગ્યા કે હું તમારી જ તલાશમાં હતો. મારી પત્નીએ રાતે એક સ્વપ્ન જોયું કે અમે તમને અમારા દરવાજાથી પાછા શા માટે કાઢ્યા? જેથી અમે હાજર છીએ. આપ જે કિંમત પર પણ ઈચ્છો અમારૂં મકાન તમને વેચવા તૈયાર છીએ.

મેં કહ્યું કે તે સાહેબ તે મકાન મારા માટે નહિ બલકે તેહરાનના બીજા એક સાહેબ માટે જોઈ રહ્યા છે. જે અમારા પણ દોસ્ત છે. અમે બંને તેમની મિત્રતાના કારણે જ અમે સાથે મકાન જોવા આવ્યા હતા.

માલિકે મકાને કહ્યું કે જો એવી જ વાત છે તો અમે અમારૂં મકાન તેમને વેચીશું નહિ. મારી પત્નીએ તો કહ્યું હતું કે ખ્વાબમાં તેને જણાવવામાં આવ્યું હતું કે તે સૈયદ સાહેબને (તાલિબે ઈલ્મને) પોતાના દરવાજેથી પાછા કેમ કર્યા?

ટૂંકમાં છેવટે હું મકાન બતાવનારા સાહેબ પાસે ગયો પછી તેમને સમગ્ર હકીકત વાકેફ કર્યા. તેમણે કહ્યું કે આ પ્રમાણે નથી. તેહરાનવાળા ભાઈસાહેબ તો તે મકાન આપના માટે ખરીદવા ઈચ્છે છે. તે જ વખતે તેમને પત્ર લખ્યો. તેઓ જાતે

કુમ આવી ગયા. પછી મારા માટે તે મકાન ખરીદી આપ્યું. મારી ગયરત અને નફસની ઈઝ્ઝતે આ વાત પસંદ ન કરી કે તે રકમ મકાનના માટે તેમનાથી લઉં. હું શરમથી નીચેથી ઉપર જોઈ શકતો ન હતો. જો કે હું અને મારો દોસ્ત તાલિબે ઈલ્મ બંને જરૂરતમંદ હતા. છતાં આટલા બધાં નાણાં મારા મકાન માટે તેમની પાસેથી લઉં. તેઓ કહેવા લાગ્યા કે સમજો કે આ રકમ હું તમને નથી આપતો જે વ્યક્તિએ રકમ આપી છે તેને આપ નથી ઓળખતા અને ન તો તે આપને ઓળખે છે. જેથી આપ કોઈના એહસાનના ભાર નીચે નથી. ફક્ત ઈમામે ઝમાના અલયહિસ્સલામનો શુક્ર અદા કરો.

હું જ્યારે ફરી વખત મસ્જિદે જમકરાન પહોંચ્યો. ઈરાદો તો ઈમામે ઝમાનાનો શુક્રિયા અદા કરવાનો હતો. ત્યારે ફરી વખત મુકાશિફાની પરિસ્તથિતિ ઊભી થઈ. આકાને પ્રશ્ન કર્યો કે પ્રથમ વખત જ ફલાણી વ્યક્તિના ઝરીયે અમારા માટે મકાન કેમ ન ખરીદાયું? પ્રથમ મકબરો બનાવવાનું વર્ણન થયું, પછી બીજી વ્યક્તિ માટે મકાન ખરીદવાની વાત થઈ. પછી બે મહિનાની મુદ્દત વીતી ગયા પછી જ વાયદો પૂર્ણ થયો, અને મને મકાન આપવામાં આવ્યું.

ફરમાવ્યું કે જો પ્રથમ તબક્કે જ તમને મકાન મળી જાત તો તમને આટલી મોટી ખુશી ન થાત. જેવી કે હાલમાં ખુશી ડબલ તબલ થઈ ગઈ.

## એક બીજો તવસ્સુલ

આ જ સૈયદ તાલિબે ઈલ્મ એક બીજા મુકાશિફાનું વર્ણન કરે છે. લખે છે કે :

મેં સૈયદ ઈબ્ને તાઊસની કિતાબમાં પઢ્યું હતું કે તેમણે



પોતાના બેટાથી ફરમાવ્યું : "જ્યારે તમે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુથી તવસ્સુલ થવાનું ઈચ્છો તો હઝરતને રહમની કસમ આપો. એટલે કે આપ પોતાની સગાઈ જે તેમનાથી છે તેની કસમ આપજો."

એક વખત હું હઝરત અલી બિન મૂસા રઝા અલયહિસ્સલામના સરહાને બેઠો હતો તે વખતે ઈમામે ઝમાના અલયહિસ્સલામથી મુતવસ્સિલ થયો. વિનંતી કરી કે આકા અમે ચચાઝાદ છીએ. અમારી સાથે સિલેરહમી કેમ નથી ફરમાવતા, અમારી ખબર કેમ નથી લેતા?

તરત જ મુકાશિફાની હાલત પેદા થઈ. જોયું કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ મને ફરમાવી રહ્યા છે કે અમે તો હંમેશા તમારી તરફ મુતવજ્જહ છીએ. જે કંઈ તંદુરસ્તી, સલામતિ અને નેઅમત એક એક સેકન્ડે તમને પહોંચી રહી છે. તે અમારા વસીલાથી છે. તે અમે જ છીએ તેમના કારણે જ તમે જીવતા છો. જે કંઈ નેઅમત તમને પહોંચે છે અમારી તરફથી છે. આ તો તમે જ છો જેમણે કતઅ રહમ કરી રહ્યા છો. અમને યાદ નથી કરતા અને હંમેશા દુનિયાની ફિકરમાં લાગેલા રહો છો. હું આ મુકાશિફાથી વાકેફ થયો. ચિંતન-મનન કર્યું તો દરેક વાત બીલકુલ સહી હતી. દુઆ કરૂં છું કે ખુદાવંદે આલમ અમને ગફલતની ઊંઘમાંથી જાગૃત કરે.

## બીજો મુકાશેફા

સૈયદ સાહેબનું બયાન છે કે એક દિવસ હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની ગયબતના કારણે અસાધારણ રૂહાની બેચેની મને અને મારા બીજા દોસ્તોમાં પેદા

થઇ. આપ અલયહિસ્સલામને મુનાજાતોમાં અમે કહ્યું: આકા! ખુદાવંદે આલમે અમોને આ ઝમાનામાં શા માટે પેદા કર્યા? શું શક્ય ન હતું કે પરવરદિગારે આલમ અમને ઝુહૂરના ઝમાનામાં પેદા કરત. જેથી આ રંજોગમમાં અમે ન મૂકાયા હોત.

મુકાશેફાની કૈફિયત પેદા થઇ. ફરમાવ્યું : આ ઝમાનામાં જ્યારે તમે દુનિયામાં આવ્યા છો. તે નાફરમાનીના પરિણામરૂપે છે, જે તમે આલમે ઝર(આલમે ઝર એટલે આ દુનિયા પહેલાં બધા જ ઈન્સાનો આલમે અરવાહમાં હતાં. આલમે ઝર એટલે જ્યારે ઈન્સાન નાના ઝર્રાત-રજકણોમાં હતો. -અનુવાદક)ના ઝમાનામાં કરી હતી. પૂછવામાં આવ્યું : શું શક્ય નથી કે તે ગુનાહોનું નિરાકરણ કરી શકાય. ફરમાવ્યું જો "ઝિક્રે યુનુસિયા"★ના ઝરીયાથી નિરાકરણ કરો તો તે શક્ય છે. કે "આલમે ઝર" ના ગુનાહોને બક્ષી આપવામાં આવે. જો ઝુહૂરનો ઝમાનો સંપૂર્ણ રીતે ન આવ્યો તો તમારી ઝાતના માટે તે ઝમાનાના લુત્ફ-કરમ અને ફાયદાઓ તમને પહોંચાડવાની ખાતરી આપીએ છીએ.

## ત્રીજો પ્રકાર

હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હુઝૂરમાં તશરીફ લાવવું અને જાગૃત અવસ્થામાં મુલાકાત આપના જાહેરી શરીરની સાથે ત્રણ પ્રકારે શક્ય છે.

● એક તો આ કે ઈન્સાન હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામને જુએ પરંતુ તે વખતે તેમને ન ઓળખે.

★ ઝિક્રે યુનિસિયા તે ઝિક્ર જે હઝરત યુનુસ(અલ.)એ માછલીના પેટમાં પઢ્યા હતા. આ આયતે કુરઆની છે. તેને ઈસ્મે આઝમ પણ કહેવાય છે. لَا إِلٰهَ إِلَّا أَنْتَ سُبْحَانَكَ إِنِّي كُنْتُ مِنَ الظَّالِمِينَ



પછીથી આ વાતનો ખ્યાલ આવે. આવી ઘટનાઓનું વર્ણન મેં મારી કિતાબ "મુલાકાત બા ઈમામુઝ ઝમાન અલયહિસ્સલામ" માં કર્યું છે.

● બીજો પ્રકાર આ છે કે શક્ય છે કે ઈન્સાન જાહેરી આલમમાં હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામની સેવામાં પહોંચે પરંતુ આપને ન ઓળખે અને પાછળથી પણ કદી આ બાબતનો ખ્યાલ ન આવે, કે આપને જોયા છે. જેમકે અહાદીસમાં છે કે જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ ઝુહૂર ફરમાવશે ત્યારે ઘણાંબધા લોકો કહેશે કે અમે આ સાહેબને ઘણાંબધા વખત જોયા છે. પરંતુ કદી આ ખ્યાલ ન હતો કે આપ ઈમામે ઝમાના અલયહિસ્સલામ હશે.

અસફહાન(ઈરાન)ના એક વેપારી જેમના ઉપર વિશ્વાસ કરી શકાય છે. બયાન કરે છે કે મેં મારા ઘરના એક મોટા ઓરડામાં ઈમામવાડો સ્થાપિત કર્યો છે. જ્યાં ઘણે ભાગે મજલિસો થયા કરે છે. એક દિવસ સ્વપ્નમાં જોયું તો હું ઘેરથી બજાર તરફ જઇ રહ્યો છું. પરંતુ અસફહાનના ઘણાંબધા આલિમો અમારા ઘરની તરફ આવી રહ્યા છે. તેઓમાંનું એક ટોળું મારી નજીક આવ્યું તો તેઓએ મને પૂછ્યું ક્યાં જઇ રહ્યા છો? તમારા ઘરમાં મજલિસ થઇ રહી છે. મેં જવાબ આપ્યો ના રે, મારે ત્યાં તો મજલિસ નથી થઇ રહી.

આલિમોએ કહ્યું કે તમારા ઘરમાં મજલિસ છે. અમે લોકો ત્યાં જ જઇ રહ્યા છીએ. હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામ પણ ત્યાં તશરીફ લાવેલા છે.

હું તરત જ ઘર તરફ પાછો ફર્યો તો મને તેઓ કહેવા

લાગ્યા, ઘરમાં અદબથી દાખલ થજો. હું ઘણી જ અદબ સાથે ઘરમાં દાખલ થયો, તો જોયું કે કેટલાક આલિમો ઈમામવાડમાં બેઠા છે. અને સદરે મજલિસ હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ પણ ત્યાં તશરીફ ફરમાં છે. જ્યારે આપની મુખાકૃતિ (ચેહરા મુબારક) ઉપર દૃષ્ટિ નાખી તો એવું માલૂમ પડ્યું કે જાણે આપને ક્યાંક જોયા છે. જેથી મેં આપથી પ્રશ્ન કર્યો કે આકા! આપને અમે ક્યાં જોયા છે? ફરમાવ્યું આ જ વર્ષે મક્કામાં અડધી રાતે જ્યારે તમે મસ્જિદે હરામમાં આવ્યા ત્યારે મારી પાસે આપનો પોશાક વગેરે મૂક્યું હતું. મેં કહ્યું હતું કે મફાતીહને (કિતાબને) પોશાકની અંદર લપેટી દો. (અસફહાનનો વેપારી કહે છે કે હકીકત આ હતી કે એક રાત મક્કામાં મને ઊંઘ આવતી ન હતી. મને ખ્યાલ આવ્યો કે સારૂં છે કે મસ્જિદે હરામથી ફાયદો ઊઠાવું એ ત્યાં જ રાત ગુજારૂં. તવાફમાં મશગૂલ રહું જેથી હું મસ્જિદે હરામમાં આવ્યો. ચારે તરફ જોયું કે કોઈ માણસ હોય તો તેને મારો પોશાક વગેરે સોંપી દઉં સાચવે. પછી વુઝુ કરૂં જોયું તો આકા એક ખૂણામાં બેઠા હતા. આપની ખિદમતમાં આવ્યો. મારો પોશાક એમની પાસે રાખી દીધો. મફાતીહ (મફાતીહુલ જિનાન કિતાબ) પોશાકની ઉપર મૂકવા માંગતો હતો. આપે ફરમાવ્યું મફાતીહને પોશાકની અંદર મૂકી દો.)

પછી મેં ખ્વાબમાં જ આકાને પ્રશ્ન કર્યો કે આપનો ઝુહૂર ક્યારે થશે? ફરમાવ્યું સમય નજીક છે. મારા શીઆઓને (શીઆ એટલે ચાહકોને, દોસ્તોને) કહો કે જુમ્આના દિવસે



દુઆએ નુદબા પઢ્યા કરે.

આ ખ્વાબ અને કિસ્સાથી અંદાજો આવી શકે છે કે શક્ય છે કે આદમી વારંવાર હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હુઝુરમાં પહોંચે. પરંતુ આપને ન ઓળખે. જો અસફહાનના આ વેપારીએ આ સ્વપ્ન ન જોયું હોત તો મૃત્યુ સુધી તે ખ્યાલ જ ન આવત કે મક્કાના જે સાહેબે એનો લિબાસ સાચવ્યો હતો તે હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામ હતા.

ત્રીજી વાત આ છે કે શક્ય છે કે કેટલીક વખત હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હુઝુરમાં આદમી પહોંચે અને તે જ વખતે આપને ઓળખી લે. પછી તે જ સમયે આપથી ઈલ્મી મસાએલ પણ પૂછી લે અને ખૂબજ ઈલ્મી ફાયદો ઊઠાવી લે.

આ બાબતના દૃષ્ટાંતો સૈયદ બેહરૂલ ઉલૂમ, અલ્લામા હિલ્લી, અલી બિન મહઝિયાર અહવાઝી, મરહૂમ સૈયદ અબુલ હસન અસફહાની, હાજી અલી બગદાદી, આ સિવાય પણ ઘણાં બધા લોકોની હિકાયતો કિતાબોમાં જોવા મળે છે. જે મેહદીએ મૌઊદ કિતાબમાં, બિહારૂલ અનવાર ભાગ-૧૩માં અને નજમુસ્સાકિબમાં નોંધાયેલી છે.

અમે અમારી કિતાબ મુલાકાત ઈમામુઝ્ઝમાન અલયહિસ્સલામ ભાગ-૧ માં સિત્તેર આવા કિસ્સાઓ અને તેના બીજા ભાગમાં અનેક બીજી ઘટનાઓ વર્ણન કરેલી છે.

## ચોથો પ્રકાર

હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામની મુલ ાકાતનો ચોથો પ્રકાર આ છે કે ઈન્સાન દરેક સમયે, દરેક ઘડીએ, દરેક સેકન્ડે આપની જ પાસે હોય છે. તો તે ઈન્સાને આપ અલયહિસ્સલામની સાથે રૂહાની સંપર્ક કેળવવો પડશે. એટલે કે આપની પવિત્ર રૂહને ઓળખી લે. તેના માટે પ્રથમ પગથિયું આ છે કે આપથી અનહદ પ્રેમ-મહબ્બત રાખે. ઈન્સાનોની હિદાયતનું કાર્ય કરે. પરહેઝગારી ઈખ્તિયાર કરે. મતલબ પોતાની રૂહના કાન અને આંખો બંને ખુલ્લાં રાખે. રૂહની ઝબાન પણ ખુલ્લી રાખે. પછી પોતાની જાતને હંમેશા હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની પાસે જ જુએ. વિચારો કે હઝરત મારી પાસે જ છે.

ઉપરોક્ત વર્ણનના અનુસંધાનમાં એક દિલચસ્પ, પરંતુ આંખે દેખ્યો કિસ્સો વર્ણવું છું.

એક વિશ્વાસપાત્ર નેક વ્યક્તિ જેને લોકો ઓળખે પણ છે. એક દિવસ એક જગ્યાએ હાજર હતો. હું પણ ત્યાં જ કેટલાક લોકોની વચ્ચે હાજર હતો. તે વ્યક્તિ સિવાય બીજા બધા એકબીજાની સાથે વાતોમાં મશગૂલ હતા. કારણ કે તે નેક વ્યક્તિની પહેચાનનો ત્યાં કોઈ માણસ ન હતો. જેથી તે એકલો અટૂલો ખામોશ બેઠો હતો.

જ્યારે મેં તે વ્યક્તિને ધ્યાનથી જોયો. તો મને એવું લાગ્યું કે તે કોઈની સાથે વાતચીત કરી રહ્યો છે. કદીક ચહેરાને ઉપર ખુશીના ચિહ્નો દેખાય છે, કદીક આશ્ચર્ય વ્યક્ત કરતા, કદીક પોતાની જીભથી કોઈ વાત રજૂ કરતા,



અને જવાબ મેળવતા.

હું તેમની પાસે ગયો. તેમની ઉપરોક્ત હિલચાલ માટે આશ્ચર્ય વ્યક્ત કર્યું. કેટલાક પ્રશ્નો કર્યા. તેમણે મને વર્ણવ્યું કે તમો લોકો અંદરોઅંદર વાતચીતમાં વ્યસ્ત હતા. મને તમો લોકોથી ખાસ પેહચાન નથી જેથી હું ખામોશ હતો. આ સમય દરમ્યાન હું ઈમામે ઝમાના અલયહિસ્સલમની સાથે ગુફતુગુ કરી રહ્યો હતો. આપે મને અમૂક વાતો વર્ણવી જે ઈન્શાઅલ્લાહ થઈને રહેશે. મેં જીદ કરી કે મને જો શક્ય હોય તો તે વાતો કહો તેમણે જે કંઈ કહ્યું તે બધી જ વાતો પાછળથી બનતી ચાલી.

આ કિતાબમાં તે નેક વ્યક્તિએ કરેલી વાતોને વર્ણવવી મુશ્કેલ છે.

❃

**સવાલ : ૪૧**

**આજના જમાનામાં અણુબોંબ, પરમાણુબોંબ, એટમયાત વગેરે હોવાની પરિસ્થિતિમાં ઈમામે ઝમાના અલયહિસ્સલામ તલવારથી કેવી રીતે લડશે? વળી શક્તિશાળીઓ શું તેઓને આગળ વધવા દેશે?**

**જવાબ : ૪૧**

ઈસ્લામના પેશ્વાઓ અને અઈમ્મએ અતહારની રિવાયતોથી માલુમ પડે છે કે હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામ એક નાની જમાતની ખુનરેજી પછી આસાનીથી ઝુહૂર ફરમાવશે. આપનો ઝુહૂર ઘણી જ આસાનીથી અમલમાં આવશે. વળી ઘણા જ થોડા સમયમાં

સમગ્ર વિશ્વ આપની તાબેદારી કરતું થઈ જશે. બલકે આપના મુબારક હાથો વડે ઈસ્લામના હકાએક, માહિતી જાણકારી અને કુરઆનના અહકામો એવી રીતે ફેલાશે કે ખુશબૂ હવાની સાથે સેકન્ડોમાં ફેલાઈ જાય છે.

કુરઆનના અહકામો ચારે તરફ લાગુ થઈ જશે. બધા જ ઈન્સાનો ભૌતિકવાદી અને રૂહાની સમૃદ્ધિથી અને ખુશહાલીથી ફાયદો ઉઠાવતા થઈ જશે. સામૂહિક ઈન્સાફ સાથે ઈસ્લામી હુકુમત હકની સાથે સ્થાપિત થઈ જશે. એટલા માટે કે કુરઆન એક એવી સર્વશ્રેષ્ઠ કિતાબ છે કે જેમાં ઈન્સાનની વ્યક્તિગત અને સામૂહિક જિંદગીને લગતા બધાજ કાનૂન મોજૂદ છે.

ઝુલમ અને અત્યાચારની ચાદર ઉલટી થઈ જશે. આ બધું કુદરતી રીતે જ બનતું ચાલશે. લગભગ મોટાભાગના ઈન્સાનો કાનૂને ખુદા-વ-રસૂલને સ્વીકારવા તૈયાર હશે. આપના કિંમતી અસ્તિત્ત્વના રૂહાની શક્તિ ધરાવનારા હાથો વડે સમગ્ર વિશ્વમાં અદ્લો ઈન્સાફનો પરચમ લહેરાશે.

**વૈજ્ઞાનિક પ્રગતિ :**

આપણે સૌ જાણીએ છીએ કે વૈજ્ઞાનિક શોધો ચાલુ જ છે. બલકે દિવસે દિવસે આ શોધો તેજી પકડી રહી છે. કલા, કૌશલ્ય ક્ષેત્રમાં પણ થતી પ્રગતિની હરણફાળ આપણે જોઈ શકીએ છીએ. દિવસે દિવસે વધારે તબાહ અને બરબાદ કરનારા હથિયારો શોધાઈ રહ્યાં છે.

ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામના સમયે ઈન્સાન જંગી શક્તિ એટલી વધારી ચૂક્યા હશે કે અત્યારે આ



બાબતનો વિચાર કરવો પણ મુશ્કેલ છે. પરંતુ ઈસ્લામના પેશ્વાઓની રિવાયતોમાં છે કે આપ અલયહિસ્સલામ તલવાર લઈને પોતાના દુશ્મનોના મુકાબલા માટે નીકળશે. પછી મુશરિકો અને ઝાલિમોની સાથે જંગ કરશે. ઉપરોક્ત રિવાયતોના અનુસંધાનમાં નીચેના પ્રશ્નો પેદા થશે :

(૧) આ બધી રિવાયતો ફોજી અને જંગી સાધનસામગ્રીની પ્રગતિની સાથે કેવી રીતે અનુકુળતા રાખે છે? સમજાવો.

વળી ઈમામે ઝમાના અલયહિસ્સલામ ૩૧૩ અસહાબની સાથે કૂચ કરશે તો દુનિયાના અબજો ઈન્સાનોના મુકાબલામાં કેવી રીતે કામ્યાબ રહેશે. તે સાથે આપ ઈસ્લામી જીવનવ્યવસ્થાને સમગ્ર વિશ્વ ઉપર કેવી રીતે લાગુ કરશે?

શું આ વાત સાચી નથી કે જંગોમાં લશ્કરી શક્તિ, હથિયારોનું સમતુલન જરૂરી છે. મતલબ જંગો જીતવા માટે માનવશક્તિ અને હથિયારો બંને જરૂરી છે. તો આ બાબતનો શું જવાબ છે?

**જવાબ**

ઉપરોક્ત પ્રશ્નોના જવાબ આપતા અગાઉ અમે ઈચ્છીએ છીએ એક મહત્ત્વની અને રહસ્યપૂર્ણ વાત તરફ વહાલા વાચકોનું ધ્યાન દોરીએ છીએ. જેથી મતલબ સ્પષ્ટ થઈ જાય.

**આક્રમણખોરો - વિસ્તારવાદી નીતિ ધરાવનારી કોમો આઝાદ મુલકોને ગુલામ બનાવવાની યોજનાઓમાં પ્રવૃત્ત રહેતી કોમો - વગેરેની ઊંડી છાપ**

એક ઈન્સાફ પસંદ સુધારણા કરનાર રેહબરના

અસ્તિત્ત્વમાં હોવાનો અકીદો બધા જ પ્રકારના ફસાદો અને બધા જ પ્રકારની તબાહી-બરબાદીનો ખાતેમો કરશે. ઈમામે ઝમાના અલયહિસ્સલામ બેહતરીન ઝરીઓ છે. એમનાથી સંપૂર્ણ વિશ્વના સમાજ જીવનની ઈસ્લાહ થાય, જેથી આ વિસ્તારવાદી ઝાલિમોના હિતોને નુકસાન થાય છે. તે લોકોને પણ નુકસાન પહોંચે છે. જેઓ લોકોને હવસપરસ્તીના શિકાર બનાવે, નાપાકીના અને લોહીના વેપારનો ધંધા કરનારા છે. મતલબ બધા જ પ્રકારના ઝાલિમોને આ મુસલિહે ગયબીના અસ્તિત્ત્વથી જ નુકસાન પહોંચે છે. કારણ કે આ ઝાલિમ કોમો લોકોને પોતાની ગુલામી તરફ બોલાવે છે. જ્યારે કે મુસલિહ ઈન્સાનોને ખુદાની ગુલામી તરફ બોલાવે છે.

ઈમામ રેહબર અને આદિલ પેશ્વા ઉપરનું યકીન લોકોને ઈસ્લામી હુકુમતને આવકારવાની પ્રેરણા આપે છે. મતલબ એક આદિલ હુકુમતના સ્વાગત માટે તૈયાર કરે છે. જે હુકુમતની તેઓ દઅ્વત આપશે તે તેમના માટે ચિંતન-મનન કરવાનું કારણ બનશે.

સૈદ્ધાંતિક દૃષ્ટિએ મુસલિહનો ઈન્તિઝાર, તેઓની રાહ જોવું, જેઓ ઝાલિમોના સામર્થ્યને કચડી નાખે, ઝાલિમોના ઈરાદાઓને હતા ન હતા કરી નાખે. આ ઈન્તિઝાર હુકુમતે ઈસ્લામીની ખૂબીઓને ઈન્સાનોના દિમાગોમાં પહોંચાડવાનો બેહતરીન વસીલો છે. વળી દુશ્મનોના ગુપ્ત હાથોને તેઓની ગુપ્ત યોજાનાઓને છિન્નભિન્ન કરવાનો બેહતરીન ઝરીઓ પણ છે. તેથી જ એક લાંબા સમયથી કેટલાક તત્ત્વો વિશ્વસ્તરે



સાચી સમજ ફેલાવા દેવા ઈચ્છતાં નથી. ઈસ્લામી હુકુમત, નેકી ભલાઈ અને હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના ઈન્તિઝારના અકીદાથી વિરૂદ્ધ નગ્નતા, વ્યભિચાર, બેશર્મી, બેહયાઈ, નશો તરફ લોકોને બોલાવવાનું શરૂ કરી દીધું છે. વળી અફસોસની વાત તો આ છે કે આ બધું વિશ્વસ્તરે બાકાયદા યોજનાબદ્ધ થઈ રહ્યું છે. જેમ આપણે ઈન્સાનોને ભલાઈ, નેકી, સારા અખ્લાક, સદવર્તન, ઈમાનદારી, શર્મો હયા તરફ બોલાવીએ છીએ તેમ આ લોકો સમાજને બુરાઈઓ તરફ ધકેલવાની આપણાથી ઉલટી ક્રિયા યોજનાબદ્ધ રીતે કરી રહ્યા છે. આ રીતે આવા નાપાક લોકો બલકે વિશ્વના નાપાક દેશોની નાપાક સરકારો આ કરી રહી છે. આ મેહનત પાછળ તેઓ કરોડો ડોલર ખર્ચી રહ્યા છે. એક સામૂહિક મઝહબી શક્તિ પેદા થવામાં આ લોકો રૂકાવટ બની રહ્યા છે. (મુસલમાનોની કેટલીક જમાતો પણ આવા નાપાક તત્ત્વોનો હાથો બની ગઈ હોય છે. ધર્મના ફેલાવાના નામથી કામ કરતી આવી જમાતો, તન્ઝીમો, સંગઠનો ભલે આપણને ગમે તેટલા દીનદાર દેખાતા હોય, તેઓનો અકીદો અને નિય્યતો સાચી હોતી નથી. ઘણાં ઉપલા લેવલે આવા સંગઠનોના ઉચ્ચ કક્ષાના નેતાઓ ઈસાઈય્યત કે યહૂદિય્યતના હાથા બનેલા હોય છે. જેઓના નીચલી કક્ષાના કાર્યકરોને તો આ બાબતનો ખ્યાલ સુધ્ધાં હોતો નથી. આવા ફિત્નાખોર સંગઠનોને નાણાં ઈસ્લામ દુશ્મન સરકારો પહોંચતા કરતી હોય છે. જેઓ મુસલમાનોના સાચા ચિંતનનો રસ્તો બદલી નાખવા માંગતા હોય છે. તેથી મુસલમાનોનો વહાબી ફિરકો

ઈમામે ઝમાના અલયહિસ્સલામના અસ્તિત્ત્વનો જ મુખાલિફ છે. મુસલમાનોનો એક ફિરકો તો વળી ઈમામે ઝમાના હવે પછી કિયામત અગાઉ જન્મ પામશે એવો અકીદો ધરાવે છે. અમૂકે તો વળી ઈમામે ઝમાના અલયહિસ્સલામના આવવાનો જ ઈન્કાર કરી દીધો છે. પરંતુ ઈસ્લામ ગાલિબ થઈને રહેશે. આ કુરઆનનો વાયદો હજી પૂર્ણ થયો નથી. રસૂલુલ્લાહના ઝમાનામાં ઈસ્લામ સંપૂર્ણ રીતે પૂરા વિશ્વ ઉપર ગાલિબ થયો નથી. કુરઆની આયતોમાં ગાલિબ થવાનો જે વાયદો છે તે વિશ્વસ્તરે છે. -અનુવાદક)

આટલા જ માટે એક લાંબા સમયથી કેટલાક લોકો સમાજમાં સહી સોચ - સાચા વિચારો ફેલાય એમ ઈચ્છતા નથી. બલકે તેનાથી ઉલટા વિચારો ફેલાવીને એક મઝહબી સામુહિક શક્તિ પેદા કરવામાં રૂકાવટ પેદા કરે છે.

ઈમામે ઝમાના અલયહિસ્સલામના અકીદાના વિરોધમાં આ લોકોએ ગલત વાતો ફેલાવી છે. ઈન્સાનોના દીલોમાં પ્રકાર પ્રકારની શંકા કુશંકાઓ પેદા કરી. આપની હુકુમત અને અહકામે ઈસ્લામીને સમાજ ઉપર લાગુ કરવાની પદ્ધતિના વિષયમાં ખોટી વાતો ફેલાવી. આપની આગેકૂચના વિષયમાં ઠંગઠડા વગરની વાતો વહેતી કરી. આપના ધ્યેયો અને અમલી અંદાઝ માટે ગલત વાતો ફેલાવીને પોતાની ઈન્સાની દુશ્મનીને જીવંત રાખતા રહ્યા. કદીક કોઈ બેહુદા વ્યક્તિને (જુઠ્ઠા મેહદી ઊભા કરીને જે ઈસાઈયત અને યહુદિય્યતની આલ છે.) ઈન્સાફનું પ્રતિબિંબ કહીને પોકારે છે. તેને ખુદાનો પ્રતિનિધિ કહે છે. તેને મજબૂત કરીને - બધી જ રીતે



તેની મદદ કરીને મુસલમાનોમાં ઉહાપોહ પેદા કરે છે, ફિત્નો પેદા કરે છે. આવા લોકો ''અદ્લ'' અને ''મુસલિહે આલમ'' જેવા શબ્દોનો ગલત જગ્યાએ ઉપયોગ કરીને ફાયદો ઊઠાવે છે.

કોઈ ઝમાનામાં તો આ ઈસ્લામ દુશ્મનોએ ઈમામે ઝમાના અલયહિસ્સલામને (અલ્લાહ માફ કરે) કાતિલ તરીકે ઓળખાવતા હતા. વળી જુદા જુદા અંદાઝમાં આપને વિશ્વની સમક્ષ રજૂ કરતા હતા. આવા લોકો કદીક તો આપના નામથી કારટૂન બનાવી તેમના હાથમાં ખૂન ટપકતી તલવાર પકડાવી દેતા હતા. કદી તો આપના માટે ઝેહરીલી, ન સાંભળી શકાય એવી વાત લખી મારતા હતા. દૃષ્ટાંતરૂપે આપ તશરીફ લાવશે તો પ્રથમ જેમને કતલ કરશે તે તમે હશો. આવા પ્રકારની અનેક ગલત અને માણસાઈ વિરોધી વાતો ઈસ્લામની તરફ નિસ્બત આપતા રહે છે. મતલબ ઈમામ અલયહિસ્સલામને અને આપની ઈસ્લામી તેહરીકને બદનામ કરવાનો કોઈ મોકો આ ઉપદ્રવી કોમો છોડતી નથી. આવા ખોટા પ્રોપેગેન્ડા કરવાનું કારણ આ છે કે લોકો ઈમામ અલયહિસ્સલામને ગલત સમજે આવી ગલત ઓળખને કારણે આપ અલયહિસ્સલામના રસ્તા છોડી દે. આપના જે ધ્યેયો છે તેનાથી લોકો દૂર ખસી જાય. અને ઝિલ્લતખારી તેમનો ધ્યેય બની જાય.

આવા ફિત્નાખોર લોકો ઈસ્લામ સિવાયના બિન મુસ્લિમ મઝહબોના લોકો તો હોઈ શકે પરંતુ મુસલમાનોમાંથી વેચાઈ ગયેલા દિમાગો એવા મુસ્લિમ નામધારી મુનાફિકો પણ હોઈ

શકે. આવા લોકો સામાન્ય જનસાધારણને એમ સમજાવે છે કે ઈમામ એવી ચકચકિત તલવાર જેનો ચળકાટ આંખોને ચકાચોંધ કરી દેનારો હશે. તેના વડે માણસોની કતલ કરશે. જે લગાતાર ઈન્સાનોને કતલ કરતી રહેશે. જેનાથી ગુનેહગારોના ખૂનની નહેરો વહી જશે.

જો કે હકીકત એનાથી તદ્દન ઊલટી છે. આ વાત નીચે આવેલા દૃષ્ટાંતો દ્વારા સ્પષ્ટ થઈ જશે.

**અંબિયાના મોઅજિઝાત**

તમામ અંબિયા અને રસૂલ પોતાની સાથે મોઅજિઝાત લાવ્યા. જેના દ્વારા તેમણે પોતાની રિસાલતની હક્કાનીયત સાબિત કરી છે. તેમના વસીલાથી તેઓની સમક્ષ હકીકત સ્પષ્ટ કરી. સત્ય સમજાવી દીધું. તેઓમાં ઘણાખરા કાંતો ઓછી બુદ્ધિના કમજોર અક્કલ હતા અથવા પથ્થર દીલના સખત સ્વભાવના જાહિલ હતા. અથવા પોતાનો ફાયદો ઢુંઢનારા દુનિયા પરસ્ત હતા.

**હઝરત મૂસા અલયહિસ્સલામ અને**
**મોટા મોટા જાદુગરો**

તે જમાનામાં જાદુ અને જાદુગરોની બોલબાલા હતી. ચારે તરફ જાદુગરોના હુન્નર અને કરતબની ચર્ચા હતી. નઝરબંદી અને હાથની સફાઈ(ચાલાકી) દ્વારા જાત જાતની શકલો અને હયવાનો પ્રાણી-પક્ષીઓ બનાવતા પછી આશ્ચર્યજનક કાર્યો અંજામ આપતા. તે દરમ્યાન એક પેગંબર હઝરત મૂસા અલયહિસ્સલામની દઅવતે તેઓને પોતાની તરફ દોર્યા.



જેઓ પ્રકાર પ્રકારના જાદુ જાણતા હતા તેમણે હઝરત મૂસા અલયહિસ્સલામને મુકાબલો કરવા માટે લલકાર્યા. જેથી હકની દઅ્વતને બાતિલ સાબિત કરે. ફિરઓન અને તેની હુકુમતને મજબૂત કરે. જે હુકુમતના મોટામાં મોટા દુશ્મન હઝરત મૂસા અલયહિસ્સલામ હતા. જાદુગરોએ મોટી મોટી રસ્સીઓ જમીન ઉપર ફેંકી. જે એક જ સેકન્ડમાં સાંપ બનીને તળાપ મારવા લાગ્યા. આ લોકોએ આ રીતે હઝરત મૂસા અલયહિસ્સલામ ઉપર પોતાની જાદુગરીને રોબ નાખવાનું ઈચ્છ્યું.

પરંતુ ખુદાવંદે આલમે પોતાના પ્યારા પેગંબર હઝરત મૂસા અલયહિસ્સલામની હક્કાનિયત સાબિત કરવા માટે જેના દ્વારા અલ્લાહ ફિરઓનના ઝુલમો અત્યાચારની શક્તિને ઊલટી કરી નાખવા માંગતો હતો. હઝરત મૂસા અલયહિસ્સલામને હુકમ આપ્યો :

أَلْقِ عَصَاكَ فَإِذَا هِيَ تَلْقَفُ مَا يَأْفِكُونَ

*(સૂ. અઅ્રાફ આ-૧૧૭)*

તમારા હાથમાં જે અસા(લાકડી) છે તેને ફેંકો અચાનક અલ્લાહના અમ્ર અને ઈરાદાથી આ લાકડીનો એક મોટો અજગર બની ગયો. તેણે જાદુગરોના બધા જ સાંપોને ખાઈ નાખ્યા.

સાંપ રસ્સીઓથી બનાવવા અને સૂરજના પ્રકાશમાં તેમનું હરકતમાં આવી જવું. ખરેખર એક હુન્નર હતો. જે પારો નામની ધાતુમાં બીજા કેમીકલને મિલાવીને રસ્સીઓમાં

ભરવામાં આવતી હતી. આ જ હાથચાલાકી તેમની જાદુગરી હતી. પારો ગરમીમાં કદમાં વધે જેથી રસ્સીઓ હાલવા લાગે. પરંતુ એક સુકાયેલી નિર્જીવ લાકડીનું સાંપ બની જવું જેનું મોં, દાંત, પેટ, મતલબ બધું જ કુદરતી જેવું જ હોય વળી તે હલનચલન પણ કરે અને બધા જ સાંપોને ખાઇ જાય. આ જાદુનો જેવો કોઇ અમલ નથી હોઇ શકતો. આ કાર્ય ઇન્સાનની શક્તિનું બહારનું છે. એક વ્યક્તિ હાથચાલાકીમાં કે નઝરબંદીમાં ભલે ગમે તેટલો નિષ્ણાંત કેમ ન હોય તો પણ તે લાકડામાંથી આવો અજગર નથી બનાવી શકતો જે આવી વિશેષતાઓ ધરાવતો હોય.

હજારો ઇન્સાનો જોનારા હતા. તેઓનું આશ્ચર્ય વધી ગયું. તેઓની આંખો ફાટેલી જ રહી ગઇ. જ્યારે તેઓએ જોયું કે હઝરત મૂસા અલયહિસ્સલામે અજગરને હાથ વડે પકડી લીધો તો તે તરત જ બીજા વખત અસામાં(લાકડી) ફેરવાઇ ગયો, અજગર પોતાની અસલી હાલત ઉપર જ હતો. રસ્સીઓના ખાવાના કારણે તેની લંબાઇ પહોળાઇમાં કોઇ ફેરફાર પડ્યો ન હતો. કારણ કે તે જાદુગરોની રસ્સીઓ અને સાંપોને હજમ કરી ગયો હતો. જેથી બધા જ જાદુગરો એકાએક પોકારી ઊઠ્યા.

آمَنَّا بِرَبِّ الْعَالَمِينَ رَبِّ مُوسَىٰ وَهَارُونَ

*(સૂ. અઅ્રાફ આ-૧૨૧, ૧૨૨)*

"પરવરદિગારે આલમીન મૂસા અને હારૂનના રબ ઉપર અમો ઇમાન લઇ આવીએ છીએ."



## હઝરત ઇસા અલયહિસ્સલામ અને વૈદકશાસ્ત્રના નિષ્ણાંતો

હઝરત ઈસા અલયહિસ્સલામના ઝમાનામાં દાક્તરી વિદ્યાની બોલબાલા હતી. હકીમો, વૈદો, દાક્તરો, અસાધ્ય રોગોના બીમારોને સારા કરવાના મોટા મોટા દાવા કરતા. જે રોગો કદી સારા ન થાય એવા રોગોના બીમારીની દવા કરીને સાજા કરી આપતા હતા. મતલબ તે ઝમાનામાં વૈદક શાસ્ત્રની ખૂબ જ ચર્ચા હતી. તેના મુકાબલા માટે અલ્લાહે પણ પોતાના નબી હઝરત ઈસા રૂહુલ્લાહને ઇન્સાનોની હિદાયત માટે મોકલ્યા. આપ પણ અસાધ્ય રોગોને વગર દવાએ સારા કરી બતાવતા. અલ્લાહની રહમતથી મોઅજિઝાઇ રીતે વગર કોઇ ઈલાજ કે દવા મરીઝો આપના હાથ ઉપર સારા થઇ જતા. જેથી લોકો આશ્ચર્યમાં ગરકાવ થઇ જતા. અને પોતાની જાતને આપની સમક્ષ આજીઝ-લાચાર સમજતા. આપની હિદાયતની વાતોને માનતા. લોકો આ રીતે આપ ઉપર ઈમાન લાવતા.

હઝરત ઈસા અલયહિસ્સલામના ઝમાનાના તબીબો વર્ષોના અનુભવો અને ઘણું બધું નુકસાન ઊઠાવ્યા પછી સડી ગયેલા અવયવો અને ખોરાક વગેરે ઉપર રિસર્ચ કરીને બીમારોનો ઈલાજ કરતા હતા. જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામ કોઇપણ પદાર્થોના ઉપયોગ વગર, બીમારને દવા પણ પીવડાવ્યા વગર ફક્ત દુઆના બે ચાર કલિમા પઢીને ખુદાવંદે તઆલાથી બીમારની તંદુરસ્તીની દરખાસ્ત કરતા. આ રીતે ગમે તેવી મૃત્યુ શૈય્યા ઉપર પડેલા બીમારની

બીમારીને, કોઢના દર્દીને, જન્મજાત આંધળી વ્યક્તિને આ સિવાય પણ બીજા અનેક દર્દીઓને મિનિટોમાં સારા કરી દેતા. બીમાર ન ફક્ત સારો થઇ જતો બલકે પાછલી બીમારીનું કોઇ નિશાન કે ચિહ્ન પણ તેના શરીર ઉપર દેખાતું ન હતું.

આ રીતે લોકોને આ વાતનો અંદાઝો આવી ગયો કે એક અસાધારણ શક્તિ આ દુનિયાથી હટીને પણ છે. જેને કુદરતની શક્તિ કહી શકાય છે. જે હઝરત ઈસા અલયહિસ્સલામને મદદ આપે છે. અલ્લાહે એમના ઉપર પોતાનો લુત્ફ અને કરમ એવો કર્યો છે કે તેમના વસીલાથી આ મરીઝો શિફાયાબ થઇ જાય છે. જેથી લોકો આપની હક્કાનિયત અને રિસાલત ઉપર ઈમાન લાવતા હતા.

### કુરઆન અને અરબી ભાષામાં સાહિત્ય રચનાઓ

પાછો એક ઝમાનો એવો આવ્યો કે જેમાં શએર શાઈરી અને વક્તવ્યની બોલબાલા હતી. અરબ શાએરો જઝીરાનુમાએ અરબ ઉપર છવાઇ ગયા હતા. આગ ઝરતા અશઆર અને કસીદહ રચતા. તેને ઉક્કાઝની બજારમાં લોકોને સંભળાવતા. વળી કેટલાક તો આવી શએર શાઈરીને ખાનએ કાબાની દિવાલો ઉપર ચોંટાડતા, લટકાવતા. જ્યારે આ શાઈરો ઈશ્ક, મહબ્બત અને પ્રશંસાના દરિયા વહાવી રહ્યા હતા, અને સાહિત્ય રચનાઓને પોતાના છટાદાર વાક્ચાતુર્ય દ્વારા એકત્ર કરતા હતા, ત્યારે ખુદાવંદે આલમે પોતાના અફઝલતરીન પેગંબર અને ઉચ્ચોચ્ચ રસૂલ ખાતિમુલ અંબિયા હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી



વસલ્લમના ઝરીયાથી એવી આયાતો નાઝિલ કરી કે તે ન ફક્ત તે ઝમાનાવાળા તે સમયના શાએરો બલકે આજ ૧૪૦૦ વર્ષ ગુઝરી ગયા પછી પણ કોઇ વ્યક્તિ તેના જેવી એક નાની સુરત પણ લખીને રજૂ કરી શક્યો નથી.

તે ઝમાનાના સાહિત્યકારો અને શાએરોથી લઇ આજદિન સુધી જેટલાય બુદ્ધિશાળીઓ, વક્તાઓ, ગુઝર્યા છે જેઓએ કુરઆનનો અભ્યાસ કર્યો છે. તેના ઉપર શોધખોળ પણ કરી છે. તેઓ એના જેવી છટાદાર અને ચોટદાર વ્યાપક અસર ફેલાવનારી, કર્ણપ્રિય, રૂચિકર, તાલબદ્ધ (પ્રાસ બેસે એવી) કલિમાત, આયાત જે ઘણી જ ગહન અને વિશાળ અર્થધરાવનારી છે. વળી કર્ણપ્રિય-મીઠાશથી ભરપૂર આયતો છે. વિશ્વ એવી કુરઆન જેવી રચના રજૂ કરવાથી લાચાર છે.

ઈમામે અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના જમાનામાં કળા કૌશલ્ય અને ભૌતિકવાદી ઇલ્મોએ ઘણી જ પ્રગતિ કરી હશે. આવવું જવું, લાવવું લઇ જવું વગેરે આવાગમનના સાધનોની પ્રગતિ ચરમસીમાં ઉપર હશે. રિસિવરો, ટ્રાન્સમીટરો, ઘણાં જ શક્તિશાળી શોધાયાં હશે. સેંકડો કિલોમીટર હજારો કિલોમીટર દૂરથી બે સ્થળો વચ્ચેના સંબંધો સેકન્ડોમાં સ્થાપિત થઇ જતા હશે. આવા તે જ રફતાર, તે જ ગુફતાર ઝમાનામાં હઝરત ઈમામે અસ્ર અલયહિસ્સલામ તે મોઅજિઝાઓના ઝરીઆથી જેના ઉપર અલ્લાહે આપને ઈખ્તિયાર આપ્યો છે. કોઇપણ જાતના મશીન કે વસીલા વગર ફક્ત અલ્લાહે બક્ષેલી કુદરતે

કામેલાના વસીલાથી વિશ્વમાં જ્યાં પણ ચાહશે ખિતાબ કરશે, ઉદ્‌બોધન કરશે. વિશ્વના ખૂણે ખૂણામાંથી આપના અનુયાયીઓ આપની અવાજ સાંભળી લેશે. ન ફક્ત આપની અવાજ સાંભળશે બલકે આપને જોશે પણ ખરા, મુબારક ચેહરાના દીદાર પણ કરશે.

તે વૈજ્ઞાનીકો જેઓએ ઈલેક્ટ્રોનિક રોબોર્ટ અને મોટા મોટા કોમ્પ્યુટરો ઘણી જ મેહનત અને ઘણાં અનુભવો પછી અબજો રૂપિયા ખર્ચીને તૈયાર કર્યાં છે. જ્યારે તેઓ જોશે કે આ વ્યક્તિ કોઈપણ જાતના ઈલેક્ટ્રોનિક સાધન વગર પોતાની આવાઝને પૃથ્વીના ગોળાના એક છેડાથી બીજા છેડા સુધી બિલકુલ તે જ રીતે પહોંચાડે છે. જે રીતે તેની પાસે બેઠેલા માણસો સાંભળી રહ્યા હોય છે. તે કુદરતી વાત છે કે તે આ અસાધારણ આદતના વિરૂદ્ધની અચંબાભરી વાતો ઉપર યકીન કરશે મતલબ મોઅજિઝાત ઉપર યકીન કરશે તો આપ અલયહિસ્સલામ ઉપર ઈમાન પણ લાવશે.

આપના અસહાબ અને પેરવી કરનારા અબ્ર(વાદળ) ઉપર સવાર હશે. તદ્દન હલકા ફુલકા અંદાઝમાં અબ્ર ઉપર સવાર થયેલા આ બુઝુર્ગોને જોઈને આ આકાશી ભારેભરખમ રોકેટોમાં અને હવાઈ જહાઝોમાં ફરીને જેમણે આકાશી સામ્રાજ્ય જમાવી રાખ્યું છે તેઓ આશ્ચર્યચકિત થઈ જશે. અબ્ર ઉપર સવાર આ બુઝુર્ગોની અઝમત અને પ્રતાપની સામે પોતાને આજીઝ અને તુચ્છ સમજશે.

આ રીતે હઝરત વલીએ અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફની દઅ્વતની હક્કાનિયત(સચ્ચાઈ) આપના



મોઅજિઝાત અને અહકામે ઈસ્લામના ફેલાવથી જાહેર થશે. દુનિયાના મોટા મોટા સંશોધકો, વૈજ્ઞાનિકો જેમને સમગ્ર વિશ્વ આજે માને છે. આવતીકાલે હઝરત વલીએ અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફની ઉપર ઈમાન લઈ આવશે. બિલકુલ એજ રીતે જેવી રીતે હઝરત મૂસા અલયહિસ્સલામના ઝમાનાના જાદુગરો, હઝરત ઈસા અલયહિસ્સલામના તબીબો અને પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના જમાનાના સાહિત્યકારો-શાએરો-લેખકો આ હઝરતો ઉપર ઈમાન લાવ્યા હતા.

ઈમામના સ્વીકાર્યા પછી આ વૈજ્ઞાનિકોના અને સંશોધકોના તાબામાં જે કંઈ તે જમાનાના અણું હથિયારો હશે તે બધા જ તેઓના ઈમાન લાવ્યા પછી આપ અલયહિસ્સલામના ઈખ્તિયારમાં આવી જશે. તેઓ આપને બખુશી આપી દેશે.

ઈમામે ઝમાના અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફનો મકસદ નાહક લોહી વહાવવું, નાહક કતલ કરવી હરગિઝ નથી હોતી. જેથી તે ઝમાનામાં આ હથિયારો નકામા અને બેકાર થઈ જશે.

## ઇસ્લામી જાણકારી

જેમ કે ઉપર આપણે જોયું કે ઈમામે ઝમાના અલયહિસ્સલામના મોઅજિઝાતથી સામાન્ય જનસાધારણથી લઈને તમામ પ્રકારના લોકો લેખકો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, સંશોધકો, કવિઓ, શાયરો વગેરે પ્રભાવિત થશે. વળી આ બધા જ લોકો તે ઝમાનાના હાકેમોથી ત્રાસી

ગયા હશે. હાકેમોના ઝુલમો-અત્યાચારથી સમાજના બધા પ્રકારના લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હશે. જેથી આ બધી જ પ્રજાઓ ઈમામે ઝમાના અલયહિસ્સલામની સાથે હશે. ખરેખર તો આ વૈજ્ઞાનિક શોધખોળથી ઈન્સાનનો જીવ, શરીર, રૂહ, દિલ, દિમાગ વગેરે ફાયદો પહોંચવો જોઈએ. તેની જગ્યાએ આ ઝાલિમોએ તો ખુદાની મખ્લૂકને હેરાન-પરેશાન કરવાના, મોતને ઘાટ ઊતારવાના, દુનિયાની જિંદગીને ભડકતી આગ જેવી બનાવી દેવાના સાધનો અને હથિયારો બનાવ્યાં છે.

જ્યારે બધાને જ સચ્ચાઇને સમજવાની અભિલાષા હશે. ઈન્સાનોની રૂહાની પ્યાસ પણ ચરમસીમાએ હશે. આ એક મિનિટના રૂહાની સુકૂન માટે લોકો વલખાં મારતા હશે. આ લોકો ઝુલમો સિતમના અંધારાઓમાં ઉમ્મીદની કિરણો ઢૂંઢતા હશે. અને રોશની માટે એક ચિન્ગારીની તલાશમાં હશે. આ બધામાં તે લોકો જેમણે દુનિયાની પૈદાઈશના રહસ્યોને સમજવામાં અસાધારણ પ્રગતિ કરી છે. હંમેશા ઈલ્મ અને જાણકારી મેળવવામાં અને રીસર્ચ, સંશોધનમાં લાગેલા હોય છે. અને વિજ્ઞાનની સુક્ષ્મવાતોને અને પ્રકૃતિના કુદરતના રહસ્યોને ઈન્સાનની આઝાદી, સ્વતંત્રતા સાથે સુમેળ કર્યો છે. જે લોકો એક તરફથી શેહવત, કામેચ્છાની કૈદમાં છે અને બીજી તરફ સુપર તાકતોની કૈદમાં ઘેરાયેલા છે. આવા થાકેલા, કંટાળેલા, મઝલૂમ, દુઃખી હિદાયતના પ્યાસા લોકો વિચારતા હશે કે કઇ રીતે ઈન્સાનોના હૃદયોને સુકૂન અને આરામ મળે. આવા લોકો ઈમાન લાવનારાઓની



અવ્વલ હરોળમાં હશે. તેઓમાં મોટા મોટા બુદ્ધિશાળીઓ અને વૈજ્ઞાનિકોની સાથે ઝુલમ ચક્કીમાં પીસાએલો સામાન્ય જનસમાજ પણ હશે. જે મૂળભૂત અધિકારોથી વંચિત હશે તેઓ જિંદગીમાં પ્રથમ વખત પોતાના માટે એક એક સાચી છત્રછાયા અને પોતાના હક્કોનું રક્ષણ કરનાર એક સાચો રેહબર પામશે.

ઝાલિમ આગેવાનો, જાગીરદારો, માલે તુજારો સમાજના કમજોર વર્ગો ઉપર સમાજના કચડાયેલા વર્ગો ઉપર ઝબરદસ્તીથી કબજો જમાવી રાખે છે. ગરીબોને વંચિત અને મોહતાજ રાખે છે. જેથી એમની પોતાની શક્તિમાં વધારો થાય. વળી બીજાઓના માથા ઉપર દાદાગીરીથી સવાર રહેવાય. પરંતુ જ્યારે આ જ વંચિત અને મજબૂર લોકો પોતાની આઝાદી માટે હકીકી પનાહગાહની (સાચા આશ્રયસ્થાનની) આસપાસ એકત્ર થઇ જશે. પછી આપમેળે જ ખુનરેઝી અને જંગ વગેરેની જરૂરત પડશે નહિ. કારણ કે હઝરત બકીય્યતુલ્લાહ અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફનો મકસદ લોકોની નજાત છે, લોકોનો છૂટકારો છે જેથી ઈમામ અલયહિસ્સલામ અદ્લે ઈલાહી અને હકના ખાતર કિયામ કરશે, લડાઈ લડશે.

જ્યારે લોકો ટોળેટાળાં પોતાના અગાઉની માન્યતા અને વિશ્વાસથી ઈમામે ઝમાના અલયહિસ્સલામ ઉપર ઈમાન લાવતા થઇ જશે. અલ્લાહ તરફથી હકીકી છૂટકારો અપાવનાર ઈસ્લામથી આગાહ થઇ જશે. વળી ઈસ્લામી વ્યવસ્થા લાગુ થઇ ગયા પછી તો લોકોના કદમ તેજીની સાથે

સુધારણા તરફ આગળ વધશે. ગુનાહો અને ઉપદ્રવ, ફસાદ બિલકુલ નાબૂદ થઇ જશે. ફસાદ તો એવો નાબૂદ થઇ જશે જેવો હવાના તોફાનથી સામે ઘાસનું તણખલું હોય છે. કે ફસાદને કોઇ ખૂણામાં સંતાવાની જગ્યા પણ નહીં મળે જેમ તળખલાને મળતી નથી.

આ દરમ્યાન કેટલાક પ્રભૂત્વના પુજારી ઝાલિમ અને અત્યાચારી હાકેમો બાકી રહી જશે. તેઓની ગણતરી આંગળીના વેઢાં ઉપર થઇ શકે એટલી ઓછી હશે. આવી જમાતો મોમેનીન અને મુસલમાનોની વિશાળ જનસંખ્યાની સમક્ષ કંઇપણ નહીં ગણાય. આવા પ્રભૂત્ત્વના પુજારીઓ ઉપર તો તલવાર ચલાવવાની જરૂરત પણ પડશે નહિ. આ એવી કમજોર અને લાચાર મખલૂક હશે જેઓ હલકી શક્તિથી પણ નાબૂદ થઇ જશે. એટલા માટે કે હઝરત વલીએ અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફની અસાધારણ શક્તિને જોઇ આ લોકોની હિંમત તૂટી ગઇ હશે. મતલબ હઝરત ઈમામ અલયહિસ્સલામનો એટલો પ્રભાવ અને રોબ હશે કે બાતિલની હવા ઉખડી જશે. સમગ્ર વિશ્વમાં ચારે તરફ હકની બોલબાલા હશે. હવે દુનિયા અદ્લ અને ઈન્સાફની તરફ કદમ ઊઠાવશે. આપના હાથે હુકુમતે ઈસ્લામી સંપૂર્ણ રીતે હકીકી અર્થમાં કાયમ થશે. આ રીતે હજારો વરસથી જે કચડાયેલા લોકો, વંચિત ગરીબ લોકો, મઝલુમ લોકો કોઇ સુધારણા કરનારની, કોઇ આઝાદી અપાવનારની, કોઇ ઝુલમ સિતમના નાબૂદ કરનારની રાહ જોતા હતા તેઓનો ઈન્તિઝાર ખતમ થઇ જશે. વળી ખુદાવંદે



આલમનો આ ઈરાદો પણ પૂર્ણ થશે અને જમીન મોમેનીન અને સાલેહ બંદાઓની મિલકત હશે.

وَنُرِيدُ أَن نَّمُنَّ عَلَى الَّذِينَ اسْتُضْعِفُوا فِي الْأَرْضِ وَنَجْعَلَهُمْ أَئِمَّةً
وَنَجْعَلَهُمُ الْوَارِثِينَ

*(સૂ. કસસ આ-૫)*

“અને અમોએ એવો ઈરાદો કર્યો છે કે જે લોકોને જમીન પર કમજોર કરી નાખવામાં આવ્યા છે તેમના પર એહસાન કરીએ અને તેમને ઈમામ, સરદાર બનાવીએ અને તેમને જમીનના વારિસ બનાવીએ.”

❁

**સવાલ : ૪૨**

**ઘણીબધી રિવાયતોમાં આવ્યું છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના ઝુહૂર માટે અમારે વધારે દુઆ કરવી જોઇએ. જ્યારે કે અમૂક રિવાયતોમાં આ બાબતની દુઆ કરવાની મનાઇ પણ છે કે ઝુહૂરની દરખાસ્ત માટે જલ્દી કરવાનું દુરસ્ત નથી. આ બંને પ્રકારની રિવાયતોમાં વચલો રસ્તો કયો છે?**

**જવાબ : ૪૨**

આપ અલયહિસ્સલામથી મહબ્બત અને ઈશ્કની બિના પર, એક પ્રકારની દોસ્તી-પ્રેમનો જોશ અને દુનિયામાં અદ્લો ઈન્સાફના ફેલાવાની ઈચ્છાના માટે આપના ઝુહૂરના જલ્દી થવા માટેની દુઆ હોઠો ઉપર આવી જાય છે. દરેક મુસલમાનના દીલમાં આ પ્રકારનો જોશ હંમેશા રહેવો જોઇએ.

જો એક મુસલમાન એક આલમી હુકુમત માટે દુઆ ન કરે સુપર પાવર શક્તિઓના ઝુલમો અત્યાચારથી વિશ્વના કચડાયેલા મઝલૂમ લોકોનો છુટકારો ન ઈચ્છે. એટલે કે પોતાના જેવા ઈન્સાનોની ભલાઈ અને ખુશહાલીની ચિંતા ન કરે, તો તે મુસલમાન નથી.

કારણ કે પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે :

مَنْ اَصْبَحَ وَ لَمْ يَهْتَمَّ بِاُمُوْرِ الْمُسْلِمِيْنَ
فَلَيْسَ بِمُسْلِمٍ

"જે સવારમાં જાગૃત થાય અને મુસલમાનોના ફાયદા તેમની ખિદમત સેવા માટેની ચિંતા ન કરતો હોય તે મુસલમાન નથી."

જો કે રિવાયતોમાં ઝુહૂરની જલ્દી માટે દુઆ કરવાનો હુકમ છે. આ દુઆ એક ઈન્સાની અંતર્જ્ઞાની અમલ છે. જેને દરેક મુસલમાને બખૂબી અદા કરવો જોઈએ.

પરંતુ આ વાતની સાથે સાથે આ વાતની પણ ઉપેક્ષા ન કરવી જોઈએ-બેદરકારી ન દાખવવી જોઈએ કે અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામથી ઘણીબધી અહાદીસ નકલ કરવામાં આવી છે. જેના દ્વારા ખબર પડે છે કે ઝુહૂરના મામલામાં જલ્દી કરવાવાળાની પોતાની હલાકત છે.

**કાફીમાં છે કે :**

અબ્દુર્રહમાન બિન કસીરથી રિવાયત છે કે હું ઈમામ સાદિક અલયહિસ્સલામની સેવામાં હાજર હતો



કે એક વ્યક્તિ જેનું નામ મહઝમ હતું આવ્યો, અને કહેવા લાગ્યો કે આપ ઉપર કુરબાન જાઉં. મને તે ખબર આપો કે જેના માટે અમે બધા ઈન્તિઝારમાં છીએ. તે સમય ક્યારે આવશે?

ઈમામ સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું કે અય મહઝમ! તે લોકો જુઠ બોલે છે જેઓ વખત નક્કી કરવાનો ઈરાદો રાખે છે, પછી હલાક થઈ જાય છે. જે લોકો આ મામલામાં જલ્દી કરે છે. પરંતુ ઈતાઅત એ ફરમાંબરદારી જેઓની રીતભાત છે તેઓ જ નજાત પામશે.

આ હદીસના પ્રકારની રિવાયતો અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ કાફીમાં વારંવાર રિવાયત પામી છે કે જો કોઈ વ્યક્તિ આ બાબત સંશોધન કરે તો માલૂમ પડશે કે બની ઉમય્યા અને બની અબ્બાસના ઝમાનામાં શીઆઓ ઉપર એટલો દબાવ હતો. એટલી મુસીબતો હતી એટલો ઝુલમ થતો હતો કે તેમનો જીવ મોં ઉપર આવી ગયો હતો. તેઓને છુટકારાનો રસ્તો ફક્ત અને ફક્ત હકીકી ઈસ્લામી હુકુમતમાં જ દેખાતો હતો. અને તેઓ તેનો ઈન્તિઝાર કરતા હતા. આ સમય દરમ્યાન જો બની હાશિમમાંથી કોઈ વ્યક્તિ મેહદવીયતનો દાવો કરી બેસે અને પોતાની જાતને મેહદીની હૈસિયતથી પેશ કરી દેવાનો ભય હતો.

અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ જાણતા હતા કે હજી ઝુહૂરનો સમય ઘણો દૂર છે. તે પવિત્ર હસ્તી પેદા થાય. પછી ગયબત સુગરા અને ગયબતે કુબરા પછી ઝુહૂર થાય. જેથી આ ઉતાવળ કરવી લોકોને (નકલી દાવા

કરનારાઓ) જાલમાં ફસાવી દેશે. અથવા તો પછી નાઉમ્મીદીમાં નાખી દેશે.

કંઇ એવું ન બને કે ખુદા ન કરે લોકો આપ અલયહિસ્સલામના પવિત્ર અસ્તિત્ત્વના જ ઇન્કારી બની જાય. અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામે હુકમ ફરમાવ્યો છે, સાથે વસીય્યત કરી છે, કે તમારા માટે મુનાસિબ નથી કે ઝુહૂરના મામલામાં જલ્દી કરો અથવા તેમના માટે સમય મર્યાદા નક્કી કરો. કારણ કે જલ્દી કરવાવાળાઓ હલાક થઇ જશે અથવા શંકા-કુશંકામાં પડી જશે. **જેથી ઝુહૂર જલ્દી કરવાની કે જલ્દી થવાની દુઆ કરવાથી મના કરવાની હદીસો તેઓ માટે હોઇ શકે છે. જેઓ અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામના ઝમાનામાં મોજૂદ હતા.**

પરંતુ જ્યારે ઇમામે ઝમાના અલયહેમુસ્સલામનો જન્મ થયો અને ગયબત શરૂ થઇ અને બધા જ સોએ સો ટકા ઝુહૂરના માટે હવે તૈયાર છે. ઇન્સાન આપથી મહબ્બત હોવા છતાં અને આલમી હુકુમતની સ્થાપના સાથે ઝુલ્મો અત્યાચારમાંથી છુટકારો પામવાની ઇચ્છા હોવા છતાં ઝુહૂરની દરખાસ્ત ખુદાવંદે તઆલાથી કરવા અને આપના ઝુહૂરની ખૂબ જ જલ્દી ઝુહૂર કરવાની બેતુકી ઉતાવળ નથી કરી શકતો. મતલબ એકદમ પરેશાન થઇને ઉતાવળ ન કરે. આ બધી બાબતો હોવા છતાં આવી ઝુહૂરની દરખાસ્તના એકદમ પરેશાન થઇને જલ્દી કરવાનો હજી સમય આવ્યો નથી. પરંતુ કોઇ બાબતમાં વાર પણ લાગી હોય, વળી તેનું ખરૂં કારણ ઇન્સાનમાં કાબેલિયતની કમી હોય, ક્ષમતાની કમી હોય તો



આવી પરિસ્થિતિમાં જલ્દીની દરખાસ્ત કરવા અને આપણા પોતાનામાં ક્ષમતા(લાયકાત) પેદા કરવાને “જલ્દીપણું” કહેવામાં આવશે.

શક્ય છે કે કોઇ કહે કે જલ્દી કરવાનું કહેવું બુનિયાદી દૃષ્ટિએ સારી વાત નથી. કારણ કે જે રીતે ઉપર વિનંતી કરવામાં આવી કદાચ હજી તે સમય આવ્યો ન હોય તે સિવાય પણ અહાદીસના મુતાબિક જલ્દીનું કાર્ય શયતાનનું ફરમાવવામાં આવ્યું છે કે :

اَلْعَجَلَةُ مِنَ الشَّيْطَانِ

આ બાબતનો જવાબ આ આપી શકાય છે કે દરખાસ્ત અથવા ઝુહૂરનો સમય હજી આવ્યો ન હોય કે લોકો ફસાદને દૂર કરી શકે આમ કહેવું સાચું નથી. ખુદા જે કાદિરે મુતલક છે અને ફસાદને ખતમ કરી શકે છે તેની પાસે એવી વાતની દરખાસ્ત કરવી જેનો સમય હજી ન થયો હોય ગલત નથી. ખાસ કરીને જ્યારે કે કુરઆને અને ઇસ્લામના પેશ્વાઓએ તેનું સમર્થન પણ કર્યું હોય.

તેથી જો કહેવામાં આવતું હોય કે જલ્દીનું કાર્ય શયતાનનું તો તેનાથી મતલબ તે કાર્યો છે જે ઇન્સાન પોતાના કાર્યોમાં જલ્દી કરે છે. પરંતુ ખુદાના કાર્યોમાં જલ્દીબાજી કરવાની ઉતાવળ કરવાની દરખાસ્ત કરવામાં શું વાંધો છે? મોટા ભાગની દુઆઓ તો આ જ પ્રકારની છે. **કોઇપણ જાતની શંકા- કુશંકા વગર જલ્દીમાં જલ્દી ઝુહૂરે ઇમામે ઝમાના અલયહિસ્સલામના માટે ખુદાથી દરખાસ્ત અને દુઆ કરવાની છે.**

આ બાબતની તો નિરંતર, લગાતાર, રિવાયતો આવેલી છે. વળી ઘણીબધી દુઆઓ તો જલ્દી ઝુહૂરના વારંવાર દરખાસ્તની નોંધાયેલી છે. આપણે દરેક જમાનામાં મોહંમદ અને આલે મોહંમદ ઉપર સલવાત મોકલીએ છીએ અને ખુદાવંદે તઆલાથી ખાનદાને ઈસમત અલયહેમુસ્સલામના જલ્દી ઝુહૂર થવાની દરખાસ્ત પણ કરીએ છીએ. કરાણ કે આ મુસ્તહબ છે. સલવાતના પછી આપણે કહી છીએ,

وَ عَجِّلْ فَرَجَهُمْ

❊

**સવાલ : ૪૩**

**અઈમ્મએ અત્હાર અલયહેમુસ્સલામની ઘણીબધી રિવાયતોમાં આવ્યું છે કે બેહતરીન આમાલ ઝુહૂરના ઈન્તિઝારમાં છે. આ ઝુહૂરનો અર્થ શું લઈશું?**

**જવાબ : ૪૩**

ઝુહૂરના ત્રણ પ્રકાર છે. રિવાયતોમાં હુકમ છે કે મુસલમાનોને જોઈએ કે ખુદા પાસે ત્રણે પ્રકારના ઝુહૂરની દરખાસ્ત કરે.

**પ્રથમ વાત :**

ઈન્સાનને જોઈએ કે તે પોતાની જાતિ મુશ્કેલીઓ અને મુસીબતોમાં ખુદાવંદ તઆલાથી ઝુહૂરની તમન્ના રાખે અને રહમતે ઈલાહીથી માયૂસ ન થાય. બલકે એમને જોઈએ કે હઝરત બકીય્યતુલ્લાહ રૂહી ફિદાહુના વસીલાથી તે મુસીબતથી છુટકારો પામવાનો ઈન્તિઝાર કરે.



દૃષ્ટાંતરૂપે પોતાની અંગત મુશ્કેલીઓ જેવા કે અસાધ્ય રોગો (લાઈલાજ બીમારીઓ) અથવા દેવું(કર્ઝ) અથવા બીજી કોઈ મુસીબતથી જિંદગીમાં તોફાન ઊભું થઈ જવું, અથવા ઝાલિમ અતિશય ઝાલિમ નિર્દય, અધમ પાપી જેનું હૃદય થઈ ગયું છે એવા દુશ્મનથી છુટકારો તો આ પરિસ્થિતિમાં માયુસ ન થવું જોઈએ. કારણ કે ખુદાની રહમતથી માયુસ ફક્ત કાફિરો જ થાય છે. તેમના સિવાય કોઈ બીજું માયુસ થતું નથી.

**બીજી વાત :**

એહલેબયતે ઈસમત વ તહારત અલયહેમુસ્સલામમાં ખાસ કરીને હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના માટે ઝુહૂરની તમન્ના કરવી. એટલે કે આપના માટે વાહિદ ઈસ્લામી હુકુમતની તમન્ના કરવી. જેથી ઈન્સાનિયતને ઝાલિમ અને જાબિર હુકુમતોથી છુટકારો મળે. દુઆઓમાં વારંવાર હુકમ આવ્યો છે, કે ખુદાવંદે તઆલાથી આપણે ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂરની દુઆ કરીએ, દરખાસ્ત કરીએ અને દુઆમાં કહીએ :

اَللّٰهُمَّ عَجِّلْ فَرَجَهُ وَ سهِلَّ مَخْرَجَهُ

ખુદાયા! આપ અલયહિસ્સલામના ઝુહૂરમાં જલ્દી ફરમાવ. અને આપ અલયહિસ્સલામના ખુરૂજને (આપના સંઘર્ષને, ઊભા થવાને) આસાન ફરમાવ.

**ત્રીજી વાત :**

વિશ્વના કચડાયેલા, દુઃખી, પરેશાન હાલ, મઝલૂમ

મુસલમાનો માટે અને બીજા અન્ય એવા જ કચડાયેલા વર્ગો માટે ઝુહૂરની દુઆ કરવી, તમન્ના કરવી.

એટલે કે કોઇ મુસલમાનની ઈચ્છાઓમાંથી એક ઈચ્છા પોતાના જેવા ગરીબો માટે ઝાલિમોના પ્રભૂત્ત્વમાંથી છૂટવા માટેની દુઆ હોવી જોઈએ.

એક મુસલમાને તો હંમેશા કચડાયેલા મઝલૂમ લોકોના ગમને દૂર કરનાર તથા વંચિત,ગરીબ અને મજબૂર લોકોના મદદગાર બનવું જોઈએ. તેમના માટે એની જીભ (મુસલમાનની જીભ)ખુદાથી ઝુહૂર માંગે. જેથી એના હાથ, પગ, દીલો દિમાગ પણ ઈમામને કામ આવે અને આ દુઃખીઓને છુટકારો અપાવે.

**ચોક્કસ તે મુસલમાન જે ઉપરોક્ત ત્રણે પ્રકારે ઝુહૂરની તમન્ના ન કરે, દુઆ પણ ન માંગે વળી ખુદાની રહમતથી માયૂસ થઈ જય, તે મુસલમાન નથી.**

જેથી બેહતરીન આમાલમાંથી પોતાની જાતિ જિંદગીની મુશ્કેલીઓનો ઈન્તિઝાર, અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામના એ પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના ફરઝંદોના ઝુહૂર માટે ઈન્તિઝાર અને વિશ્વના પ્રાથમિક વંચિત લોકો, મજબૂર અને કચડાયેલા ગરીબ લોકોના માટે જલ્દી ઝુહૂરનો ઈન્તિઝાર બેહતરીન આમાલ છે.

❊



**સવાલ : ૪૪**

**કેટલાક લોકો હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની સલામતિના માટે સદકો આપે છે. શું આ અમલ સહી છે?**

**જવાબ : ૪૪**

કોઈપણ જાતની શંકા કુશંકા વગર જે કોઇ કાર્ય ઈન્સાન ઈમામે અસ્ર અલયહિસ્સલામની મહબ્બતમાં અંજામ આપે તે સહી ગણાશે.

આ બાબતમાં પણ શંકાને કોઇ સ્થાન નથી કે આપ અલયહિસ્સલામના માટે સદકો આપવો. આપના માટે મહબ્બતની અલામત (નિશાની) છે.

આ સિવાય પાછલા ઝમાનાઓમાં આલિમોનો પણ આ રિવાજ રહ્યો છે. તે લોકોની કિતાબોમાં પણ આપ અલયહિસ્સલામના માટે સદકો દેવાની હિદાયત કરવામાં આવી છે.

મર્હૂમ સૈયદ બિન તાઊસે પોતાની કિતાબ ''મહજ્જહ'' ના પેજ નં. ૫૩ ઉપર પોતાના ફરઝંદને વસીય્યત કરી છે. પોતાના માટે સદકો આપતાં અગાઉ ઈમામે અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના પવિત્ર અસ્તિત્ત્વના માટે સદકો આપો. કિતાબ મિકયાલુલ મકારિમના પેજ નં. ૨૧૨ ભાગ-૨ માં તેના લેખક લખે છે કે ખુદાના બંદાઓના ઈમામે ઝમાના અલયહિસ્સલામના વિષયમાં ૨૪મી ફરજ આ છે કે આપની સલામતી માટે સદકો આપે. જો કે આ અમલ મુસ્તહબ છે. જે પેગંબરે ઈસ્લામના ઝવિલ

કુરબાથી (રિશ્તેદારોથી) મહબ્બત જાહેર કરવાનો એક તરીકો છે. રસૂલુલ્લાહની અવલાદથી મહબ્બત રાખવાનો હુકમ આપણને કુરઆનેપાકે આપ્યો છે.

❃

**સવાલ : ૪૫**

**કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની ઉમરદરાઝી માટે દુઆ કરવી જોઈએ. આ વાત દ્દષ્ટિસમક્ષ રાખીને આપના માટે આ દુનિયા એક કેદખાના જેવી છે. છતાંય શું આવી દુઆ માંગવું સાચું છે? સહીહ ગણાશે?**

**જવાબ : ૪૫**

જે પ્રમાણે પ્રશ્નમાં કહેવાયું છે તેમ આપની ઉમર લાંબી થવા માટે દુઆ કરવી જોઈએ અને ખુદાથી આપના પવિત્ર અસ્તિત્ત્વને સલામત રાખવાની તમન્ના કરવી જોઈએ.

જેમકે ફરમાવ્યું છે "દુનિયા મોમિનો માટે કેદખાનું છે." તો પછી હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ જેવા વિશ્વમાં શ્રેષ્ઠ, અફઝલ અને અવ્વલ દરજ્જાના મોમિન માટે તો કેવી હશે? જાણે આપના માટે લાંબી ઉમરની દુઆ માંગવું એવું છે કે જાણે આપ અલયહિસ્સલામને આ કેદખાનામાં વધારે રહેવાની દુઆ કરવામાં આવે.

પરંતુ આપણે એક બીજી બાબત પણ દ્દષ્ટિસમક્ષ રાખવી પડશે કે દરેક વ્યક્તિ આપથી જે મહબ્બત



વ્યક્ત કરે છે તે પોતાની શક્તિ અને પોતાના માપદંડ પ્રમાણે કરી શકે છે. દ્દષ્ટાંતરૂપે એક કીડી જો હઝરત સુલેમાન(અલ.)ની પાસે જો કંઈક તોહફો લઈ જાય તો તે એક તીડના પગથી વધારે નથી હોઈ શકતો. પરંતુ આ જ તોહફો જો એક ઈન્સાન હઝરત સુલયમાન અલયહિસ્સલામ પાસે લઈ જાય તો તે ઘણું જ મોટું અપમાન કે તિરસ્કાર ગણાશે.

તેથી જ હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુથી અમારી મહબ્બતને જાહેર કરવાનું આ રીતે જ શક્ય છે. કે અમને જે ચીજ વહાલી છે તે જ આપના માટે પણ ખુદાથી ઈચ્છીએ છીએ. આપણને લાંબી જિંદગી પસંદ છે તો આપણે પણ આપણા આકા અને મૌલા દ્વારા ઈમામના માટે લાંબી જિંદગીની દુઆ કરી. આ સાથે આપણને આ બાબતનોહુકમ પણ આપવામાં આવ્યો છે કે ઝુહૂરમાં જલ્દી થવાની દુઆ માંગ્યા કરીએ. રિવાયતોમાં આવ્યું છે કે ઝુહૂરના પછી આપ અલયહિસ્સલામની ઉમર દસ વર્ષથી પણ ઓછી હશે. મતલબ જે કંઈપણ બનશે જે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપના માટે બેહતર જાણે છે. એટલે કે દુનિયાના કૈદખાનાથી છુટકારો અને આલમે બાલામાં (આખેરતમાં) જઈને મળવું.

❃

**સવાલ : ૪૬**

**ઝમાનએ ગયબતમાં ચારેય ઈદોના મોકા ઉપર આ હુકમ શા માટે આપવામાં આવ્યો છે કે શીઆઓ દુઆએ નુદબા પણ પઢા કરે. શું નુદબાનો અર્થ જોરથી રડવું અને ફરિયાદ કરવાનું નથી? જે દિવસોમાં બધા જ મુસલમાનો ખુશીઓ મનાવતા હોય ત્યારે શીઆઓ આવી દુઆઓ શા માટે પઢે? જેમાં ગિર્યાઝારી, રડવું અને ફરિયાદ હોય.**

**જવાબ : ૪૬**

આ વાત સાચી છે કે ઈસ્લામી ચારેય ઈદોમાં આ હુકમ છે કે એટલે કે ઈદે ફિત્ર, ઈદે કુરબાન, ઈદે ગદીર અને ઈદે જુમ્આ (દરેક જુમ્આ) અને અમૂક રિવાયતોના આધારે શબે જુમ્આના (જુમ્આની રાતે) શીઆઓ દુઆએ નુદબા પઢ્યા કરે.

પરંતુ આ હુકમ (દુઆએ નુદબા) એવો ફરીઝો નથી જેવા કે નમાઝ, રોઝા અને બીજા વાજિબ અહકામાત છે. કે જેમની પાછળ શું ફિલોસોફી છે? કદાચ આપણે ન સમજી શકીએ અથવા આ હુકમનો વધતો ઓછો સબબ ન સમજાય.

આ હુકમ (દુઆએ નુદબા) તે કામોની રેહનુમાઈ માટે છે માર્ગદર્શન માટે છે જે કાર્યો દરેક શીઆ ઈદના દિવસે અંજામ આપે છે. મતલબ આ છે કે એક તરફ એક વ્યક્તિ પોતાના ઈમામે ઝમાનાની યાદમાં, ચિંતામાં, વિયોગમાં, બેહાલ છે, પરેશાન છે. ત્યારે બીજી વ્યક્તિ પોતાના જેવા ઈન્સાનોની મુસીબતો અને તકલીફો ઉપર દીલમાં બળાપો કર્યા કરે છે. જ્યારે ઈદના દિવસે જુએ છે કે બધા જ ખુશખુશાલ



છે. તો તેના દીલના ડાઘ તાજા થઈ જાય છે. તે દિવસે સવારથી જ તે ગમગીન થઈ જાય છે કે જે કંઈ તે લોકોની ખુશીઓનું કારણ બન્યું. તે આ બીજાઓનું પણ બની જાત.

આમ વિચારીને તે આંસુ વહાવવા લાગે છે. આપ એક આશિકના હાલ ઉપર દૃષ્ટિપાત કરો, જે પોતાના માશુકથી છૂટો પડી ગયો હોય, તો આપ જોશો કે જ્યારે લોકો વધારે ખુશીઓ મનાવતા હોય તે દરમ્યાન તે વધારે ગમગીન હશે. કારણ કે તેને જે ચીજ ખુશ કરી શકે છે તે માશૂકની સાથે સંયોગ થાય-મુલાકાત થાય અને આ તેને નસીબ નથી.

ઈસ્લામે ઈચ્છયું કે ઈમામે ઝમાના અલયહિસ્સલામના આશિકોનું દર્દે દીલ, પ્યાર અને ઈખ્લાસ વગેરેને સમેટીને દુઆએ નુદબા પઢવાનો હુકમ આપીને ગમને ભૂલાવી દે. આ ઈબાદતોમાં ખાસ તો અદબનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. એમાં અલ્લાહની સાચી ઓળખ બયાન કરવામાં આવી છે. એવું ન બને કે આ લોકો હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્વને તે શબ્દોમાં ઉદ્બોધન કરે જેમ કે સામાન્ય રીતે આશિક માશૂકની સાથે કાલ્પનિક રીતે ઉપયોગ કરે છે. અને અદબનો ખ્યાલ નથી રાખતા.

મોટી ઈદોમાં મુસલમાનોના મોટા મોટા મેળાવડાઓ થાય છે. તેઓ આ આનંદ ઉલ્લાસ અને ગપશપમાં આ ન ભૂલી જાય જેથી આ વાત તેમના દિમાગોમાં રહેવી જોઈએ કે આ દુઆને પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે.

ઈસ્લામના પેશ્વાઓએ ઈચ્છયું કે દુઆએ નુદબા અને બીજી દુઆઓના ઝરીયાથી મહબૂબે હકીકી ઈમામે ઝમાના

હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુને યાદ કરીએ અને આપણા દિમાગમાં કે આપ પરદામાં છે. જે લોકો આપ અલયહિસ્સલામથી ગફલતમાં છે. આ મોટા મોટા સભા સંમેલનોમાં જ્યાં લોકોની ભીડ એકત્ર થઈ હોય ત્યાં આપના પવિત્ર અસ્તિત્વનું વર્ણન થાય. તેમની યાદગીરી તાજી થાય, વળી ખુદાવંદે તઆલાથી તેમની મુલાકાતની દરખાસ્ત કરે.

❁

**સવાલ : ૪૭**

**આપ અલયહિસ્સલામના ઝુહૂરનો ઈન્તિઝાર કરવો જેમાં ખૂબ જ સવાબ છે. આનાથી શું મતલબ છે? ઝુહૂર થતાં સુધી શું આપણે હાથ પર હાથ રાખીને બેસી રહેવું જોઈએ? આપણે સમાજ સુધારણાની ચિંતા ન કરવી જોઈએ? આવું વિચારવું જોઈએ કે ઈમામે ઝમાના અલયહિસ્સલામ આવશે અને લોકોની ઈસ્લાહ કરશે. શું ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂરમાં ઈન્તિઝારનો આ જ મતલબ છે?**

**જવાબ : ૪૭**

ઉપરોક્ત સવાલનો જવાબ મર્હૂમ શહીદ આકા હાશમી નિઝાદે કિતાબ ''પાસુખે મા''ના ભાગ-૧ માં ઘણો જ સુંદર અને વિસ્તારપૂર્વક આપ્યો છે. તેમની યાદ તાજી થાય તે હેતુથી તેમના જ જવાબને જેવોને તેવો અમો અત્રે રજૂ કરીએ છીએ.

ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામનો ઈન્તિઝાર અને હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની આદિલાના



આસમાની હુકુમતની સ્થાપના વિષયમાં પેગંબરે ઈસ્લામ અને આપના પાક એહલેબયત અલયહેમુસ્સલામના તરફથી ઘણી બધી રિવાયતો વર્ણવાયેલી છે. ઈસ્લામી સનદોના આધારે ઈમામે ઝમાના અલયહિસ્સલામનો ઈન્તિઝાર કરવાવાળા અનહદ સવાબ તથા ફઝીલતોના માલિક છે. આ બાબતમાં બે રિવાયતો રજૂ કરવામાં આવે છે.

(૧) રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

اَفۡضَلُ اَعۡمَالِ اُمَّتِیۡ اِنۡتِظَارُ الۡفَرَجِ
مِنَ اللّٰهِ عَزَّ وَ جَلَ

''મારી ઉમ્મતનો બેહતરીન અમલ ખુદાવંદે તઆલાની તરફથી ઝુહૂરનો ઈન્તિઝાર છે.''

(૨) અબુ અબ્દુલ્લાહ અલયહિસ્સલામે ફરમાવ્યુ :

مَنۡ مَاتَ مِنۡكُمۡ عَلٰی هٰذَا الۡاَمۡرِ مُنۡتَظِراً لَهٗ كَانَ كَمَنۡ
كَانَ فِیۡ فُسۡطَاطِ الۡقَائِمِ عَلَيۡهِ السَّلَام

અર્થાત : ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: ''જે શીઆ આ હાલતમાં મરી જાય કે તે ઝુહૂરે ઈમામે ઝમાનાનો અને તે બુઝુર્ગવારની વિશ્વવ્યાપી હુકુમતનો મુન્તઝિર હોય તો તે ફઝીલતની દૃષ્ટિએ એવો છે જે કાએમ આલે મોહંમદ હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામની પાસે તેમના ખાસ તંબુમાં રહેતો હોય.''

કોઈપણ જાતની શંકા વગર ઈસ્લામની દૃષ્ટિમાં જે વ્યક્તિ ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂર અને તેમની આદિલ હુકુમતનો મુન્તઝિર હોય તે અનેક ફઝીલતો અને રૂહાની બુલંદીઓનો માલિક છે.

પરંતુ વિચારવાનું આ છે કે ઈન્તિઝારનો મતલબ કે ઈન્તિઝારે ઝુહૂરનો સાચો-હકીકી મતલબ શું છે? શું અર્થ થાય છે? શું ઈન્તીઝારનો અર્થ આ છે કે મુસલમાનો હાથ પર હાથ મૂકીને બેસી રહે? અને તેમની આસપાસ ગુનાહો, ફસાદ, ઉપદ્રવ, ઝુલમો અત્યાચાર વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે બંને સ્ટેજ ઉપર ફેલાતા રહે. શું મુસલમાનો ફક્ત ઈમામ અલયહિસ્સલામનો ઈન્તિઝાર કરે અને આ ગુનાહો જોયા કરે.

શું ઝુહૂરના ઈન્તિઝાર કરવાનો મકસદ આ છે કે મુસ્લિમ સમાજ ગુનાહોને ફેલાતા રોકવાના કોઈ યોગ્ય અને તર્કસંગત કદમો ન ઊઠાવે? બલકે એવી રીતે ઈન્તિઝારમાં બેઠેલા રહે અહીં સુધી કે ઈમામે ઝમાના અલયહિસ્સલામ તશરીફ લાવે અને બધી ખરાબીઓ-બધા જ મસાએલને હલ ફરમાવે.

શું ઈસ્લામના રેહબરોનો ઈન્તિઝારે ઝુહૂરના વિષયમાં ફઝીલતના વર્ણનનો મતલબ આ હતો કે ઈસ્લામના મોટા મોટા તરબીયતી-શિક્ષણ-પ્રશિક્ષણ આપનારા પ્રોગ્રામો, ઈસ્લાહી અને સામૂહિક કાયદાઓ જેને અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર કહેવામાં આવે છે. અને ઝુલ્મ અને



નાઈન્સાફીની વિરૂદ્ધ સંઘર્ષ-કોશિશને રદ કરી દેવામાં આવે આ બધાને વ્યર્થ-બેકાર માની લેવામાં આવે.

જો હકીકતમાં ઝુહૂરનો ઈન્તિઝાર અને ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામનો મતલબ આ જ છે તો તે લોકોનું કહેવું સાચું ગણાશે જેઓ કહે છે કે ઝુહૂરના ઈન્તિઝારની પાઠશાળા ખરેખર ખાઈપીને મજા કરવું છે. ઈન્સાની દિમાગો અને ઈન્સાની શક્તિઓને વિકૃત કરી નાખવાની પાઠશાળા છે. મતલબ આ તો તે જ પાઠશાળા છે જે આંતરરાષ્ટ્રીય સામ્રાજ્યવાદીઓ-વિસ્તારવાદીઓ-આઝાદ મુલકો ઉપર આક્રમણ કરી તેમને ગુલામ બનાવનારા ઝાલિમોની અને તેમને વેચાઈ ગયેલા તેમના નોકરોની પાઠશાળા છે. પરંતુ ના, ના, ના, હરગિઝ આમ નથી. ઉપરોક્ત હકીકત નથી. હકીકત આ છે :

ઈન્તિઝારે ઝુહૂરની પાઠશાળા એક વિશાળ શિક્ષણ પ્રશિક્ષણ આપનારી અને ઈન્સાનિયતની પાયામાંથી સુધારણા કરનારી પાઠશાળા છે. આ તો તે પાઠશાળા છે કે જો તેને સહી ઈસ્લામી કાનૂન મુજબ ચલાવવામાં આવે તો તે ઈન્સાનિયતના અંતરાત્માને જીવંત કરે છે. ઈસ્લામની દઅ્વત જો સહી તરીકાની હશે તો તે સમાજની શક્તિઓને વેડફાવવા નહીં દે. બલકે સમાજની શક્તિઓનો સદ્‌ઉપયોગ કરી સમાજને સામૂહિક રીતે અને વ્યક્તિગત રીતે એવો સુધારી દેશે કે તેમાં સમગ્ર વિશ્વ સુકૂનથી જીવી શકશે. સમાજ પ્રગતિના તે શિખરો સર કરશે જેના વિશે અલ્લાહે અંબિયા

અલયહેમુસ્સલામને મોકલ્યા છે. અને સાથે પવિત્ર કિતાબો ઊતારી છે.

**આ ગાંડપણ છે કે ઇન્તિઝારે ઝુહૂર?**

"ઝુહૂરનો ઈન્તિઝાર" નો સાચો અર્થ સમજવા માટે "ઈન્તિઝાર" શબ્દ ઉપર ચિંતન-મનન કરવું જરૂરી થઈ પડશે.

શું આવું નથી કે જે વ્યક્તિ ઝુહૂરના ઈન્તિઝારમાં હોય તે એક આદિલ આસમાની વિશ્વવ્યાપી હુકુમતના ઈન્તિઝારમાં છે.

તે હુકુમત જેમાં અદ્લ અને ઈન્સાનિયત કુરઆની કાયદાઓ અને ઈસ્લામનું સહી અને ખુશનસીબી ભર્યું શિક્ષણ મળતું હોય, તે હુકુમત જે મઝલુમો અને કચડાયેલા લોકોનું દરેક પ્રકારે સમર્થન કરતી હોય, એટલા જ માટે બનાવવામાં આવી હોય, તે હુકુમત જે ઝાલિમો અને અત્યાચારીઓથી કોઈ સંબંધ ન રાખતી હોય તે હુકુમત જે શબ્દે શબ્દ એક સાચી ઈસ્લામી જીવન વ્યવસ્થા સ્થાપિત કરવા ઈચ્છતી હોય અને કુરઆનના આસમાની અહકામાતને ભરપૂર કોશિશ કરીને અમલમાં મૂકે.

હવે આપ ફેંસલો કરો આ શક્ય છે કે એક વ્યક્તિ સાચા દીલથી એવી હુકુમતના ઈન્તિઝારમાં હોય તો તે પોતાની જાતને સ્વયં ઝુલ્મ અને નાઈન્સાફી દ્વારા ગુનેહગાર બનાવશે?

શું આ વાત શક્ય છે કે ઈન્સાન પોતાની જાતને તો તે હુકુમતનો ઈન્તિઝાર કરનાર કહેતો હોય જેમાં ઝુલ્મો અત્યાચારને નાબૂદ કરવામાં આવશે. પરંતુ તેની સાથે સાથે તે પોતે જ ઝાલિમ અને અત્યાચારી હોય. વળી તેનાથી



ઊલટા રસ્તે ચાલનારો હોય.

અથવા કોઈ વ્યક્તિ જે ઈમામે ઝમાના અલયહિસ્સલામની હુકુમતનો ઈન્તિઝાર કરતો હોય પરંતુ તેની ગણતરી અન્યાયીઓમાં અને ઝાલિમોમાં થતી હોય.

નહીં, હરગિઝ નહીં, આ વાત શક્ય જ નથી. છતાંય આ પરિસ્થિતિમાં આવો વ્યક્તિ જો હોય તો તેની ગણતરી તે માણસમાં થશે જે પોતાના એક નજીકના સગા મહેમાનની રાહ જોતો હોય, ઈન્તેઝાર કરતો હોય કે તે ક્યારે આવે, તે ક્યારે આવે, આ તરફ જુએ છે, તે તરફ જુએ છે. મતલબ મેહમાનની ખૂબ જ બેચેનીપૂર્વક રાહ જોઈ રહ્યો છે. પરંતુ તે મહેમાનની પરોણાગતિ માટે-મહેમાનનવાઝી માટે-સ્વાગત માટે તેણે કોઈપણ જાતની તૈયારી કરી નથી. ન ખાવાનું પકાવ્યું છે ન તે મહેમાનને રોકાવા ઘરમાં કોઈ ઓરડાની વ્યવસ્થા કરી હોય.

આવી વ્યક્તિ માટે કહેવામાં આવશે કે તે દિવાનો છે, ગાંડો છે, મુન્તઝિર નથી.

વહાલા વાંચકો! ઉપરોક્ત ચર્ચા ઉપર ચિંતન કરશો તો માલૂમ પડશે કે ઈન્તિઝારે ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામ ન ફક્ત આપણને ગુનાહોથી બેસી રહેવાની અથવા ખામોશ રહેવાની અને ન ઝુલમોના મુકાબલામાં ખામોશ રહેવાની સલાહ આપે છે. બલકે ગુનાહો અને ઝુલમોના મુકાબલા માટે કિયામ ફરમાવો, ઊભા થાવ, રોકથામ કરો, હિદાયતની મેહનતમાં લાગેલા રહો. બલકે ઈન્તિઝારે ઈમામ મહેદી અલયહિસ્સલામ પોતાની જગ્યાએ

એક વિશાળ શિક્ષણ-પ્રશિક્ષણનું મેદાન છે. જો ઈન્સાન ઉપરોક્ત હદીસોના એકેએક શબ્દને સમજીને, તેના હકીકી અર્થો સમજીને ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂરના ઈન્તિઝારમાં હશે. તો તે કુદરતી રીતે જ, તેના અંતરાત્માના અવાજને અનુસરીને આપ અલયહિસ્સલામના સહી પ્રોગ્રામને નિઝામે ઈલાહીમાં ઢાળવાની કોશિશમાં લાગેલો જ હશે. બિલકુલ એ જ રીતે એક મુસલમાન જે મુન્તઝિરે ઝુહૂર હશે તે દરેક રીતે આદર્શ, ખુશ અખ્લાક અને પાકદામન હશે.

હાં, ચોક્કસ આવા જ લોકો ઈમામ અલયહિસ્સલામના ઝુહૂરનો ઈન્તિઝાર કરનારા છે. અને આવા જ લોકો માટે હઝરત ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું છેઃ

"જે લોકો મુન્તઝિરે ઝુહૂર છે. અમારા બારમાની રાહ જોઈ રહ્યા છે. અને તેઓ એ જ પરિસ્થિતિમાં રાહ જોતા જોતા મૃત્યુ પામે છે. તેઓ તેના જેવા છે કે જાણે તે બુઝુર્ગવારના તંબૂમાં રહેતા હોય."

આ જ પ્રમાણે પેગંબરે આઝમ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"મારી ઉમ્મતનો બેહતરીન અમલ ઝુહૂરનો ઈન્તિઝાર છે."

ખરેખર તો લોકો ગાંડા જેવા છે. જેઓ પ્રકાર પ્રકારના ગુનાહો અને બુરાઈઓમાં રચ્યા પચ્યા રહે છે. ઝિના, શરાબ, જુગાર, નાઈન્સાફી, ઝુલમ જેવા સેંકડો પ્રકારના ગુનાહો કરતા રહે છે. પરંતુ સાથે સાથે આવા ખ્યાલોમાં મગ્ન રહે છે કે પોતે તો ઈમામ મહેદી અલયહિસ્સલામના ઈન્તિઝારમાં છે. બલકે ઈમામે ઝમાના અલયહિસ્સલામના



મુન્તઝિર છે. તેઓ બેવકૂફ છે, ગાંડા છે, જાહિલ છે. તેઓ પોતાની જાત સાથે મજાક કરી રહ્યા છે. વળી તેઓ અન્યોની દૃષ્ટિમાં ઈન્તિઝારે ઝુહૂર અને તેના વિશાળ ઉચ્ચોચ્ચ મકતબે ઈસ્લામની બેઈઝ્ઝતી કરી રહ્યા છે. અને વિશ્વની સમક્ષ ઈસ્લામી વિચારધારાનો ગલત ચહેરો રજૂ કરી રહ્યા છે.

## ઇન્તિઝારે ઇમામે ઝમાના અથવા તવહીદનો મદ્રસો-સ્કૂલ

વહાલા વાંચકો! આપે ઈમામે ઝમાનાનો ઈન્તિઝાર કરતાં કરતાં તબ્લીગે દીને હકના કાર્યમાં રાત-દિવસ પ્રવૃત્ત રહેવું જોઈએ.

ઝુહૂરના ઈન્તિઝારનો મદ્રસો-સ્કૂલ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ-સાઈકોલોજીની દૃષ્ટિએ પણ ઈન્સાની સમાજ માટે ઘણો જ મહત્ત્વનો છે, કિંમતી છે, અગત્યનો છે. કારણ કે નાઉમ્મીદી અને યાસ કોઈનામાં પેદા થઈ જાય તો તે વ્યક્તિની ખુશકિસ્મતી, ભલાઈ, સફળતા, ઓછામાં ઓછી થતી જશે. અમેરિકાના માનસશાસ્ત્રના નિષ્ણાંતોએ-મનો વૈજ્ઞાનિકોએ લોકોના આપઘાત કરવાના સબબો-કારણો જાણ્યા પછી તેના ઉપર ઘણી બધી શોધખોળ કર્યા પછી આ પરિણામ ઉપર પહોંચ્યા છે કે આપઘાતનું સાચું કારણ નાઉમ્મીદી છે, નિરાશા છે, અંધકારમય દેખાતું ભવિષ્ય છે. જ્યાં સુધી ઈન્સાન પોતાની ઈચ્છાઓમાં તમન્નાઓ અને ભવિષ્યથી માયૂસ નથી થઈ જતો આપઘાતનો ઈરાદો નથી કરતો. આ તો થઈ વ્યક્તિ ઈન્સાનોની વાત જેઓ આપઘાત કરે છે.

હવે આપણે આલમી જંગો, કે નાની મોટી જંગોની

વાત કરીશું. જે સામૂહિક અને સામાજિક ધોરણે થતા આપઘાત જ છે. એવો સમાજ જ્યાંના લોકો આ બાબતથી માયૂસ થઇ જાય, કે તેઓ કદીપણ સમાજમાં ઈન્સાફ ફેલાતો નથી જોઇ શકતા. તેના પરિણામરૂપે ઝુલમો અત્યાચાર અન્યાય, ખિયાનત, ચોરી, ગુનાહો, પરેશાની, સમાજની વ્યાકુળતા મૂળમાંથી ઉખાડીને ફેંકી દે. (મતલબ એક સમાજ જ્યારે આ બધી બુરાઇઓને મૂળમાંથી ઉખાડીને ફેંકવાથી માયૂસ થઇ જાય છે ત્યારે આ સમાજ સામૂહિક આપઘાત તરફ જઇ રહ્યો હોય છે.) જેથી ઈન્સાનો આરામની જિંદગી બસર કર શકે.(આવું નથી જોતા) તો સામાજિક બગાડ આટલે ઊંચે પહોંચી જાય તો બની શકે છે કે ઈન્સાનો સામૂહિક આપઘાત (આલમી જંગ) કરવા પર ઊતરી પડે, તૈયાર થઇ જાય.

વિશ્વમાં આપણે જોઇ રહ્યા છીએ કે દરેક જગ્યાએ સુલેહ અને શાંતિની શોધમાં લોકો મશગુલ રહે છે. પરંતુ અફસોસની વાત છે કે યુનાઇટેડ નેશન્સ અને બીજી વિશ્વવ્યાપી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પ્રકાર પ્રકારના પ્રોગ્રામો બનાવે છે. જેમાં કે Co-Existence અને બીજા કેટલાય વૈશ્વિક સંગઠનો દમદાર ભાષણો કરે છે. આ રીતે ઈન્સાનોને ધોકો આપે છે, છેતરે છે. પરંતુ ઈન્સાનિયતની મુશ્કેલીઓના બોજને હટાવી શક્યા નથી. બલકે હલકો પણ કરી શકતા નથી.

એનાથી ઊલટું બધા દેશોના અભ્યાસ કરતાં સ્પષ્ટ દેખાઇ આવે છે કે દરરોજ ઝુલમ, અત્યાચાર અને ગુનાહો વધતા જ જાય છે. તેથી સામાન્ય જનસાધારણની પરેશાનીઓ અને વ્યાકુળતાઓમાં વધારો જ થતો જાય છે. એવું લાગે છે



કે ઈન્સાનિયત ઘણી જ જલ્દી એક ઉજળા ભવિષ્યથી માયૂસ થઇ જશે.

આ તે સમયગાળો છે જેમાં ઈન્તિઝારે ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામ ઈન્સાનને એક દિમાગી શાંતિ બક્ષે છે. આપણા ઈમામે ઝમાના હયાત છે. હંમેશા આપણી મદદમાં રહ્યા છે. વારંવાર આપણી મદદ કરી છે. વળી હવે આપ ઝુહૂર ફરમાવશે ઈન્શાઅલ્લાહ નજીકમાં જ આપ ઝુહૂર ફરમાવશે. સમગ્ર વિશ્વ સામૂહિક રીતે અદ્‌લો ઈન્સાફથી ભરાઇ જશે. પછી અન્યાય, ઝુલમો અત્યાચાર અને ગુનાહો બિલકુલ બંધ થઇ જશે. ઈન્સાનોને આ એક અજબ પ્રકારની હિંમત છે. કુરઆને પાકમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે કે :

وَلَقَدْ كَتَبْنَا فِي الزَّبُورِ مِنْ بَعْدِ الذِّكْرِ أَنَّ الْأَرْضَ يَرِثُهَا

عِبَادِيَ الصَّالِحُونَ

*(સૂ. અંબિયા આ-૧૦૫)*

અને બેશક અમે ઝબૂરમાં નસીહત બાદ આ લખી દીધું હતું કે જમીનના વારસ અમારા નેક બંદાઓ બનશે.

**બીજાઓની દૃષ્ટિમાં**

છેલ્લે આ ચર્ચાને એક વિદ્વાનની વાત પર પૂરી કરૂં છું જે તેણે એ ઈન્તેઝારના વિશે કહ્યું હતું. જે સમાજની બાહોશ વ્યક્તિઓ ઈન્સાનિયતના ભવિષ્ય વિશે રાખે છે.

જાર્જ સારતન પોતાની કિતાબ ‘‘સરગુઝશ્તે ઈલ્મ’’ ની

છેલ્લે લખે છે કે :

"આજે ઈલ્મ દ્વારા નવા નવા ઉદ્યોગો અને લશકરી ટેકનોલોજીમાં ખૂબજ પ્રગતિ થઈ છે. એક દિવસ એવો પણ આવશે કે આ સમાજ, આ ઈન્સાનિયત, અખલાક અને સામાજિક ઈન્સાફમાં એવી પ્રગતિ કરશે કે એક બીજાથી આગળ થવા માટે હરીફાઈ કરશે."

❁

**સવાલ : ૪૮**

**શું આ વાત સાચી છે કે ઈમામે ઝમાના અલયહિસ્સલામનું ખાસ નામ લોકોની વચ્ચે ન ઉચ્ચારવું જોઈએ.**

**જવાબ : ૪૮**

કેટલાક આલિમો જેવા કે શૈખ સદૂક, શૈખ મુફીદ, શૈખ તબરસી, મીરદામાદ અને અલ્લામા મજલિસી રહેમોહોમુલ્લાહો અલયહિમે સ્પષ્ટ શબ્દોમાં ફતવો આપેલો છે કે આપ અલયહિસ્સલામનું નામ લોકોના ઈજતેમાઅમાં (સમૂહની વચ્ચે) લેવાનું હરામ છે. કારણ કે નામ લેવાની મના બાબત લગાતાર રિવાયતો મોજૂદ છે. જેમાંની કેટલીક આ પ્રમાણે છે.

(૧) હઝરત ઈમામ હસન અસકરી અલયહિસ્સલામની સહી રિવાયતોમાંની એક રિવાયત આ છે કે ફરમાવ્યું :

لَا يَحِلُّ لَكُمْ ذِكْرُهُ بِاسْمِهِ

એટલે કે તમારા માટે આ હલાલ નથી કે એમને



(હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામને) તેમના નામથી યાદ કરો.

(૨) ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામથી એક બીજી સહી રિવાયતમાં આવ્યું છે કે ફરમાવ્યું :

આ સાહિબે અમ્ર (એટલે કે વિશ્વવ્યાપી એક જ આલમી હુકુમતની સ્થાપનાનું કાર્ય કરનાર) તે વ્યક્તિ છે કે તેમનું નામ કોઈ લેતું નથી પરંતુ જે કાફિર હોય છે.

(૩) રય્યાન ઈબ્ને સલ્તથી એક વિશ્વાસપાત્ર રિવાયત છે કે આઠમા ઈમામ અલયહિસ્સલામથી સાંભળ્યું છે કે ફરમાવતા હતા હઝરત કાએમ મેહદી તે વ્યક્તિ છે જેમનું શરીર દેખાશે નહિ અને તેમનું નામ તેમની ગયબત પછી લેવામાં આવશે નહિ.

(૪) આપ અલયહિસ્સલામના કલામમાં તોકીઅ શરીફમાં (હાથ લખાણમાં) આવ્યું છે કે :

"તે મલઊન છે જે લોકોની મેહફિલમાં મારૂં નામ લે."

(૫) શૈખ સુદૂક અલહિર્રહમાએ ઈમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામથી રિવાયત કરી છે, કે એક દિવસ ઉમર બિન ખત્તાબે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ અલયહિસ્સલામને ઈમામ મેહદી અલયહિસ્સલામનું નામ પૂછ્યું. હઝરત અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામે ફરમાવ્યું : "હું એમનું નામ નથી લેતો, એટલા માટે કે મારા હબીબ પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે મારાથી વાયદો

લીધો છે કે તેમનું નામ તેમના ઝુહૂર સુધી કોઈને ન કહું. આ તે અમાનત છે જે ખુદાએ અઝ્ઝ વ જલ્લે મને અમાનત તરીકે આપેલ છે.''

ઉપરોક્ત પાંચ રિવાયતોના મઝમૂનની સાથે બીજી રિવાયતોથી પણ જેમાં આપ અલયહિસ્સલામનું નામ બીજાઓની સમક્ષ લેવાની મનાઇ કરવામાં આવી છે.

❊

**સવાલ : ૪૯**

**લોકોના દરમ્યાન ઈમામે ઝમાના અલયહિસ્સલામનું નામ કેમ ન લેવું જોઈએ?**

**જવાબ : ૪૯**

આપણે આ હુકમના સાચા તત્ત્વજ્ઞાનથી તો વાકેફ નથી. પરંતુ હદીસોથી માલૂમ પડે છે કે પેગંબરે ઇસ્લામ અને અઈમ્મએ અતહાર અલયહિસ્સલામ આપ અલયહિસ્સલામનો એહતેરામને એટલે દરજ્જે જરૂરી સમજતા હતા કે આપનું ખાસ નામ લેવું એહતેરામના વિરૂદ્ધ સમજતા હતા. તેથી જ ઈસ્લામના મોટા મોટા આલિમોએ સ્પષ્ટતા કરી છે કે અદબના કારણે મોમેનીનને પોતાની મજાલિસોમાં આપ અલયહિસ્સલામનું નામ નહીં લેવું જોઇએ બલકે અલકાબથી તેમને યાદ કરવા જોઇએ. જેમકે બકીય્યતુલ્લાહ, હુજ્જતુલ્લાહ, મેહદી, સાહિબુલ અમ્ર્, સાહિબઝ્ઝમાન.

❊



**સવાલ : ૫૦**

**લોકો કહે છે કે જ્યારે આપ અલયહિસ્સલામનું મુબારક નામ સાંભળે તો તેમને જોઈએ કે તેઓ આપના એહતેરામમાં ઊભા થઈ જાય. શું આ વાત ઈસ્લામના અહકામમાંથી છે કે નથી?**

**જવાબ : ૫૦**

નિઃશંસય જે અમલ પણ આપ અલયહિસ્સલામના મકામ અને ઈઝ્ઝત આબરૂને ધ્યાનમાં રાખી, તઅઝીમ સમજીને કરવામાં આવે તે સારો અમલ છે. જો કોઈ સંમેલનમાં આ બુઝુર્ગવારનું નામ લેવામાં આવે અને કેટલાક લોકો એહતેરામમાં ઊભા થઈ જાય તો બીજાઓ ઉપર પણ વાજિબ થઈ જાય છે કે તેઓ પણ ઊભા થઈ જાય.

આ પરિસ્થિતિમાં કેટલાક લોકોનું ઊભા ન થવું આપ અલયહિસ્સલામની તોહીન-બેઅદબીમાં ગણાશે. તે હરામ ગણાશે, કેટલીક રિવાયતોમાં નકલ થયેલ છે કે એક મેહફિલમાં જ્યાં એક ઈમામ અલયહિસ્સલામ તશરીફ ફરમા હતા. ત્યાં જનાબ બકીય્યતુલ્લાહનું મુબારક નામ લેવામાં આવ્યું તો લોકો ઊભા થઈ ગયા. પછી આપ અલયહિસ્સલામ ઉપર દુરૂદ શરીફ મોકલ્યું. વળી કદીક બીજાઓને પણ હુકમ આપવામાં આવ્યો કે આપ પણ દુરૂદ મોકલ્યા કરો.

કિતાબ ''નજમુસ્સાકિબ'' માં મરહૂમ સૈયદ નેઅમતુલ્લાહ જઝાઈરીથી વર્ણન થયેલ છે કે એક વખત ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામની સામે ઈમામે ઝમાના અલયહિસ્સલામનું નામ લેવામાં આવ્યું તો આપ તે પવિત્ર

નામ મુબારકના એહતેરામમાં તઅઝીમમાં ઊભી થઈ ગયા.

યાદ રાખો. ઈમામ અલયહિસ્સલામનો અમલ હુજ્જત છે, દલીલ છે તેથી આ હદીસ દ્વારા ઈમામે ઝમાના અલયહિસ્સલામનું નામ લેવા ઉપર લોકોએ ઊભા થઈ જવું આવશ્યક છે, આદેશાત્મક ગણાશે.

પરંતુ સાથે સાથે આ વાતનો પણ ખ્યાલ કરવામાં આવે કે આ અમલ વાજિબ દરજ્જામાં નથી. જેથી જો કોઈ મેહફિલમાં આ અમલ (ઊભા થઈ જવું) તકલીફ આપનારો બની જાય-બની જવાની શક્યતા લાગે તો આપ અલયહિસ્સલામની સાથે મહબ્બત રાખનારાઓએ-ચાહકોએ આ મુસ્તહબ અમલને પણ તે સમયે મુલતવી રાખવો જોઈએ. ઘરડાં, ભાંગેલા, તૂટેલાં હાડકાંવાળા, કમજોરો, બીમારો જેમને ઊભા થવામાં તકલીફ થતી હોય તેઓ ઊભા ન થાય તો પણ તેઓને નિય્યત ઉપર સવાબ મળી જશે.

❁

**સવાલ : ૫૧**

**આપે તમારી કિતાબોમાં ''પરવાઝે રૂહ'' અને મુલાકાત બા ઈમામે ઝમાના અલયહિસ્સલામમાં ઝુહૂરે સુગરાનું વર્ણન કર્યું છે. શું અહીં તેની થોડીક માહિતી આપી શકો છો?**

**જવાબ : ૫૧**

હું કિતાબોમાં આ બાબતની ચર્ચા ઊંડાણમાં નથી ગયો. હું એમ ઈચ્છતો હતો કે જ્યાં સુધી શક્ય હોય આ બાબતમાં ન પડું. પરંતુ એટલા માટે કે આ એક નવો જ વિચાર હતો તેથી બુદ્ધિશાળીઓ અને તેહકીક કરનારાઓની દૃષ્ટિ સમક્ષ



એના ઉપર પડી. તેઓનું ધ્યાન આ તરફ દોરાયું.

બીજી બાજુ કેટલાક એવા અનપઢ લોકો અભ્યાસ કર્યા વગર જ મારાથી આ બાબતની સ્પષ્ટતા ઈચ્છતા હતા. તેઓ સારી એવી વિવેકપૂર્ણ સમજાય એવી વાતોમાં પણ ખામીઓ કાઢતા હોય છે. અને કહ્યા કરતા હોય છે કે અગાઉ તો અમે કોઈ કિતાબમાં આવું નથી વાંચ્યું? (એમને કોઈ પૂછે કે તમે કેટલી કિતાબો પઢી છે? તો જવાબ મળશે કે પાંચ, સાત, દસ કે પંદર. એમને કોણ સમજાવે કે વિશ્વમાં હજાર બે હજાર પાંચ હજાર અને તેથી વધારે કિતાબોના અભ્યાસીઓ મોજૂદ છે. -અનુવાદક)

મતલબ આ વાત જ જરૂરી બની ગઈ કે આ કિતાબમાં જ્યાં સુધી શક્ય હોય ''ઝુહૂરે સુગરા''ના રહસ્યને સમજાવું. જેથી ચિંતન-મનન કરવાવાળા અને શોધખોળ કરનારાઓને આ લખાણથી ફાયદો થશે. વળી આલોચકો, અને સમીક્ષકો માટે દલીલ પુરવાર થશે.

જો કે આ લખાણથી અમારો ખરો ઉદ્દેશ્ય તો બુદ્ધિશાળીઓ અને શોધખોળ કરનારાઓ માટે છે. તે લોકો સાથે અમારે કોઈ લેવા-દેવા નથી જેઓ વાતને સમજવા જ ઈચ્છતા નથી.

લોકો અમને પૂછે છે કે ''ઝુહૂરે સુગરાની'' શું રિવાયતો દ્વારા પૃષ્ટિ મળે છે? જવાબમાં કહું છું કે હાં, કારણ કે રીવાયતોમાં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વને સૂરજની સાથે સરખાવ્યું છે. તે આ છે કે સૂરજના ડૂબી ગયા પછી પણ તેનું અજવાળું એકાદ બે કલાક

બાકી રહે છે. વિશ્વમાં એક જ ઝટકે અંધારૂં નથી થઈ જતું. અચાનક અંધારૂં થઈ જવાથી જે ખરાબીઓ પેદા થાય છે, તે નથી થતી.

એ જ પ્રમાણે સૂરજ ઊગતી વખતે એકીસાથે અજવાળું નથી ફેલાઈ જતું. બલકે કલાક બે કલાક લાગે છે. ધીમે ધીમે સૂરજની રોશની ચારે તરફ ફેલાઈ જાય છે. પછી તેજ થતી જાય. એકદમ અચાનક તેજ પ્રકાશ ફેલાઈ જવાથી જે નુકસાન થવા સંભવ છે. તે નુકસાન થતું નથી.

બરાબર એ જ રીતે જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામ લોકોની વચ્ચે અદૃશ્ય હોય તો પ્રથમ ગયબતે સુગરા થાય. લોકોએ જોયું કે ગયબતે સુગરા થઈ. એ જ રીતે ઝુહૂરે સુગરા પણ હોવી જોઈએ. જેનું અમે વર્ણન કર્યું છે.

જો તમે આ પરિભાષાનો (ભાષાની ખાસ સંજ્ઞાનો) ઉપયોગ નથી કરવા માંગતા. એટલે આપ અલયહિસ્સલામના ઝુહૂર અને તજલ્લિયાતથી અગાઉની રોશનીને ‘‘ઝુહૂરે સુગરા’’ નથી કહેવા ઈચ્છતા તો કંઈપણ વાંધો નથી. એને ‘‘ઝુહૂરે સુગરા’’ ન કહો. તેને કોઈ બીજું નામ પણ આપણે આપી શકીશું. અમે એના માટે કોઈ ખાસ નામ રાખવાનું જરૂરી સમજતા નથી. ચાહે આપ કોઈપણ નામ ન આપો અથવા ચાહે આપ કોઈપણ નામ આપો.

પરંતુ મારી દૃષ્ટિમાં ધ્યેયને-મકસદને સ્પષ્ટ કરવા માટે આ નામ ‘‘ઝુહૂરે સુગરા’’ સૌથી બેહતર છે.

જેવી રીતે ખુદાવંદે તઆલાએ લોકોના તૈયાર થવા માટે અને ‘‘ગયબતે કુબરા’’ની પ્રસ્તાવના (પૂર્વભૂમિકા) તરીકે



‘‘ગયબતે સુગરા’’ અમલમાં આણી. બીલકુલ એ જ રીતે આ વાત પણ નામુમકિન છે કે લોકોના તૈયાર થવા અને ‘‘ઝુહૂરે કુબરા’’ની પ્રસ્તાવના (પૂર્વભૂમિકા) તરીકે ‘‘ઝુહૂરે સુગરા’’ને (અથવા આપ જે નામ પસંદ કરો) અમલમાં ન આણે.

પરંતુ શક વગર ‘‘ગયબતે સુગરા’’ અને ‘‘ઝુહૂરે સુગરા’’ની સ્થિતિમાં તફાવત છે.

‘‘ગયબતે સુગરા’’ માં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ પોતાના ચાર ખાસ નાયબોના દ્વારા પોતાનું નૂર ફેલાવતા હતા. અને લોકોને ફૈઝ પહોંચાડતા હતા. પરંતુ આજે તે સાધનો દ્વારા જેનું અહીં વર્ણન કરવામાં આવે છે પોતાના નૂરને જાહેર કરે છે અને ક્ષિતિજને રોશન કરેલી છે.

**પ્રથમ**

હિજરી કમરી ૧૩૪૦ આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાંની આસપાસના ‘‘ઝુહૂરે સુગરા’’ની શરૂઆત થયાનો વિશ્વાસ અમને અમારા ઉસ્તાદ મરહૂમ મુલ્લા આકા જાન રહમતુલ્લાહ અલયહે કરાવ્યો. યા એમ કહો કે એમના વસીલાથી થયો. ઈન્સાનોની ક્ષમતામાં કાબેલિયતમાં અસાધારણ પ્રગતિથી થયો. નવાઈ પમાડે એવી શોધો અને નવાં નવાં ઘટસ્ફોટ થયાં છે. સાઠ, સિત્તેર વર્ષ પહેલાં લોકો ઘોડાઓ, ઊંટો અને ગધેડાઓ ઉપર મુસાફરી કરતા હતા. જ્યારે આજે તો અત્યંત તેજ રફતાર હવાઈ જહાઝ અને હવામાં ઊડતી હોય એવી ટ્રેનો અને કારોમાં સફર કરે છે.

તે જમાનામાં ટેલિફોન, રેડિયો,, રડાર વગેરેનું અસ્તિત્વ ન હતું. આજે આ બધાં સાધનો ઉપર ઈન્સાનોનો કબજો છે. તે જમાનામાં તેલ, પેટ્રોલ અને તેની બનાવટો જે અત્યારે સેકંડોની સંખ્યામાં પ્રાપ્ય છે તે સમયે અપ્રાપ્ય હતી. મતલબ આ છે કે આ સાઠ, સિત્તેર વર્ષોમાં ઈન્સાનોએ વૈચારિક, પ્રગતિ કરી, ક્ષમતા પેદા કરી, સંસ્કૃતિ જે ઝડપથી આગળ વધી ઈન્સાનિયતના આટલા લાંબા ઈતિહાસમાં તેનું દૃષ્ટાંત મળવું શક્ય નથી. જો હિજરીસન પૂર્વેથી લઈ આ હિજરીસન ૧૩૪૦ સુધીની શોધખોળો, મશીનરી વગેરેને એક તરફ રાખવામાં આવે તો આ પાછલા ફક્ત સાઠ, સિત્તેર વર્ષોની પ્રગતિ અને શોધખોળો વગેરે તે બધાને પાછળ ધકેલી દેશે.

કોઈ કહી શકે છે કે આ બધાથી ઝુહૂરે ઈમામ અલયહિસ્સલામને શું સંબંધ? તો વિનંતી કરીશ કે જે લોકો ઈચ્છે છે કે ઈમામે ઝમાના અલયહિસ્સલામના હાથ ઉપર બયઅત કરે તેમના માટે જરૂરી છે કે તેઓ અસાધારણ ક્ષમતા બુદ્ધિ, ડહાપણ ધરાવનારા હોય, એટલા માટે કે ઈમામ બધા જ ભેદો અને દરેક હકીકતોથી વાકેફ છે. તેમના અનુયાયીઓને જોઈએ કે આપ અલયહિસ્સલામ જે કંઈ ફરમાવે તેઓ તેની સંપૂર્ણ રીતે સમજે. જે વાતોનો હુકમ આપે તેને સારી રીતે સમજીને તેના ઉપર અમલ કરે.

જેથી અમારૂં કહેવું છે કે ઝુહૂરે ઈમામ અલયહિસ્સલામની પ્રસ્તાવના રૂપે ઉષાનું કે સંધ્યાનું અજવાળું લાલિમા આ રીતે ક્ષિતિજોમાં દેખાઈ રહ્યું છે અને હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હુકમો અને તેમની



આજ્ઞાઓનું સ્વાગત કરવા માટે દુનિયામાં લોકોને આ અજવાળું તૈયાર કરી રહ્યું છે.

**બીજું**

આ જ કિતાબના પ્રશ્ન નંબર ૪૧ ના ઉત્તરમાં સ્પષ્ટીકરણ કર્યું છે કે દરેક નબી અને અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામના મોઅજિઝાત તેમના જમાનાના ઈલ્મ અને હુન્નર જે ઊંચાઈ છે તે પ્રમાણે હોવા જોઈએ.

કારણ કે દરેક ઝમાનાના લોકોની નજરો તે ઝમાનાના બુદ્ધિશાળીઓ, વિજ્ઞાનિકો, અને પ્રભૂત્વશાળી લોકો તરફ મંડાયેલી રહે છે. ઈલ્મી પરિભાષામાં મુહાવરો છે.

اَلنَّاسُ عَلٰى دِيْنِ مُلُوْكِهِمْ

એટલે કે લોકો તેઓની રીતભાત અપનાવે છે. જેઓએ આશ્ચર્યજનક કારકીર્દી દ્વારા લોકોનું ધ્યાન પોતાની તરફ કેન્દ્રિત કર્યું છે. મતલબ જેઓ લોકોમાં મકબૂલ થયા છે. લોકો તેઓની નકલ કરે છે. અથવા તો પ્રભૂત્ત્વશાળીઓએ-સત્તાસ્થાને બેઠેલાઓએ લોકોને પોતાની તરફ દોરાવા-પોતાની પાછળ ચાલવા મજબૂર કર્યા છે. જેથી શરૂ શરૂમાં અલ્લાહતઆલાએ નબીઓને એવા લોકોની શોધ કરવાનું કહ્યું કે જો તેઓ હિચકિચાહટ ન અનુભવે-ઈમાન લઈ આવે તો બાકીના લોકો પણ તેમની પાછળ ચાલીને, તેમના અનુકરણમાં ઈમાન લઈ આવશે.

અંબિયા અને અવસિયા ઉપર જો આ લોકો ઈમાન ન લાવતા તો પછી તેમની સાથે એવી રીતે વર્તાવ કરતા કે તેઓ કચડાયેલા, ગરીબ, મજદૂર, પ્રકારના લોકોના માટે ઈમાન

લાવવામાં રૂકવટ ન બને. અંબિયા-અવસિયાનો દઅ્વતના પથ્થર ન બને.

જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામ પ્રથમ ફિરઓન અને તેના જાદુગરો પાસે ગયા. ફિરઓન તો પોતાને ખુદા કહેવડાવતો બાદશાહ તો હતો જ. પરંતુ આ જાદુગરો પણ કંઈ ઓછા પ્રભૂત્ત્વશાળી ન હતા. પોતાના મોઅજિઝા દ્વારા હઝરત મુસાએ ફિરઓનના ઘમંડનું ખંડન કર્યું. જાદુગરોના ગુરૂરને તોડી નાખ્યો. જાદુગરોને નિમ્નકક્ષાના બતાવી દીધા. પછી સામાન્ય જનસાધારણને પોતાના ઉપર ઈમાન લાવનારા બનાવી દીધા.

હઝરત ઈસા અલયહિસ્સલામે પોતાના ઝમાનાના તબીબો, ચિકિત્સકો જેઓ સમાજ ઉપર ખૂબ જ પ્રભૂત્ત્વશાળી હતા. તેઓને પોતાના મોઅજિઝાત દ્વારા જેવા કે મુરદાઓને જીવતા કરવા, આંધળાઓને દેખતા કરવા, કોઢની બીમારીવાળાઓને સાજા કરવા વગેરે મોઅજિઝાત બતાવીને ચકાચોંધ કરી દીધા. તેઓએ જોયું કે આ અમલ અસામાન્ય છે. કુદરતી સામાન્ય બનતી બાબતોથી હટીને છે. જેથી આ ખુદાઈ કાર્ય માલૂમ પડે છે. કારણ કે દરેક વસ્તુ તેની કુદરતને આધીન છે જેથી તેઓ ઈમાન લઈ આવ્યા.

રસૂલે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે જયારે ઈચ્છ્યું કે તે ઝમાનાના લોકો જેઓ ઈલ્મ અદબ, શએર શાઈરી અજોડ હતા. જાણે તે ઝમાનાના લોકોની ઝબાન જ શાએરી જેવી હતી. સ્ત્રીઓ સુધ્ધાં સુખમાં દુઃખમાં પોતાની વાતચીતમાં શાએરી જોડી કાઢતી હતી. ત્યારે અલ્લાહ



તઆલાએ રસૂલે ઈસ્લામની ઝબાનથી એક એવું કલામ પેશ કર્યું. તેના જેવી એક આયત બનાવી લાવવાથી તેઓ આજીઝ હતા. જેથી તેઓએ કબૂલ કર્યું કે આ ઈન્સાની કલામ નથી બલકે આખરી ઝમાનામાં વૈજ્ઞાનિક શોધખોળો, હુન્નર અને મશીનરી વગેરેની ખૂબ જ પ્રગતિ થઈ છે. છતાંય કુરઆનના મોઅજિઝાની સામે આ પ્રગતિ નિમ્ન કક્ષાની છે. બલકે અરબોએ જોયું કે કુરઆનની સામે અમારી તમામ સલાહીયતો-ક્ષમતાઓ પણ પોચ છે, નિમ્ન છે. ત્યારે તે સમયના વિદ્વાનો, ચિંતકો, ફિલોસોફરો, શાએરો વગેરે બધા જ કુરઆનની તરફ આવ્યા.

પ્રસ્તાવનારૂપે આટલી લાંબી વાતો કરવાનો મારો હેતુ આ છે કે જયાં સુધી હવાઈ જહાઝ, રોકેટ, રડાર, રેડિયો, ટેલિવિઝન, ઈલેક્ટ્રોનિક શોધખોળો ન થઈ હતી. ત્યાં સુધી લોકો સમજી શકતા ન હતા કે હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામનો આ મોઅજિઝો કેવી રીતે શક્ય હશે? કે આપ અને આપના અસહાબ વાદળ ઉપર સવારી કરશે, અને આસમાનથી અવાજો ગુંજન કરશે. રિવાયતોમાં આ બાબતના વર્ણનો પણ નોંધાયા છે. (જયારે આ નવી નવી ઈલેક્ટ્રોનિક શોધખોળ બજારમાં આવી જે લોકો સમજદાર મોમિન છે. હઝરત બકીય્યતુલ્લાહના મુન્તઝિર છે તે લોકો માટે પોતાના ઈમામના મોઅજિઝાઓને આ વૈજ્ઞાનિક શોધખોળોના કારણો સમજવું ઘણું આસાન છે. આ મોમિન લોકો તો સારી રીતે સમજે છે કે જયારે વૈજ્ઞાનીકો, સંશોધકો ઈમામના મોઅજિઝાઓને જોશે તો ઈમામનું અપ્રાકૃતિક

વ્યક્તિત્ત્વને ઓળખી જશે અને તરત જ ઈમાન લઈ આવશે. જેવી રીતે કે મૂસા અલયહિસ્સલામના જમાનામાં જાદુગરો હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઈમાન લઈ આવ્યા. કારણ કે જાદુગરો મોઅજિઝા અને જાદુગરીના તફાવતને સમજી ગયા હતા. -અનુવાદક)

આ વૈજ્ઞાનિક શોધખોળો, ઈલેક્ટ્રોનિક પ્રગતિ હકીકતમાં ઝુહૂરે સુગરાની નિશાનીઓ છે. જે ઈમામના ઝુહૂરને નઝદીક કરી રહી છે.

(મોઅજિઝાનો અર્થ જ થાય છે એવી અજબ વાત જે આપણને આશ્ચર્યમાં નાખી દે, વિચાર કરતા કરી દે કે આવું બને! આ શક્ય ખરૂં! જે ઈન્સાનોને આશ્ચર્યચકિત કરી દે. તેને જ મોઅજિઝો કહેવાય. અને સમજવા માટે કોઈ દુન્યવી શોધખોળની તરફ વળવાની કોઈ જરૂરત જ નથી. બસ મોઅજિઝો એટલે મોઅજિઝો. એ વાત જે ઈન્સાની દિમાગો ન કરી શકે તે મોઅજિઝો ઈન્સાનને આજિઝ કરી દે, લાચાર કરી દે તે મોઅજિઝો. મોમિનો અને સામાન્ય જનસાધારણ તો મોઅજિઝાને હર હાલતમાં માની લે છે. અંબિયા અને અવસિયાના મોઅજિઝાઓને સમજવા માટે આપણે કોઈ શોધખોળ કે વૈજ્ઞાનિક સાધનોની જરૂરત નથી. બિલકુલ નહિ. બસ એક જ વાત અમે ઈમાન લાવ્યા, અમે સાચું માન્યું આમન્ના, સદકના. અમે જાણીએ છીએ કે ચારપગાં પ્રાણીઓ દૂધ આપે છે. દૂધ સજીવ પ્રાણીઓ જ આપે છે. છતાંય અંબિયા કે અવસિયાને અલ્લાહે આપેલા મોઅજિઝા દ્વારા ઝાડમાંથી કે કોઈ દિવાલમાંથી જે નિર્જીવ છે દૂધ કાઢી શકે



છે. બસ વિજ્ઞાન એને માને કે ન માને. દરેક મોઅજિઝાઓ ઉપર આપણું ઈમાન છે જ અને રહેશે. પરંતુ અહીં કિતાબના લેખક પ્રભૂત્ત્વશાળી અને વૈજ્ઞાનિકો, ફિલોસોફરો જેઓ વધુ બુદ્ધિશાળી કહેવાય છે. તેઓને મનાવવા માટે આ શોધખોળોની દલીલની જરૂરત પડે છે. જેથી તેઓ ઈમાન લઈ આવે. -અનુવાદક)

**ત્રીજી દલીલ**

મને ખબર નથી આપે કદી આ બાબત વિચાર્યું હોય કે ન હોય શીઆ હઝરાત પહેલાના ઝમાના કરતાં હાલમાં હઝરત વલીએ અસ્ર અરવાહોના ફિદાહુને વધારે યાદ કરે છે. પહેલાના લોકો કમ યાદ કરતા હતા. જો કે હું આ બાબત સ્પષ્ટતા કરી રહ્યો છું.

પ્રથમ તો હું આપને આ પૂછવા ઈચ્છું છું કે ગયબતે કુબરાથી લઈને આજથી સિત્તેર વરસ પહેલાં સુધી લોકોએ હઝરત વલીએ અસ્ર અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના નામ ઉપર એક મસ્જિદ પણ બનાવી ન હતી? જ્યારે કે આજે લોકો મોટે ભાગે મસ્જિદોના નામો આપ અલયહિસ્સલામના નામ પર રાખે છે.

પહેલાના જમાનામાં લોકોએ એક બજાર, એક ચોરાહા, એક સંસ્થા, એક મદ્રસો, એક અંજુમન પબ્લિકના ફાયદા માટેની વગેરેમાંથી એકપણ આપ અલયહિસ્સલામના નામ ઉપર નથી બનાવી. મતલબ ઈમામે ઝમાનાના નામ કે લકબ સાથે ઉપરોક્ત સંસ્થાઓ, બજારો, રસ્તાઓ વગેરેના નામ જોડયાં નથી. જ્યારે કે આજે ઘણાંબધા ઈદારાઓ, સંસ્થાઓ,

મસ્જિદો, બજારો, મદ્રસાઓના નામ આપ અલયહિસ્સલામના નામ સાથે જોડ્યાં છે.

કદાચ વાચકોને યકીન ન આવે સ્વયં અમારા ઝમાનામાં ''દુઆએ નુદબા'' સુધ્ધાંનો એક જલસો પણ પૂરા ઈરાનમાં રાખવામાં આવતો ન હતો. લોકો આ બાબત સુધ્ધાંથી વાકેફ ન હતા કે દુઆએ નુદબા શું છે? એનું જ દષ્ટાંત લઈએ આજે કદાચ જ કોઈ શીઆનું ઘર એવું હશે જે જુમ્માના દિવસે દુઆએ નુદબા ન પઢતો હોય, તે સિવાય કરોડો શીઆઓ પોતાના મૌલા આકાની યાદમાં દુઆએ નુદબા પઢતા હોય છે. તમે કોઈ શીઆ વ્યક્તિ બાકી ન જોશો જે કોઈ જલ્સામાં પહોંચી અથવા કોઈ ખૂણામાં બેસીને દુઆએ નુદબા ન પઢતા હોય. ઘણાં જ ઓછાં એવાં ઘર હશે જેમાં દરોદિવારને આપ અલયહિસ્સલામના મુબારક નામે શણગાર ન બક્ષ્યો હોય.

તો મારા વહાલા વાંચકો આપ અલયહિસ્સલામના નામ મુબારકની દરેક જગ્યાએ ચર્ચા અને આપના પવિત્ર અસ્તિત્ત્વની તરફ પબ્લિકનું ધ્યાન દોરાવું શું તુલૂએ ફજરે સાદિકની દલીલ નથી? અને ક્ષિતિજ પ્રકાશિત દેખાતું નથી અને ''ઝુહૂરે સુગરા''ની (અથવા આપ એને જે ઈચ્છો તે કહી શકો છો.) નિશાનીઓ દષ્ટિમાન થઈ રહી છે.

**ચોથી દલીલ**

આપ જાણો છો કો આજથી ૬૦ વર્ષ અગાઉ ૮૦ ટકા લોકો લખવા-વાંચવાનું જાણતા ન હતા. લગભગ સમગ્ર વિશ્વનો આ હાલ હતો. યુરોપનો તો આનાથીય બુરો હાલ હતો. પરંતુ આજે આપ જાણો છો. ૯૦ ટકા લોકો વધતા



ઓછા પ્રમાણમાં લાખવા-વાંચવાનું જરૂર જાણે છે. વળી પોતાની ભાષામાં કે બીજી કોઈ ભાષામાં એક કિતાબ તો જરૂર વાંચી લે છે.

શું આ જમીન હમવાર★ નથી થઈ રહી? આપણા પ્યારા ઈમામના ઝુહૂર અગાઉની જાગૃતિ અલ્લાહ તરફથી નથી થઈ રહી? રિવાયતોના આધારે આજના આ વૈજ્ઞાનિક ઉલૂમ જે મકબૂલ થઈ રહ્યાં છે. તે તો ફક્ત ૧૦ ટકા જ છે. તે ઈલ્મોના મુકાબલામાં જે ઈલ્મો અંબિયા અને અવસિયા લાવ્યા છે.

મારા વહાલા વાંચકો! શું આને સૂરજના તુલૂઅ થતાં અગાઉનું અજવાળું નહીં કહી શકાય? જે ક્ષિતિજને રોશન (પ્રકાશિત) કરી રહ્યું છે. આપણા પ્યારા ઈમામની ગયબતને પ્યારા નબી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે સૂરજની સાથે સરખાવી છે. પ્યારા ઈમામના ઝુહૂર અગાઉ ઈલ્મનું ફેલાવું એક પ્રકારે ક્ષિતિજમાં થતું સૂર્યોદય પહેલાંનું અજવાળું જ છે.

**પાંચમી દલીલ**

અમારા ઝમાનામાં આજથી ૬૦-૭૦ વર્ષ અગાઉ ખુમ્સમાંથી સેહમે ઈમામ આપવામાં શીઆ બિરાદરી લાપરવાહીથી કામ લેતી હતી. એટલી બધી સુસ્તી કે ઘણાંબધા મરજએ તકલીદ તાલિબે ઈલ્મોના દીની વજીફા અદા કરવા માટે કરઝદાર રહેતા હતા. એટલા તંગીમાં રહેતા

★ જમીન હમવાર થવું = ખેતરમાં દાણા નાખતાં પહેલાં મતલબ વાવણી કરતાં પહેલા કાંટા-ઝાંખરા નકામી વનસ્પતિ છોડ ખોદીને સાફ કર જમીનને સમતલ બનાવી ખાતર નાખી તૈયાર કરવું.

કે બીજાઓ પાસેથી ઉધાર લઇને તાલિબેઇલ્મોને વજીફા આપતા હતા.

જો કે પાછલા ૧૦૦ વર્ષ કરતાં હાલમાં પરેશાનીઓ વધી ગઇ છે. આઝાદ દેશોને ગુલામ બનાવનારા સામ્રાજ્યવાદી આક્રમણખોર ઝાલીમોએ આપણા માટે અનેક પ્રકારની મુશ્કેલીઓ વધારી દીધી છે. યુરોપના દુનિયાપરસ્તી પ્રચારે સમાજમાં ગરીબાઇની બીક પણ ઘુસાડી દીધી છે. આ બધું જ હોવા છતાંય આજે સેહમે ઈમામ એટલું અદા કરવામાં આવે છે કે તાલિબે ઇલ્મોને વજીફો અદા કર્યા પછી પણ મોટા દીની ઈદારા બાંધવામાં આવે છે. અને કોમની તરક્કીના કાર્યો, વિકાસના કાર્યો પણ આગળ વધી રહ્યાં છે.

શું આ બાબત માટે પણ ધ્યાન દોરવું પડશે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુની સૂર્યની જેમ ચમકતી વિલાયત અને ઈમામતના કિરણોના વિખેરવાનો ઝરીયો છે. આ બાબત શંકાને કોઇ સ્થાન નથી કે આ પણ ''ઝુહૂરે સુગરાની''ની નિશાની છે.

**છઠ્ઠી દલીલ**

પહેલાંના ઝમાનાના આલિમો ઉસૂલે એતેકાદની (માન્યતાના અકીદાઓના ઉસૂલ-સિદ્ધાંતો) કિતાબો લખતી વખતે ઘણી જ કાળજીથી કામ લઇ આ બાબતનું ખાસ ધ્યાન રાખતા કે એવા વિષયો ઉપર ભાર દઇને કલમ ઉઠાવતા જે ઈમામે ઝમાના અલયહિસ્સલામના પવિત્ર અસ્તિત્ત્વને સાબિત કરે છે. કેટલાક બુદ્ધિશાળીઓની દૃષ્ટિમાં હઝરત



બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વની સાબિતી તરીકે બેહતરીન દલીલ આપ અલયહિસ્સલામની મુલાકાત બની શકે છે. જેથી મરહૂમ હાજી નૂરી રહમતુલ્લાહ અલયહ જેવા લોકોએ ઘણી જ મેહનત કરીને-સંપૂર્ણ તેહકીકાત કરીને પોતાની કિતાબ ''નજમુસ્સાકિબ''માં આપ અલયહિસ્સલામની હુઝૂરમાં હાજર થનારા, આપના મેળાપની ઈઝ્ઝત પામનારાઓની એકસો હિકાયતો લખી છે, પરંતુ આપે આમ નથી કહ્યું કે આ કિસ્સા તો હજારોમાંથી થોડાક છે.

આજના ઝમાનામાં આવી મુલાકાતોની સેંકડોની સંખ્યામાં હિકાયતો અને હજારો ઈન્સાનોની ઈમામ અલયહિસ્સલામ સાથેની મુલાકાતના વાકેઆત મોજૂદ છે. જેના ઉપર સંપૂર્ણ શોધખોળ અને એના ચિહ્નો નિશાનીઓ અને કારણોની જાંચપડતાલ કરીને સંપૂર્ણ ચિંતન-મનન કરીને કહી શકાય છે કે શીઆ બિરાદરીમાં ઘણાં ઓછા એવા લોકો હશે જેમણે જાતે અને કોઇ વિશ્વાસપાત્ર વ્યક્તિથી અથવા કોઇ વિશ્વાસપાત્ર વ્યક્તિએ બીજા એવા જ વિશ્વાસપાત્ર દોસ્ત-બિરાદરથી કોઇ ઘટના જરૂર નકલ કરી હશે. જેમાં લોકો હઝરત બકીય્યતુલ્લાહની સેવામાં હાજર થયા હોય અને આપ અલયહિસ્સલામની સાથે મુલાકાત કરી હોય.

શું આ મુલાકાતો આ સંબંધ જે હજારો હજારો ઈન્સાનો સાથે ઈમામ અલયહિસ્સલામનો બંધાયો તે તુલૂઅ પહેલાંની સુબ્હ સાદિક નથી? સુર્યોદય અગાઉનું અજવાળું નથી? શું એને ઝુહૂરે સુગરાનો ઝમાનો નહીં કહી શકાય?

## સાતમી દલીલ

બધા જ મુસલમાનો ફિરકાઓમાં હંમેશા આ બાબત એકતા રહી છે કે ભલે પછી તેઓ સુન્ની હોય કે શીઆ બધાને જ હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વ ઉપર વિશ્વાસ રહ્યો છે. પરંતુ આપણા આ ઝમાનામાં તો એક એવી વાત બની કે જેની નોંધ લેવી જરૂરી લાગે છે.

''રાબતેએ આલમે ઈસ્લામી'' વિશ્વસ્તરે એક મુસ્લિમ સંગઠન છે. વિશ્વના બધા જ ખૂણામાંથી મુસ્લિમ બિદ્ધિશાળીઓ, વિદ્વાનો, ઓલમાઓ ત્યાં એકત્ર થાય છે. તેઓએ બધાએ એકમતે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વ અને તેમના ઝુહૂર બાબત તે બધી જ માન્યતાઓને સ્વીકારી જે માન્યતાઓ આપ અલયહિસ્સલામના માટે શીઆ હઝરાત ધરાવે છે. આ એક ઘણી જ મોટી બાબત છે.

(આ જ કિતાબના પ્રશ્ન ૨૦ ઉપર ''રાબેતએ આલમે ઈસ્લામી'' ની મક્કામાં ભરાયેલી કોન્ફ્રંસમાં ઉપરોક્ત ઠરાવ પસાર થયો છે. તેની જાહેરાત પણ થઈ છે.) કે મસ્જિદે નબવી અને મસ્જિદે હરામમાં હઝરત હુજ્જત બિન અલ-હસન અસ્કરી અલયહિસ્સલામના મુકદ્દસ નામને કાયમ કરવામાં આવે. જેથી આ મહાન મસ્જિદોની ઈઝ્ઝત બુઝુર્ગીમાં વધારો થાય.

આ બધાથી વધીને તો તે ઘટના છે જે હિજરી ૧૩૫૯ માં ઉમરહના સમયે બન્યો. હું રાતના છેલ્લા ભાગમાં મસ્જિદે હરામમાં બેઠેલો હતો. મેં એક હબશી જુવાનને જોયો, જે



મને ઘણી જ મહબ્બતથી જોઈ રહ્યો હતો. પછી તે મારી પાસે આવીને અરબીમાં કહેવા લાગ્યો, તમે ઈરાની છો?

મેં કહ્યું : હા, હું ઈરાની છું.

તેણે કહ્યું : હું તમને ખૂબ જ પસંદ કરૂં છું.

મેં પૂછ્યું : શા માટે?

કહેવા લાગ્યો, એટલા માટે કે તમે લોકો હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામમાં વિશ્વાસ ધરાવો છો.

મેં પૂછ્યું : તો શું તમે તેમનામાં વિશ્વાસ ધરાવતા નથી?

કહેવા લાગ્યો, હું આપ અલયહિસ્સલામમાં વિશ્વાસ ધરાવું છું. સુદાનના તો લગભગ બધા જ લોકો ઈમામમાં વિશ્વાસ ધરાવે છે. સુદાનના ઘણાંબધા યુવાનો ''અન્સારૂલ મેહદી'' જમાઅતના સભ્ય છે. વળી તેઓ હાલની સુદાની હુકુમતના વિરોધી છે. અને હઝરત મેહદી અલયહિસ્સલામના ઝુહૂરના મુન્તઝિર છે. પછી મેં તે યુવાન સાથે ઘણીબધી વાતચીત કરી. સુદાન વિશે ઘણીબધી જાણકારી મેળવી. બધી વાતચીત આપણા વિષયને અનુરૂપ નથી. વિષયને અનુરૂપ વાતચીત આ છે કે તેહકીકાત કરવાથી ખબર પડી કે તે યુવાન સાચું કહેતો હતો. સુદાનમાં ''અન્સારૂલ મેહદી'' જમાત ઘણી જ મકબૂલ થઈ છે. તેના રેહબરે લોકોમાં સારો એવો પ્રભાવ ઊભો કર્યો છે. અહીં સુધી કે લગભગ સુદાનની એક તૃત્તિયાંશ આબાદી તેમની સાથે છે.

મને એનાથી કંઈ લેવાદેવા નથી કે તેઓનો અકીદો શું છે? તેઓ સુન્ની છે કે શીઆ છે. હું વાંચકોને પ્રશ્ન કરૂં છું કે એહલેસુન્નત બિરાદરીના દેશોમાં અકીદએ ઈમામ મેહદી

અલયહિસ્સલામનો આ ફેલાવો આશ્ચર્ય પમાડે એવી વાત નથી? અત્યારે સંપૂર્ણ વિશ્વમાં આ અકીદાની હવા ઊઠી રહી છે. જ્યાં નથી ઊઠી ત્યાં ઊઠશે. તો શું વિશ્વના ઈન્સાનોની ઈમામ મેહદી અલયહિસ્સલામના ઝુહૂર તરફ ધ્યાન દોરાવું ઘણી મોટી બાબત છે. શું આ સૂર્યોદય પહેલાનું અજવાળું નથી? હું તો એને ''ઝુહૂરે સુગરા'' કહું છું. આપ ચાહે તે નામથી પોકારો. તેમાં કોઈને શું વાંધો હોઇ શકે.

**આઠમી દલીલ**

શું આપ જાણો છો કે વિશ્વસ્તરે દુનિયાના દેશોના નેતાઓ ક્યારે ભેગા થયા? શા માટે ભેગા થયા? અને યુનો "UNO" યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન ''વિશ્વના દેશોનું સંગઠન'' શા માટે બનાવ્યું? જાણો છો તો બેહતર છે. નથી જાણતા તો જાણી લો કે પહેલું વિશ્વયુદ્ધ અને બીજું વિશ્વયુદ્ધના ઈતિહાસનો વિસ્તારથી અભ્યાસ કરો. જેમાં લાખો લોકોના મૃત્યુ થયાં, લાખો લોકો ઘવાયા, લાખો લોકો શરીરથી બેકાર થઈ ગયા, ધંધા રોજગારોથી પણ બેકાર થઈ ગયા. તો પછી વિશ્વના બુદ્ધિશાળીઓનું ધ્યાન આ તરફ દોરાયું કે આ બધા નુકસાનને ભરપાઇ કેવી રીતે કરવું? હવે પછી આવી જંગો ન થાય તેની રોકથામ થાય તે માટે શું પગલાં લેવાં? UNO યુનો પોતાના મકસદમાં કેટલું કામ્યાબ રહ્યું? તે બાબતની ચર્ચા આપણે નથી કરતા. એ ચર્ચા આપણા વિષયને અનુરૂપ પણ નથી.

પરંતુ UNO યુનોની સ્થાપના. વિશ્વના બધા જ દેશોના પ્રતિનિધિઓને તેમાં દાખલ કરવા આ વાત ઈન્સાની સમાજમાં



એક વાહિદ આલમી હુકુમત (સમગ્ર વિશ્વની ફક્ત એક જ રાજયવ્યવસ્થા) નો એહસાસ એમના દીલમાં પેદા થયો. વિશ્વના બુદ્ધિશાળીઓને સમજદારોને એક આલમી હુકુમતની જરૂરત સમજાય. જેથી દુનિયામાં અદ્લો ઈન્સાફ કાયમ થાય.

શું આ એહસાસ - આવો ખ્યાલ - આવી સંવેદના તેના ઉપર અમલ જે આજથી ૬૦ વર્ષ અગાઉ પેદા થયો તો શું આ અનુભવ, આ સંવેદના જે ૬૦ વર્ષો અગાઉથી આજ સુધી દુનિયામાં ચાલુ થઈ ચૂકી છે. તે આપણને પોતાની ઝબાનથી આમ કહી રહી છે કે યા સાહિબઝ્ઝમાન! સમગ્ર વિશ્વ આપના ઈન્તેઝારમાં છે.

શું સ્વયં આ વિચારધારા અને તેના ઉપર થયેલો અમલ દુનિયાના લોકોના દીલોમાં સૂરજની વિલાયતના નૂરનું દેખાવું. સૂર્યોદય અગાઉની પરિસ્થિતિ નથી? આને આપણે ''ઝુહૂરે સુગરા'' નથી કહી શકતા? જવાબ એનો હા માં છે. કહી શકીએ છીએ.

**નવમી દલીલ**

જ્યારે સૂર્ય ઊગવાનો હોય છે તો સૌ પ્રથમ ફક્ત ક્ષિતિજને રોશન કરે છે. પછી ધીમે ધીમે આ રોશની તેજ થતી જાય છે. વધતી જાય છે. સૂર્યોદય અગાઉ જ સંપૂર્ણ વિશ્વ પ્રકાશિત થઈ જાય છે. ઠંડી ઠંડી રોનક રોશન થતી જાય છે. પરંતુ વિશ્વમાં બધે અજવાળું તો સૂરજના ઊગતા અગાઉ જ થઈ જાય છે, પછી સૂર્યોદય થાય છે.

ખુશ કિસમતીની વાત છે કે ''ઝુહૂરે સુગરા''નો પણ

કંઈક આવો જ અંદાઝ છે. કારણ કે અમે લોકો (ઈરાનીઓ) ઈરાનના ઈન્કિલાબ પછી જે હજી હમણાં જ થયો છે. આ જ રોશનીના એટલે કે દુનિયામાં હઝરત બકીય્યતુલ્લાહના પવિત્ર અસ્તિત્ત્વના નૂરના ફેલાવાની રાહ જોઈ રહ્યા છીએ.

હઝરત સાહિબુલ અમ્ર અલયહિસ્સલામના પવિત્ર અસ્તિત્ત્વના ઝુહૂરના ચિહ્નો, નૂરના વિષયમાં કેટલીક દલીલો અમે રજૂ કરી છે. તે મોટે ભાગે શીઆ બિરાદરીમાં અને વધુમાં વધુ ઈસ્લામી દેશો સુધી જ સિમિત રહી છે. જો કે આ બાબત અમે UNO નું દૃષ્ટાંત આપ્યું છે તે એટલું બધું સ્પષ્ટ નથી, ઘણું સાફ નથી.

હું આ વિચારને રદ નથી કરી શકતો-ગલત છે એમ નથી કહી શકતો કે સમગ્ર વિશ્વમાં ઈરાનનો ઈન્કિલાબ આ બાબતના કારણરૂપ છે. સબબરૂપ બન્યો છે. કે તેના દ્વારા ઈમામે ઝમાન અલયહિસ્સલામનું પવિત્ર નામ સમગ્ર વિશ્વમાં પહોંચ્યું છે. ખુદાવંદે તઆલા અમારા ઈન્કિલાબના ઝરીયાથી આ પવિત્ર નામને વિશ્વના એકેએક ઘરમાં પહોંચાડશે. એવી દુઆ કરૂં છું.

ઈન્કિલાબથી અગાઉ પણ ઘણાંબધા દેશો દુનિયામાં એવા હતા જેઓ પ્રથમ તો આ પણ જાણતા ન હતા કે “ઈરાન”ના નામનો કોઈ દેશ પૃથ્વીતટ ઉપર મોજુદ છે. જો ઈરાનને જાણતા હતા તો આ બાબત જાણતા ન હતા કે ઈરાનનો સરકારી મઝહબ કયો છે? જો કંઈક વાતોથી જાણકારી પણ ધરાવતા હતા કે ઈરાનના લોકો શીઆ વિચારધારાથી સંબંધ ધરાવે છે. તો તેઓમાંથી ઘણાંખરા તે



અકીદાઓ ખાસ કરીને જે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામ માટે ધરાવીએ છીએ તે વિશે જાણતા ન હતા.

હું એવી ઘણીબધી વિશિષ્ટ ઘટનાઓથી પરિચિત છું. જે તેમના દરેક દરેક રહસ્યોને સ્પષ્ટ કરે છે. પરંતુ વાત લાંબી થતાં પુસ્તક મોટું થઈ જવાના ભયથી વધારે ઊંડાણમાં જઈ વધારે ઘટનાઓનો ઉલ્લેખ કરતો નથી.

પરંતુ ઈન્કિલાબે ઈરાનના પછી જ્યારે આ બધી ખબરો સમગ્ર દુનિયામાં ફેલાઈ તો જનાબ ઈમામ અલયહિસ્સલામનું પવિત્ર નામ સમગ્ર વિશ્વમાં ઘણી જ ઈઝ્ઝત અને માન સાથે ફેલાયું કે આપણે કહેવા પર મજબૂર છીએ કે હઝરત વલીએ અસ્રનું પવિત્ર નૂર સૂર્યોદય પહેલાંના ફેલાતા સૂર્યના નૂરની જેમ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું.

આ વિષય ઉપર દરેક વસ્તુથી વધીને મહત્ત્વની વાત ઈરાન-ઈરાક વચ્ચેની લડાઈના દરરોજના સમાચાર છે જે હવાની જેમ વિશ્વમાં ફેલાતા રહ્યા. અને સમગ્ર વિશ્વના લોકોનું ધ્યાન તે તરફ કેન્દ્રિત થયું. આજે તો વરસો વીતી ગયાં છે, જંગ ચાલૂ છે. સમાચાર માધ્યમો દરરોજ ખબરો આપે છે.★ ઈરાન ઈરાક બંને દેશો શીઆઓના મરાકિઝ છે, બહુમતી વસ્તીના કેન્દ્રો છે. અને વલીયે અસ્ર અલયહિસ્સલામની હુકુમતના કેન્દ્રો છે. અરે આ બંને દેશો તો આપ અલયહિસ્સલામના ખાસ અસહાબના એકત્ર થવાની

★ આ કિતાબ અસલ ફારસીમાં લખાઈ છે. તે લખાઈ ત્યારે ઈરાન-ઈરાક જંગ ચાલૂ હતી. પાછળથી તેનો ઉર્દૂમાં તરજુમો થયો.

જગ્યાઓ છે.

ઉમ્મીદ છે કે ઘણું જ જલ્દી સદ્દામ અને તેની કોમ્યુનિસ્ટ પાર્ટી અને તેના બેદીન સાથીઓ ઝલીલ થઈ જશે ઈન્શાઅલ્લાહ. (આ લખાયું તે સમયે લડાઈ ચાલુ હતી.) તો પછી ઈન્કિલાબે ઈસ્લામીએ ઈરાક પણ કામ્યાબ થશે પછી હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામનું પવિત્ર નૂર દરરોજ વધુને વધુ ફેલાતું જશે.

તેથી જ અમે કહીએ છીએ કે ખુદાનો શુક્ર છે કે આપણે "ઝુહૂરે સુગરા"ના ઝમાનામાં જીવતા છીએ. જ્યારે કે જુદા જુદા પ્રકારના મસાએલ વિશ્વમાં પેદા થઈ ગયા છે. હઝરત વલીએ અસ્રની વિલાયતનું પવિત્ર નૂર દુનિયામાં ચમકી રહ્યું છે.

ઘણી જ જલ્દી અમારી આંખો આપના પવિત્ર ચેહરાને જોઈ લેશે. ઉમ્મીદ છે કે દુનિયાના બધા જ ઈન્સાનો ઈમામે ઝમાના અલયહિસ્સલામના "ઝુહૂરે કુબરા"ના ઝમાનાની સમજશક્તિ કેળવે. અલ્લાહતઆલા આપણા સૌને હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના ઈન્કિલાબ સુધી સલામત રાખે.

વધારામાં વિનંતિ કરીશ કે જો આ જગ્યાએ "ઝુહૂરે સુગરા"નું વર્ણન થયું છે તો તેનાથી મતલબ આ જ છે જે ઉપર વર્ણન થયો છે. આવો મતલબ હરગિઝ નથી કે ઝુહૂરના સમયને નઉઝુબિલ્લાહ (અલ્લાહ માફ કરે) નક્કી કરવામાં આવે.

હું સોએ સો ટકા યકીન રાખું છું કે આપ અલયહિસ્સલામના



નૂરની આ તજલ્લીઓ અને ઝુહૂર આપ અલયહિસ્સલામના પવિત્ર અસ્તિત્ત્વના "ઝુહૂરે કુબરા" પર પૂર્ણ થશે.

કદાચ આ તજલ્લીઓ, આ નિશાનીઓ અને આ નૂર જે ક્ષિતિજોમાં દેખાઈ રહ્યું છે. ખુદા ન ખ્વાસ્તા બીજી વખત અંધકારમાં ન બદલાઈ જાય. કારણ કે જે કંઈ છે તે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ઈરાદા ઉપર આધારિત છે. આપણે જાણીએ છીએ કે ખુદાના હાથ બંધાયેલા નથી. તે જે ઈચ્છે છે કરે છે. કોઈ અલ્લાહ ઉપર એતેરાઝ નથી કરી શકતું તેનાથી પ્રશ્ન નથી કરી શકાતો કે તેં આમ કેમ કર્યું? તેમ કેમ કર્યું?

**સવાલ : પર**

**હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ પોતાના અસ્તિત્ત્વના જાહેર થવા માટે સેંકડો વરસો ઈન્તિઝાર કરાવ્યા પછી ફક્ત દસ વરસથી પણ થોડો સમય આ દુનિયામાં રહેશે? આવું કેમ?**

**જવાબ : પર**

ઈમામે ઝમાના સલવાતુલ્લાહે અલયહે પોતાના આરામ અને પોતાની હુકુમતના માટે ઝુહૂર નથી ફરમાવતા. ન તો આપ આવા કોઈ ક્ષુલ્લક મકસદથી યુદ્ધ કરશે. બલકે આવી કોઈ વાત વિચારવાનો પ્રશ્ન જ નથી પેદા થતો.

જેમ કે આપણે જાણીએ છીએ કે આપ અલયહિસ્સલામ સમગ્ર વિશ્વમાં અદ્લો ઈન્સાફ ફેલાવવા અને હુકુમતે ઈસ્લામી સ્થાપિત કરવા માટે કૂચ કરશે. જેથી જ્યારે આપનું કામ પૂર્ણ થઈ જશે, આપની ફરજ પૂરી થઈ જશે. તો પછી

દુનિયામાં વધારે રહેવાનું કોઈ કારણ રહેતું નથી.

કારણ કે આ વાત તો નક્કી જ છે કે આ દુનિયા કેદખાનુ છે. જેથી અહિયાં રહેવું કેદખાનામાં રહેવા જેવું છે. આ બાબતને સમજવા માટે આ દ્દષ્ટાંત બંધબેસતું છે. એક વ્યક્તિ કોઈ કેદખાનામાં એટલા માટે જાય કે તે કેદીઓના આપસના ઝઘડાઓને દૂર કરે. તેઓને અદ્‌લો ઈન્સાફની તાલીમ આપે. થોડોક સમય આ ઈન્તિઝારમાં રોકાય કે એવું વાતાવરણ પેદા થાય કે એની વાત સાંભળવામાં આવે જેથી તેઓની અંદરના ઈખ્તિલાફાતને દૂર કરે તો પછી તે આ કાર્યને પૂર્ણ કર્યા પછી શા માટે રોકાઈ રહે? બલકે તરત જ બહાર આવી જશે.

અવલિયા અલ્લાહના માટે ચોક્કસ આ દુનિયાને કેદખાનું સમજવું જોઈએ. આ રીતે વિચારવાથી આ પ્રકારના ઘણાંબધા પ્રશ્નોનો ઉકેલ થઈ જશે. કેટલાક લોકોનો ખ્યાલ છે કે ઝુહૂરના પછી વિશ્વ જન્નત જેવું થઈ જશે. અસલ જન્નત તો હશે જ પરંતુ ઝુહૂરના અગાઉ જે વિશ્વની હાલત હશે તેના મુકાબલામાં દુનિયા બેહિશ્ત નજર આવશે. પરંતુ અવલિયાઅલ્લાહની દ્દષ્ટિમાં ઝુહૂરના પછીની દુનિયા આલમે આખેરતના મુકાબલામાં કેદખાનું જ ગણાશે. બેશક અહીં અદ્‌લો ઈન્સાફ, અમન, સલામતિ વગેરે કાયમ થઈ ગયું હશે. પરંતુ તેના કેદખાનું હોવાના લક્ષણો તો મોજૂદ જ રહેશે. અવલિયાઅલ્લાહની દ્દષ્ટિમાં તો આ દુનિયા ઝુહૂરે ઈમામ પછી કેદખાનું જ રહેશે.

જેથી જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ



દસ વરસની મુદ્દત ઝુહૂર ની પોતાના બધાં જ કાર્યો નિપટાવી ચૂક્યા હશે. સમગ્ર દુનિયામાં વાહિદ(એક જ) આલમી હુકુમત કાયમ કરી ચૂકયા હશે શાંતિ અને સલામતિ સ્થાપિત થઈ ચૂકી હશે. ઈન્સાનોને ઝાલિમોથી છૂટકારો થઈ ચૂકયો હશે. તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તરફથી આપને છૂટ આપવામાં આવશે કે આપ આ દુનિયાથી રૂખ્સત થાય. અને આ કેદખાનામાંથી છુટકારો મેળવે.

❊

**સવાલ : ૫૩**

**કહેવામાં આવે છે કે જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામ જાહેર થશે તો પ્રથમ વાત જે તેઓ કરશે તે આ હશે કે હું સૈયદુશ્શોહદાના ખૂનનો બદલો લેવા આવ્યો છું. તે બાબતમાં આપ કેટલાક લોકોને કતલ કરશે.**

**શું હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી અલયહિસ્સલામના કાતિલો આ ઝમાનામાં હશે? કે એમના ખૂનના બદલામાં તેમને કતલ કરવામાં આવશે જો જવાબ નકારમાં છે તો આ કૂચ કરવી (કિયામ કરવું) અને ફરમાનનો શું મતલબ છે?**

**જવાબ : ૫૩**

શક વગર જેમ આપે પ્રશ્ન કર્યો છે. કહ્યું છે જો કે સંપૂર્ણ મકસદ આ નથી. છતાંય હઝરત બકીય્યતુલ્લાહના મકસદોમાંથી એક મકસદ હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન અલયહિસ્સલામના ખૂનનો બદલો લેવું પણ છે.

કારણ કે ઝિયારતે આશૂરહ જેની સનદો અવ્વલ દરજે સાચી છે. આપણે પઢીએ છીએ :

وَأَنْ يَّرْزُقَنِيْ طَلَبَ ثَارِكَ مَعَ اِمَامٍ مَنْصُوْرٍ مِنْ اَهْلِ بَيْتِ

مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ

"આપના ખૂનનો બદલો લેવાની તૌફીક આપ અહલેબૈતે મુહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના ઈમામે મન્સૂરની(ઈમામે ઝમાનાની) સાથે."

આ જ ઝિયારતમાં અપણે એક બીજી જગ્યાએ કહીએ છીએ :

وَأَنْ يَّرْزُقَنِيْ طَلَبَ ثَارِكُمْ مَعَ اِمَامٍ مَهْدِيٍّ ظَاهِرٍ نَاطِقٍ

بِالْحَقِّ مِنْكُمْ

"અને મને ઈન્તેકામ લેવાવાળો બનાવી દે. ઈમામ મેહદી, ઝાહિર, હક બોલવાવાળા ઈમામની સાથે."

આ બંને જુમ્લાના તરજુમાનો ખુલાસો આ છે કે ખુદા મને રોઝી આપીને ઈમામ મેહદી હુજ્જત બિન હસન અલયહિસ્સલામ જેમની નુસરત કરવામાં આવી છે અને જે ઝાહિર, નાતિક અને હકની સાથે છે અને હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના એહલેબયતમાંથી છે કે હુસૈન અલયહિસ્સલામના ખૂનને તલબ કરૂં.

બીજી રિવાયતોમાં પણ આ જ પ્રકારના વિષયનું સમર્થન થયું છે. આ બાબત શંકાને કોઈ સ્થાન નથી કે હઝરત સૈયદુશ્શોહદા અલયહિસ્સલામના ખૂનની માંગણી હઝરત બકીય્યતુલ્લાહના મકસદોમાંથી એક છે.

આ સવાલનો જવાબ આ છે કે યઝીદ અને યઝીદીઓની



હઝરત સૈયદુશ્શોહદા અલયહિસ્સલામ સાથેની જંગ એક વ્યક્તિગત જંગ ન હતી. જેમાં એક ટોળું બીજા ટોળા ઉપર દુશ્મની અથવા પોતાની વિસ્તારવાદી નીતિના કારણે હુમલો કરી દે. જેમનો હેતુ જંગ જીતવાનો હોય છે. આવા હેતુથી હુમલો કર્યો હોય તે ઝમાનાનું તે વિશિષ્ટ ટોળું હોય ઝાલિમ અત્યાચારી પણ હોય જેથી તેના ખતમ થઈ જવાથી મસઅલો ખતમ થઈ જાય.

પરંતુ ઈમામ હુસૈન અલયહિસ્સલામની જંગ હક અને બાતિલની જંગ હતી. તેના બંને પક્ષો એક પક્ષ હક અને બીજો પક્ષ બાતિલની તરફદારી કરનારા હતા. આજની પરિભાષામાં સિદ્ધાંતિક જંગ કહેવાય. વ્યક્તિ વિશેષ મકસદ ન હતો. મુલકગીરી મકસદ ન હતો. વિસ્તારવાદી વિચારધારાની જંગ ન હતી. મતલબ સત્ય અને અસત્યના દૃષ્ટિકોણની લડાઈ હતી. તો આ સિદ્ધાંતિક લડાઈ તો દુનિયાના પ્રથમ દિવસથી ચાલુ છે. હઝરત આદમ અલયહિસ્સલામથી ચાલુ છે. દરેક ઝમાનામાં હક શક્તિશાળી બન્યું છે કે કમજોર બન્યું છે. આ જંગે તો ઘણીબધી કુરબાની લઈ લીધી છે.

જનાબ ઈમામ હુસૈન અલયહિસ્સલામના ઝમાનામાં આ જંગ પોતાની સંપૂર્ણ ઊંચાઈ પર પહોંચી ગઈ હતી. બાતિલ ઘણું તાકતવર બની ચૂક્યું હતું. તેને પછાડવું જરૂરી હતું. હકના માટે હાર-જીત મહત્ત્વની નથી. હક હારીને પણ જીતે છે. હકને બાતિલ સાથે ટકરાવું જરૂરી છે. જેથી અવલાદે આદમ અબુ બશરમાંથી એક બેહતરીન વ્યક્તિ શહીદ થઈ ગયા. સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન

અલયહિસ્સલામનું ખુન આ હાલતમાં વહાવવામાં આવ્યું કે હજી શયતાની હુકુમત નેસ્તોનાબૂદ પણ થઇ ન હતી. આ જ જંગને જારી રાખવા માટે, હકની બુલંદી માટે, બાતિલને પછાડવા માટે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહો કિયામ કરશે-ઊભા થશે. આપ હકીકી કામ્યાબી પ્રાપ્ત કરશે. બાતિલની તમામ નિશાનીઓ પણ મિટાવી દેશે. સમગ્ર વિશ્વમાં હક અને હકીકતનો ઝંડો ફરકાવી દેશે. બાતિલને સમગ્ર વિશ્વમાંથી નાબૂદ કરી દેશે. આ રીતે યઝીદીઓથી સૈયદુશ્શોહદાના ખૂનનો બદલો લેશે. બાતિલ યઝીદનું બીજું નામ સમજવું પડશે. જે જે ખુશનસીબો ઈમામે ઝમાના અલયહિસ્સલામની સાથે હશે તેઓ પણ સૈયદુશ્શોહદાના ખૂનનો બદલો લેવામાં સામેલ ગણાશે.

આ જ કારણથી હઝરત બકીય્યતુલ્લાહ સલવાતુલ્લાહે અલયહે પોતાના પ્રથમ ઉદ્બોધનમાં ફરમાવશે.

“લોકોએ મારા બે વતન જદ્દને(દાદાને) મઝલૂમ કતલ કર્યા.”

ઝિયારતે આશૂરામાં જેમાં આપ પઢો છો આ અર્થ થાય છે કે “પરવરદિગાર રોઝી અતા કર કે અમે ઈમામે ઝમાન અલયહિસ્સલામના ખૂનનો બદલો લઇએ.”

આ બાબતમાં આપ અલયહિસ્સલામ તે લોકોને કતલ કરશે અને નેસ્તો નાબૂદ કરશે જેઓ યઝીદીઓ જેવી રીત-ભાત લક્ષણ ઈખ્તિયાર કરશે. જેઓ હકના રસ્તાના પથ્થર બન્યા હશે. હકની ફતેહમાં રૂકાવટ નાખતા હશે.

❁



**સવાલ : ૫૪**

**દજ્જાલ કોણ છે? અને તે હઝરત મેહદી અલયહિસ્સલામના વિરૂદ્ધ જંગ માટે કેમ ઊભો થશે?**

**જવાબ : ૫૪**

શબ્દકોષમાં દજ્જાલ તે વ્યક્તિ છે જે હકને છુપાવવામાં અને બાતિલને જાહેર કરવામાં ઘણો જ હોશીયાર અને ચાલાક હોય. જેથી કરીને આવી સિફતો, આવા ગુણોધરાવતો હોય વળી તે સમાજમાં હક છુપાવી બાતિલને જાહેર કરવા જેવો મોભો પણ ધરાવતો હોય. જે લોકોની દૃષ્ટિથી હકને છુપાવી શકે તેને દજ્જાલ કહીશું.

(અત્રે એક વાત નોંધવી જરૂરી લાગે છે કે શીઆ ઈસ્નાઅશરી બિરાદરી વિરૂદ્ધ જુઠું ઝેર ઓકીને ઓલમાએ સુન્નતમાંથી ઉચ્ચ દરજ્જાના ગણાતા આલિમોએ બાતિલને જાહેર કરવામાં અને હકને ઈન્સાનોથી પોતાના અનુયાયીઓથી છુપાવવામાં તમામ હદો વટાવી દીધી છે. આજે ચૌદસો વરસોથી જનાબે અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા અને આપની સંતાનો ઈમામ હસન અલયહિસ્સલામ અને ઈમામ હુસૈન અલયહિસ્સલામના દરજ્જાને છુપાવવામાં આ આલિમોએ પોતાની તમામ શક્તિ ખર્ચી નાખી છે. આવા દજ્જાલી કાર્યોમાં ઉચ્ચ દરજ્જાના કહેવાતા આલિમો ઘણાં જ પાવરધા હોય છે. સામાન્ય જનસાધારણનો કોઇ કુસૂર નથી. ઈસ્લામની ઉચ્ચ શખ્સીયતોને આવા આલિમો પોતાના

અનુયાયીઓ જેઓ બિચારા કચડાયેલો વર્ગ ગણાય છે તેમના સુધી જવા જ દેતા નથી. બાર ઈમામોના ઉચ્ચોચ્ચ ઈલ્મને, તેમની ઉચ્ચોચ્ચ વિલાયતોને આવા ચાલાક દજ્જાલી લોકો સામાન્ય ઈન્સાનો સુધી જવા જ દેતા નથી. ઈલ્મમાં એવરેસ્ટ, વિલાયતના શિખર એવા બાર ઈમામોની જગ્યાએ આ લોકો અન્ય લોકોને જેમના શજરા પણ બરાબર નથી એવા બેઈલ્મ, બેવિલાયત અને ભૌતિકવાદી લોકોને તેમના ચરિત્રોને આગળ ધરી દે છે. તેઓના જુઠ્ઠા વખાણો ફેલાવે છે. આજે ચૌદસો વર્ષોથી આ ક્રિયા લગાતાર ચાલુ છે. -અનુવાદક)

આખર ઝમાનામાં આવા દજ્જાલી સિફત ઈન્સાનો સમાજમાં વધારે પ્રમાણમાં જોવા મળશે. અહીં સુધી કે રિવાયતોમાં નોંધ છે કે આખર ઝમાનામાં ચાલીસ દજ્જાલો જાહેર થશે. જે દજ્જાલનો અર્થ ઉપર વર્ણવ્યો છે તેના અનુસંધાનમાં બધા જ સૂફી કુતુબો, દીનમાં બિદઅત લાવનારાઓ, અને એ બધા જ લોકો જેમણે હક મઝહબ છોડીને વહાબિયત જેવા નવા મઝહબ બનાવ્યા. જેઓ **محمدؐ علیؑ فاطمہؑ حسنؑ حسینؑ** નો રસ્તો છોડીને યઝીદના રસ્તે ચાલી નીકળ્યા. જેમણે દીનમાં નવી નવી વાતો પેદા કરી. આ બધા જ દજ્જાલ છે.

ટૂંકમાં દજ્જાલ તે છે જે હકના તરફદારોની સાથે જંગ કરે છે. અને ઈસ્લામનું નામ લઈને પોતાનો પ્રોગ્રામ તે બતાવે છે જે હકીકી ઈસ્લામથી ઊલટો છે.



હઝરત બકીય્યતુલ્લાહ અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફના ઝુહૂરનો મકસદ બધી જ બાતિલની અસરોને મીટાવવું છે. જે પણ આપના મુકાબલામાં ઊભો થશે અને ઈચ્છશે કે આપથી જંગ કરે, અને આપ અલયહિસ્સલામના નૂરને બુઝાવી દે. એવો વ્યક્તિ કામિલ (સંપૂર્ણ) દજ્જાલ છે. રિવાયતોમાં તેમને વિસ્તારથી વર્ણન થયું છે. અને આવા દજ્જાલોનું ઈમામ મેહદી અલયહિસ્સલામના મુકાબલા માટે ઊભા થવાનું વારંવાર વર્ણન થયું છે.

કોઈક રિવાયતોમાં તેનું નામ સાઈદ બિન સૈદ બતાવવામાં આવ્યું છે. તે અસફહાનની આજુબાજુનો રહેવાસી હશે.

તે લોકોને પોતાની તરફ બોલાવશે. વળી તે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની સામે જંગ કરવા માટે તૈયાર થશે. નાપાક લોકો તેની આસપાસ એકત્ર થઈ જશે. તેની તાબેદારી કરશે તે ખુદાઈનો દાવો પણ કરશે. પરંતુ દુનિયા દરેક નાપાક ને આવા દજ્જાલોથી પાક કરવામાં આવશે તેથી ખુદાવંદે તઆલા તેને જુમ્આના દિવસે મુલકે શામ(સીરિયા)માં હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામના હાથો વડે કતલ કરાવશે. આ રીતે અલ્લાહ તઆલા વિશ્વને આવી તથા આવા પ્રકારની તમામ ગંદકીઓથી પાક કરી દેશે.

**સવાલ : ૫૫**

**શું સુફિયાની, તે જ આ દજ્જાલ છે જેનું વર્ણન પ્રશ્ન નં. ૫૪ માં થયું છે?**

**જવાબ : ૫૫**

અહાદીસમાં વર્ણન છે કે સુફિયાની એ દજ્જાલથી અલગ વ્યક્તિ છે. સુફિયાની હઝરત મેહદી અલયહિસ્સલામના ઝુહૂરથી અગાઉ લોકોમાં જાહેર થશે. તે બની ઉમય્યામાંથી (મઆવિયા-યઝીદની ઓલાદમાંથી) હશે. અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામના શીઆઓનો વિરોધી હશે. (શીઆ એટલે ચાહકો, દોસ્ત, મહબ્બત રાખનારા જે હઝરત અલી અલયહિસ્સલામથી મહબ્બત રાખે છે તેઓને શીઆ કહેવાય છે.) સુફિયાનીનું આવવું ઝુહૂરે હઝરત ઈમામ મેહદી અલયહિસ્સલામની એક દઢ દલીલ છે, મજબૂત દલીલ છે. સુફિયાની કૂફા ઉપર હુકુમત કરશે. હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના હાથો વડે કૂફાના નજીક રમલામાં કેદ થઈને આવશે અને તેની કતલ કરવામાં આવશે.



**સવાલ : ૫૬**

**આપે પોતાની કિતાબ ''પરવાઝે રૂહ''માં લખ્યું છે કે જ્યારે અભ્રરના કબ્રસ્તાનમાં હાજ મુલ્લા આકાજાનની સાથે શૈખ રઝાની કબર ઉપર આપ ગયા હતા ત્યારે શૈખ રઝાની રૂહે હાજ મુલ્લા આકાજાનથી કહ્યું હતું કે આપ કેવા ખુશકિસ્મત છો કે આપમાંથી કેટલાક ઝુહૂરના સમય સુધી જીવતા છો.**

**શું શૈખ રઝાને ઈલ્મે ગયબ હતો? શું તેમને ઝુહૂરના ઝમાનાની ખબર છે? જેથી તેમણે આવી વાત કરી?**

**જવાબ : ૫૬**

ચોક્કસ આ વાત હતી જે મરહૂમ હાજ મુલ્લા આકાજાને શૈખ રઝાથી નકલ કરી. અમે પણ તે બે પરિસ્થિતિઓ સિવાય આ વાત ઉપર વિચાર નથી કર્યો.

જો આ બંને વાતોને અહીં વિસ્તારથી સમજાવવામાં આવે તો શેખ રઝાની વાત અને અમારૂં બેધ્યાનપણું બંને ઉપર વાતચીત થઈ જશે. આ બંને વાતો એક બીજી સાથે ટકરાતી નથી.

**પ્રથમ વાત**

આ કિતાબના સવાલ નંબર ૨૯ અને ૩૦ ના જવાબમાં અમે કહ્યું હતું કે ભવિષ્યનું ઈલ્મ જેને અમે ગયબના ઈલ્મમાં સર્વોપરી કહીએ છીએ અલ્લાહના સિવાય કોઈને નથી. પરંતુ સંભાવના-શક્યતા છે કે વાદળોની હેરાફેરીનો હિસાબ લગાવીને કે ગ્રહ ઉપગ્રહના હિસાબથી સમાચારો મેળવીને હવામાનની આગાહી કરવામાં આવે છે. ભવિષ્યમાં બનનારી

કંઇ ન કંઇ વાતોને આપણે જાણી લઇએ છીએ. વળી આવતી કાલે થનારી સવારથી પણ આપણે ખબરદાર છીએ કે આવતી કાલે સૂરજ ઊગવાનો છે. ભવિષ્યની કંઇ ન કંઇ વાતોનો આપણે આ રીતે અંદાજો લગાવી શકીએ છીએ. ઉપરોક્ત બાબતો માટે પણ જો આપણે એમ કહીએ કે આપણે ભવિષ્યથી સોએ સો ટકા વાકેફ છીએ તો આપણે ખુદાના હાથોને બાંધેલા માની લીધા. જેથી આ આયત શરીફના ઈન્કારી બની ગયા.

يَمْحُوْ اللّٰهُ مَا يَشَاءُ

“અલ્લાહ જે ચાહે તે મીટાવી શકે છે.”

તમે અલ્લાહના હાથોને બાંધેલા જોશો નહિ. અલ્લાહના હાથ બંધાયેલા નથીનો મતલબ આ છે કે “આવતી કાલે સવાર થવાની છે.” પરંતુ અલ્લાહ કાદિરે મુતલક છે. તે ચાહે તો ન પણ થાય. કોઇ આવી બની વાતોને જાણીને એમ કહે કે હું સોએ સો ટકા ભવિષ્યની આગાહી કરી શકું છું તો પછી તે ખુદા અને તેની કુદરતનો મુન્કિર છે, ઈન્કાર કરનારો છે, કાફિર છે. અથવા એમ સમજતો હોય કે ખુદાના હાથ ખુલ્લા છે. જે ઇચ્છે છે કરે છે. જે ફેરફાર ઇચ્છે છે લઇ આવે છે. પરંતુ આપણે તેને ઇલ્મ ન કહીશું.

જો કોઇ ભવિષ્યની ખબર આપે અને કહેવાવાળો અને સાંભળનારા બંને મુસલમાનો છે. તેઓ ખુદા અને તેના કુદરત ઉપર ઇમાન રાખે છે. તો તેઓને તેનો અર્થ ખબર છે એટલે કે જો ખુદા ઇચ્છશે તો કુદરતી સિદ્ધાંતોના આધારે આ કાર્ય થશે. બની શકે છે કે શૈખ રઝાએ આ વાત ધ્યાનમાં



રાખીને જો ફેરફાર ન થાય. જો ખુદા ઇચ્છે આ રીતે પોતાની વાત કહી હોય.

**બીજી વાત**

શક વગરની વાત છે કે ખુદાના સિવાય કોઇને ઝુહૂરના સમયની ખબર નથી, પરંતુ નિશાનીઓના આધારે જે રિવાયતોના દ્વારા ઝુહૂરની નિશાનીઓ કિતાબોમાં નોંધાયેલી છે. વળી ઝુહૂરના તત્ત્વજ્ઞાનને, ફિલોસોફીને દૃષ્ટિમાં રાખીને જે રીતે કે તે કિતાબમાં નોંધવામાં આવ્યું છે ઝુહૂરની શક્યતાઓનું વર્ણન કરી શકાય છે. શક્ય છે કે શૈખ રઝાએ આ જ બધી વાતોને દૃષ્ટિસમક્ષ રાખીને મર્હૂમ હાજ મુલ્લા આકાજાનથી આ વાત કહી હોય.

❃

**સવાલ : ૫૭**

**ઈમામે ઝમાના અલયહિસ્સલામનો “ઝુહૂર” કેવી રીતનો હશે? શું આપ અલયહિસ્સલામના “હુઝૂર”થી તફાવત છે? યા નથી?**

**જવાબ : ૫૭**

“ઝુહૂર” થી મતલબ ગયબના પછી આપ અલયહિસ્સલામનું જાહેર થવું છે. પરંતુ “હુઝૂર”ના માટે (પ્રત્યક્ષના માટે) જરૂરી નથી કે ગયબત પણ થઇ હોય. જેથી કરીને હઝરત બકીય્યતુલ્લાહ સિવાય અઈમ્મએ તાહેરીનમાંથી કોઇના માટે પણ “ઝુહૂર” નથી. પરંતુ બધા જ જ્યાં સુધી જીવતા રહ્યા શરીર અને રૂહ સાથે “હુઝૂર” (પ્રત્યક્ષતા) રાખતા હતા.

અહીં "ઝુહૂર" થી મતલબ પૃથ્વીતટના લોકોની સમક્ષ આપ અલયહિસ્સલામનો "ઝુહૂર" છે, દેખાવું છે. પરંતુ કોઇ વ્યક્તિ આપ અલયહિસ્સલામની ખિદમતની ઇઝ્ઝત પામી શકે તો તે વ્યક્તિ એમ નથી કહી શકતો કે આપ અલયહિસ્સલામે "હુઝૂર" ફરમાવ્યો છે. કેટલીક રિવાયતોમાં "ઝુહૂર" થી વાહિદ આલમી હુકુમત અને હકની હુકુમતનું (સત્યનું જાહેર થવું) જાહેર થવું માનવામાં આવ્યું છે. અને કેટલીક જગ્યાએ એનાથી મતલબ ગયબત પછી આપ અલયહિસ્સલામના પવિત્ર અસ્તિત્વનું જાહેર થવું છે.

❃

**સવાલ : ૫૮**

**આ બાબતને ધ્યાનમાં રાખતાં "ઝુહૂર" ના માટે વખત નક્કી ન કરવો જોઇએ. કેટલાક લોકોએ "ઇલ્મે હુરૂફ"ના દ્વારા  અથવા બધી જ રિવાયતો ઉપર દૃષ્ટિપાત કરીને "ઝુહૂર" ના વખતનો અંદાઝો લગાવ્યો છે. શું તે બરાબર છે?**

**જવાબ : ૫૮**

આ બધી શક્યતાઓ દૃષ્ટિ સમક્ષ રાખીને જે લોકોએ "ઝુહૂર" ના વખતનો ઉપરોક્ત તરીકાઓથી અંદાઝો લગાવ્યો છે. વખત નક્કી કર્યો છે તેમનો મકસદ સાચા સમયની તરફ ઇશારો નથી. બલકે તેનો ફક્ત અંદાઝો લગાવ્યો છે. છતાંપણ અમે તેમની આ બધી કોશિશોની ટીકા કરીએ છીએ. અમે તેઓને ઠપકાપાત્ર ગણીએ છીએ. તેઓના આ અમલને શરીઅતના વિરૂદ્ધ માનીએ છીએ. અને ખાનદાને



ઇસમત અલયહેમુસ્સલામના વિરૂદ્ધ માનીએ છીએ.

કારણ કે જે વસ્તુને અઇમ્મએ તાહેરીનની અનેક હદીસોએ અને અનેક રિવાયતોએ મના કર્યું છે. તેનો અંદાઝો લગાવવાની કેટલાક લોકોને કેવી રીતે છૂટ આપવામાં આવે?

પ્રથમ વાત તો આ છે કે આવા અંદાઝ લગાવવાના અમલથી કોઇ ફાયદો થવાનો નથી. વળી સાથે સાથે આવો સમય નક્કી કરવો નુકસાનકારક પણ છે.

**દૃષ્ટાંતરૂપે**

જ્યારે ઝુહૂરના ઝમાનાનો સમય નક્કી થઇ જાય વળી કેટલાક લોકો નાસમજમાં અથવા આપ અલયહિસ્સલામથી અનહદ મહબ્બતના કારણે તે વાયદાના ઇન્તિઝારમાં હોય. અને તે પૂરો ન થાય ત્યારે તેઓનું યકીન ડામાડોલ થઇ જશે. ડુલમુલ યકીન થઇ જશે. તેવી પરિસ્થિતિમાં આવા દીલ તૂટેલા લોકો શક્ય છે કે કંઇ અઇમ્મએ માસૂમીન સલવાતુલ્લાહે અલયહિમની બીજી બધી જ વાતો, બધી જ ભવિષ્યવાણીઓથી પણ ઇન્કાર ન કરી બેસે. માટે આ જ વાત બરાબર છે કે તમામ ભવિષ્યવાણીઓ હોવા છતાં ઝુહૂરનો સમય નક્કી નથી. બસ અલ્લાહના હાથમાં છે જેથી પોતાના ઇમામથી અતિશય મહબ્બત કરનારાઓના ઇમાનમાં કોઇ કમજોરી ન પેદા થાય.

મને બરાબર યાદ છે. આજથી વીસ વરસ અગાઉ (૧૯૭૯માં ઇરાનમાં આવેલા ઇસ્લામી ઇન્કેલાબ અગાઉની વાત છે.) જ્યારે આટલા વિશાળ પાયા ઉપર તબ્લીગી કાર્યો થતાં ન હતાં. જુહ્લાઓ, લફંગાઓ, પીરમુલ્લાઓ લોકો

પાસેથી નાણાં પડાવવા, પોતાની પેટ ભરવા જાતજાતના નુસખા અજમાવતા હતા. અત્યારે તો લગભગ બધા ઉપર બ્રેક છે. છાનુંમાનું-ચૂપકીદીથી કંઇ થતું હોય. ત્યારે મેં તેહરાનમાં એક વેપારીને બહાઇ મઝહબ તરફ ઢળતો જોયો. મેં તેને પૂછ્યુંઃ તારામાં આવું ગલત પરિવર્તન કેમ આવ્યું? કારણ શું છે? તેણે મને આ ઘટના સંભળાવી.

કેટલાક વર્ષો પહેલાં હું એક વલીયુલ્લાહનો મુરીદ હતો. તેના વિષયમાં મને યકીન હતું કે રૂહાનિયતમાં તેના જેટલા સ્થાને કોઇ પહોંચ્યું નથી. એક દિવસ પીર બધાને કહેવા લાગ્યા. આ વરસે જમાદીઉલ આખરના છેલ્લા દસ દિવસમાં ઈમામે ઝમાના અલયહિસ્સલામ જાહેર થશે.

અત્યારે મને તેણે જણાવેલી બધી વિસ્તારપૂર્વકની તફસીલ તો ભૂલાઇ ગઇ છે. પરંતુ એટલી વાત યાદ છે કે તે પીરે ઇલ્મે હુરૂફ અને રિવાયતોથી અંદાઝો લગાવીને વળી સ્વપ્નોનો પણ આધાર મેળવીને ઝુહૂર માટેનો આ સમય બતાવ્યો હતો. કહ્યું હતું કે બસ નક્કી છે કે આ દસ દિવસોમાં આપ અલયહિસ્સલામ જાહેર થશે. અમે તેમની વાતનું યકીન કરી લીધું.

અમે અમારા કામકાજથી હાથ ખેંચી લીધો. અમારી સાથે તેના બીજા મુરીદોએ પણ પોતાના કાર્યો બંધ કરી દીધાં, જેથી આપ અલયહિસ્સલામના ઝુહૂરના માટે પોતાની જાતને તૈયાર કરે. પરંતુ તે દસ દિવસો પસાર થઇ ગયા અને કંઇ પણ બન્યું નહિ. મને અસામાન્ય બેચેની અને અજંપો થયો. દિમાગી ઉલઝનોમાં ગિરફતાર થઇ ગયો. મને હવે દરેક



બાબતમાં શંકા થવા લાગી. હું મારી જાતને કહેવા લાગ્યો શું ઠેકાણું બાકીની વાતો પણ આવી જ હોય. છેવટે મારો અકીદો ડુલમુલ થઇ ગયો અને બહાઇ મઝહબ તરફ આવી ગયો. જેમાં કોઇ કેદ જેવું જ નથી.

રિવાયતોમાં પણ આ જ કહે છે કે કોઇપણ વ્યક્તિ ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહૂરનો ચોક્કસ સમય જાણતો નથી. જો કોઇ ઝુહૂરના સમયને નક્કી કરે છે તો તે કઝ્ઝાબ છે, જુઠ્ઠો છે. તેણે આ બધી વાતો મને વર્ણવી ખૂબ જ વિસ્તારથી વાતો કરીને મેં તેને સમજાવ્યો, કે પેલા પીરે સમયને નક્કી કરીને ઘણી જ ગલત હરકત કરી છે.

માટે આ વાત યાદ રાખો કે ઈસ્લામના પેશઅવાઓની ભવિષ્યવાણીઓમાં કોઇપણ જાતની ખામી નથી.

❁

**સવાલ : ૫૯**

**હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના ઝુહૂરના ઝમાનાને નક્કી કેમ ન કરવામાં આવ્યો? અથવા કમ અઝ કમ કેટલાક ખાસ માણસોને પણ કેમ ન બતાવવામાં આવ્યો?**

**જવાબ : ૫૯**

જેમકે અગાઉ જણાવવામાં આવ્યું હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનો ઝુહૂર દુનિયાના લોકોમાં તેમના માટે જમીન હમવાર હોવા ઉપર આધારિત છે. યોગ્ય માહોલ, યોગ્ય, વાતાવરણ પેદા થવા ઉપર આપનો ઝુહૂર થશે. લોકોનું તૈયાર થવું તેમના કિરદાર અને આમાલ અને તેમની વિચારવાની શૈલી રીતભાત પર આધારિત છે. જે સ્વયં

લોકોના ઈખ્તિયારની વાત છે.

જેથી આ દૃષ્ટિબિંદુથી જોતાં આપ અલયહિસ્સલામના ઝુહૂરના માટે કોઈ ખાસ સમય નથી કે પ્રથમથી તેને નક્કી કરવામાં આવે.

આ સિવાય જો ઝુહૂરનો ચોક્કસ સમય માલૂમ પડી જાય તો મુસલમાનોમાં ઈન્તિઝારની સ્થિતિ રહેશે નહિ. જેથી જનાબ ઈમામે ઝમાના અલયહિસ્સલામથી મહબ્બતમાં કમી આવી જશે. લોકો ઝુહૂરના જલ્દી થવાની દુઆ કરશે નહિ. વળી પોતાની જાતને ઝુહૂરના માટે તૈયાર કરવાની મેહનત પણ કરશે નહિ. અહીં સુધી કે જમીન હમવાર કરવા માટેના જે કાર્યો કરવાં જોઈએ, તે પણ રોકાઈ જશે.

શક્ય છે કે અસલ મસઅલો ઝહનોમાંથી ભૂંસાઈ જાય, દિમાગથી ભૂલાઈ જાય. વળી કોઈક એવી વ્યક્તિઓ પણ પેદા થાય જેઓ આપ અલયહિસ્સલામના ઝુહૂરના નક્કી દિવસથી અગાઉ ઈમામે ઝમાના અલયહિસ્સલામનું નામ પણ શાયદ ન લે. કહે કે હવે આ તો નક્કી જ છે ને.

હવે તમારો બીજો પ્રશ્ન કે ખાસ લોકોને તો કમસે કમ આ દિવસની જાણ કરવામાં આવત. તેઓને કેમ ન કહેવામાં આવ્યું. તો આ બાબતમાં કહી શકાય કે ખાસ લોકોએ પણ બીજાઓની જેમ જ ઝુહૂરનો ઈન્તિઝાર કરવો જોઈએ.

જેમકે ઉપર કહેવામાં આવ્યું : દુનિયામાં ઝમીનના હમવાર હોવા ઉપર ઝુહૂરનો દારોમદાર છે. દુનિયામાં એવી પરિસ્થિતિ પેદા થવી જોઈએ.



فَانْتَظِرُوْٓا اِنِّیْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِیْنَ

ઈન્તિઝાર કરો (રાહ જુઓ) હું પણ તમારી સાથે ઈન્તિઝાર કરવાવાળાઓમાંથી છું. *(સૂ. આરાફ આ-૭૧)*

ઉપરોક્ત આયતની તફસીરમાં કેટલાક મુફસ્સિરોએ લખ્યું છે કે બધાએ જ સમગ્ર વિશ્વમાં "હુકુમતે ઈસ્લામી"ના સ્થાપિત કરવા માટેની યોગ્ય પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે માટેના કાર્યમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ અને હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના ઝુહૂરનો ઈન્તિઝાર કરવો જોઈએ. ખુદા પણ તેઓની સાથે આ ઝમીનના હમવાર થવાને જે ઈન્સાનોની દરમ્યાન અસ્તિત્ત્વમાં આવશે મુન્તઝિર છે.

આ પરિસ્થિતિમાં ખાસ લોકો માટે પણ સમયને નક્કી કરવું કોઈ અર્થમાં નથી. બધાએ જ ઝુહૂરના માટે મુન્તઝિર રહેવું જોઈએ.

અહીં આ વાત ચર્ચામાં બાકી ન રહી જાય કે ખુદા આલિમુલ ગયબ છે. તે તો જાણે છે કે કયા ઝમાનામાં ઝમીન હમવાર થશે. તેનો ઈન્તિઝાર એટલા માટે નથી કે તે ઝુહૂરના વખતથી વાકેફ નથી. બલકે અલ્લાહનો ઈન્તિઝાર આ અર્થમાં છે કે ખુદા ઈન્સાનોથી ઈન્તિઝાર કરી રહ્યો છે કે ઈન્સાનો ઝુહૂરના માટે જમીન હમવાર કરે. જેથી બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુનો મુબારક ઝુહૂર થાય.

**સવાલ : ૬૦**

**ઈમામે ઝમાના અને ઈમામે અસ્રના અર્થ તો સ્પષ્ટ છે. મહેરબાની ફરમાવીને ઈમામે ઝમાના અલયહિસ્સલામનો લકબ ''બકીય્યતુલ્લાહ''નો અર્થ સ્પષ્ટ કરો.**

**જવાબ : ૬૦**

પરવરદિગારે આલમે પાછલા ઝમાનામાં અંબિયા અને અવલિયાના ઝરિયાથી કેટલુંક ઈલ્મ અને જાણકારી-માહિતી સાથે પોતાના અહકામો પણ ઈન્સાનોના હવાલે કર્યા હતા.

પરંતુ તેનું બાકીનું ઈલ્મ-જાણકારી-માહિતી જે કદાચ એંસી ટકા જેટલું પણ હોય હઝરત ઈમામે ઝમાના અલયહિસ્સલામના ઝરીયે (જેમકે રિવાયતોમાં આ વાત આવે છે.) ફેલાવવામાં આવશે. તેથી જ આપ અલયહિસ્સલામને ''બકીય્યતુલ્લાહ'' કહે છે. તો આ સ્પષ્ટીકરણ અનુસાર આનો અર્થ આ થયો કે આપ બાકીના ઉલૂમ-જાણકારી- માહિતી અને અહકામે ઈલાહીના માલિક છે, જાણકાર છે.

❋

**સવાલ : ૬૧**

**કેટલીક રિવાયતોમાં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહો ફિદાહૂના અસહાબના નામો પણ આવ્યાં છે. શું આ નામો સાચાં છે?**

**જવાબ : ૬૧**

આ રિવાયતોમાંથી ઘણીબધી રિવાયતો ઝઈફ છે. બિન-વિશ્વાસપાત્ર છે. કારણ કે તેમાં વિરોધાભાસ છે. શક્ય છે કે તેમનામાંથી કોઈક સાચી રિવાયત પણ હોય કારણ કે



તે રિવાયતોની નકલ કરવામાં મેં પોતે જ ખરાબીઓ જોઈ છે. તેથી હું તેને અહીં લખીશ નહિં. વળી તેનું સ્પષ્ટીકરણ કરવાથી પણ હું પરહેઝ ઈચ્છું છું. સામાન્ય જનસાધારણને આ ખરાખોટાની લમણાઝીંકમાં ઊતારવાની જરૂરત મને દેખાતી નથી.

કુમના પવિત્ર શહેરમાં મારી એક એવા માણસની સાથે મુલાકાત થઈ જે બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વને અસાધારણ-ઘણી જ મહબ્બત કરતો હતો. આપ અલયહિસ્સલામથી તેને ઘણો જ ઈશ્ક હતો. ઘણી રાતો તો તે માણસ મસ્જિદે જમકરાનમાં જ વિતાવતો હતો. તેને એક અજીબ અંદાઝથી આપનો ઈન્તિઝાર હતો.

પછી તો ઘણાં મહિના સુધી મને તે દેખાયો જ નહિ. એક દિવસ હું ખિયાબાને ઈરમ (રોડનું નામ છે.) પર જઈ રહ્યો હતો, કે તેણે મને અવાજ આપી. પછી નજીક આવીને કહેવા લાગ્યો. આપને ખબર છે કે મને શું થયું છે?

મેં પૂછ્યું કઈ બાબતમાં વાત કરો છો? કહેવા લાગ્યો એક રિવાયતે મારી મહબ્બતના ટૂકડે ટુકડા કરી નાખ્યા. મેં તે રિવાયતથી અંદાઝો લગાવ્યો કે હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના અસહાબની યાદી પ્રથમ દિવસથી નક્કી થઈ ગઈ છે, અને હું તેમનામાંથી નથી.

મેં પૂછ્યું કઈ રિવાયત?

કહેવા લાગ્યા કે તે જ રિવાયત જેમાં હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામના અસહાબના નામો જણાવવામાં આવ્યાં છે. તેમાં કુમ શહેરનું વર્ણન પણ છે.

ત્યાંનો ફક્ત એક જ વ્યક્તિ જેનું નામ યાકૂબ હશે ઈમામે ઝમાનાના અસહાબમાંથી હશે. હું પણ કુમનો રહેવાસી છું અને મારૂં નામ હસન છે. તેથી ઈમામે ઝમાનાના અસહાબમાંથી તો હું હોઈ જ નથી શકતો.

કહેવા લાગ્યો કે સારૂં તો ત્યારે કહેવાય કે મહેરબાની અને હુસ્ને સુલૂક બંને તરફથી હોય. મેં કહ્યું કે જે રિવાયતનું તમે વર્ણન કરી રહ્યા છો હદીસે “ખુતબતુલ બયાન”થી નકલ થઈ છે. પ્રથમ વાત તો આ સંપૂર્ણ ખુતબાની સનદ ઝઈફ છે. રાવીઓ વિશ્વાસપાત્ર નથી. વળી જુદી જુદી જગ્યાએ નકલ થયેલી આ રિવાયતમાં ઘણોબધો વિરોધાભાસ જોવા મળે છે. જુદા જુદા નુસખાઓની નકલોમાં પણ વિરોધાભાસ જોવા મળે છે. કિતાબના વિષયમાં પણ વિરોધાભાસ જોવા મળે છે. જેથી આ ખુતબો કોઈપણ રીતે સ્વીકારવાને લાયક નથી. મતલબ વિશ્વાસપાત્ર નથી.

તમારે સહેજપણ માયૂસ ન થવું જોઈએ. જો આ જ અંદાઝથી તમારી મહબ્બત અને લગન ચાલુ રહી તો બની શકે છે તમે પણ હઝરત બકીય્યતુલ્લાહ અલયહિસ્સલામના અસહાબમાંથી બની શકો.

વળી આ બાબતનો પણ વિશ્વાસ રાખો કે જો આ રિવાયતમાં તે નામ સાચું પણ હોય, તો તે નામ આ બાબતમાં કદી રૂકાવટ બનશે નહિ, કે તમે આપ અલયહિસ્સલામના અસહાબમાંથી એક છો. કારણ કે ખુદાવંદે તઆલા કદીપણ કોઈના અમલને વ્યર્થ-નકામો કરતો નથી. દરેક અમલનો તેને ત્યાં સારો બદલો મળે છે.

❁



**સવાલ : ૬૨**

**મશહૂર છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ ઝુહૂર ફરમાવશે તો નવા દીનની તરફ દઅવત આપશે. શું આ નવો દીન ઈસ્લામના મુકદ્દસ દીનથી અલગ હશે?**

**જવાબ : ૬૨**

ના હરગિઝ નહિ. આપ દીને ઈસ્લામની જ દઅ્વત આપશે. આ જ મુકદ્દસ દીનને નવેસરથી સજીવન કરશે. રિવાયતોમાં “દીને જદીદ” (નવો દીન) શબ્દ નથી થયો. આ શબ્દપ્રયોગ તે દુશ્મનો તરફથી લોકોમાં પ્રચલિત કરી દેવામાં આવ્યો છે. જેઓ મઝહબે એહલેબયતના વિરૂદ્ધ ગલતફહમીઓ ફેલાવવા ઈચ્છે છે.

રિવાયતોમાં બીજા શબ્દપ્રયોગ આવ્યા છે. દૃષ્ટાંતરૂપે “અમ્રે જદીદ” અમ્ર એટલે હુકમે જદીદનો અર્થ થાય છે. આધુનિક, અર્વાચીન, અદ્યતન. “સુન્નતે જદીદ”, “કઝાવતે જદીદ”, “સલ્તનતે જદીદ”, “દઅ્વતે જદીદ” વળી આ પારિભાષિક શબ્દોના અર્થ સ્પષ્ટ છે.

એટલે કે જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ જાહેર થશે અને કુરઆનના હકાએક(સત્યોથી) પરદો ઊઠાવશે. ખુદાએ જેવું કહ્યું છે તેવા જ કુરઆનના અહકામ અને માહિતીની તફસીર કરશે. તે કુદરતી બાબત છે કે અત્યારથી કંઈક નવી તફસીર આપણને લાગશે. જે કંઈ સદીઓથી ફોકહા અને ઓલમાએ પોતપોતાના ઈલ્મ પ્રમાણે પોતપોતાના અંદાઝથી શોધીને, સંકલન કરીને વીણી-ચુંટીને,

પરિણામ મેળવીને લોકો સુધી પહોંચાડ્યું છે. લોકોમાં જાણકારી અને અહકામ ઈસ્લામના નામથી ફેલાવ્યાં છે. જેમ અત્યારે આપણે જોઈએ છીએ કે દરેક તફસીરનો રંગ જુદો જુદો છે. દરેક તફસીરની મજા-લઝ્ઝત જુદી જુદી છે. દરેક તફસીરકારની સમજુતિ કંઈક થોડા વળાંક સાથે જુદી પડે છે. તો પછી આ તો ઈમામે ઝમાના અલયહિસ્સલામની તફસીર, તેમની સમજુતી કંઈક નવા લુત્ફ સાથે આપણી સમક્ષ આવતાં આપણને નવી લાગશે. તેનાથી કંઈ દીન થોડો નવો બની જશે? વળી લોકો તેને નવા સ્વરૂપમાં નવું કહીને પોકારશે. તે સિવાય હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ તે ઈલ્મ અને જાણકારીનો બાકી ભાગ જે અંબિયા અલયહેમુસ્સલામની તરફથી પેશ નથી થયો. વળી કુરઆનની તે તફસીર જેની પહેલાંના લોકો ક્ષમતા, પાત્રતા અને કાબેલીયત પણ રાખતા ન હતા. તે માહોલ પ્રમાણે હતી ત્યારે જો કે અઈમ્મએ અતહાર તેની સ્પષ્ટતા કરી શકતા હતા. તે તફસીર પણ આપ અલયહિસ્સલામ લોકોમાં ફેલાવી દેશે.

સ્પષ્ટ છે કે આપ અલયહિસ્સલામ નવા ઝમાના પ્રમાણેના નવા મુદ્દાઓ નવા મતલબો લાવ્યા હશે. જે જુદા જુદા તરીકાઓથી રજૂ થશે. જેવી રીતે સુન્નત અને અહકામ, વ્યવસ્થા અને ન્યાયતંત્ર, હુકુમત અને સિયાસત, તબ્લીગ, દઅ્વતે ઈસ્લામી.

ઈમામ મેહદી અલયહિસ્સલામ નવા નવા મુદ્દાઓ જે ઈન્સાનોની સામે નવા ઝમાનાને અનુરૂપ રજૂ કરશે તેનો



મતલબ આ નથી કે તે પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ ઉપર વહી થયા નહીં હોય. અથવા કુરઆનમાં તે વાતો ન હશે. અને હવે જાણે વલીએ અસ્ર અરવાહોના ફિદાહુ ઉપર વહી થયું છે અને આપ જ ફક્ત એક છે જે આનાથી વાકેફ છે, અને લાવ્યા છે. એવું હરગિઝ નથી.

આ વાત તો નક્કી થઈ ચૂકેલી છે કે બધી જ જાણકારી, ઉલૂમ, અહકામ અને હકાએક પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ ઉપર વહી થઈ ચૂકયાં છે. અને આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની પવિત્ર હસ્તી દ્વારા બધી જ વાતો કુરઆન અને સુન્નતમાં સંગ્રહાએલી છે. ઈલ્મ તો બધું જ કુરઆનમાં ઊતરી ચૂકયું છે. દીને ઈસ્લામ તો પરિપૂર્ણ થઈ ચૂકેલો છે.

પરંતુ ઈન્સાની ઝહનો-દિમાગો આ બધા ઉલૂમ, જ્ઞાન બોધ, શાણપણ, વ્યવહારિક, ડહાપણ વગેરેને ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામ સુધી સહન કરવા જેટલાં પાકટ ન હતાં. તેથી પેગંબરે ઈસ્લામે અને અઈમ્મએ અતહારે તેના અર્થો, ઉદ્દેશો અને હેતુઓ તેઓને કહ્યા ન હતા. પરંતુ જ્યારે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ જાહેર થશે ત્યારે તેના હકાએક, અર્થો, ઉદ્દેશો, હેતુઓ લોકોને બયાન ફરમાવશે. આ પ્રકારે એમ કહેવું સહી ગણાશે કે તેઓ જદીદ (નવી) કિતાબ અને હકાએકની સાથે આવશે.

**સવાલ : ૬૩**

**ઝુહૂરના ઝમાનામાં ત્યારે શું આ જુદી જુદી પાર્ટીઓ અને જુદાં જુદાં ટોળાં અથવા વ્યક્તિગત અને સામૂહિક વિરોધાભાસો પણ ચાલુ રહેશે? જ્યારે દુનિયા અદ્લ અને ઈન્સાફથી ભરાઈ જશે.**

**જવાબ : ૬૩**

જો આપણે ઈસ્લામના શિક્ષણ-પ્રશિક્ષણની સમજ કેળવી લઈએ. એના બોધ અને ડહાપણને, એની સમજ અને શાણપણને સ્વીકારી લઈએ, તો પછી ઘણાં-બધા પ્રશ્નો આપમેળે જ ઉકલી જશે. જો હકીકી ઈસ્લામ લોકોમાં ચાલુ થઈ જાય, અમલમાં આવી જાય, તો બધા જ વિરોધાભાસો આપમેળે જ મીટી જશે. પરિણામ આ આવશે કે અદ્લ-ઈન્સાફની જરૂરત બાકી રહેશે નહિ. આ રીતે સમજીએ તો ઉપરોક્ત પ્રશ્નોનો ઉત્તર સ્પષ્ટ થઈ જાય છે.

રિવાયતોમાં જે આપણે પઢીએ છીએ કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ દુનિયાને અદ્લો ઈનસાફથી ભરી દેશે. ત્યારે આ વાત આપણી દૃષ્ટિ સમક્ષ હોવી જોઈએ કે આ વસ્તુ ત્યારે બનશે કે તેનાથી અગાઉ દુન્યા અત્યાચારથી ભરેલી હશે. પરંતુ જ્યારે સોએ સો ટકા સમાજમાં ઈસ્લામની હુકુમત હશે. સાથે હુકુમતે ઈસ્લામી મજબુત પણ થઈ ચૂકી હશે તો પછી અદ્લો-ઈન્સાફની જરૂરત જ બાકી રહેશે નહિ.

અદ્લો ઈન્સાફની જરૂરત ત્યારે બાકી રહે છે જ્યારે ઝુલ્મો-અત્યાચારનો માહોલ મોજૂદ હોય પરંતુ જ્યારે બધા



જ લોકો મુસલમાન હોય વળી તેઓ ઈસ્લામના બધા જ કાયદા કાનૂન ઉપર અમલ કરતા હોય, વાજિબાત, મુસ્તહબ્બાત પર અમલ થતો હોય, હરામ અને મકરૂહાત (નાપસંદને) છોડી દેતા હોય, સચ્ચાઈ અને ઈમાનદારીના મૂળિયાં મજબૂત થઈ ગયાં હોય, એહસાન, ભાઈચારો, હમદર્દી જે ઈસ્લામી ભાઈચારા માટે જરૂરી છે, તેઓમાં સોએ સો ટકા પેદા થઈ જાય.

દૃષ્ટાંતરૂપે કોઈ વ્યક્તિને જિંદગીમાં કોઈ જરૂરિયાત ઊભી થાય, અથવા તે કોઈ પરેશાનીમાં ફસાએલો હોય ત્યારે બધા જ મળીને તેની મદદ કરે અને તેને પરેશાનીથી છૂટકારો અપાવે. ટુંકમાં આ કે જો બધા જ ઈસ્લામી ભાઈચારા ઉપર અમલ કરે, આમ સમજે કે બધા જ ખુદાના બંદા છે. જે કંઈ પૃથ્વીતટ ઉપર છે તે બધું જ અલ્લાહનું છે. અલ્લાહે પોતાના બંદાઓ માટે જ આ સાધન સામગ્રી આપણને આપી છે અને તેમના દરમ્યાન કોઈ તફાવત નથી રાખ્યો.

જો કોઈને પોતાની મેહનતથી વધારે દવલત હાથ આવી જાય તો તેનો અંતરઆત્મા અને ઈન્સાન દોસ્તીની ભાવના, ઈન્સાની હમદર્દીની ઈચ્છા તેને ઈજાઝત નથી આપતી કે તે જરૂરતથી વધારે પોતાની પાસે રાખે. જેથી તે બાકીની દવલત રાહે ખુદામાં પોતાના બીજા દીની ભાઈઓ સુધી પહોંચાડી દેશે.

ચોક્કસ આ સચ્ચાઈ, અને ઈમાનદારી, લિલ્લાહિયત અને ઈન્સાન દોસ્તી અદાલત, કમિશ્નરી, ગવર્નરી, ફોજ, પોલિસ, અમન ફોજ, ન્યાયાલયો, રાજકીય પાર્ટીઓ અને બીજી જમાતોના અસ્તિત્ત્વથી સમાજને બેફિક્ર-નિશ્ચિંત કરી દેશે.

ઝુહૂર પછી લોકોમાં ઈસ્લામી ભાઈચારો પેદા થઈ જશે. જેથી ટોળાંશાહી-પક્ષાપક્ષી અને વિરોધાભાસનું અસ્તિત્ત્વ જ નહીં રહે. પછી રાજકીય પાર્ટીઓની અને બીજી જમાઅતોથી જરૂરત જ પડશે નહિ. બેહૂદા વ્યર્થ વાતો, ઉપદ્રવ, તફાવત, ભેદભાવ, નકામી-ખોટી તરફદારી, સમાજમાં દષ્ટિમાન જ નહીં થાય. અહીં સુધી કે કબીલાબાજી, જાતપાત, કૌમિઅત વગેરેમાંથી કોઈપણ બીમારી લોકોમાં હશે જ નહિ. એનું કોઈ મહત્ત્વ જ નહીં રહે. કારણ કે વિશ્વના બધા જ લોકો આપસમાં ભાઈ, મા, બાપ અને બેટાના જેવી એક કુટુંબ ભાવના સાથેની જિંદગી જીવશે. બધા એકબીજાને એક ખાનદાન, એક કુટુંબની જેમ સગાઈસંબંધથી જોડાયેલા માનશે. જેથી તારૂં, મારૂં, વંશ, કબીલો વગેરેમાંથી લોકોની દીલચસ્પી નહીં રહે. મતલબ બધા જ વિરોધાભાસ, પાર્ટીઓ, જમાતો વગેરે ઝુહૂરના ઝમાનામાં ખતમ થઈ જશે. બલકે આ બધી વાતોનો તે ઝમાનામાં કોઈ અર્થ ન હશે, ન કોઈ એવું સમજશે.

❋

**સવાલ : ૬૪**

**શું હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ કુદરતી મૃત્યુ પામશે અથવા આપને કોઈ કતલ કરશે? જો આમ જ છે તો આપને કોણ કત્લ કરશે?**

**જવાબ : ૬૪**

આ જ કિતાબમાં ઈમામે ઝમાના અલયહિસ્સલામની ઉમર વિષયમાં તેહકીકાતમાં કહેવામાં આવ્યું છે કે જો વલીએ અસ્ર અલયહિસ્સલામને કતલ ન કરવામાં આવે તો



આપ કુદરતી બીમારીથી દુનિયાથી જઈ શકશે નહિ.

તે સિવાય કિતાબ "આઅ્લામુલ વરા" પેજ નં. ૩૪૯ માં ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામથી નકલ થયું છે કે ફરમાવ્યું :

مَا مِنَّا اِلَّا مَقْتُوْلٌ اَوْ شَهِيْدٌ

"અમારામાંથી કોઈપણ આ દુનિયાથી જશે નહિ તે સિવાય કે કતલ કરવામાં આવે અથવા શહીદ થાય."

બીજી એક હદીસમાં પણ આ રીતે આવ્યું છે. ઈમામ ફરમાવે છે :

مَا مِنَّا اِلَّا مَقْتُوْلٌ اَوْ مَسْمُوْمٌ

"અમારામાંથી કોઈપણ આ દુનિયાથી જશે નહિં તે સિવાય કે કતલ કરવામાં આવે અથવા ઝેરથી શહીદ થાય."

કિતાબ "ઈલઝામુન્નાસિબ" માં કેટલાક આલિમોના કથન નકલ થયેલ છે કે આપ અલયહિસ્સલામને બની તમીમ કબીલાની એક સ્ત્રી જેનું નામ સઈદા હશે, તેને પુરૂષોની જેમ જ દાઢી હશે, તે કતલ કરશે.

જ્યારે આપ એક ગલી પાર કરી રહ્યા હશે ત્યારે તે સ્ત્રી એક પથ્થર ઉપરની છતથી આપના માથા ઉપર ફેંકશે. આ રીતે આપને કતલ કરશે.

પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

"આપ અલયહિસ્સલામના કતલ પછી આપના અસહાબના માટે જિંદગીમાં ભલાઈ નથી" (મતલબ અસહાબને

ગમ થશે) અઈમ્મએ અતહાર અલયહેમુસ્સલામ દ્વારા કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે હઝરત સૈયદુશ્શોહદા અલયહિસ્સલામ જીવતા થઈ જશે અને આપ અલયહિસ્સલામને ગુસલ આપશે. કફન દફનની ક્રિયા પૂર્ણ કરશે, પછી જ્યાં સુધી ખુદા ઈચ્છશે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ પછી ઈમામ હુસૈન સૈયદુશ્શોહદા અલયહિસ્સલામ દુનિયા ઉપર હુકુમત કરશે.

❃

**સવાલ : ૬૫**

**રજઅતથી શું મતલબ છે? શું આ ફક્ત એહલે તશય્યોઅનો (શીઆઓનો) અકીદો છે?**

**જવાબ : ૬૫**

રજઅતની બેહતરીન સમજ આ રીતે મેળવી શકાય છે.

રજઅતથી મતલબ કિયામતથી અગાઉ આ દુનિયામાં રૂહનું બદનમાં પાછા આવી જવું.

આ ઉસૂલને લગભગ દુનિયાના બધા જ ધર્મો ખાસ તો મુસલમાનો માને છે.

કુરઆને કરીમ તવરાત અને ઈન્જીલમાં વારંવાર મુરદાઓનાં જીવતા થવાના અંબિયાઓના મોઅજિઝાઓનું વર્ણન છે. આ રીતે મુરદાંઓનું જીવતાં થવું ઈસ્લામના વિદ્વાનોની દૃષ્ટિમાં "રજઅત" છે.

જો એક ઈસાઈ અથવા એક યહૂદી "રજઅત"ના આ અર્થમાં વિશ્વાસ ન રાખતો હોય તો જાણી લે કે તેમને તેમની આસમાની કિતાબો ઉપર યકીન નથી.

એવી જ રીતે કુરઆનમાં પણ ઘણે ઠેકાણે "રજઅત"નું



આ જ અર્થમાં વર્ણન થયું છે. એટલે કે અંબિયાનું મુરદાઓને જીવતા કરવું. એનો ઈન્કારી કુરઆનનો ઈન્કારી છે. પરંતુ ઝુહૂરે ઈમામે ઝમાના અલયહિસ્સલામના પછી જે "રજઅત" થશે તેને વિસ્તારથી વર્ણવવાની આ કિતાબમાં જગ્યા નથી. જે લોકો ઈચ્છે તેઓ ઉસૂલે એતેકાદની કિતાબોમાંથી વાંચી શકે છે.

ટૂંકમાં "રજઅત"ની હકીકત દુનિયાના મઝહબોની દૃષ્ટિમાં ઈન્કાર કરવાને કાબિલ નથી.

જે લોકો ઈસ્લામની સચ્ચાઈને માને છે. તેઓ "રજઅત"ની હકીકતના ઈન્કારી નથી હોઈ શકતા. આ વાત તો નક્કી છે કે જે વ્યક્તિ "રજઅત"નો ઈન્કાર કરે તે મુસલમાન નથી.

❃

**સવાલ : ૬૬**

**ઝમાનએ ઝુહૂરમાં કોણ લોકો આ દુનિયામાં પાછા ફરશે? આવશે?**

**જવાબ : ૬૬**

ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"પ્રથમ આદમી જે કબરમાંથી ઊઠશે તેઓ હઝરત હુસૈન બિન અલી અલયહિસ્સલામ હશે."

"રજઅત" બધા જ સામાન્ય માણસો માટે નથી. આ દુનિયામાં તે જ લોકો પાછા ફરશે જેઓ ઈમાને કામિલ ધરાવતા હશે. અથવા કુફ્રનો સિમ્બોલ હશે, મતલબ પાક્કા કાફિર. અક્કલની દૃષ્ટિએ પણ કહી શકાય છે કે આ હુકમ

જો કે મુસ્તહબ્બાતમાંથી છે કે જેણે અમલ કર્યો તેને ઝુહૂર પછી યકીન સાથે સારો બદલો મળશે. જેમકે કહેવામાં આવ્યું છે કે જો કોઇ વ્યક્તિ ચાલીસ દિવસ સુધી દુઆએ અહદ પઢે :

اَللّٰهُمَّ رَبَّ النُّوْرِ الْعَظِيْمِ .....

તો તે વ્યક્તિ હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામના અસહાબમાંથી હશે. જે વ્યક્તિ પૂરી શરતો અને અદબની સાથે આ દુઆને પઢે છે. પરંતુ તેના ઝમાનામાં ઝુહૂરના માટે ઝમીન હમવાર ન થઇ તે દરમ્યાન તે દુનિયાથી ચાલી ગયો તો તેનો આ અમલ વ્યર્થ ગયો અથવા તો તેને તેના અમલના પ્રમાણમાં સારો બદલો આપવામાં આવશે. અથવા બીજી પરિસ્થિતિ આ પણ બની શકે છે કે અલ્લાહ તેને ઝુહૂરના ઝમાનામાં જીવતો કરે. અને પછી તેને સાચો અજ્ર અતા કરે. અલ્લાહ કાદિર છે. તે બંદાઓના નાનામાં નાના અમલનો બદલો આપે જ છે. નકામો જવા દેતો નથી.

વળી એક વાત ખૂબ જ યાદ રાખો કે કોઇ અમલનો બિલકુલ બદલો જ ન આપે આ વાત કુરઆનની નસના વિરૂદ્ધ છે. નસ એટલે એટલો સ્પષ્ટ હુકમ કે તેનો બીજો કોઇ અર્થ બની જ ન શકે, કારણ કે ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું છે :

اَنِّیْ لَآ اُضِيْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ ...

"તમારામાંથી અમલ કરનારાઓના અમલને અલ્લાહ વ્યર્થ (નકામો) નથી કરતો."

અનેક હદીસોમાં ફરમાવ્યું છે કે દરેક વ્યક્તિને તેના આમાલના પ્રમાણમાં બદલો આપવામાં આવશે. ખુદા કોઇના



સારા અમલને નકામો નથી બનાવતો.

જો આપણે આમ કહીએ અજ્રનો (બદલાનો) વાયદો કરવામાં આવ્યો છે. તેના સિવાય કોઇ અજ્ર તેને મળશે તો આ તે કરી શકે છે જે કુદરત ન ધરાવતો હોય કે વાયદાને પૂર્ણ કરે અને વાયદાના પ્રમાણમાં અજ્ર આપે.

જો આપણે આમ કહીએ ખુદાવંદે તઆલા આ વિચારથી એક વ્યક્તિએ આ દુઆ પઢી છે. અથવા ફલાણો અમલ કર્યો છે. દુનિયાના હિત અને ભલાઇને (મસલેહતોને) ધ્યાનમાં રાખ્યા વગર (નઝર અંદાઝ કરીને) આ સિવાય કે હજી ઝમીન હમવાર નથી થઇ. ઝુહૂર માટેનો યોગ્ય માહોલ ઊભો થયો નથી. ઈમામને ઝુહૂરનો હુકમ આપે. એટલા માટે કે આ વ્યક્તિએ દુઆ કરી છે અથવા એના અમલનો અજ્ર અતા કરે, તો આ વાત પણ સહી નથી અને ખુદા તઆલા કદી પણ આમ કરશે નહિ. જેથી એક જ રસ્તો છે અને તે આ છે કે તે વ્યક્તિના મૃત્યુ પછી ઝુહૂરના ઝમાનામાં તેને બીજી વખત જીવતો કરે. અને તેને તેનો અજ્ર અતા કરે. આ પરિસ્થિતિમાં તે વ્યક્તિનો અમલ અજ્ર વગરનો રહેશે નહિ. અને ન તેના વાયદા સિવાયનો કોઇ અજ્ર કહેવાશે.

આમ પણ નહીં બની શકે કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત દ્વારા દુનિયાના લોકોની ભલાઇના વિરૂદ્ધ કોઇ કાર્ય અંજામ પામે. જેથી અક્કલ પણ આમ જ કહે છે કે "રજઅત" હોવી જ જોઇએ. જેથી કેટલાક લોકો દુનિયામાં પાછા ફરે અને પોતાના આમાલની જઝા (સારો બદલો) પામો.

**સવાલ : ૬૭**

**શું આ વાત સાચી છે કે ઝુહૂરના ઝમાનામાં લોકોની ઉમરો લાંબી થઇ જશે અને તેઓ અસાધારણ તંદુરસ્તીના માલિક હશે.**

**જવાબ : ૬૭**

નિઃશંસય જયારે બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુ ઝુહૂર ફરમાવશે તો માદ્દી (ભૌતિક) અને રૂહાની (આધ્યાત્મિક) ઇલ્મોમાં એટલી તરક્કી થઇ જશે કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એટલે કે કોઇ એવી બીમારી નહીં હોય જેનો ઇલાજ ન શોધાયો હોય. બધા જ લોકો તંદુરસ્તી સાચવવાના નિયમોથી મોટાભાગે વાકેફ હશે. કોઇ વ્યક્તિ એવો નહીં હોય જે પોતાના માહોલને ગંદકીથી પાક કરવાની કોશિશમાં લાગેલો ન હોય. ભુખમરો ખતમ થઇ ચૂકયો હશે. કોઇ ચીજોની મહરૂમિયત (વંચિતતા) પણ ખત્મ થઇ ચૂકી હશે.

કારણ કે બધા જ માલદાર હશે, અને અસાધારણ રીતે સંતોષિત (તૃપ્ત) હશે. મતલબ તેમની દુનિયા અને આખેરત બંને સારી હશે. તો તેઓને ઝહની પરેશાનિયો(દિમાગી ચિંતાઓ) અને ગમ કે ગુસ્સો સતાવશે. નહિ. આ જ દિમાગી ચિંતાઓ અને ગમ તથા ગુસ્સો એંસી ટકા બીમારીઓનું કારણ બન્યાં છે.

આ રીતે આપમેળે જ લોકોની ઉમરો લાંબી થશે. વૈજ્ઞાનિક શોધખોળના કારણ ઉમર કંઇગણી વધી જશે. જવાનીની સ્થિતિ અને મજા સદાબહાર હશે. તેથી જ કહેવામાં આવે છે કે તે જમાનામાં ઉમરો લાંબી હશે અને લોકો ઉમદા તંદુરસ્તી ધરાવતા હશે.



**સવાલ : ૬૮**

**શું રજઅત મોમેનીનના માટે અથવા બધા જ ઈન્સાનોના ઈખ્તિયારની વાત છે? અથવા કેટલાક લોકો મજબૂરીથી દુનિયામાં આવશે?**

**જવાબ : ૬૮**

રિવાયતોથી માલૂમ પડે છે કે કુફ્ફાર અને તેમના માટે જેમને તેમના કરતૂતોની આ દુનિયામાં સજા મળે, રજઅત એક મજબૂરી છે. કારણ કે તેમની તો રજઅત થશે જ.

કારણ કે રિવાયતો અનુસાર બે વ્યક્તિઓ જેઓને કબરમાંથી કાઢીને સળગાવવામાં આવશે તેઓ કદીપણ આ અઝાબ સહન કરવા માટે રાજી ન થશે. જો રજઅત એમના ઈખ્તિયારમાં હોત તો તેઓ દુનિયામાં કદી પાછા ન આવત જેથી આ અઝાબ સહન કરે.

પરંતુ શક્ય છે કે મોમેનીન માટે આ રજઅત ઈખ્તિયારી (પોતાની ઈચ્છાથી) હોય. એટલે કે શક્ય છે કે તેઓ જયાં સુધી દુનિયામાં છે, આલમે આખેરતમાં પહોંચ્યા નથી. આ બાબતની ઘણી જ ઈચ્છા રાખતા હોય કે પાછા ફરીને હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની સાથે થઈને શહાદતના દરજ્જો મેળવે અથવા તો ઝુહૂરના ઝમાનામાં જિંદગી જીવવાની ઈચ્છા રાખતા હોય.

આ પણ શક્ય છે કે મોમેનીન દુનિયાથી રૂખ્સત થયા પછી આખેરતની નેઅમતોને જોઇ અને ખાનદાને ઈસમત અલયહેમુસ્સલામની ખિદમતમાં હાજર થઇ ફરીથી દુનિયામાં આવી, આખેરતની નેઅમતો હાથથી નીકળી જવા માટે

પસ્તાવો કરતા હોય તો દુનિયામાં પાછા ફરવું પસંદ ન કરે.

વળી ખુદાવંદે તઆલા તો કદી નથી ઈચ્છતો કે મોમેનીનને અઝાબ આપે અથવા તેમની આઝાદી તે પણ આલમે બરઝખમાં (કબરમાં) તેમનાથી છીનવી લે તેમને આઝાદ રહેવા દેશે. જેથી શક્ય છે કે તેઓ રજઅતના હકદાર હોવા છતાં પણ પોતાની મરજીથી દુનિયામાં પાછા ન ફરે. ટુંકમાં મતલબ આટલો જ છે કે મોમેનીન માટે રજઅત ઈખ્તિયારી છે. તેઓ પોતે ઈચ્છશે તો જ તેમને દુનિયામાં પાછા મોકલવામાં આવશે.

❁

**સવાલ : ૬૯**

**શું આ વાત સાચી છે કે ઝુહૂરના ઝમાનામાં લોકો સલવાત મોકલશે અને તેઓ દુકાનોમાંથી જે ઈચ્છશે તે ઊઠાવી લેશે, સિંહ અને બકરી એક જ ઘાટ ઉપર પાણી પીશે. દુનિયાની પરિસ્થિતિ ફિતરતથી (કુદરતના નિયમોથી) ઊલટી જશે.**

**જવાબ : ૬૯**

ના હરગિઝ નહિ. કુદરતના નિયમોથી કશું પણ ઉલટું થવાનું નથી, માટે વિચાર સાચો નથી. કેટલાક લોકોનો ખ્યાલ છે કે ઝુહૂર પછી દુનિયાની હાલત સોએ સો ટકા બદલાઈ જશે. વળી દુનિયાના બધા જ કાર્યો કુદરતની આજની પરિસ્થિતિ વિરૂદ્ધ બનશે. પરંતુ આ વિચાર પણ સાચો નથી. બલકે આવા વિચારો ઈમામે ઝમાના અલયહિસ્સલામના દુશ્મનોએ ફેલાવ્યા છે. આ



દુશ્મનો ઈચ્છે છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાહુના પવિત્ર અસ્તિત્ત્વ ઉપર વિશ્વાસ ધરાવનારાઓને વ્યર્થ બકવાસોમાં ઉલઝાવી રાખીએ.

ઈમામે ઝમાના અલયહિસ્સલામના દોસ્તોએ જાણવું જોઈએ કે ઝુહૂરના પછીની દુનિયા અને ઝુહૂરના અગાઉની દુનિયામાં ચંદ્ર અને સૂર્યના પરિભ્રમણોમાં અને રાત અને દિવસના આવવા જવામાં કોઈ તફાવત પડશે નહિ. ન રાતો લાંબી થઈ જશે ન દિવસો ઝુહૂર અગાઉ કરતાં લાંબા થઈ જશે. ભેરીયા-વરૂ પોતાની ટેવો છોડશે નહિ. ન ગાયો ફાડીખાનારા જાનવરો જેવી થઈ જશે. ઈન્સાનો સારા કાર્યો કરવા ઉપર મજબૂર નહીં થાય. ન તો આર્થિક સ્થિતિના કાનૂનો બદલાઈ જશે ન તો રોઝગારને લગતા કાનૂનોમાં ફેરફાર થઈ જશે.

ઝુહૂરના બાદની જિંદગીમાં જે કંઈ ફરક પડશે તે ઈલ્મનો હશે, બુદ્ધિ અને ડહાપણનો હશે. ખુલૂસ અને લિલ્લાહિયતનો હશે. ભાઈચારાની ફિઝા(માહોલ) હશે. ચારે તરફ ઈન્સાનિયત, લિલ્લાહિયતની બોલબાલા હશે. અદ્લો-ઈન્સાફની બોલબાલા હશે. આ ભલાઈઓ અને ખેરો-બરકતો કુદરતી રીતે જ જિંદગીનું આખું માળખું જ બદલી નાખશે.

જ્યારે ઈલ્મ અને ડહાપણ-બુદ્ધિ વગેરેની બોલબાલા હશે. તે તરક્કીની ચરમ સીમાએ હશે. ત્યારે નવી નવી વૈજ્ઞાનિક શોધોની બોલબાલા હશે. નવી નવી દવાઓ શોધાશે. જેનાથી ન ફક્ત બીમારીઓથી છુટકારો મળશે

બલકે તે દવાઓથી બીમારીઓના આવવાથી રોકથામ થશે. જેથી આપમેળે જ લોકોની ઉમરોમાં વધારો થશે. લાંબી ઉમરો થશે. લોકો શારીરિક રીતે પણ તંદુરસ્ત અને શક્તિશાળી હશે. અદ્‌લો ઈન્સાફ, ભાઇચારો, પ્રેમ ઈખ્લાસ વગેરે હોવાના કારણે લોકોનો એકબીજા પરનો વિશ્વાસ વધી જશે.

સામાજિક પરિસ્થિતિ એવી હશે કે ભેરીયા સિફત ઈન્સાનો-ઉપદ્રવી લોકો-ફિરઓની દિમાગ રાખતા લોકો દરેક રીતે સંતોષિત થઇ ગયા હશે. જેથી નેક-શરીફ લોકોની સાથે તેમને નુકસાન પહોંચાડયા વગરની જિંદગી ગુજારશે. તેઓને તકલીફ પહોંચાડશે નહિ.

આ રીતે રોજગાર-કમાણીની પરિસ્થિતિ પણ અદ્‌લો-ઈન્સાફની હુકમરાનીના કારણે બેહતરીન હશે. રોજગાર પુરતો મળશે આ વાત શક્ય છે કે તે ઝમાનામાં લોકોની પાસે જે સિક્કા હશે તેના ઉપર સલવાત બર મોહંમદ વ આલે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ કોતરેલું હોય. આ જવાબ તે ઘણાં બધા સવાલોનો જવાબ છે. જે એના અનુસંધાનમાં પેદા થઇ શકે છે અમે નથી ઇચ્છતા કે આવા પ્રશ્નોનું અહીં પુનરાવર્તન કરીએ જેથી દુશ્મનોને બેકાર બહસો (ચર્ચાઓ) કરવાનો મોકો મળે.



**સવાલ : ૭૦**

**જો આપણે ઈમામે ઝમાના અલયહિસ્સલામની ગયબતમાં ઝિયારત કરીએ. આપથી મુનાજાત કરીએ પરંતુ અરબી ન જાણતા હોવાથી આપણી પોતાની ભાષામાં તેમની સાથે વાત કરીએ તો એવું તો નહીં બને કે કંઇ બેઅદબી ગણાય. જે આપ અલયહિસ્સલામના નારાઝ થઈ જવાનો સબબ બને.**

**જો જવાબ હા માં છે તો અમે મજબૂર છીએ અમે શું કરીએ? પોતાની મહબ્બત અને અનહદ પ્રેમની જાહેરાત કઈ ભાષામાં કરીએ?**

**જવાબ : ૭૦**

આ જ્યારે વાંચ્યું ત્યારે મારી તબીયતમાં પરિવર્તન આવી ગયું. માહે રમઝાન હિજરીસન ૧૪૦૨ના શબે જુમ્આ હતી. અડધી રાત પસાર થઇ ચૂકી હતી. હું ઈમામે ઝમાના અલયહિસ્સલામથી વસીલો ચાહતો હતો. નજદીકી પ્રાપ્ત કરવાની દુઆમાં હતો કે આકા! મારી કલમમાં શક્તિ આપો કે હું આપની મુનાજાતમાં કંઇક લખી શકું એવું કંઇક લખું કે જે કોઇપણ વાંચે તે આપની સિફતો અને સારા અખ્લાકથી વાકેફ થાય. વળી સાથે સાથે આપના ઉચ્ચોચ્ચ સ્થાન તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત થાય. શાયદ હું પણ તેના ઝરીયાથી ફાયદો ઊઠાવું. આપથી નઝદીકી મેળવવામાં કામ્યાબ રહું. આપના દોસ્તોના કદમ નીચેની ખાક મને મળી જાય.

ત્યારે તે જ રાતે નીચેના જુમ્લા મારી કલમથી જારી થયા. દુઆ છે કે હઝરત બકીય્યતુલ્લાહની બારગાહમાં તે કબૂલ થાય. જેથી આ કિતાબને આ મુનાજાત ઉપર ખતમ કરૂં છું.

## મુનાજાત

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

આપ અલયહિસ્સલામ પર બેશુમાર (અગણિત) સલામ વ દુરૂદ અય પાકતરીન બંદએ ખુદા! ઔર અય મહબૂબતરીન ઈન્સાન જિસકો આલમે વુજૂદમેં હમ પહચાનતે હૈં.

પિદર વ માદર ઔર મેરી જાન ઔર જો કુછ ભી મેરે પાસ હૈ વો સબ આપકી ખાકે પા પર નિસાર.

અય વો કે જિસકે વુજૂદ કી બરકત સે મૌજૂદાત રોઝી ખાતે હૈં ઔર ઝિન્દા હૈં.

અય વો મહબૂબ કે જિસકા દસ્તે ગદાઈ ખાનએ ખુદા કે દર પર દરાઝ હૈ ઔર સારે મૌજૂદાતે આલમ કા દસ્ત(હાથ) તેરે દરે ખાના પર દરાઝ હૈ.

ખુદા સે હયાત, રોઝી ઔર સારી ચીઝેં લેતે હૈં ઔર અપને દરગાહ કે રિઝા ખ્વારોં પર તફઝ્ઝુલ કરતે હૈં.

અય મૌલા જિનકી મહેરબાની યહી કાફી હૈ કે અપને ચચા જાફરે તાએબ ઉન સારી અઝીય્યતોં કે બાવજૂદ જો ઉનસે આપ અલયહિસ્સલામ પર પહોંચી, આપ અલયહિસ્સલામને ઉનકો માફ કર દિયા. ઔર ફરમાયાઃ મેરા ચચા જઅફર બિરાદરાને યુસુફ કે જૈસા હૈ કે જબ ઉનકે લિયે કહા કે તુમ પર અબ કુચ (ઈલ્ઝામ) નહીં.

હમકો ભી અફ્વ ઔર દરગુઝર યુસુફ અલયહિસ્સલામ સે વિરાસત મેં મિલી હૈ આઈન્દા ઉસકો જઅફરે કઝ્ઝાબ ન કહના બલ્કે જઅફરે તાઈબ કહા કરો!



આપ અલયહિસ્સલમ કે દિલરૂબા કલામ પર કુરબાન! આપ અલયહિસ્સલામ કે મકતબ સે સેંકડો યુસુફને હર ચીઝ કા દર્સ લિયા ઔર અફ્વ વ દરગુઝર કો આપ અલયહિસ્સલામ કે દરગાહ જલાલ સે સીખા હૈ.

અય વો મેહરબાન કે આપ કે દુશ્મનોંને આપ કો એક ખુંઆશામ હાકિમ કે તૌર પર ગલત તઆરૂફ કરાયા. હાલાંકે અપ અલયહિસ્સલામ કો યે ભી મન્ઝૂર નહીં કે બિલા વજહ કિસીકા ખૂન નાક સે ભી બહ જાએ.

અગર ઉલુલ અઝ્મ પૈગમ્બર આપ અલયહિસ્સલામ કો મહબ્બત કી નિગાહ સે ન દેખેં તો વો કુર્બે ઈલાહી કે મકામ સે દૂર હો જાએં. અગર વો આપ અલયહિસ્સલામસે મુતવસ્સિલ ન હોતે તો ઉનકી કદર ન હોતી.

યા સાહેબઝ્ઝમાન!

અગરચે હમ આપ અલયહિસ્સલામ કી મુકદ્દસ રૂહ સે આશના હૈં જો ખુરશીદ કી તરહ હર જગાહ કો ઈહાતા કિયે હુએ હૈં ઔર આપ અલયહિસ્સલામ કા વસ્લ ભી કરીબ હૈ.

મગર ક્યા અચ્છા હો કે આપ અલયહિસ્સલામ કે જમાલે ઝાહેરી કો ભી દેખેં ઔર આપ અલયહિસ્સલામ કે ચહરએ મુબારક કા નઝારા કરેં ઔર આપ કે પાક લબોં સે કલામે ખુદા સુનેં.

કુરબાન હું આપ કે ઉસ જમાલ પર, આન જમાલી કે આન્ચે ખુબાં હમા દારન્દ તુ તન્હા દારી

કિસી મેં ઈતની તાબ હૈ કે ઈસ ઉમદા કિયાફે પર નઝર કરે ઔર આપ પર અપની જાન ફિદા ન કરે.

ક્યા યે મુમ્કિન હૈ કે ઈસ વુજૂદે અકદસ કે નૂરે પાક કે હલ્કે કો મુશાહેદા કર કે કોઈ કિસી ઔર કી તરફ નઝર કરે.

**વો મઝહરે ખુદા હૈં**

વો જલાલ વ જમાલે ઈલાહી કે તમામ મઝાહિર કે આઈના હૈં. અય વો મહબૂબ કે જિસકા આશિક ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામ જૈસા હો કે :

વો ઈમામે બુઝુર્ગવાર ઔર અઝીઝે પરવરદિગાર આપ અલયહિસ્સલામ કે ફિરાક મેં આંસુ બહાએં જબ ઉનસે પુછા જાએ કે ક્યા હઝરત કાએમ પૈદા હો ચુકે હૈં તો જવાબ ફરમાએં કે, નહીં,...

અગર મૈંને ઉનકે ઝમાને કા ઈદરાક(પ્રાપ્ત) કિયા હોતા તો અપની સારી ઉમર ઉનકી ખિદમત મેં ગુઝાર દી હોતી.

યા સાહેબઝ્ઝમાન !

આપ અલયહિસ્સલામ વો મહબૂબ હૈં કે જબ સુદૈર સૈરફી, મુફઝ્ઝલ બિન ઉમર, અબુ બસીર ઔર અબાન બિન તગલબ ઈમામ સાદિક અલયહિસ્સલામ કી ખિદમત મેં આએ તો દેખા કે આપ ખાક પર બૈઠે નિહાયત ગમ કી હાલત મેં આંસુ બહા રહે હૈં. આપ અલયહિસ્સલામ કા રંગ મુતગય્યર હૈ. આંખોં સે આંસુ જારી હૈં ઔર દામન આંસુઓં સે ભીગ ગયા હૈ.

ફરમા રહે હૈં !

અય મેરે આકા (ઈમામ ઝમાન અલયહિસ્સલામ) આપ કે ફિરાક કે ગમને મેરી સારી તાકત સલ્બ કર લી હૈ. મેરા આરામ, ચૈન, સુકૂન ચલા ગયા હૈ. ઝમીન મુજપર તંગ



હો ગઈ હૈ. ઔર કલ્બ કો કિસી તરહ ચૈન નહીં મિલતા.

અય મેરે આકા! મેરી મુસીબત દાએમ હો ગઈ હૈ. હર ચીઝ હાથોં સે નિકલી જા રહી હૈ. સિવાય ઉસ આંસુ કે જો આંખોં સે જારી હૈં ઔર વો નાલા જો દિલ સે નિકલતા હૈ ઔર વો ઝુલ્મ જો (ચારોં તરફ) દેખ રહા હું ઔર કુછ નઝર નહીં આતા.

સુદૈર કેહતા હૈ : ઈમામ સાદિક અલયહિસ્સલામ ઉસ વક્ત જિસ કદર નાલા વ ફરિયાદ કર રહે થે ઉસ સે હમ લોગોં કે હોશ વ હવાસ ઉડ ગએ.

હમ લોગોંને ખયાલ કિયા કે આપ અલયહિસ્સલામ કો ઐસી સખ્ત મુશ્કિલને આ ઘેરા હૈ યા ઝમાને કી વઝઅ (હાલત) ઐસી પરેશાનકુન હો ગઈ હૈ કે આપકે આંસુ નહીં રૂક રહે હૈં.

હમ લોગોંને કહા અય બેહતરીન ખલ્કે ખુદા કે ફરઝંદ! ખુદા આપકી આંખો કો ઠંડા રખે આખિર ઈતના કિસ બાત પર રો રહે હૈં. ઔર ઈસકદર આંસુ ક્યોં બહા રહે હૈં.

ઈમામ સાદિક અલયહિસ્સલામને એક આહ ખૈંચી કે ઉનકા સારા જિસ્મ મુતઅસ્સિર હુવા, ઉનકા ગમ ઔર બઢ ગયા ફરમાને લગે :

તુમ પર વાય હો. આજ સુબહ કિતાબે જફર દેખ રહા થા યે વહી કિતાબ હૈ જિસમે ઈલ્મે બલાયા વ મનાયા ઔર હર ઉસ ચીઝ કા ઈલ્મ હૈ જો થા ઔર જો હોગા ઔર જિસ કિતાબ કો ખુદાને મુહંમદ વ આલે મુહંમદ સલ્લલ્લાહ અલયહે વ આલેહી વસલ્લમ કે લિયે મખ્સૂસ કિયા હૈ.

અપને કાએમ કે તવલ્લુદ કે બાબ પર નઝર કી ઔર આપ અલયહિસ્સલામ કે ઝમાનએ ગયબત ઔર તુલે ઉમ્ર કો મુલાહેઝા કિયા.

ઉસ ઝમાને મેં મોમેનીન પર જો બલાએં નાઝિલ હોંગી ઔર આંજનાબ અલયહિસ્સલામ કે ગયબત કે તૂલાની હોને સે જો તરદીદ(શક) લોગોં કે દિલોં મેં પૈદા હોગી જિસકે નતીજે મેં ઉનમેં સે બહોત સે દીન સે ભી ફિર જાએંગે. ઈસ્લામ ઔર હમારી વિલાયત સે રૂગરદાની કરેંગે. યે સારી ચીઝેં દેખકર મેરા દિલ ભર આયા ઔર ગમને મુજે ચારોં તરફ સે ઘેર લિયા. (યે હદીસ બહોત તૂલાની હૈ)

યા સાહેબઝ્ઝમાન!

આપ વહી અઝીઝ હૈં કે સારે અંબિયા વ અવલિયા આપકી મુલાકાત કા ઈન્તેઝાર રખતે હૈં. ઔર વો સબ અપને આપકો આપકે ઝુહૂર કી તમ્હીદ સમજતે હૈં.

અય ફરઝંદે બેહતરીન ખલ્કે ખુદા! અંબિયા ઔર મલાએકા આપ અલયહિસ્સલામ કી મહબ્બત મેં ખુદા સે નઝદીક હુએ ઔર અપને કમાલાત મેં આપ કે નૂરે પાક સે કુમક લેતે હૈં.

એક દિન અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ ને હઝરત હુસૈન ઈબ્ને અલી અલયહિસ્સલામ કી તરફ ઈશારા કિયા ઔર ફરમાયા!

યે મેરા ફરઝંદ જો આકા હૈ ઔર ઉનકે જદ્દને ઉનકો આકા કહા હૈ, ઉનકે સુલ્બ સે પૈગંબર સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ કે હમનામ એક સાહબ પૈદા હોંગે. જબ



લોગ ગાફિલ હોંગે હક કો પસે પુશ્ત ડાલા હોગા ઔર ઝુલ્મ વ જોર ઝાહિર હો ચુકા હોગા વો (યાની હઝરત કાએમ અરવાહુના ફિદાહુ) ખુરૂજ કરેંગે. અહલે આસમાન ઔર સાકેનીને આસમાન ઉનકે ખુરૂજ સે ખુશ હો જાએંગે.

આપ અલયહિસ્સલામ પર હમારી જાન કુરબાન, હમ પર કિસ કદર ગિરાં હૈ કે હમ સબકો દેખતે હૈં મગર આપ અલયહિસ્સલામ કો નહીં દેખ સકતે. આપ પર મેરી જાન ફિદા, આપ અલયહિસ્સલામ દિખાઈ નહીં દેતે લેકિન હમારે દરમિયાન સે અલગ ભી નહીં.

આપ અલયહિસ્સલામ પર હમારી જાન કુરબાન, અય વો પાક સરિશ્ત જિસકે સબ મોહતાજ હૈં ઔર વો તન્હા ખુદા કા મોહતાજ હૈ.

ક્યા રાસ્તા હૈ કે એક રોઝ હમ આપ કે હમનશીન બનેં ઔર ઉસ જમાલે બાકમાલ કા મુશાહેદા કરેં.

ક્યા કોઈ રાસ્તા હે કે જઝીરએ ખિઝરા યા જહાં કહીં ભી આપ અલયહિસ્સલામ રહતે હોં હમ આપકે દર કે કુત્તે કી હયસિયત સે વહાં રહ જાએં. ઔર આપ કે હુઝુર કે ફૈઝ સે બહરામંદ હોં.

ક્યા યે મુમકિન હૈ કે મેરા નામ ભી આપ અપને દોસ્તોં મેં લિખ લેં. યે ઈફતેખાર મુજે અતા કર કે અબદ તક સરફરાઝ ફરમાએં.

ક્યા યે હો સકતા હૈ કે આપ કે જમાલ કે ખુરશીદ કા પરતવ(સાયો) એક દિન હમારે હકીર ગોશે પર ભી ચમકે કે જિધર સે ચાહેં આએં ઔર મેરે શબિસ્તાન કો મુનવ્વર કર દેં.

રૂહાનિયોં કી મજલિસ કી ફિઝા મુઅત્તર કર દેં. ક્યા મુમ્કિન હૈ કે એક નઝર મુજ પર કરેં કે!

આનાન કે ખાક-રા બનઝર કીમિયા કુનન્દ
આયા શવદ કે ગોશએ ચશ્મી બમા કુનન્દ

અય પૈગંબર કે બારવેં જાનશીન ઔર અય અલી ઈબ્ને અબીતાલિબ કે ગ્યારહવેં ફરઝંદ! હમને આપકી મહબ્બત શીરે માદર(માંના દૂધ સાથે) કે સાથ પાઈ હૈ. ઔર ઉસ બાપકી ગોદમેં પરવરિશ પાઈ હૈ જો હંમેશા આપકી યાદ મેં મશગૂલ રહેતા થા.

ક્યા મુમ્કિન હૈ કે અલી ઈબ્ને મહઝેયાર કી તરહ, અલ્લામા હિલ્લી કી તરહ યા કમ સે કમ ઉસ યહૂદી કી તરહ યા ઉસ અહલેસુન્નત કી તરહ એક દિન, એક ઘંટા યા કમ અઝ કમ ચંદ લમ્હે મુજે અપની મજલિસ મેં બૈઠનેકા મૌકા ઈનાયત ફરમાએં. ઔર અપને દીદાર કી નેઅમત સે સરફરાઝ ફરમાએં.

અબ્દુલ્લાહ ઈબ્ને યઅફૂર કહતે હૈં :

ઈમામ સાદિક અલયહિસ્સલામને ફરમાયા : કોઈ ભી અંબિયા ઔર અવસિયા કા ઐસા મોઅજિઝા નહીં જો ખુદાવંદે તઆલા ને ઉસકી મિસ્લ કે મોઅજિઝે હમારે કાએમ હઝરત મેહદી અલયહિસ્સલામ કે ઈખ્તિયાર મેં ન દિયે હોં.

ચુનાન્ચે લિયાકત ઈનાયત ફરમાએં જો મોઅજિઝે સે કમ ન હો. ઔર અપને બાબરકત હુઝૂર સે મુસ્તફીઝ ફરમાએં.

અય મહબૂબ આપ અલયહિસ્સલામ ઈન્સાનિયત કી



નજાત કી ખાતિર સેંકડો સાલ સે દુનિયા કે કૈદખાને મેં રહ રહે હૈં. દુનિયા કે મહરૂમોં ઔર મજબૂરોં સે હમદર્દી ભી કરતે રહે હૈં. આપ ખુદ ખુદાવંદે તઆલા સે ફરજ માંગે. મસ્જિદે સહલા કે દર પર સર બ સજદા યે આયત પઢે :

أَمَّنْ يُجِيبُ આપ અલયહિસ્સલામ કી દુઆ મુસ્તજાબ હૈ.

અય ખુદા કે વલી ખુદા કો આપ અલયહિસ્સલામ કે વુજૂદ પર ઈફતેખાર હૈ મલાએકા સે મુબાહાત(ફખ્ર) કરતા હૈ. મુજે ઝમાનએ ગયબત કી મુસીબતોં, પરેશાનિયોં ઔર આખિર ઝમાને કે સખ્ત ઈમ્તેહાન સે બચાઈએ ઔર કભી એક લહઝે કે લિયે ભી હમારે હાથ કો ન છોડીયે.

ખુદાયા! ઉસ અઝીઝોં કે અઝીઝ કે કલ્બે મુકદ્દસ કો હમ પર મહેરબાન કર દે. ઔર ઉનકે અફ્વ ઔર કરમ કો હમારે શામિલે હાલ કર. ખુદાયા તુ ઉનકો હર બલા સે મહફૂઝ ફરમા. ખુદાયા તુ ઉનકી મદદ ફરમા.

ખુદાયા ઉનકે કલ્બે મુકદ્દસ મેં એક લહઝે કે લિયે ભી ઝર્રા બરાબર હુઝ્ન વ અંદોહ પૈદા ન હોને દે. ઉનકો હંમેશા હમસે રાઝી રખ.

વસ્સલામો અલય્ક વ રહમતુલ્લાહે વ બરકાતુહુ.

## ઇમામે ઝમાના અલયહિસ્સલામ કી મઅરેફ્ત હાસિલ કરને કી દુઆ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَللّٰھُمَّ عَرِّفۡنِیۡ نَفۡسَکَ فَاِنَّکَ اِنۡ لَّمۡ تُعَرِّفۡنِیۡ

અય અલ્લાહ! તુ મુજે અપની ઝાત કો પેહચનવા દે ક્યોં કે અગર તુને મુજે અપની

نَفۡسَکَ لَمۡ اَعۡرِفۡ رَسُوۡلَکَ اَللّٰھُمَّ عَرِّفۡنِیۡ

ઝાત કો નહીં પેહચનવાયા તો ફિર મૈં તેરે રસૂલ(સલ.) કો નહીં પેહચાન સકુંગા અય અલ્લાહ તુ

رَسُوۡلَکَ فَاِنَّکَ اِنۡ لَّمۡ تُعَرِّفۡنِیۡ رَسُوۡلَکَ لَمۡ

મુજે અપને રસૂલ કો પેહચનવા દે ક્યોં કે અગર તુને મુજે અપને રસૂલ કો નહીં પેહચનવાએગા તો

اَعۡرِفۡ حُجَّتَکَ اَللّٰھُمَّ عَرِّفۡنِیۡ حُجَّتَکَ فَاِنَّکَ

મેં તેરી હુજ્જત કો નહીં પેહચાન સકુંગા અય અલ્લાહ તુ મુજે અપની હુજ્જત કો પેહચનવા દે.

اِنۡ لَّمۡ تُعَرِّفۡنِیۡ حُجَّتَکَ ضَلَلۡتُ عَنۡ دِیۡنِیۡ

ક્યોં કે અગર તુ મુજે અપની હુજ્જત કો નહીં પેહચનવાએગા તો ફિર મૈં અપને દીન સે બહક(ગુમરાહ) જાઉંગા.

❃



## અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી દ્વારા પ્રકાશિત કિતાબો

(૧) તારીખુશ્શીયા
(૨) ઈમામત
(૩) જ્યારે મને સત્ય સમજાયું (વધારા સાથે)
(૪) ચિનગારીનું શમન
(૫) ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧,૨,૩
(૬) કશફુલ અસરાર
(૭) ફિકહે જાફરી વિભિન્ન ફિકહોની તુલનામાં
(૮) કુબૂરે ખોલફા
(૯) અલ-મુરતઝા-ઈસ્લામ સત્યના પ્રકાશમાં ભાગ-૧
(૧૦) સાચી નમાઝ કઈ?-ઈસ્લામ સત્યના પ્રકાશમાં ભાગ-૨
(૧૧) હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૧, ૨, ૩, ૪, ૫
(૧૨) કુરઆનની દુઆઓ
(૧૩) મજાલિસે અતફાલ
(૧૪) નમાઝના ૧૧૪ રહસ્યો
(૧૫) મજાલિસે તુરાબી
(૧૬) મોઅજિઝા અને કુરઆન ભાગ-૧, ૨(મજાલિસ)
(૧૭) જવાઝે લઅ્‌ને યઝીદ
(૧૮) ફાતેમાકા લાલ(૧૩ મજાલિસ)

(૧૯) સઉદી અરબ મારા ચશ્માની આરપાર
ઝિયારતો ૧૪ માસૂમીન(અલ.)
(૨૦) મજાલિસે ઈજતેહાદી
(૨૧) કસસુલ કુરઆન-૧ [(દાસ્તાને હઝરત યુસુફ(અલ.)]
(૨૨) કસસુલ કુરઆન-૨
[દાસ્તાને હઝરત દાઉદ અને સુલયમાન(અલ.)]
(૨૩) કસસુલ કુરઆન-૩
[દાસ્તાને હઝરત મૂસા અને હારૂન(અલ.)]
(૨૪) પતિ-પત્નીનું પારિવારિક જીવન અને કિતાબે તલાક
(૨૫) અદલે ઈલાહી અને સામાજિક ઈન્સાફ
(૨૬) દુઆએ સબાહ-ગુજરાતી, ઉર્દૂ, અરબી તરજુમા સાથે
(૨૭) ઈરાનના ઈન્કિલાબની ૨૯મી સાલગિરહ
(૨૮) મર્દે કલન્દર અહમદી નઝાદ(યુનો અને બુશ ઉપરના પત્રો)
(૨૯) ઈસ્લામની દઅ્વત કઇ રીતે આપશો?
(૩૦) ગુલદસ્તા ભાગ-૧, ૨
(૩૧) તરબીયતે અવલાદ (મજાલિસ ભાગ-૧,૨,૩)
(૩૨) પેગંબરે ઈસ્લામનું મુબારક જીવનચરિત્ર ભાગ-૧, ૨
(૩૩) કયો અકીદો સાચો? ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત?
(૩૪) કયો અમલ સાચો? નમાઝમાં હાથ છૂટા રાખવા કે બાંધવા
(૩૫) હઝરત અલી(અલ.)ના મોઅજિઝાઓ
(૩૬) રૂહાની અમલિયાત



(૩૭) શહાદતે હુસૈન(અલ.) શા માટે?
(૩૮) હઝરત અબુતાલિબ મોમિને કુરૈશ
(૩૯) હઝરત ફાતેમા ઝહેરા(સલા.)નું મુબારક જીવનચરિત્ર
(૪૦) ઈલ્મી અને મુંઝવતા ૧૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો
(૪૧) તવસ્સુલ એટલે વસીલા
(૪૨) કુરઆનની દુઆઓ (પોકેટ સાઈઝ)
(૪૩) હઝરત ઉમ્મુલબનીન(સલા.)નું મુબારક જીવનચરિત્ર
(૪૪) મુસલિહે ગયબી - ઈમામે ઝમાના અલયહિસ્સલામ




**હવે પછી...**
**અમારી નીચેની કિતાબો પ્રકાશિત થશે.**
**ઈન્શા અલ્લાહ...**

(૧) તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-૨
(પારહ ૬ થી ૧૦)
(૨) પૈગંબરે ઈસ્લામનું મુબારક જીવનચરિત્ર ભાગ-૩
(૩) કુરઆનનું ઈલ્મ પ્રશ્નોત્તરી રૂપે
(૧૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો)
(૪) કસસુલ કુરઆન સીરીઝ-૪
દાસ્તાને હઝરત આદમ અને ઈદરીસ (અલૈ.)